# પ્રકરણ : ૨

# ગુજરાતી આદિવાસી નવલકથા

આદિવાસી બોલી, પહેરવેશ, રીતરિવાજ, લાક્ષણિકતાઓ, પ્રાકૃતિક ધર્મ, અંધશ્રદ્ધા, વહેમ, વસ્ત્રો-પરિધાન, હાટ-મેળાવડાઓ, લગ્નપ્રથા, સામાજિક વ્યવસ્થા, આર્થિકતાના પ્રશ્નો, આદિવાસી સમાજનું આંતરિક-બાહ્ય પાસું વગેરેનું સહજ આલેખન જે કૃતિમાં આવે તે આદિવાસી સાહિત્ય. આદિવાસી સાહિત્યનો આ પ્રવાહ સૌપ્રથમ કથાસાહિત્યના સ્વરૂપમાં જન્મ્યો છે. આ કથાસ્વરૂપોમાં પણ નવલકથા સ્વરૂપમાં તે વધુ પ્રાપ્ત થાય છે. અહીં અભ્યાસમાં લીધેલી કૃતિઓ પરથી આદિવાસી સાહિત્ય પ્રવાહ કથનાત્મક સાહિત્યમાં કેવો ઊતરી આવ્યો છે તે જણાય છે.

# પ્રકરણ : ૨.૧

# ‘મેઘલી રાતે’

**(૧૯૫૫)**

- **સુહાસી (ડૉ. ચંપકલાલ ગાંધી)**

**પ્રસ્તાવના:**

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે ‘મેઘલી રાતે’ નવલકથાનો અભ્યાસ કરતાં ડૉ. ચંપકલાલ ગાંધી ‘સુહાસી’ દ્વારા તેનો શબ્દચિત્રણ સહ આલેખન કરવામાં આવ્યો છે. જે હાળી આદિવાસી સમાજ ગુલામીની જંજીરમાં જકડાયેલ છે, તેનું સચોટ સ્વરૂપ પ્રગટ કરવામાં આવ્યું છે. આ નવલકથા શબ્દલોક પ્રકાશન દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. હવે આપણે આ નવલકથાનો વિગતે ઝીણવટપૂર્વક અભ્યાસ કરીએ.

**૧. કથાસાર:**

દક્ષિણ ગુજરાતના હાળી ગુલામોની દારૂણ દશાને નિરૂપતી નવલકથા એટલે ‘મેઘલી રાતે’. આઝાદી પહેલાં જ દલિત આદિવાસે સમાજે પોતાની સ્વતંત્રતા

મેળવવા જે મરણિયા પ્રયાસો કર્યા તેનાં ફળ સ્વતંત્રતા પછી પણ તેઓ મેળવી શક્યા નથી, તે હકીકતનું યથાર્થ દર્શન 'મેઘલી રાતે'ના કેન્દ્રમાં છે. લગભગ સરખા ભાગે બે ખંડ અને સાડત્રીસ પ્રકરણોમાં અને બસો ઉપર પૃષ્ઠોમાં પથરાયેલી આ નવલકથામાં હાળી - દૂબળા લોકોની ત્રણ પેઢી સંકળાયેલી જોવા મળે છે.

વીસમી સદીના ચોથા દાયકામાં બનેલી કેટલીક અગત્યની ઘટનાઓએ દેશના સામાજિક અને રાજકીય વાતાવરણને વધુ જટીલ બનાવવાનો પ્રયાસ કર્યો. સદીઓથી શોષિત, અપમાનિત, પશુ કરતાંયે હીન જીવન જીવતા સમાજના રાજકીય અધિકારો પ્રાપ્ત કરવાના ડૉ. બાબાસાહેબ આંબેડકરના પ્રયાસોની સામે યરવડા જેલમાં આમરણ ઉપવાસ પર ઉતરીને ગાંધીજીએ દલિત અધિકારો સામે વિરોધ પ્રકટ કર્યો હતો. જે 'પૂના કરાર'ના નામે ઓળખાય છે.

આજ દસકામાં સરદાર પટેલ બારડોલી સત્યાગ્રહ આરંભે છે. '૧૯૩૯માં બારડોલીના ખેડૂતો તથા હળપતિઓની સંયુક્ત પરિષદ સરદાર પટેલના પ્રમુખપદે મળી હતી. તે પરિષદે ઠરાવો કરી દૂબળા-ધાણિયામાની પ્રથાને દફનાવી હાળીઓની સ્વતંત્રતા જાહેર કરી હતી, પણ સાથે સાથે જ વ્યવહારમાં બાર વરસ સુધી ગુલામ રહે એવી પાંચ કલમ ઘુસાડી હતી.' (પૃ. ૨૪)

ગાંધીજીની ‘દાંડીયાત્રા’માં જોડાયેલા નવલોહિયા યુવાન જયંતને સરદાર પટેલનો આ નિર્ણય ગળે ન ઊતર્યો. તેનું મન કહેતું હતું, ગુલામી એ પાપ છે. આ તો બીજા બાર વર્ષ સુધી ઠરાવથી હાળીઓને એ પ્રથામાં જકડી રાખવાનો શો અર્થ? આ કેવો સુધારો? ૧૯૫૫માં પ્રકટ થયેલી ‘મેઘલી રાતે’ નવલકથાની ઘટના આ બધા પ્રશ્નો લઈને આવે છે.

આદિવાસી હાળી સમાજને સ્વતંત્રતા આપવા, ગુલામીમાંથી મુક્ત કરવા મળેલી પરિષદે જ ઠરાવ કર્યો કે હાળી બાર વરસ સુધી ગુલામ રહે એ પરિસ્થિતિ જ અત્યંત પક્ષપાતી અને ગુલામીપ્રથાને પોષનારી છે. જમીનદાર સ્વયં પરિષદના પ્રમુખપદે હોય પછી ગુલામોને મુક્તિ કેવી રીતે મળે? ‘મેઘલી રાતે’ નવલકથામાં સુરત જિલ્લાની આસપાસના આદિવાસી સમાજના હાળી લોકોની વ્યથા - કથાનો કરુણ ચિતાર હૃદયસ્પર્શી કલમે વર્ણવાયો છે.

પ્રસ્તુત નવલકથામાં રાત-દિવસ સખત ખેતમજૂરી કરી માંડ માંડ પેટિયું રળતા છીતુ, મકન જેવાં પાત્રો દ્વારા સર્જકે હાળી સમાજની રોજિંદી સમસ્યાઓ પ્રકટ કરી છે. નવલકથાનો નાયક જયંત હાળીઓને શોષણ, અત્યાચાર અને ગુલામી વિરુદ્ધ જાગૃત થવા એકત્ર કરે છે. રાત્રી પાઠશાળા શરૂ કરી હાળી સમાજને અક્ષરજ્ઞાન આપે છે. હાળી સમાજના છીતુ, મકન જેવાં જાગૃત થવા મથતા

આદિવાસીને તે જ ગામના જમીનદાર રે'મતુલ્લા, પુરણમલ અને મોરાર શેઠના શારીરિક - માનસિક અત્યાચારનો ભોગ બનવું પડે છે.

નવલકથાનો આરંભ મનોરમ્ય પ્રકૃતિ વર્ણનથી થાય છે. સમગ્ર રચનામાં આવતાં કલાત્મક વર્ણનો પ્રસ્તુત નવલકથાનું આકર્ષક તત્વ છે. પ્રકૃતિની સાથે સાથે માનવીય સંવેદનાઓનું અનોખું જગત સર્જકે સહજ રીતે વણી લીધું છે. છીતુ અને મકન હાળી તરીકે મોરાર શેઠ અને રેમતુલ્લાને ત્યાં મજૂરીનું કામ કરે છે.

ધણિયારા - જમીનદારોને ત્યાં હાળી તરીકે કામ કરતા પુરુષો ઉપરાંત તેમની સ્ત્રીઓ પણ એ જ જમીનદારોને ત્યાં આખો દિવસ અને મોડી રાત સુધી ઘરનું કામકાજ કરવા બંધાયેલાં હોય. છીતુની મા અને પત્ની માણકીની અવદશા અત્યંત કરુણ છે. બાળકને જન્મ આપ્યાને દશમા દિવસે જ માણકી મોરાર શેઠને ત્યાં કામે જાય છે. શેઠાણીનાં વેણ-કવેણ સાંભળતી નિ:સહાય, નિર્બળ, અશક્ત માણકી કૂવામાં પડતાં બચી તેનો ફાયદો ઉઠાવતો પુરણમલ ખખડતા પૈસા આપી તેને જાતીય શોષણનો ભોગ બનાવે છે. મજૂરીના પૈસા લેવા મોરાર શેઠ પાસે ગયેલી માણકી મોરાર શેઠની અવહેલનાનો ભોગ બને છે, પણ પુરણમલ માણકીની કાયામાં રસ ધરાવે છે. હાળીઓની સ્ત્રીઓનો જમીનદાર વર્ગ આ રીતે

સદીઓથી જાતીય શોષણ કરતો આવ્યો છે, તેનું ચિત્ર વાસ્તવપૂર્ણ રીતે અહીં પ્રકટ્યું છે.

હાળી લોકોનાં દુ:ખદર્દ સાંભળનાર જયંત ગાંધીજીના અહિંસક આંદોલનથી વિમુખ બને છે. 'જયંતની ગાંધીજીની લડતની રીતમાંથી શ્રદ્ધા ઊડી ગઈ અને એનું ઊછળતું લોહી જેલમાં પુરાઈ શક્તિ વેડફી નાખવાની મના કરતું હતું. એ ભૂગર્ભ પ્રવૃત્તિમાં જોડાયો. એ પ્રવૃત્તિમાં ઘણા દિવસો કામ કર્યા પછી પકડાઈ ગયો. જેલમાં એણે માર્કસવાદનો અભ્યાસ કર્યો. પ્લેટો, એરિસ્ટોટલથી માંડીને છેલ્લા સમાજવાદનાં પુસ્તકો ઉથામ્યાં.' (પૃ. ૫૪)

માર્કસની વિચારધારાથી પ્રભાવિત જયંત આદિવાસી વિસ્તારોમાં જઈ હાળી-દૂબળા લોકોમાં ચેતનાની, જાગૃતિની ચિનગારી પ્રકટાવવાના પ્રયત્નો આરંભે છે. સામાજિક, આર્થિક, શૈક્ષણિક રીતે અત્યંત પછાત અવસ્થામાં જીવન જીવતા હાળી સમાજને જયંતને કાર્યોમાં શ્રદ્ધા બેસે છે. એ હકીકત છીતુના સંવાદમાં સંભળાય છે.

ગમે તેમ પણ બાપુ! જયંતભાઈ અહીં આવે છે એ ખોટું તો નથી જ કે'તા કે એ મોરાર શેઠ ને એમના જેવા બીજા ધણિયામાઓ જુલમ કરે છે. હું પાંચ-છ ચોપડી ભઈણો, પણ ક્યાંય આવો ખોટો નીયાંય તો નથી જોયો! તણ તણ પેઢીથી રિબાતા આવા અનેક ગોમાન હાળીઓને સોડાવવા જયંતભાઈને એમના જેવા

ભણેલાગણેલા લોકો બાપડા કેટલી મે'નત કરે છે ? છાપરે છાપરે ફરે ને બાપુ...' (પૃ. ૨૩)

છીતુનું મન ધીમે ધીમે ગુલામી પ્રથાને પારખવા લાગ્યું હતું. જયંતની વાત હવે એક ક્રાંતિબીજ બની હાળીઓમાં નવચેતના જગાવતી હતી, પરંતુ છીતુના બાપે છીતુને વાસ્તવિકતાનું જાણે ભાન કરાવ્યું. 'આવા બધા ઉધામા મે'લી દે જે. ની તો રોટલો રવડહે ને બીજાને સહુ રવડાવહે. એ ભણેલાગણેલા ઈશકીએરા કરે ને વખત આવે તીયારે ખહી જાય. આ વાળ ધોળા અમથા ની થીયા તો! એવા તો કાંઈ જોઈ લાઈખા. ગાંધી મા' તમાને નામે આવે ને મોકલો ઊભી કરાવી જાય!' ધણિયામાઓના જોર-જુલમ હાળીઓ પર કેવી રીતે આતંક બની તૂટી પડે છે. તેનું યથાર્થ ચિત્રણ સર્જકની નોંધપાત્ર સિદ્ધિ છે.

અત્યંત ધારદાર સંવાદ દ્વારા સામંતી પ્રથાની જોહુકમી અને અત્યાચારની પરાકાષ્ઠાનું દર્શન અહીં થાય છે. ગરીબાઈથી ત્રસ્ત અને જમીનદારોની અમાનુષી યાતનાઓથી પરેશાન છીતુને સતત જયંતના શબ્દો મનમાં સંભળાયા કરે છે. 'ગરીબાઈથી, ગુલામીથી તમે ટેવાઈ ગયા છો, બાકી આ તો જીવતું નરક છે, નરક!

નવલકથાના પ્રારંભના પાંચ પ્રકરણમાં હાળી સમાજના કુટુંબની સામાજિક, આર્થિક ભયાવહતાને સર્જકે આબેહૂબ મૂકી આપી છે. પ્રકૃતિના ખોળામાં ઊછરતા પણ જમીનદારોના હાથે પિસાતા આ સમાજને જયંત જેવો માર્કસવાદી પણ ઉગારી શકતો નથી. એ સત્ય કથાને અંતે પ્રકટે છે.

છીતુ, મકન જેવા અનેક હાળીઓનાં છાપરાંઓને રે'મતુલ્લા અને પુરણમલ આગ લગાવી દે છે. એ આગમાંથી હાળીઓનાં બાળકોને બચાવવા જતાં જયંત ઘવાય છે. પણ જયંતની લડાઈ ગાંધી ચીંધ્યા માર્ગે જતી ન હતી, આથી જયંત તૈયાર કરેલા હાળીઓ હથિયારો લઈ ધણિયામાઓ પર તૂટી પડે છે અને પુરણમલના આતંકનો અંત લાવે છે.

હવે આદિવાસી સમાજ વિદ્રોહી બન્યો છે, પોતાનો અધિકાર માગતો થયો છે. જયંતને પરિશ્રમ કથાને અંતે આ રીતે ડોકાય છે. 'જયંતને સરકાર પકડી લેવાની હતી અને જેલના સળિયા પાછળ ધકેલી દેવાની હતી. શા માટે ? એનો વાંક? એનો ગુનો? એનો વાંક એટલો કે એણે દબાયેલા આત્માને જગાડવા કોશિશ કરી, એનો ગુનો એટલો કે જુલમ અંગે મૂંગે મોઢે સહન કરતા માનવીને એણે વાચા આપી, એનો દોષ એટલો કે સદીઓથી સંસ્કારહીન બનેલી માનવજાતના એક

ભાગને સંસ્કાર, શિક્ષણ અને સ્વમાનના પાઠ શીખવવા તનતોડ મહેનત કરી.' (પૃ. ૨૦૩)

જયંતના સંપર્કમાં આવેલો યોગેશ ધીમે ધીમે હાળીઓના જીવનમાં ડોકિયું કરે છે. તેમનાં દુ:ખદર્દ જાણવા મથે છે. જયંતને પગલે પગલે હવે યોગેશમાં પણ માર્કસવાદના વિચારો પ્રકટે છે. શોષણ, અન્યાય, અત્યાચાર વિરુદ્ધની લડાઈમાં યોગેશ પણ જોડાય છે. જયંત સાથે સવિતાનો સહકાર અનેક રીતે છે. કથામાં આવતા માસ્તરકાકાના પાત્ર દ્વારા લાભ લઈ જયંત હાળી સમાજના લોકો માટે રાત્રીશાળા શરૂ કરે છે. આ કદમ આદિવાસી સમાજના મૂળગત પ્રશ્નોને હલ કરવામાં એક નક્કર હથિયાર સાબિત થશે એમ લાગે છે.

આદિવાસી જનજીવનની સૂક્ષ્મ વાસ્તવિકતાઓ પ્રકટાવતાં લેખક જમીનદાર વર્ગના જીવન વિશે પણ એટલી જ અસરકારક અને 'ખાનદાની' વિગતો પૂરી પાડે છે. મોરાર શેઠનાં લગ્ન વિશેના વર્ણનમાં સામંતી સમાજના તાણાંવાણાં કેટલાં ભયાવહ રીતે ગૂંથાયેલાં છે તે જોઈ શકાય છે. ત્રણ-ત્રણ વાર પોતાનાથી અડધી ઉંમરની નાની કન્યાઓ સાથે પરણી ચૂકેલા મોરાર શેઠને પુત્રસુખ નથી તેનો વલોપાત અછતો રહેતો નથી.

'મેઘલી રાતે' અનુગાંધીયુગ અને આધુનિક યુગના સંધિકાળે પ્રકટ થયેલી ગુજરાતી સાહિત્યની 'મુખ્યધારા'ની નવલકથા છે. પ્રસ્તુત નવલકથામાં સર્જકે જે રીતે ઘટના, પાત્રો, ભાષા અને વિશેષ તો વર્ણનકલામાં નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી છે. હાળી સમાજની લોકબોલીનો અસરકારક વિનિયોગ નવલકથાને જીવંત બનાવે છે. સામાજિક વાસ્તવનું યથાર્થ અહીં સહજ રીતે પ્રકટ્યું છે. નારી પાત્રોમાં વિશેષ સવિતા અને શૈલાના આંતરમનને તેમની પ્રણય-સંવેદનાને અહીં અભિવ્યક્તિ મળી છે. પ્રેમી હૈયાને ઉકેલવામાં સર્જકની સર્જકતા મ્હોરી ઊઠી છે. સર્જકની ગદ્યશૈલી આથી સરળ પ્રવાહી અને કાવ્યાત્મકતા ધારણ કરે છે. પ્રકૃતિનાં વર્ણનોમાં સહૃદયને ધૂમકેતુની સહજ યાદ આવશે.

સામાજિક, આર્થિક શોષણ, પરંપરાગત રીતે જમીનદાર વર્ગ આદિવાસીઓ પર આચરતો આવ્યો છે. આઝાદીના પડઘા પડ્યા ને ડૂબી ગયા, છતાં એ જ અવસ્થામાં જીવતા હાળી સમાજની વ્યથાને સર્જકે અહીં યથાતથ રીતે વર્ણવી છે. ગાંધીપ્રેરીત ચળવળથી નહીં માર્કસના પ્રભાવ હેઠળ જયંતનો સંઘર્ષ શરૂ થાય છે.

પ્રસ્તુત નવલકથા આદિવાસી સમાજના અનેક સામાજિક, આર્થિક પ્રશ્નો ઊભા કરે છે. એ સમસ્યાઓનું સમાધાન આઝાદીનાં 62 વર્ષ પછી પણ થઈ શક્યું નથી. એ એક નક્કર સત્ય છે. ગુજરાતી નવલકથા સાહિત્યના ઇતિહાસમાં આદિવાસી

સમાજની વ્યથાકથાને પ્રબળ રીતે પ્રકટાવતી કલાત્મક નવલકથા તરીકે 'મેઘલી રાતે'નું આગવું મૂલ્ય છે.

## ૨. પ્રાદેશિક પરિચય:

નવલકથાનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરતાં ઘટક તત્વ અલગ તરી આવે છે. જેમાં 'મેઘલી રાતે' નવલકથામાં સુરત જિલ્લાની આસપાસના આદિવાસી સમાજના હાળી લોકોની વ્યથા-કથાનો કરુણ ચિતાર હૃદયસ્પર્શી કલમે વર્ણવાયો છે. તેમાં જે આદિવાસી સમાજ છે, તે ખાસ કરીને સુરત જિલ્લો, બારડોલી તાલુકો અને તેની આસપાસના ગામડાનો જીવંત પરિચય કરાવવામાં આવ્યો છે. જેવાં કે ઓરપાડ, હીયાદલા, કાછબપાલડી, આલીપોર, જોથાણ, સીયાદલા, જંગીપરા, કુડસદ વગેરે ગામડાઓનું વિષયવસ્તુ ઝિલાયું છે. આમ, 'મેઘલી રાતે' કૃતિનો પ્રાદેશિક પરિચય જોવા મળે છે.

## ૩. આદિવાસી સમાજ:

આઝાદી પહેલાં જ દલિત-આદિવાસી સમાજે પોતાની સ્વતંત્રતા મેળવવા જે મરણિયા પ્રયાસો કર્યા તેનાં ફળ સ્વતંત્રતા પછી પણ તેઓ મેળવી શક્યા નથી, તે હકીકતનું યથાર્થ દર્શન 'મેઘલી રાતે'ના કેન્દ્રમાં છે. નવલકથામાં હાળી સમાજના કુટુંબની સામાજિક, આર્થિક ભયાવહતાને સર્જકે આબેહૂબ મૂકી આપી છે.

પ્રકૃતિના ખોળામાં ઊછરતા પણ જમીનદારોના હાથે પિસાતા આ સમાજને જયંત જેવો માર્કસવાદી પણ ઉગારી શકતો નથી. એ સત્ય કથામાં પ્રકટે છે. આમ છતાં જોઈ શકાય છે કે આવી અભણ, પછાત પણ ગભરુ પ્રજાનું જીવનસંગીત બેસૂરું નથી બની ગયું. ખેતરે જતાં કે ગાડું હાંકતી વખતે, બળદોને ડચકારતાં મધુરું મધુરું ગીત-સંગીત ઝળકે છે અને તે અંતરના ઊંડાણમાંથી આવેલું છે. અહીં કુદરતના રંગ અને ઢંગ સાથે માનવી ટેવાઈ ગયો છે અને પ્રકૃતિની રમ્યરુદ્ર લીલા ઝીલે છે. અહીં મેળા છે અને ગાંડીતૂર બનીને વહેતી નદીઓનાં પૂર છે. અહીં તારામઢી કે ચાંદનીરસિત રાત્રિઓની વાત છે. તો મેઘલછાઈ કાળાં ડિબાંગ વાદળોથી રોમાંચિત, કંપિત કરતી ભીષણ રાત્રિઓ પણ છે. આમ આનંદ, ઉલ્લાસ, વેર-ઝેર, છળકપટ વચ્ચે જીવન વહે છે અને આ વહેતા જીવનમાં આદિવાસી હાળી સમાજનાં પ્રતિબિંબિત દર્શન જોવા મળે છે.

### ૩.૧ આદિવાસી સમાજનું આંતરિક સ્વરૂપ:

આદિવાસી સમાજને ધ્યાનમાં રાખી તેનો અભ્યાસ કરતાં એક નજર તેના પોતાના આંતરિક પાસાની પણ અંત:કરણ તપાસ કરવી જોઈએ. 'તારી માની રાંડ મારું ! હહરીને ભાન જ નીં મળે. ત્યાર પછી એ જે ગાળો બોલ્યો તે ગાળો વારંવાર સાંભળતા છીતુના કાનો ટેવાઈ ગયા હોવા છતાં, એને બંધ કરવા પડ્યા.

આખુંય વાતાવરણ ધૂંધળું થઈ ગયું હતું. તાપણાંઓ સળગી ઊઠ્યાં હતાં. દરેક છાપરાની આજુબાજુ મોરી આગળથી વહેતું પાણી ખદબદતું હતું. કેટલેક ઠેકાણેથી બદબૂ આવતી હતી. પણ છીતુનું નાક અને આંખો એ બધાથી ટેવાઈ ગયાં હતાં. એના કાનમાં વારેવારે જયંતના શબ્દો ગુંજતા હતાં; ગરીબાઈથી, ગુલામીથી તમે ટેવાઈ ગયા છો, બાકી આ તો નરક છે, જીવતું નરક !' (પૃ. ૨૫) આમ, આ આદિવાસી સમાજનું ગરીબાઈ, ગુલામી, ગંદકી અને અપશબ્દોની ટેવ પડેલી હોય છે.

'ત્રિકમ નામનો હાળી બોલી ઊઠ્યો: એ તો હાળું એમને એમ જ ચાઈલા કરવાનું, આપણા ભાયેગમાં લખેલું એવું છે, તેને કોણ મટાડી હકવાનું સે?' (પૃ. ૩૩) દુ:ખ આવે છે, ત્યારે એ ભાગ્યમાં લખાયેલું છે, એમ માની લેવામાં આવે છે.

'હં... જરા જંપવા દેની હવે? છીતુ બબડ્યો. 'ખેતર પાદર તો કરમમાં છે જ કની! મે'નત કરી કરીને તૂટી જવાનું, ને બદલામાં ગાળો વેઠવાની, કોઈ વાર માર સુદ્ધાં ખાવાનો! હાળું હરખી રીતે ઊંઘવાનું ય ની મળે!'

ડોસી ય જરા ચિઢાઈને બબડી: 'હારું તીયારે, પડી રેં, મારું કંઈ નથી જવાનું, સેટ ને પેલો પુરણમલ ગાળો દેહે તીયારે જ ભાન આવહે. હવારના પો'રમાં ભગવાનનું નામ હાંભળવાનું મેલીને એવું હાંભળવું પડહે, હમજ્યો!' (પૃ.

૨૪) આમ મા-દીકરાના સંવાદમાં મે'નત કરવાનું અને એના બદલામાં ગાળો અને માર સુદ્ધાં ખાવા પડતાં હોય છે, તેનું આલેખન થયું છે.

હડહડતું જૂઠાણું સાંભળી ડોસીથી ન રહેવાયું: 'કોણે ગાળો દીધી સે? જૂઠું હું કરવા બોલો છેવ ? જરા ભગવાનનો તો ભો રાખો!' (પૃ. ૩૬) જૂઠું સાંભળવા તૈયાર નથી અને ભગવાનનો ડર રાખવાનું કહે છે.

**૩.૨ આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેનો વ્યવહાર:**

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે કૃતિનો સમીક્ષાત્મક અભ્યાસ કરતાં હાળી સમાજનો અન્ય સમાજ સાથેના વ્યવહાર વિશે વાત કરીએ તો અહીં અન્ય સમાજ એટલે જમીનદાર વર્ગ, શેઠ વર્ગ, ધાણિયામાઓનો વર્ગ જે ભણેલો-ગણેલો અને પૈસાદાર વર્ગ ગણાતો હતો.

ધાણિયારામાનું ઢોર વૈતરું, સાલ્લી નરડાની જાત, સાલ્લો ગોલીનો, હલકી વરણ જેવી બેશુમાર ગાળોની વર્ષા ઝીલ્યા કરતો સમાજ અને એ વ્યવહાર નિભાવી જાણે છે. 'ગમે ત્યારે કામ પડહે એમ માની દર છાસવારે શેઠ આગળ આવી કેટલાય ખેડૂતો સિઝન પ્રમાણે અનાજ, શાકભાજી, ઘી, દૂધ ભાવપૂર્વક આપી જાય છે. કેટલાક તો ત્રણ ત્રણ પેઢીના જૂના સંબંધ આગળ કરી શેઠનું ઘર ભર્યા કરે છે. સાથે સાથે શેઠને બચાવનાર પણ હાળી સમાજ હતો. 'કુડસદ ગામના એક

હાળીએ શેઠને ત્યાંથી બચાવ્યા હતા. નાદાન મંગલો શેઠને છોડી નાસી ગયો હતો, પછી ઠેઠ મળસ્કા સુધી શેઠ ઠંડીમાં પાણીની અંદર રહ્યા હતાં. એમનું શરીર અકડાઈ ગયું હતું, બીજી સવારે એમને પોતાના ગાડામાં નાંખી એને ઘેર લઈ ગયો હતો; શેઠ બેભાન થઈ ગયા હતા; દાક્તરને બોલાવવાના તો પૈસા ક્યાંથી હોય એની પાસે ? એટલે એ હાળીએ પોતાની બાયડીનું ઘરેણું ગીરો મે’લી પૈસા લાવી દાક્તર તેડાવ્યો; બે દિવસની દાક્તરી સારવાર પછી શેઠ ભાનમાં આવ્યા. આમ શેઠને મૃત્યુના મુખમાંથી બચાવ્યા અને પોતાનો વ્યવહાર અદા કરે છે. આમ, આદિવાસી સમાજનો વ્યવહાર અન્ય સમાજ સાથેનો ઘરોબો બની રહે છે.

## ૪. આદિવાસી સંસ્કૃતિ:

આદિવાસી સંસ્કૃતિનો કૃતિને ધ્યાનમાં રાખી અભ્યાસ કરતાં આદિવાસી સંસ્કૃતિ એટલે જે પરંપરાથી ચાલી આવેલી રીતભાત, બોલી, ભાષા, રહેણી-કરણી, ધાર્મિક વિધિ-વિધાનો, સામાજિક પ્રસંગો આવકારવાની રીતો, પહેરવેશ, ખાણી-પીણી, આર્થિક પ્રશ્નો, મેળા-મેળાવડા, ઉત્સવો, સંગીતપ્રિયતા વગેરે સાંસ્કૃતિક રહસ્યોને ધ્યાનમાં રાખી નીચે આપેલ મુદ્દાઓ તારવવામાં આવ્યા છે, જે આ પ્રમાણે છે:

### ૪.૧ ખેતી અને જમીન વિષયક ગતિવિધિ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિનું કૃતિ સંદર્ભે ખેતી અને જમીન વિષયક વાત કરીએ તો, ખેતી એ આદિવાસી સમાજની આજીવિકાનું મુખ્ય સાધન છે. જેના ઉપર કુટુંબનો અને સમાજનો સમગ્ર જીવનવ્યવહાર નભેલો છે. કૃતિની રચના પણ એને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. જ્યારે આજીવિકાનું સાધન જ ન રહે, જ્યારે જમીન આપીને એ જ જમીનમાં ગદ્ધા વૈતરું કરવું પડે, એ જ જમીનમાં પોતે માલિક હોવા છતાં તે ગુલામ તરીકે કામ કરે છે એ સિવાય ભૂંડી દશા કઈ હોઈ શકે ? અને જ્યારે સરકાર સમક્ષ એ પ્રશ્નની રજૂઆત કરવામાં આવે છે, ત્યારે એ પ્રશ્નને જાણીજોઈને દબાવી દેવામાં આવે છે. આ કરુણ મહાવ્યથા વિચાર માગી લેતો પ્રશ્ન છે. જેનો વિગતે કૃતિને આધારે છણાવટ કરીએ તે મકનના શબ્દોમાં સાંભળીએ ‘કશુંયની ભઈ ! કશુંયનીં’ મકન વચ્ચે જ બોલી ઊઠ્યો. ‘આ તો મારા બાપે મને ચૂલામાં ઈખો. ખાસ્સી પાંચ વીંઘા ભોંય ઊતી ને ઓ... નિરાંતે ખાતા’તા. પણ મા મરી ગઈ, ઈનો દા’ડો. પાણી કરવા રે’મતુલ્લા પાહે હાથ ધઈરો. તે પઈહા તો પૂરા નતા થીયા, તીયાં વળી મારા લગન કરવાની ડોહલાને રઢ લાગી, તે વેળા રાતોરાત રે’મતુલ્લાને કરગરી જમીન લખી આઈપી; ને તે દા’ડાથી એના ખેતરમાં મજૂરી કરવા માંડી. હવે એ પૈહા પૂરા થાય ત્યારે છૂટાય કની ? હું કામ કરું, મારી વૌ પાણીપૂજા કરે, મારો હાત વરહનો પોયરો ઈને

તીયાં ઢોર હાંકે, પણ કમબખ્ત આઠ વરસ થવા આઈવા પણ દેણ તો ઊભું ને ઊભું જ !' (પૃ. ૨૦) આમ, ખેતી વિષયક પ્રશ્ન જોવા મળે છે. દૂબળા ખેડૂતની કેવી પરિસ્થિતિ છે, તે કથાકાર જયંતના શબ્દોમાં આ રીતે રજૂ કરે છે:

'આ ગામનો દૂબળો ખેડૂત... એ શી રીતે ખેતી સુધારીને તમારાં ખિસ્સાં તર કરવાનો હતો? તમે તો એનું જીવન જોયું છે, એની પાસે એનાં પોતાનાં કપડાં વસાવવા પૈસા નથી હોતા. એકાદ વર્ષ લીલોસૂકો દુકાળ પડે તો ઓરતોની ઈજ્જત વેચવી પડે. એવી વસમી પરિસ્થિતિમાં એ મુકાઈ જાય છે? ધાણિયામા, શાહુકારના કરજના બોજા એની પીઠના અંકોડાને હમેશાં તોડી નાખે છે. એકાદ બળદ મરી જાય તો એ પોતાની સ્ત્રીને હળ ખેંચવા જોડે, એવી સ્થિતિ છે! દારિદ્રયથી ત્રાસેલો ખેડૂત સાધનો ક્યાંથી વસાવે? પ્રયોગો ક્યાંથી કરે? એને ગોટલાની જેમ તમે ચૂસી લઈ ફેંકી દઈ શકો છો; પણ એવું ચૂસણ યે ક્યાં લગી ચાલશે? એ ક્યાં લગી મૂંગો મૂંગો સહ્યા કરશે?' આમ, ખેડૂતોની મનોવ્યથા અભિવ્યક્ત કરે છે.

ફરીથી યોગેશે પૂછ્યું: 'સત્યાગ્રહીઓની માંગણી તમને યોગ્ય લાગે છે? હિલચાલ નિષ્ફળ ગઈ, એવું નથી લાગતું?'

'હા, સફળ તો ન થઈ!' જયંત બોલી ઊઠ્યો. એની ચપળ પાંપણો અસ્થિર

જણાઈ, એણે ઉમેર્યું: 'સરકાર પણ ગજબ છે! માંગણી યોગ્ય જ હતી. સત્યાગ્રહીઓ કહેતા હતા. ૫૪૦૦૦ એકર ઘાસિયા જમીનમાંથી ફક્ત ૫૦૦૦ એકર જમીનને અનાજની ખેતી હેઠળ લાવો. તે જમીન જે ખેડે ને કાયદેસર સાથ ભાગ આપે અને ગણોતધારાની કાયદેસર તપાસ કરો, આવી નજીવી માંગ હતી, પણ 'જમીનદારી નાબૂદી' ને 'વધુ અન્ન પકવો' અને 'ખેતીને સંપૂર્ણ ઉત્તેજન' એવી બાંગ પોકારતી સરકાર આવી નજીવી માંગણી પણ કબૂલ ન રાખી શકે.' આમ, સરકાર પણ હવામાં હવાતિયા મારતી હોય છે. પોતાની જવાબદારીમાંથી હાથ ઉંચા કરી લેતી હોય છે.

બીજી જ ક્ષણે એક વયોવૃદ્ધ ખેડૂત જેના ચહેરા પર વાર્ધક્યના પડછાયાં પૂરેપૂરા પડી ચૂક્યા હતા, તે બોલ્યો: 'ભાઈસા'બ આ આંખે દુનિયા આખી જોઈ છે, નવ નવ મહિના પેટમાં આળોટેલાં પોતીકાં સંતાન પારકાં થઈ પાટું મારે છે, આ દુનિયામાં ! તો પછી 'દુનિયાનો દાતાર' આખી દુનિયાના લોક અમને કહે, એ તો અમારી મશ્કરી જ છે ને ? આવા મીઠા શબ્દોથી અમારાં પેટ થોડાં ભરાય છે ! અમારી પાસે હજુ તો ખળીમાં ધાન પડ્યું હોય તીયાં તો રાજ લૂંટે, શાહુકાર લઈ જાય એ જુદું, ને છેવટે ખાવા જેટલું હોય તેમ અદાવતિયા રે'વા દેય તો ખાઈએ. દુનિયાના દા'તારના જ કોઠાર ખાલી છે, ભાઈ ! ઓલો ભગવાન પણ પોઢી ગયો

છે; તમારા બાપુ હતા તીયાં સુધી તો કંઈ ફકર ની હતી ! પણ આ તમારા મોરાર શેઠે કંઈ વીતાઈડું છે, અમારા બધા પર ! અમારાં મન જાણે છે ભાઈ ! હવે તો તમે આવી ગયા છો ને કંઈ રાહ્ત મલે તો હારૂં.' ડોસો બોલતાં બોલતાં ઉધરસનો વળ ચઢી આવતાં થોભી ગયો, એની આંખોમાં પાણી આવી ગયાં.

આમ, ખેડૂતોની કેવી રીતે દારુણ દશા છે, એમાં સરકાર, શાહુકાર, ધાણિયામાઓ, જમીનદારો વગેરે તેમનું શોષણ કરે છે, તે યથાતથ જોવા મળે છે.

### ૪.૨ સામાજિક ગતિવિધિ:

કથાનો મુખ્ય નાયક-નાયિકા જયંત-સવિતા અને કથાના ઉપનાયક-ઉપનાયિકા યોગેશ-શૈલા વચ્ચે પ્રણય સૃષ્ટિ ઉભરાય આવે છે. જે કથાને વધારે તેજમય અને રસમય બનાવે છે અને પ્રણયમાં ક્યાંય સમાજના નીતિ નિયમો, માન-મર્યાદાનું ઉલ્લંઘન થતું નથી. તે સમાજનું પ્રતિબિંબ ઝિલાયું છે.

બારણું ખૂલતાં જોયું તો સામે ખરેખર શૈલા હતી. એની આંખ ઢળેલી હતી. પાંપણમાં ભીનાશ હતી ને ચહેરા પર પહેલાંની ગુસ્સાની રેખાને બદલે અનર્ગળ લાગણી દર્શાવતી કુમાશભરી રેખાઓ ચમકતી હતી. યોગેશ કશું બોલી શક્યો નહી. એ ધીમે ધીમે શૈલા તરફ પીઠ કરી અંદર ગયો ને બારી આગળ ઊભો રહી બહાર

જોવા લાગ્યો. શૈલા અંદર આવતી હોય તેમ એનો પગરવ સંભળાયો. ક્યાંય સુધી બંને મૌન રહ્યાં. આખરે શૈલા બોલી: ‘મારી સાથે નથી બોલવાના કે?’

યોગેશ હજુ મૌન રહ્યો. શૈલાની આંખો જાણે કહેતી હતી: ‘કેટલા નિષ્ઠુર છો?’

જતાં જતાં શૈલાએ પીઠ ફેરવી યોગેશની સામે જોયું. એની આંખમાંથી બે આંસુ ફેલાઈને છાતી પર પડતાં હતાં. આમ યોગેશ અને શૈલા વચ્ચે પ્રેમ પાંગરે છે.

સામાજિક ગતિવિધિની વાત કરીએ. સમાજમાં લગ્નપ્રસંગ મોખરાનું સ્થાન ધરાવે છે, જે આપણે યોગેશ અને છીતુના શબ્દોમાં સાંભળીએ. યોગેશથી છીતુને પુછાઈ ગયું, ‘કોનાં લગ્ન છે?’

‘પુરણમલનાં.’

‘પુરણમલનાં?’ યોગેશને આશ્ચર્ય થયું. એણે પૂછ્યું, ‘એવા ખડખડ પાંચમને કોણે કન્યા આપી?’ એ હસ્યો. છીતુ હસીને બોલ્યો, ‘ટકારમાના રામનાથ માસ્તરની પોરી હાથે.’ ‘શૈલા સાથે?’ તીર જેવા છીતુના શબ્દો કાન પર પડતાં જ યોગેશથી બોલાઈ ગયું ને તે જ ક્ષણે છીતુએ એક ધક્કો મારીને ઘરનું બારણું ઉઘાડી નાખ્યું અને યોગેશ સામે જોયા વગર એ હસતાં હસતાં અંદર જતાં બોલ્યો, ‘કેવી ફાંકડ પોરી તો છે ! સેટાણીએ, મોટી બહેને જ નાની બેનને કૂવામાં લાખી ભઈ.’ આમ,

યોગેશને એ જાણતાં ખૂબ જ દુ:ખ થયું, કારણ કે શૈલા એની બાલસખી અને જેને માટે પોતાનું મન હમેશાં ઝંખતુ રહ્યું, તેને પોતે કેવો અન્યાય કર્યો છે. તે ખૂબ જ દુ:ખદાયક અસહ્ય વેદના ઝીલવી પડે છે.

'યોગેશના બાપુ ગુજરી ગયેલા એટલે તમે અંદર આવીને બેસજો, તમે મોટાં રહ્યાં એટલે રીતરિવાજ જાણો. મારે હાથે કંઈ કોઈ અવસર થયા છે?' અને પછી ઉમેર્યું, 'સવિતાને તો મોકલજો જ.' અને સૂતેલા યોગેશ તરફ ઝૂકીને ઉમેર્યું, 'તું ય આવશે ને ભાઈ? તારે તો આવવું જ જોઈએ ને !' આમ, યોગેશને છીતુ થકી વાગેલા શૈલારૂપી શબ્દો વધારે વધારે ઊંડા ઘા કરતા જાય છે. સાથે સમાજના સભ્ય તરીકે સ્થાન શોભાવવાનું છે.

આમ, સામાજિક ગતિવિધિમાં પ્રણય-પ્રકૃતિ ઝીલવામાં લેખક સફળ રહ્યા છે, સાથે સમાજમાં લગ્નપ્રસંગ અને મરણપ્રસંગનો પણ ઉલ્લેખ જોવા મળે છે.

**૪.3 આર્થિક ગતિવિધિ:**

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે હાળી સમાજની આર્થિક ગતિવિધિ કેવી છે તે જોઈએ.

પ્રસ્તુત નવલકથા આદિવાસી સમાજના અનેક સામાજિક, આર્થિક પ્રશ્નો ઊભા કરે છે, એ સમસ્યાઓનું સમાધાન આઝાદીના 62 વર્ષ પછી પણ થઈ શક્યું નથી.

એ એક નક્કર સત્ય છે. ગુજરાતી નવલકથા સાહિત્યના ઇતિહાસમાં આદિવાસી સમાજની વ્યથા-કથાને પ્રબળ રીતે પ્રકટાવતી, કલાત્મક નવલકથા તરીકે 'મેઘલી રાતે'નું આગવું સ્થાન છે.

હાળી સમાજના કુટુંબની સામાજિક, આર્થિક ભયાવહતાને સર્જકે આબેહૂબ મૂકી આપી છે. પ્રકૃતિના ખોળામાં ઊછરતા પણ જમીનદારોના હાથે પિસાતા આ સમાજને જયંત જેવો માર્કસવાદી પણ ઉગારી શકતો નથી. એ સત્ય કથાને અંતે પ્રકટે છે.

છીતુની મા દસ દિવસ માંડ ઉમા શેઠણીને ત્યાં ઘરકામ કરે છે. વૃદ્ધાવસ્થાને લીધે ડોસીથી કામ થતું નથી. એ ક્ષણનું ચિત્રણ સર્જકે સૂક્ષ્મ રીતે વર્ણવ્યું છે: 'કૂવામાંથી પાણી ખેંચતા એના કરચોરીવાળા હાથ જાણે તૂટી પડતા, પગ ધ્રુજતા હતા. કપડાં ધોતાં એનાં શરીર પર ઝૂલી પડેલી ચામડીઓ વધારે હલી ઊઠતી અને માથા પરનું પાણીનું બેડું મૂકીને જતાં તેની ડોક ધ્રુજવા લાગતી હતી.' (પૃ. ૩૬)

ઉમા શેઠાણીનો પ્રહાર જુઓ:

'આ વાસણ તો એવાં ને એવાં જ રહ્યાં!'

'કરમબળીનાં હાડકાં જ ચાલતાં નથી.'

‘આ તે કપડાં ધોયાં છે કે છોકરાંનાં બળોટિયાં.’

’લુચ્ચી જાત! નીચ વરણ! માત્ર પૈસાની જ સગી!’

‘હાડકાંનાં આખાં!’

બાળકને જન્મ આપીને માણકી વધુ મુસીબતમાં મુકાઈ ગઈ. ઘરમાં અન્ન નથી, તો બાળકને દૂધ ક્યાંથી આપવું ? તાવમાં ફફડતી ડોસી માણકીને મોરાર શેઠને ત્યાં કામે મોકલે છે. મોરાર શેઠ પાસેથી પૈસા માગીને ‘ડીપોમાંથી’ અનાજ લાવવા કહે છે. અનાજ માટે આ જન્મદાત્રીને ડોશી ફરમાવે છે, ‘ની આલે તો રડજે, પગે પડજે, ગમે તે કરજે. પૈહા તો જોઈવાના જ, ની તો ભૂખે મરહું.’

ભૂખે મરતા માનવસમાજનો આર્તનાદ રીઢા પથ્થર બની જીવન જીવ્યે જતા ધણિયામાઓ સુધી પહોંચતો જ નથી. ધણિયામાઓ વ્યાજખાઉં બની ગરીબ વર્ગને વધુ ગરીબ બનાવી તેમને પશુ અવસ્થામાં લાવી મૂકે છે. માણકી આખરે પુરણમલના હાથમાં ખખડતા ત્રણ રૂપિયામાં પોતાના દેહનો સોદો કરે છે અને એ રૂપિયાનું અનાજ લાવી બાળકને  ને ઘરના લોકોને પોષે છે.

ભયાનક ગરીબાઈમાં સપડાયેલાં, અનાજના કણકણ માટે વલવલતા સમાજનું નગ્નચિત્ર આ નવલકથાની નોંધપાત્ર વિશેષતા છે.

ધણિયામા જમીનદારને ત્યાં હાળી તરીકે કામ કરતા પુરુષો ઉપરાંત તેમની સ્ત્રીઓ પણ એ જ જમીનદારોને ત્યાં આખો દિવસ અને મોડી રાત સુધી ઘરનું કામકાજ કરવા બંધાયેલા હોય. છીતુની મા અને પત્ની માણકીની અવદશા અત્યંત કરુણ છે. બાળકને જન્મ આપ્યાને દસમા દિવસે જ માણકી મોરાર શેઠને ત્યાં કામે જાય છે. શેઠાણીનાં વેણ-કવેણ સાંભળતી નિ:સહાય, નિર્બળ, અશક્ત માણકી કૂવામાં પડતાં બચી તેનો ફાયદો ઉઠાવતો પુરણમલ ખખડતા પૈસા આપી તેને જાતીય શોષણનો ભોગ બનાવે છે. મજૂરીના પૈસા લેવા મોરાર શેઠ પાસે ગયેલી માણકી મોરાર શેઠની અવહેલનાનો ભોગ બને છે. પણ પુરણમલ માણકીની કાયામાં રસ ધરાવે છે. હાળીઓની સ્ત્રીઓનો જમીનદાર વર્ગ આ રીતે સદીઓથી જાતીય શોષણ કરતો આવ્યો છે, તેનું ચિત્ર વાસ્તવપૂર્ણ રીતે અહીં પ્રકટ્યું છે.

આ છીતું, આ મકન, એમને આવી સખત મજૂરીનો બદલો કેટલો મળે છે ? હાળી પોતાના લગ્ન માટે કે બીજા કરવે'વાર કરવા થોડી રકમ ઉપાડે છે. લડાઈ પહેલાં આ રકમ રૂ. ૫૦ થી ૬૦ થતી, લડાઈ પછી રૂ. ૨૦૦-૨૫૦ સુધી આંકડો પહોંચે છે. આ રકમ દૂબળાઓ ધણિયામાં પાસેથી જ મેળવી લે છે. મૌખિક કરાર ને રૂઢી-રિવાજોનો એવો કાયદો હોય છે કે આ રકમ ન ભરાઈ જાય ત્યાં સુધી હાળીએ એને પરણાવનાર ધણિયામાને ત્યાં મજૂરી કરવી. એટલું જ નહિ, પણ

બૈરીને ય છાવણસીદું કરવા મોકલવી અને એ હાળીનો છોકરો છ-સાત વર્ષનો થાય ત્યારથી જ એને ધણિયામાને ત્યાં ઢોર ચરાવવા સીમમાં જવું પડે છે. ભણે શી રીતે ? એ પણ મોટો થતાં હાળી જ બને છે. આમ, આખુંય કુટુંબ ધણિયામાને ત્યાં ગુલામી કરતું થઈ જાય છે. મજૂરી તો મળતી નથી હોતી. લીધેલી રકમ આપી શકાતી નથી. નવા ખર્ચ માટે ઉપાડ કર્યા કરવો પડે અને ફસાઈને બળદની જેમ વૈતરું કૂટ્યા કરે! આ લેવદ-દેવડમાં લેખિત કરાર તો હોતો નથી એટલે ધણિયામા મનફાવતા જુલ્મ કરે! જેમના બાપદાદાએ પચાસ-સો રૂપિયાના દેવા પેટે જિંદગી ઘસી નાંખી હ્શે, જાન નિચોવી નાંખી હશે, તેમનું કુટુંબ આજેય ગુલામીમાં સબડતું હશે.

આર્થિક ગતિવિધિના પાસાંનો પ્રસ્તુત નવલકથામાં વિગતે અભ્યાસ કરતાં સામાજિક, આર્થિક શોષણ પરંપરાગત રીતે જમીનદાર વર્ગ આદિવાસીઓ પર આચરતો આવ્યો છે. આઝાદીનાં પડઘા પડ્યાને ડૂબી ગયા, છતાં એ જ અવસ્થામાં જીવતા હાળી સમાજની વ્યથાને સર્જકે અહીં યથાતથ રીતે વર્ણવી છે.

### ૪.૪ સાંસ્કૃતિક ગતિવિધિ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે સાંસ્કૃતિક ગતિવિધિનો અભ્યાસ કરતાં નીચેના મુદ્દાઓ તારવવામાં આવ્યા છે:

### ૪.૪.૧ લોકગીતો:

આદિવાસી હાળી સમાજના લોકગીતોની રમઝટ આ પ્રમાણે જોવા મળે છે: છીતુ બળદગાડું હંકારતો જાય છે અને ગીત પણ લલકારતો જાય છે:

જી રે ચાંદો તો નિરમળ નીર

તારો ક્યારે ઊગહે?

ઊગહે રે પાછલી રાત

મોતીડાં ઘણાં ઝૂલહે. (પૃ. ૭૩)

ખેતરમાંથી ગ્રામ્યકન્યા ગીત ગાતી હતી તેના શબ્દો આ પ્રમાણે છે:

તળાવની પાળે બે આંબા હો બાંધવા

તળાવની પાળે બે આંબા રે બંધવા

રાતી જુવારમાં રાત રેયાલી હો બંધવા. (પૃ. ૨૭)

મંગલો પણ દનિયલ બળદોની પીઠ પર પરાણી પરોવી ને ઝડપથી ઝડપથી દોડાવતાં રામલીલાનું ગીત (પૃ. ૧૬૯) ગાતો જોવા મળે છે, જે નીચે પ્રમાણે છે:

પ્રીતમજી આણાં મોકલે....

મારે સાસરીયે જઈને એટલું કે જો કે પ્રીતમજી આણાં મોકલે.

આમ, હાળી આદિવાસી સમાજમાં ગીતની અભિવ્યક્તિ દ્વારા પ્રેમ, સુખ, દુ:ખ, આનંદ, મેળવી જીવનને રંગીન બનાવે છે.

### ૪.૪.૨ ઉત્સવો અને મેળાવડા:

આદિવાસી હાળી સમાજના ઉત્સવો અને મેળાવડા કેવા છે તે જોઈએ: જુવાન ગ્રામકન્યાના લોકગીતોના રસભરપૂર શબ્દો જુવાનોના જોડિયા પાવાના મીઠા સૂરોમાં વિલીન થઈ જવા લાગ્યા અને ડુંગરાઓની બે બાજુની હારો વચ્ચે ગાજી ઉઠેલી એ સાંકડી નાળ વરસ વરસના વિજોગ પછી પ્રિયતમને મળતી હોય અને એની આંખમાંથી આંસુ વહેતાં હોય તેમ ઝરમર ઝરમર વરસી જતાં વાદળોથી ડુંગરા એક પ્રકારની મધુર સુગંધથી મહેકી ઊઠ્યા.

'જોવનાઈ ઘેલી કે'વાણી' છે અને તેમાંય આ તો મેળામાં આવેલા જુવાનિયાઓ ! કોઈ ખોટા મોતીની સરોવળી કસો લઈને પાવાને શણગારે છે. તો કોઈ છોકરી બંગડી ખરીદે છે; કોઈ ગાણાં ગાય છે, કોઈ ચગડોળમાં ચઢી ફેરા ફરે છે ! કોઈ નાળિયેર લ્યે છે, કોઈ શેરડીનાં સડાં ચૂસે છે, એક મોટા મેદાનમાં દુકાનોની હારોથી દૂર ભવાયાઓ ભવાઈ કરે છે; રામલીલાવાળા એક છોકરાને ઘાઘરી-પોલકું પહેરાવી નચાવે છે ! અને એ છોકરો આબાદ છોકરીના જેવું જ

ગાઈ રહ્યો છે ! પ્રિયતમના વિરહમાં ઘેલી બનેલી સ્ત્રીનું ગીત છે. છોકરાના ચહેરા પર આબાદ એવા જ ભાવો વળ ખાતાં જાણે જાગી ઊઠે છે.

ગોળ કૂંડાળામાં રહી પગે ઘૂઘરા બાંધી, એકબીજાના ખભા પર હાથ મૂકી હાળીઓ નાચતા હતા, વચમાં ઢોલ ધબૂકતાં હતાં અને ભૂંગળાનો અવાજ સતત તાલ પૂરતો હતો, આ બધું જોઈ સૌ રાજી થયા.

આમ, હાળી આદિવાસી સમાજ રોજિંદા કાર્યમાંથી છૂટકારો મેળવે છે. મેળામાં જઈને નવો ઉમંગ, ઉત્સાહ, આનંદ પ્રાપ્ત કરે છે.

### ૪.૪.૩ રીતરિવાજો:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે હાળી આદિવાસી સમાજના રીતરિવાજોની વાત કરીએ તો જ્યારે આ લોકો એકબીજાને ત્યાં મહેમાન અને એકબીજાના ઘરની મુલાકાત લેવા જાય છે, ત્યારે એકબીજાને રામ રામ અને નમસ્તે કહેવાનો રિવાજ તથા ચા અને પાણી આપીને આગતા-સ્વાગતા કરવાનો રિવાજ.

પોતાની નાતમાં લગ્ન કરવાનો રિવાજ છીતુનો બાપ છીતુને કહે છે, 'તું ચાર-પાંચ ચોપડી ભણ્યો તીયાં તો આપણી નાતમાંથી આ માણકીના બાપે તારું

માગું કઈરૂં.' (પૃ. ૨૨) આમ, હાળી આદિવાસી સમાજના રીતરિવાજો જોવા મળે છે.

### ૪.૪.૪ પોશાક:

પ્રસ્તુત નવલકથામાં હાળી સમાજના કુટુંબની સામાજિક, આર્થિક ભયાવહતાને સર્જકે આબેહૂબ મૂકી આપી છે. પ્રકૃતિના ખોળામાં ઊછરતા પણ જમીનદારોના હાથે પિસાતો સમાજ પોશાકની આપવીતી વિશે ચર્ચા કરતાં છીતુના શબ્દોમાં સાંભળીએ:

છીતુ નાહ્યો. કપડાં પહેરતાં એ બોલી ઊઠ્યો: 'મા ! આ હહરૂં તો ઠેકઠેકાણે ફાટી ગીયું છે.' ખમીશ ડોસીને બતાવતાં પહેરી પણ લીધું - આમ પોશાકમાં ખમીશ ને ધોતિયુંનો ઉલ્લેખ જોવા મળે છે.

### ૪.૪.૫ વ્યસન અને ટેવો:

આદિવાસી સમાજમાં કૃતિ સંદર્ભે વ્યસન અને ટેવોની તપાસ કરીએ.

'બહાર ડોસો ખોં ખોં કરતો ચલમ ફૂંકતો હતો.' (પૃ. ૪૦) આમ, આદિવાસી સમાજમાં કેટલીક ટેવો પણ હોય છે.

મકન ગજવામાંથી બીડીનાં પાતરાં કાઢતાં બોલ્યો: 'અમને થીયું કે ચાલો જઈ આવીએ, બાકી થાક તો લાગેલો. થાક ઉતારવા માટે, સુસ્તી દૂર કરવા માટે બીડીનું સેવન કરતા હોય છે.

મગન જવા જતો હતો, ત્યાં જ માસ્તરે એને ફરી બોલાવ્યો ને કહ્યું: 'એલા... તારી પાસે બીડી પાતરાં છે કે?'

'હોવે, છે જ સ્તો. આપું કે?'

'આપની મે'રબાન.' માસ્તર ફિક્કુ હસીને બોલ્યા.

મગન આશ્ચર્ય મૂઢ બની તમાકુ પાતરાં આપી ચાલતો થયો. ત્યાર બાદ યોગેશે પૂછ્યું: 'તમે બીડી પીઓ છો કે મામા!'

'ના રે મે'રબાન! આખી જિંદગીમાં નથી પીધી એમે ય નથી. કોઈ વાર પીધી ય છે. જુવાનીની શરૂઆતમાં સિગારેટ પીવા માંડેલી, પણ એ ય સાલી જીવન આખું સળગાવી ગઈ મે'રબાન !'

આમ, બીડી-તમાકુ ખાવાની ટેવ જોવા મળે છે.

લૂગડાંનો છેડો સરખો કરતાં સવિતાએ સ્મિત પ્રસાર્યું અને બોલી: 'આવી પહોંચ્યા ભાઈ ! હજુ તો ફોઈ ઊંઘે છે.'

‘ઊંઘવા દેવની, હું જરા બીડી પીવા, થાક ખાવા, એટલે તો જાગી ઊઠહે ને ! બળદ છોડી લાખું.’

આમ, આદિવાસી હાળી સમાજમાં તમાકુ, બીડી, ચલમ, સિગારેટ પીવાની પ્રથા ટેવગત લક્ષણ બની રહે છે.

**૪.૪.૬ રહેઠાણ:**

હાળી આદિવાસી સમાજનું રહેઠાણ એટલે ઝૂંપડાં, છાપરાંમાં રહે છે, જે દયનીય પરિસ્થિતિ બતાવે છે, દરિદ્રતા બતાવે છે. છીતુભાઈ કહે છે: ‘મારું બાળક જે આ અજગત પર આંખ ખોલતાં જ ચારેબાજુ દરિદ્રતાનું સામ્રાજ્ય જુએ છે, જર્જરીત તૂટીફૂટી દીવાલો! પગ ઢાંકે તો મોં ઊઘાડું થાય; મોં ઢાંકે તો પગ ઊઘાડા થાય એવું ઘર.’ (પૃ. ૧૭૯)

આમ, સર્જક કૃતિમાં હાળી આદિવાસી સમાજની રહેઠાણની પરિસ્થિતિ બતાવે છે.

**૪.૪.૭ ખાણી-પીણી:**

આદિવાસી હાળી સમાજની ખાણી-પીણીની વાત કરીએ તો, ભૂખે મરતા માનવસમાજનો આર્તનાદ રીઢા પથ્થર બની જીવન જીવ્યે જતા ધાણિયામાઓ સુધી પહોંચતો જ નથી. ધાણિયામાઓ વ્યાજખાઉ બની ગરીબ વર્ગને વધુ ગરીબ બનાવી તેમને પશુ અવસ્થામાં લાવી મૂકી છે. માણકી આખરે પુરણમલના હાથમાં ખખડતા ત્રણ રૂપિયામાં પોતાના દેહનો સોદો કરે છે અને એ રૂપિયાનું અનાજ લાવી બાળકને ઘરના લોકોને પોષે છે.

ભયાનક ગરીબાઈમાં સપડાયેલા, અનાજના કણકણ માટે વલવલતા સમાજનું નગ્નચિત્ર આ નવલકથાની નોંધપાત્ર વિશેષતા છે. વાસ્તવમાં આદિવાસી સમાજ ખાણી-પીણીનો શોખીન હોય છે તે સંગ્રહખોરીમાં માનતો નથી.

આદિવાસી જનજીવનની સૂક્ષ્મ વાસ્તવિકતાઓ પ્રકટાવતાં લેખક જમીનદાર વર્ગના જીવન વિશે પણ એટલી જ અસરકારક અને 'ખાનદાની' વિગતો પૂરી પાડે છે. ખોરાકમાં તેઓ રોટલા અને શાક લે છે.

**૪.૪.૮ અંધશ્રદ્ધા:**

આદિવાસી હાળી સમાજમાં અંધશ્રદ્ધા જોવા મળે છે, તે આ પ્રમાણે છે. મંગલો બોલ્યો: 'સેટ પાણીમાં ભૂતપરેત હેરાન નીં કરે, તેથી ગાડાને પાણીમાં લઈ

જાઉં છું.' (પૃ. ૧૭૨) આમ, હાળી આદિવાસી સમાજ ભૂતપ્રેતમાં માને છે, તે દર્શાવે છે.

## ૫. ભાષા સંદર્ભે આદિવાસી સંસ્કૃતિ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે પ્રસ્તુત નવલકથામાં સર્જકે જે રીતે ઘટના, પાત્રો, ભાષા અને વિશેષ તો વર્ણનકલામાં નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી છે. હાળી સમાજની લોકબોલીનો અસરકારક વિનિયોગ નવલકથાને જીવંત બનાવે છે, જેનો વિગતે અભ્યાસ કરીએ.

લેખકની ભાષાભિવ્યક્તિએ પણ મોટો ફાળો આપ્યો છે. દક્ષિણ ગુજરાતનાં અંતરિયાળ ગામડામાં વસતી આ શ્રમજીવી હાળી કોમ, દુબળાઓ જે બોલી બોલે છે તેને શબ્દબદ્ધ કરવામાં લેખક પણ સફળ રહ્યા છે, તે મુદ્દા નીચે પ્રમાણે છે:

### ૫.૧ રૂઢિપ્રયોગો:

હાળી આદિવાસી સમાજમાં રૂઢિપ્રયોગો નીચે મુજબ છે:

૧) કાળા અખ્ખર કોહાડે મારેલા

૨) સોનાનાં આંસુ ગળી ગયાં

૩) મિયાં મહાદેવને મેળ જામ્યો

૪) દાળમાં કાળુ

૫) કોઠું ન મળવું

૬) છક્કા છૂટી ગીયા

૭) ગાંઠનું ગોપીચંદન

૮) દાઝ્યા પર ડામ દેવું

૯) સોમ નહાયાં

૧૦) આંખે પાટા બાંધી

**૫.૨ કહેવતો:**

આદિવાસી હાળી સમાજમાં કહેવાતી કહેવતો નીચે પ્રમાણે છે:

૧) ખાવાના કુશ્કાં અને વે'વાની ઈંટ

૨) જેના હાથમાં તેના મોમાં (પૃ. ૬૮)

૩) વર્ષો પાણીમાં ગાળવાં

૪) પાણીમાં રે'વું ને મગર સાથે બાથ ભીડવું

૫) ભાવતુ'તું ને વૈદે કહ્યું

**૫.૩ બોલી:**

'મેઘલી રાતે' નવલકથા સંદર્ભે આદિવાસી હાળી સમાજમાં બોલાતા શબ્દોના સંદર્ભ આ પ્રમાણે છે, જેવા કે 'ચાઈલા', 'કે'વ', 'કની', 'ની', 'તેવારથી', 'હહરીના',

'લાખા', 'આવા', 'પોરી', 'સેટાણી', 'હાચુ', 'ઊંપઈડું', 'હમજ'; મકન બોલી ઊઠ્યો: 'અમને થીયું કે હાથે રોટલાં લાઈ'વા નીં ઓહે મલે તમારે તીયાં પોયરો આઈવો છની! એટલે કોણ રાંધે.'

આમ, હાળી આદિવાસી સમાજનો બોલી ભાષાનો પ્રયોગ જોવા મળે છે.

## ૬. આદિવાસી સંસ્કૃતિ સંદર્ભે કૃતિની સીમિતતા:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'મેઘલી રાતે' નવલકથાનું ઝીણવટપૂર્વક અવલોકન કરતાં કૃતિની સીમિતતા મર્યાદા આંકી શકાતી નથી. પરંતુ કથાના પાત્રોને જીવંત રાખી 'મેઘલી રાતે' ભાગ-૨ પ્રગટ કરી શકાય તેમ છે.

## ૭. ઉપસંહાર:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'મેઘલી રાતે' નવલકથાનો અભ્યાસ કરતાં દક્ષિણ ગુજરાતના હાળી ગુલામોની દારૂણ દશાને નિરૂપતી નવલકથા એટલે 'મેઘલી રાતે' આઝાદી પહેલાં જ દલિત આદિવાસી સમાજે પોતાની સ્વતંત્રતા મેળવવા જે મરણિયા પ્રયાસો કર્યા તેનાં ફળ સ્વતંત્રતા પછી પણ તેઓ મેળવી શક્યા નથી. તે હકીકતનું યથાર્થ દર્શન 'મેઘલી રાતે'ના કેન્દ્રમાં છે. લગભગ સરખા ભાગે બે ખંડ અને આડત્રીસ પ્રકરણોમાં અને બસો ઉપર પૃષ્ઠોમાં

પથરાયેલી આ નવલકથામાં હાળી-દૂબળા લોકોની ત્રણ પેઢી સંકળાયેલી જોવા મળે છે.

'મેઘલી રાતે' અનુગાંધી યુગ અને આધુનિક યુગ સંધિકાળે પ્રકટ થયેલી ગુજરાતી સાહિત્યની 'મુખ્યધારા'ની નવલકથા છે. પ્રસ્તુત નવલકથામાં સર્જકે જે રીત ઘટના ભાષા અને વિશેષ તો વર્ણનકલામાં નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી છે. હાળી સમાજની લોકબોલીનો અસરકારક વિનિયોગ નવલકથાને જીવંત બનાવે છે.

પ્રસ્તુત નવલકથામાં રાત-દિવસ સખત ખેતમજૂરી કરી માંડ માંડ પેટિયું રળતા છીતુ, મકન જેવાં પાત્રો દ્વારા સર્જકે હાળી સમાજની રોજિંદી સમસ્યાઓ પ્રકટ કરી છે. નવલકથાનો નાયક જયંત હાળીઓને શોષણ, અત્યાચાર અને ગુલામી વિરુદ્ધ જાગૃત થવા એકત્ર કરે છે. રાત્રી પાઠશાળા શરૂ કરી સમાજને અક્ષરજ્ઞાન આપે છે. હાળી સમાજના છીતુ, મકન જેવાં જાગૃત થવા મથતા આદિવાસીને તે જ ગામના જમીનદાર રે'મતુલ્લા, પુરણમલ અને મોરાર શેઠના શારીરિક, માનસિક અત્યાચારનો ભોગ બનવું પડે છે. હાળી સમાજના કુટુંબની સામાજિક, આર્થિક ભયાવહતાને સર્જકે આબેહૂબ મૂકી આપી છે. પ્રકૃતિના ખોળામાં ઊછરતા પણ જમીનદારોના હાથે પિસાતા આ સમાજને જયંત જેવો માર્કસવાદી પણ ઉગારી શકતો નથી. એ સત્ય કથાને અંતે પ્રકટે છે.

એનો સંશોધનાત્મક અભ્યાસ કરતાં નીચે જેવા ઘટક તત્વો તારવવામાં આવ્યાં છે, જેમાં પ્રાદેશિક પરિચયમાં સુરત જિલ્લાનો બારડોલી તાલુકો અને તેની આસપાસના આદિવાસી હાળી સમાજના ગામડાનો જીવંત પરિચય કરાવવામાં આવ્યો છે. આદિવાસી સમાજ અને તેનું આંતરિક સ્વરૂપ, આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેનો વ્યવહાર, આદિવાસી સંસ્કૃતિમાં ખેતી અને જમીન વિષયક ગતિવિધિ, સામાજિક ગતિવિધિ, આર્થિક ગતિવિધિ, સાંસ્કૃતિક ગતિવિધિમાં પણ એના પેટા મુદ્દામાં આવકાર, મેળાવડા, ટેવો, પોશાક, ખાણી-પીણી અને ભાષા સંદર્ભે આદિવાસી સંસ્કૃતિને નીરખતાં એમાં હાળી આદિવાસી બોલી પણ લેખકે ખૂબ જ સુંદર રીતે એને આકાર આપ્યો છે. તેમાં મિશ્ર અંગ્રેજીના શબ્દો પણ ઝીલાયા છે. કહેવતો અને રૂઢિપ્રયોગોથી પણ સંસ્કૃતિ ભરપૂર છે. સાથે-સાથે કૃતિની કેટલીક મર્યાદાઓને પણ સાંકળી લીધી છે.

આમ, કૃતિનું અભ્યાસિક આલેખન કરવામાં આવ્યું છે.

**સંદર્ભ:**


૧. ગાંધી ચંપકલાલ, 'મેઘલી રાતે', શબ્દલોક પ્રકાશન, ગાંધીમાર્ગ, બાલા હનુમાન પાસે, અમદાવાદ, પ્ર.આ. ૧૯૫૫

૨. પોપ્યુલર પ્રોફેસર્સ, સુહાસીકૃત 'મેઘલી રાતે' ગાઈડ, ન્યૂ પોપ્યુલર પ્રકાશન, સુરત, અદ્યતન આવૃત્તિ, ૨૦૧૧-૧૨

નોંધ: કૃતિના અવતરણો સંદર્ભિત આવૃત્તિમાંથી લીધેલ છે.

૩. ત્રિવેદી રમેશ, પ્રસ્તાવના લેખ 'મેઘલી રાતે'

૪. સ્વપ્નસ્થ, પ્રસ્તાવના લેખ 'મેઘલી રાતે'

•

# પ્રકરણ : ૨.૨

## ‘કોતરની ધાર પર’

(૧૯૮૧)

- **કાનજી પટેલ**

પ્રસ્તાવના:

આદિવાસી સમજનું દર્પણ બનીને આવતી ગુજરાતી સાહિત્યમાં લઘુનવલનું સ્થાન પામેલી ‘કોતરની ધાર પર’ આદિવાસી સમાજમાંથી વીણી વીણીને એને શબ્દસહ પ્રસ્તુત કરનાર શ્રી કાનજીભાઈ પટેલ છે.

હવે આપણે ‘કોતરની ધાર પર લઘુનવલ વિશે આદિવાસી સમાજ અને સંસ્કૃતિના વિશેષ સંદર્ભે બારીકાઈથી અવલોકન કરીએ.

૧. કથાસાર:

‘કોતરની ધાર પર’ લઘુનવલ તળપદી બોલીમાં લખાયેલી અને અવૈધ સંબંધો પર આધારિત છે. આ લઘુનવલની નાઇટ્કા ફૂલી એ ખાતુની પત્ની છે. ૧૨ વર્ષના પુત્રની એ માતા છે. મધુર દાંપત્ય અને સમજદાર પુત્ર હોવા છતાં તે

યુવાન અને ખડતલ ભાથી પર મોહિત થાય છે. પોતાની ઘરગૃહસ્થી અને પ્રેમાળ પતિ હોવા છતાં ભાથીના પ્રેમમાં અંધ બનેલી કૂલી તન-મન-ધન સર્વસ્વ ભાથીને સમર્પિત કરી દે છે. ભાથી નોકરનું કામ કરે છે અને કૂલીના કાયમના સાંનિધ્યમાં રહે છે. ભાથી અને કૂલીના અનૈતિક સંબંધો વકરતા જ રહે છે. કૂલી રાતે ને દિવસે જ્યારે પણ તક મળે એટલે ભાથીને મળવાનું ચૂકતી નથી. સમય જતાં કૂલી-ભાથીના સંબંધોની આખા ગામને ખબર પડે છે અને કૂલી એક રાતે આયોજનપૂર્વક ભાથી સાથે ભાગી જાય છે. દૂર દૂર ડુંગરની પેલે પાર 'કોતરની ધાર પર' ઘર બનાવી આનંદપૂર્વક જીવન જીવનારાં સ્વપ્ન જુએ છે. આટલું ટૂંકું આ લઘુનવલનું કથાવસ્તુ છે.

આ લઘુનવલમાં નૈતિક-અનૈતિકનો વિચાર કરવામાં આવ્યો નથી. લેખક પોતે આવા ખ્યાલથી સભાન ન હોય એવું ન બને પણ એમણે જે તે સમય અને સમાજમાં ચાલતી આવી નરવી વાસ્તવિકતા બતાવવાનો અહીં પ્રયત્ન કર્યો છે. આ લઘુનવલનાં બંને પાત્રો કૂલી અને ભાથી ક્યારેય નીતિ-અનીતિ વિશે વિચારતાં નથી. પોતાનો પ્રણય યોગ્ય છે કે અયોગ્ય એ વિશે તેઓ વિચાર સુધ્ધાં કરતાં નથી. લેખક આજ બાબત દર્શાવવા ઇચ્છે છે.

આદિવાસી સમાજ જાતિય સંબંધો અંગે રૂઢિચુસ્ત નથી. નીતિ-અનીતિની ચોખલિયાવૃત્તિ એ સમાજમાં નથી. આદિવાસી લોકો મુક્તપણે જીવન જીવવામાં માને છે. યુવા-યુવતિઓ એકબીજાની સંમતિથી શારીરિક સંબંધો બાંધે તો એને સ્વાભાવિક રીતે લેવામાં આવે છે. જાતિય જીવનને લઈને મોટા મોટા બખેડા ઊભા કરવામાં આ સમાજ માનતો નથી. ઇજ્જત, આબરૂ કે ચારિત્ર્યહનનના સભ્ય સમાજે બનાવેલા ઘણા કાયદાઓને કારણે અંદરોઅંદરની જીવલેણ લડાઈઓ લડાતી હોય છે. જેમાંથી કુસંપ અને વેરઝેર વધતાં હોય છે. આ રીતે જોઈએ તો કહેવાતો અભણ આદિવાસી સમાજ સભ્ય સમાજ માટે ઉદાહરણરૂપ છે. તે વૈચારિક કૂપમંડુકતામાં જીવતો નથી. તે એક આદર્શ સમાજ છે. Flexible સમાજ છે. આદિવાસી સમાજ ત્રણ રીતે વિશિષ્ટ છે. ૧) તેમાં ચુસ્ત જાતિય બંધનો નથી. ૨) મદ્યપાન કરવામાં છોછ નથી. ૩) ઉત્સવપ્રિય છે. તહેવારોમાં બધાં એકસાથે નૃત્ય કરે છે.

એકંદરે પાશ્ચાત્ય સંસ્કૃતિ સાથે આદિવાસી સંસ્કૃતિને જોડી શકાય. ત્યાં જાતિય બંધનો નથી, મુક્તાચાર છે. તો આદિવાસીઓ પણ તે બાબતે મુક્ત છે. મદ્યપાન આ બંને સંસ્કૃતિઓમાં છૂટથી થાય છે. આ બંને સંસ્કૃતિઓ ઉત્સવપ્રિય છે. આનંદમાં આવે છે, ત્યારે નાચે છે. અબાલવૃધ્ધ સૌ સાથે મળીને. કોઈ કેવું

વિચારશે તેની તેમને કોઈ ચિંતા હોતી નથી. કહેવાતા સભ્ય સમાજ કરતાં આદિવાસી સમાજ ખૂબ વિશાળ માનસ ધરાવે છે. આદિવાસી સમાજની કોઈ કન્યા વિધવા થાય તો તેનું બીજું લગ્ન તો કરવામાં આવે જ છે. પણ જો તેની ઇચ્છા સસરાના મૃતપતિ ઘરમાં રહેવાની હોય અને બીજાં લગ્ન કરી છોકરાના ઘેર જવાની ના હોય તો જુની સાસરીવાળા ઘેર જ કન્યા બીજીવાર કરેલા લગ્નવાળા પતિ સાથે રહી શકે છે. આ સમાજ તેને આવું કરવાની છૂટ આપે છે અને વહુને મળવાપાત્ર સંપત્તિનો ભાગ પોતાના પુત્રની જેમ જ આપવામાં આવે છે. આ સાથે વહુ સાથે પરણેલા છોકરાને પોતાના પુત્રની જેમ રાખવામાં આવે છે. આવી ઉચ્ચ પ્રકારની દિલેરીવાળો આ સમાજ છે.

પંડિતયુગમાં લખાયેલી ‘સરસ્વતીચંદ્ર’ નવલકથાનાં બે પ્રેમીઓ કુમુદ અને સરસ્વતીચંદ્ર સંજોગવશ એકવાર આજુબાજુના ઓરડામાં સુતાં હોય છે. એકબીજાને મળવાની એમને અદમ્ય ઇચ્છા છે. રાત છે. અંધારું છે અને કોઈ જાગતું નથી. કુમુદ સાંકળ ખોલીને પોતાના પ્રેમીને મળવાનું વિચારતાં જ તેને પોતાની મા દેખાય છે. માના દર્શનથી તેનામાં રહેલી નીતિમત્તા (સંસ્કાર) જાગૃત થતાં તે એવું કરતી નથી. આ લઘુનવલમાં આવું કશું જ બનતું નથી. ફૂલીને પોતાનો પતિ સમજદાર પુત્ર હોવા તે રામભાઈના નોકર ભાથી પર મોહી પડે છે. નીતિ-

અનીતિની વાત તો બાજુ પર પણ તે ભાથી સાથેની સંવનનની ક્ષણોને ધન્ય ગણે છે. ફૂલી પોતાની જાત ભાથીને સોંપી દેવા તત્પર રહે છે.

વાતાવરણ એટલે કે ગ્રામ્ય પરિવેશ આ લઘુનવલનું બળુકું પાસું છે. ગામડાંના ઘર, ઢોરઢાંખર, ખેતીવાડી લઘુનવલની કથાને આગળ ગતિ આપવામાં સહાયરૂપ થાય છે. દા.ત. રામભાઈની પત્નીની સુવાવડના પ્રસંગે સૌ ભેગાં થયાં છે. આજુબાજુનાં બૈરાંઓ જ સુવાવડ કરાવે છે. ડૉક્ટર કે દવાખાનાનો આશરો આદિવાસીઓ લેતા નથી. સુવાવડ પુરી થતાં સૌ પોતપોતાનાં ઘરે જાય છે. ફૂલી અને રામભાઈની બહેન સુવાવડી સ્ત્રીને સાચવવા રોકાય છે. ઈરાદાપૂર્વક ફૂલી રાતે જાગીને અંધારાના આશ્રયે ભાથી સાથે શારીરિક સંબંધ બાંધે છે. જો આ પ્રકારનો ગ્રામ્ય પરિવેશ ન હોય તો ફૂલી-ભાથીનો પ્રણયફાગ ફૂલેફાલે નહિ. આ લઘુનવલની આખી કથાવસ્તુ બંને વચ્ચે પાંગરતો અવૈધ જાતિય સંબંધ છે.

ફૂલી-ભાથી વારંવાર પરસ્પર એકાંતમાં મળતાં રહે છે અને ગ્રામ્ય પરિવેશ એવાં ખેતર-વાડી, કોતરો, ખેતરનું રખેવાડું વગેરેનાં એકાંત તેમના મિલનમાં સહાયરૂપ થાય છે.

લેખકે પ્રયોજેલી તળપદી ભાષા અને સંવાદો બળકટ છે. તળપદી ભાષાનાં નાનાં નાનાં વાક્યોથી અપાર અર્થછાયાઓ પ્રગટ થાય છે. તળપદી ભાષાથી

ત્યાંનું લોકજીવન, રહેણીકરણી ત્યાંના વહેવારો, વટ, ખુમારી, દિલેરી વગેરે પ્રગટ થાય છે.

લઘુનવલનું શીર્ષક 'કોતરની ધાર પર' પણ સંકેતાત્મક છે. કોતર એ કામનાઓનું પ્રતીક છે. માણસના અંતરમાં કેટકેટલી કામનાઓ આકાર લેતી હોય છે. તે કેવાં કેવાં સ્વરૂપે માણસને રજૂ કરે છે. આપણે એમ પણ કહી શકીએ કે તે માણસના જીવનને કેવા અનોખા વળાંકો આવે છે અને માણસને કેવા રસ્તે દોરી જાય છે. કામનાઓનો આવો નાટ્યરંગ એ કોઈ એક, માણસની વાત નથી. તમામ માણસો કામનાઓના આવા નાટ્યરંગના શિકાર હોય છે. કામનાઓ માણસના ભીતરમાં તેના અંતરમનમાં ખાઈ ઊભી કરે છે. કામનાઓ-ઇચ્છાઓથી માણસ સતત કોરાતો રહે છે અને શરીરમાં વહેતી લોહીની નસોની જેમ કામનાઓ (ઇચ્છાઓ)નાં કોતરો લઈ ફરતો હોય છે. લેખકને અભિપ્રેત અર્થ આ પણ છે.

સમાજે સમાજે જુદા જુદા નીતિ-નિયમો અને જુદાં જુદાં બંધારણો તેમજ માન્યતાઓ, ગમા-અણગમા, વહેવારો હોય છે. આ લઘુનવલ આવા જ એક આદિવાસી સમાજનું યથાતથ ચિત્રણ છે. આદિવાસી સમાજ એ એવો સમાજ છે. જ્યાં નીતિ-અનીતિ વિશે ઝાઝું વિચારવામાં આવતું નથી. બસ મુક્તપણે જીવન જીવવાને જ મહત્વ અપાય છે. વિચારો કે આદર્શોની ખેંચતાણ કરીને જિંદગીને

તહસનહસ કરી દેવામાં આવતી નથી. નાની નાની વાતોને મોટું સ્વરૂપ આપી ‘વાતનું વતેસર’ કરવામાં આવતું નથી.

## ૨. પ્રાદેશિક પરિચય :

આ નવલકથામાં પ્રાદેશિક પરિચય વિશે કોઈ પણ પ્રકારની શોધ કરી શકાય એમ ન હોવાથી કરેલ નથી.

## ૩. આદિવાસી સમાજ :

ઢોર કોઢમાંથી છોડી ફૂલીએ બહાર બાંધી દીધાં. વાસીદું કરી નાખ્યું કોઢના ખાડાઓમાંથી વાસીદું ગભડી ગભડીને લીધું. રાખોડી વેરી લપસાય નહિ. એટલે વાડામાં નેવાં સુધી કચરો આઘો કરી આવી. છેલ્લો જૂડો ભાર દઈ ઘસીને એ ઊભી થઈ. (પૃ. ૧૨)

ઘેર જઈને ખાતુને કહ્યું, ઊઠાં, લ્યો આ દાતણ. બાવળનું કે આવળનું યે દાંતણ નથી. પણ આ કંબોઈનું સે. (પૃ. ૧૨)

કૂવેથી પાણી ભરી આવી. (પૃ. ૧૩)

આ લઘુનવલમાં આદિવાસી સમાજ ગ્રામ્ય (ગામડું) પરિમાણ સાથે જોડાયેલો છે અને જે કુદરતનાં તત્વો સાથે ઓતપ્રોત થયેલો જોવા મળે છે. જેમકે સવારે ઊઠીને દાંતણ પણ બાવળ કે કંબોઈનું દાંતણ કરે છે. પાણી પણ કૂવામાંથી

મેળવે છે. કુદરતનાં પેટાળમાંથી અથવા ધરતીમાતા પાસેથી મેળવે છે અને ઢોરઢાંખર પણ રાખે છે. તેનું છાણ વાડા (ખેતર)માં નાખી ખેતી કરે છે તથા જંગલમાં જઈને જંગલ પેદાશો પણ મેળવે છે. આમ આદિવાસી સમાજ ગામડામાં રહેતો હોવાથી કુદરતની વધારે નજીક રહે છે. ભારત દેશ પણ ગામડાનો બનેલો દેશ છે. આમ આદિવાસી સમાજની છબી પ્રસ્થાપિત થાય છે.

**૩.૧ આદિવાસી સમાજનું આંતરિક સ્વરૂપ :**

કોઈ પણ વસ્તુ, વ્યક્તિ કે સમાજને બે પાસાં હોય છે. જેમ સિક્કાની બે બાજુ હોય છે, તેમ આદિવાસી સમાજનાં પણ મુખ્યત્વે બે પાસાં છે. એક એનું સબળુંપાસું અને બીજું તેનું નબળું પાસું. આ નબળાઈ વાસ્તવિકતાને આ લઘુનવલમાં સ્વાભાવિક રીતે ગૂંથવામાં આવી છે. જે ફૂલી અને ભાથીના પાત્રો દ્વારા પ્રગટ થઈ છે. ફૂલીએ પૂછ્યું, ઊંઘ નથી આવતી; ચીયા ઝાંઝરપરાનાં લેઈ જ્યા ? અમારે તો કદાચ સે નીં ના ઓય ઊંઘ પણ તમારે હેના ઉજાગરા?

ભાથી કહે, 'અમારે હું નીં તમારે હું જીવડો કનો લેરમાં ઓય તે ઊંઘ આવે? આ રાત્ય ભાગતી થઈ તોયે મારી તો આંશ્ય મેંકાતી નથી;

ફૂલી ભૂલી ગઈ હતી બધું. એને તો ગમી ગયો હતો. ભાથીનો પડછંદ દેહ. એ તો ભાથીને ખાટલે બેઠી ખાટલે વીજળી બેઠી એક કાટકા સાથે. બારસાખો પર ગજ્જર પડે ને હ્હડી જાય ઉંબરા ને ભીંતો.

ભાથીએ પગ લંબાવ્યો. ફૂલીએ પગની એડીઓ પકડી. હાથની સાણસીઓમાં ધગધગ ફળફળતા અંગારા સીસાના હાથ પગ અને છાતી. અંધારાનો એક કાળો પાડો. તાવડામાં ચચણતાં પાણી. ઓછી ખેડાયેલી ધરતીને વજનદાર હળ ખેડે. ઢેફાંનાં ઢેફાં પાડી દે. ધરતી હળવી ફૂલ. ફૂકડીનાં વેરાઈ જાય પીછાં ને ફૂદયા કરે ફૂકડી. ખૂંદણાં ખૂંદતી સોય પહોંચે હાડકાં સુધી અને એના ગરનો પણ ઝીણો ચૂરો કરે. (પૃ. ૮)

રામભાઈની વહુની આંખો મળી ગઈ હતી. ફૂલી ઢોયણી ઢાળી સૂઈ ગઈ. પડતાં વેંત ઊંઘી ગઈ, બારણે ભાથીના પણ રામ રમી ગયા. ઊંઘમાં ફૂલીને મેઘ ચારે કોર અંધાર્યો છે. ડુંગરની તળકમાં ફૂલી એના ખેતરે ગયા વરસનાં કપાસ, તુવેરનાં રહી ગયેલાં ઠૂંઠા કાઢવા ગઈ છે. મૂળાડાં સારવીને એક જગ્યાએ એકઠાં કરી છાણામાંનો દેવતા મૂકે છે. ખેતરના શેઢા વાળતી એ ઊભી થાય છે. વાડની પેલી બાજુ એક મોર ઊડીને આવી બેઠો છે. મોરને જોવા ફૂલી વાડની વધારે પાસે આવે છે. મોર પણ એને જોઈને વધારે પાસે આવે છે. મોર ઊડીને બેસે છે

વાડ પર. ધીમે ધીમે મોર લંબાવે છે ડોક. એના માથામાં ઘસે છે ચાંચ. ફૂલીના શરીરમાં સૂકા ઘાસમાં અગ્નિ ફરી વળે એમ કશું પહોંચી વળે છે. મોર એની ચાંચથી મારે છે. તકોડા છૂંદણાં છૂંદતી સોયના મીઠા તકોડા. એ મોરના ગળે હાથ ફેરવે છે. વરસાદ પડું પડું કરે. ફૂલી મોરને એની બાજુ આવવા હાથ કરે છે. એને ઊંચકીને લેવા જાય એટલામાં તો દખણાદેથી ડમરીઓ ગબેડતું કોરણ આવીને એક ઝપાટે મોરને વાડની પેલી બાજુ પાડી દે છે. પીછાં આમ તેમ ફલરાઈ જાય છે. થોડાંક તૂટીને અલગ થઈ જાય છે. ફૂલી વાડમાં ઓરાઈ જાય છે. કશુંક વજનદાર ભરેલો ટોપલો ફેંકાઈને નીચે પડે એમ એ વાડમાં ઠબ્બ. કોરણથી દેવતા વધું સળગ્યો ને સૂકાલીલા વેલાઓને બાળતો ફૂલી પાસે. (પૃ. ૯-૧૦)

ભાથી બોલ્યો ‘જાહ રે જાહ ! આ ભાવમાં જો તું મારીના થઉં તો મારો જીવ અવગત્યો થાય. જો મરું તો તારા ઘરમાં ઉં બલાડો થઈની હીકાં સોડીનીં દઈં ખઈ જઉં.’

ફૂલીએ નાની કોઢીનો ટેકો લઈ ઊભી રહેતાં કહ્યું, ‘જો બેવોની ઈસ્સા અહે, તો એયે થહે, મલનારો, તુ મલ્યો એક ભાંવની ભૂખ ભાગનારો.’ આ સાંભળી ‘એમ સે તાણી’ ભાથીએ કહ્યું ફૂલીએ આગળ ચલાવ્યું, આટલાં વરહ રયાં જ્યો તો વહેતો મલ્યો ઓત તો જવાંની વહેલી પલાંટાંત. (પૃ. ૧૫)

બીજીએ કહ્યું, 'ખાતભાઈ માંણમાં તો સેરી: જાય ના તો હું કરે બિચારી?

'આ આંમની હું બૈરું બાપા કે? મનીં તો લાગે આ શંકોય હું ખાત ભઈનો ઓય? આંમા નીં આંમ પારકાનું બી લેઈની આઈ અહે.' મારે નાંન્યાનો બાપો જો આંને ઠેકાંણે ઓય તો ચીરીનીં મરસું ભરી. (પૃ. ૨૦)

આમ ફૂલી અને ભાથીના આડા સંબંધો વિશે લોકોમાં ઠેરઠેર વાતો થતી જ રહે છે. શંકો ખાતભઈનો છોકરો હશે કે ફૂલી બીજા કોકનું બીજ લઈને આવી હશે એમ શંકા-કુશંકા થાય છે. ફૂલી ભાથી સાથે અવૈધ સંબંધ બાંધે છે. એનું કારણ એ પણ આવી શકે કે ઘણી વખત મા-બાપની ઇચ્છા પ્રમાણે લગ્ન થયું હોય પોતાને મન-ગમતા સાથી સાથે લગ્ન ન થયું હોય ત્યારે આવું બને છે. આદિવાસી સમાજમાં ઘણી વાર આવું બને છે. જે સંયમ રાખવો જોઈએ તે સંયમ રખાતો નથી. જે આદિવાસી સમાજનું બળકું પાસું છે.

એક દાંનાના કાને પડેલી વાત એણે કારશિયા જતાં વસ્તામાં ખાતુને 'ડૂબી મરાં મારી હાહુનાં. આટલું બૈરું તની નથી બદતું. લ્યો ? આખા ગાંમની આબરૂની પત્તર ફાડી નાશ્વ્યી. બે પૈશ્યોનું કાંય આલ્યની તે હાહરીના ઘરો જાંય. ફૂટી બાળ્ય હું. આ ભીલાં ફટવી મેલ્યાં. આ ભાજ્યાનું યે કાટલું કાડી નંખાઈએ.'

ખાતુ કહે, 'ભઈ', ઉં જાંણતો ઓત કે રાંડ આવી સે તો તાંણીંનીં તાણીં ફૂટી મેલાંત પૂસડે ડેંડું બાંધીતી. (પૃ. ૪૧)

ફૂલીના - ભાથી સાથેના આડા સંબંધોને લીધે ખાતભાઈને લોકો ગુસ્સે ભરાઈને એને પણ અપશબ્દો (ગાળો) આપે છે.

ભાથી માટે વપરાયેલા 'ભીલ' શબ્દથી ફૂલીને લાગી આવ્યું 'ભીલ હીલ ની કેવાનું તમે હું કાડતા. ઉં હેંડી આ. આમ કહેતી એ પેટીપટાંરાં ખોલવા મંડી. ખાતુએ તેને એમ કરતાં રોકી, 'નથી કરરાંડ આ સાળા. ખાતુ તાડૂક્યો 'સાની રે સેનાળ. કોઈનું મુંડું તો રાશ્ય. આજથી આંના નાંમનું કાંય હંભળાયુ તો કડકા કરી નાશ્યે. (પૃ. ૪૩)

ફૂલીને પોતાનો પતિ અને બાર વરસનો છોકરો હોવા છતાં ભાથી નોકરનું કામ કરતો હોવા છતાં ફૂલી પોતે પતિને અને પોતાના છોકરાને પણ ભૂલી ભાથીના પ્રેમમાં આંધળી બની જાય છે. જેથી ઘરમાં ઝઘડા થાય છે. ખાતુ ફૂલીને મારી નાખવાની પણ ધમકી આપે છે. છતાં ફૂલી ઉપર એની કોઈ અસર થતી નથી. આમ આ લઘુનવલમાં લેખકે આદિવાસી સમાજમાં આવા અવૈધ સંબંધો છે. તે દૂર કરવા એના ઉપર પ્રકાશ પાથરે છે જેથી આવા આડા સંબંધો ઓછા થાય અને એ પ્રત્યે સભાનતા કેળવાય.

### ૩.૨ આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેનો વ્યવહાર:

કણબીના ઘેર ગધ્ધામજૂરી કરી દાડા ના નેહરીંહા ભાથી એ આગળ કહ્યું. (પૃ. ૩૧)

રોટલાનો ટેમ થતા થતામાં બાજુના ગામના ભાઈબંધને કોરશિયાના પટેલો આવવા માંડ્યા હતા. (પૃ. ૩૬)

આ લઘુનવલમાં જવલ્લેજ અન્ય સમાજનો ઉલ્લેખ માત્ર જોવા મળે છે. તે ફક્ત પટેલ અને કણબી આ બે સમાજનો જ ઉલ્લેખ જોવા મળે છે. અન્યથા સમગ્ર કથાવસ્તુમાં આદિવાસી સમાજને જ કેન્દ્રમાં રાખવામાં આવ્યો છે. બીજા સમાજનો ઉલ્લેખ જોવા મળતો નથી.

## ૪. આદિવાસી સંસ્કૃતિ:

આદિવાસી સંસ્કૃતિનો અભ્યાસ કરતાં એમાં ખેતી અને જમીન વિષયક ગતિવિધિ સામાજિક ગતિવિધિ, આર્થિક ગતિવિધિ અને સાંસ્કૃતિક ગતિવિધિ એવા મુદ્દાઓ આવરવામાં આવ્યા છે. જે વિગતે નીચે મુજબ છે:

### ૪.૧ ખેતી અને જમીન વિષયક ગતિવિધિ:

પ્રસ્તુત લઘુનવલમાં આદિવાસી સમાજની ખેતી અને જમીન વિષયકના પ્રશ્નો તપાસવામાં આવ્યા છે. તેનું કથાવસ્તુ આ પ્રમાણે સાંકળવામાં આવ્યું છે.

'ખાતુ નીચી રાંધમાં ડાંગર થઈ ગઈ હતી તે વાઢી પાડવા વહેલો નીકળી પડ્યો હતો. પાદરવાળામાં જવાનું સે આજે તો કરકડિયું વાડવા.' ફૂલીએ કહ્યું.

ડાંગર વાઢવા જવાનું નક્કી થયું એટલે ફૂલી ગઈ. પથરાની જેમ કુટાઈને ભાથીએ દા'ડો કાઢ્યો. પાંચ ભારા ચાર ભાઠોડમાંથી વાઢી. આંખો બળતી હતી. બપોરે માળા પર આડો પડવા ગયો. ભાઠોડથી નીચેના ભાગમાં ફૂલીનો ક્યારડો હતો. ભાગિયા વગર બધું કામ ખાતુને જાતે જ કરવું પડતું. શંકો ટેકો કરતો. આ કથારડાની ડાંગર વાઢીને સાંજ સુધીમાં મસળવા ઘેર લઈ જવાની હતી. (પૃ. ૪૬)

માથે હાલકડોલક થતા ડાંગરના ભારાના હાલતા છેડાઓ હસ્સ હસ. માથા પર મૂકેલા ભારામાં ખૂંપી ગયેલું માથું. આગળ આવી જઈ આંખનો મારગ રોકતાં ડાંગરનાં થડ. ખભા અને વાંસાની ખુલ્લી ચામડી પર કંટીમાંથી છૂટા પડી વેરાતા ડાંગરના દાણા. (પૃ. ૪૮)

પરસાળની પાસેના વાડામાં છેક ઘરનાં નેવાં સુધી મકાઈ રોપેલી. કાંડા જેવાં રાડાં, માથાથીય એક વેંત ઊંચી. (પૃ. ૩)

ડુંગરની તળકમાં ફૂલી એના ખેતરે ગયા વરસનાં કપાસ, તુવેરનાં રહી ગયેલાં ઠૂંઠાં કાઢવા ગઈ છે. (પૃ. ૯)

આમ આ લઘુનવલમાં આદિવાસી સમાજના ખેતી અને જમીન વિષયકના પ્રશ્નો તપાસતા આદિવાસી સમાજની જમીન પોતાની છે અને ખેતીમાં ખાસ કરીને ડાંગર, તુવર, મકાઈ, કરકડિયું, કપાસ વગેરે પાકો લેવામાં આવે છે. ખેતીમાં અમુક અમુક લોકો ભાગિયા પણ રાખે છે. અમુક લોકો ખેતરનું કામ જાતે જ કરે છે. ડાંગર વાઢીને મસળવાનું ત થા ખેતરમાંથી વાઢીને માથા ઉપર ઉંચકીને ઘરે લાવવાનું આમ બધું જ કામ જાતે કરે છે. જે ખેતી વિષયક પાસામાં નોંધનીય છે.

**૪.૨ સામાજિક ગતિવિધિ:**

'ભૂલાને ઘેરથી કંકુડી આઈ લ્યો. હાંભળાં હું કે એ,' મંગો બોલ્યો. 'રાંમભાઈ, ગોળ મંગાવાં ગૉળ, સોરો આથો. કઠઈ સે. જીવીની રાંમભાઈની ભગવાંની ઘણી વાટ્ય જોવડાઈ હારો દન દેખાડ્યો.' કંકુએ કહ્યું.

રાંમભાઈ કંઈ બોલ્યા નહિ. એમના બાપા પાસે બેઠા હતા. રાંમભાઈના બાપા કહે, 'શંકા જાની ભઈ લેઈ આયા ગૉળ બશેર તેણશેર. ગાંમમાંયે વેશની અંઈયે આલ્ય. (પૃ. ૪)

સમાજમાં ખુશીનો પ્રસંગ છે. રાંમભાઈના ઘરમાં છોકરાનો જન્મ થયો છે. બહુ લાંબા સમય પછી ભગવાને એમને સારો દિવસ આપ્યો છે. માટે જ ગામના લોકો અને બૈરાં બધાં ભેગાં થઈ જાય છે. દવાખાનાનો આશરો લેવામાં આવતો

નથી. ઘેર જ બધાં બૈરાં ભેગાં થઈ સુવાવડ કરાવે છે. તેથી બધા લોકોને ગૉળ વહેંચવામાં આવે છે અને સર્વત્ર ખુશીનું વાતાવરણ પ્રસરી રહે છે. આમ સમાજમાં એક સારી ભાવના જોવા મળે છે. જે પોતાપણાનો ખ્યાલ એકતાની ભાવના, પ્રેમની લાગણી હુંફ જોવા મળે છે. જે પ્રસંશનીય બાબત છે.

### ૪.3 આર્થિક ગતિવિધિ:

ખેતીમાં કપાસ જેવા રોકડીયા પાકો દ્વારા આવક મેળવતા હોય છે. આવક રળવાનું સાધન માત્ર ખેતી જ જણાય છે. આર્થિક ઉપાર્જન માટે અન્ય કોઈ સ્ત્રોતો જોવા મળતા નથી.

### ૪.૪ સાંસ્કૃતિક ગતિવિધિ:

સાંસ્કૃતિક ગતિવિધિમાં આદિવાસી સમાજનાં લોકગીતો મેળાવડા, એમનો પોશાક, આવકારવાની રીતભાત, ખાણીપીણી, રહેઠાણ વગેરે મુદ્દાઓને, અલગ તારવી વિગતે અભ્યાસ કરવામાં આવ્યો છે. સાથે સાથે આદિવાસી સમાજમાં સુધારવા યોગ્ય પાસા જેવાં કે વ્યસન, અંધશ્રધ્ધાને પણ પ્રકાશમાં લાવવામાં આવ્યા છે. જે સાંસ્કૃતિક ગતિવિધિમાં આવરી લેવામાં આવ્યા છે. તે વિગતે નીચે પ્રમાણે છે.

#### ૪.૪.૧ લોકગીતો:

આદિવાસી સમાજના આત્મા સમાન તે લોકગીતો, લોકગીતો દ્વારા આદિવાસી સમાજની સંસ્કૃતિ જીવિત બની રહે છે. આ કથામાં પણ ભાથી એને જીવિત રાખી છે. તે આ પ્રમાણે જોવા મળે છે.

ભાથી ગાતો હતો ધીમા અવાજે...

તારો માળો નીં મારો સાળો નાંની રમતૂડી

તારો માળો નીં મારો સાળો રે લોલ

બીજી લીટીઓ આગળ ચાલી તે સાંભળતી ફૂલી આગળ આવી.

તારો માળો તો આલણ ડોલણ નાંની રમતૂડી

તારો માળો તો આલણ ડોલણ રે લોલ (પૃ. ૭)

'રૈણીનાં રૈણાં'વાળું ગીત ભાથીના મનમાં ઊગ્યું હતું, ધીમે ધીમે તરતું તરતું ઉપર આવ્યું. ધીમા સાદે એણે એ ગાણું ચઢાવ્યું.

ગુંદી તે રૈણીનાં રૈણાં શૈલ ગુંદી ગુંદી તે

રૈણીનાં રૈણાં રે લોલ.

ફૂલી થેકડા મારતી ચાલતી ગઈ ને કોકવાર સાથે ગાતી પણ ખરી.

શેલિયો નીં શેલડી બે સાલ્યાં મારી જોડ્યો.

શેલિયો નીં શેલડી બે સાલ્યાં રે લોલ

શેલિયો પાડે નીં શેલડી વેણે મારી જોડ્યો.

શેલિયો પાડે નીં શેલડી વેણે રે લોલ.

'શેલિયો નીં શેલડી' બોલીને ભાથીએ કિરીયાટો કર્યો. એ કિરીયાટે ફૂલી પણ ઊંચકાઈ. ફૂલીએ ગીતની લીટીઓમાંના શબ્દોની ફેરબદલી કરીને કહ્યું,

'શેલડી પાડેની શેલિયો વેણે મારી જોડ્યો

શેલડી પાડેની શેલિયો વેણે રે લોલ'

ભાથીએ ચલાવ્યું,

'ઝૂડી ઝંઝેડીં ખોળો ભર્યો મારી જોડ્યો

ઝૂડી ઝંઝેડી ખોળો ભર્યો રે લોલ'

ભાથીએ ગીત આગળ ઝંઝેડ્યું:

કાસાં ખાશું તો તૂરાં લાગી મારી જોડ્યો

કાસાં ખાશું તો તૂરાં લાગીં રે લોલ

રૈણાં ખાતે તો માયા લાજી મારી જોડ્યો

રૈણાં ખાતે તો માયા લાજી રે લોલ

જતાં રે'શું તો શું ખાશું મારી જોડ્યો

જતાં રે'શું, તો શું ખાશું રે લોલ ?

ફૂલીએ સધિયારો આપ્યો.

રાતા રૂમાલી શીધાં બાંદયાં મારી જોડ્યો

રાતા રૂમાલીં શીધાં બાંધ્યા રે લોલ !

ભાથીએ રસ્તો બતાવ્યો.

ગોધરો મારેગીં આપણ જવાં મારી જોડ્યો

ગોધરો મારેગીં આપણ જવાં રે લોલ

ફૂલીએ ગીત આગળ ચલાવ્યું

ગોધરોનો દાંણી દાંણ માંગે મારી જોડ્યો

ગોધરોનો દાંણ દાંણ માગે રે લોલ

એ સવાલને આગળ વધારતાં ભાથીએ ચલાવ્યું:

રાતીં જશુ તો સોર બનશું મારી જોડ્યો

દાડે જશું તો દાંણ માગે રે લોલ

ફૂલીએ ઉકેલ કર્યો:

પૈશ્યો તારો નીં ટકો મારો મારી જોડ્યો

પૈશ્યો તારો નીં ટકો મારો રે લોલ

આ લીટીઓ તો બંનેએ ખૂબ મન દઈને ગાઈ:

ભાજી ખાશું નીં ભાવ રેંશી મારે જોડ્યો

ભાજી ખાશું નીં ભાવ રેંશી રે લોલ

સડક પરથી ખસી બંને આડી વાટ વળ્યાં. ખભે હાથ મૂકી એક સાથે જમણા અને એક સાથે ડાબા પગ ઉપડાતાં ચલાવ્યું:

અડધા વાગડામાં લાઈ મેલ્યાં મારી જોડ્યો

અડધા વાગડામાં લાઈ મેલ્યાં રે લોલ

ખરશી ખૂટી પણ માયા રઈ મારી જોડ્યો

ખરશી ખૂટી પણ માયા રઈ રે લોલ

કાશી રે માયા તો થઈ પાકી મારી જોડ્યો

કાશી રે માયા તો થઈ પાકી રે લોલ

બંનેએ આંખોથી જ એકબીજાને કહ્યું, 'ખરશી ખૂશ્યહે, ટંકનીયે નીં ઓય પણ આ માયા એક વખત લાજી તે કોઈ દા'ડોના ટૂટે. (પૃ. ૧૬ થી ૧૯)

થોડું ચવાણું ને ભજિયાં લીધેલાં તે થેલીમાં મૂકતી મૂકતી કૂલી ચાલવા લાગી. કેડમાં થેલી ખોસી દઈ એક હાથ આગળ અને એક હાથ પાછળ લઈ જઈ તે કૂદવા લાગી. ભાથીને પણ તણાવું પડ્યું.

મેળો પાસો ભાજ્યો અલ્યા શેલિયા

મેળો પાસો ભાજ્યો રે લોલ

એમ દૂરથી, આગળ પાછળથી, ફરી ફરીને, ઊંચા નીચા અવાજોમાં ગવાતું સંભળાતું હતું.

કાંમઠી લઈને અરવત પરવત, કોતર અને ટેકરીઓ હાંકીને રાખે મોરને મારીને એક ઝાડ તળે બેઠો છે. એવું ચિત્ર એની આંખો આગળ આવ્યું. ગીત આગળ વધતું રહ્યું:

ઉઠો રાંણીનું ઝાંપલિયા ઉજેડો રે

રોતે નીં કકળતે ઝાંપલિયા ઉજેડ્યા રે

મનમાં ફફડ્યું ને ઊભું થઈ દરવાજો ઉઘાડે. કશું એને ભીંસી લેતું રહેંસી નાખતું હતું.

ઉઠો રાંણીજી દિવલડા અંજવાળો રે

રોતે નીં કકળતે દિવલડા અંજવાળિયા રે.

ઉઠો રાંણીજી મોરુંલા સૂંફેડો રે

રોંતે નીં કકળ તે મોરુંલા સૂફેડિયા રે. (પૃ. ૩૮)

ઉઠો રાંણીજી મોરુંલા આરોગોને

રાજાનો કુંવર રે શકાર રમી આવિયાં

ટટળતી રાણી એના મૈયરનો મોર રાજા મારી લાવ્યો છે, એટલે કહે છે:

તમે આરોગો તમારાં છોરુંડાં આરોગીં રે

મારા રે મૈયરનો મોર શીદ મારિયો રે. (પૃ. ૩૮-૩૯)

આવી રીતે ભાથી અને ફૂલી ગીત ગાય છે. ગીતમાં રૈણાં ખાતાં, શેલડી ખાતાં, મેળે જતાં, ભવિષ્યમાં ટકા પૈશાની ભાજી લાવીશું આમ ભાથી નોકર છે અને ફૂલી ખાતુની પત્ની છે. એને બાર વરસનો છોકરો છે. છતાં એ બધું ભૂલીને ફૂલીને ભાથી સાથે માયા લાગી છે. માયા કાચી નથી, પાકી માયા બંધાઈ ગઈ છે. પૈશો ટકો ખૂટી જશે પણ માયા ન ટૂટે. એમ ફૂલી અને ભાથી બંનેએ સ્વીકારી લીધું છે. જે સમાજ સ્વીકાર કરતો નથી અને માટે ગામથી સમાજથી દૂર ભાગી જાય છે. કથાકાર આદિવાસી સમાજમાં ક્યાંક ક્યાંક આવા અવૈધ સંબંધો છૂપાયેલા છે. તેને દૂર કરવા ગીત દ્વારા અભિવ્યક્ત કર્યા છે.

**૪.૪.૨ ઉત્સવો, મેળાવડા:**

આદિવાસી સમાજમાં ઉત્સવો - મેળાવડાનું ખૂબ જ મહત્વ છે. મેળાથી જીવનમાં નવો ઉમંગ આનંદ આવે છે. તે ઝીણવટપૂર્વક અવલોકન કરીએ ધૂળેટીનો દિવસ આજે તો ત્રણ ગામોમાંથી પાંચ છોકરાંની બેઠકોનાં તેડાં તો ઠોડોક દન ચડતામાં થઈ ગયાં હતાં. નીચાં ઘરોમાં નાંનશાના ઘરે એમના છોકરા કાળુના એક વરસના છોકરાનીય બેઠક હતી. રોટલાનો ટેમ થતાં થતામાં બાજુના ગામના

ભાઈબંધ ને કોરશિયાના પટેલો આવવા માંડ્યા હતા. ભાઈબંધ ચાર ઢોલ સાથે આવી પહોંચ્યા. (પૃ. ૩૬)

મેળા પર અવાજો તરે. ચગડોળે ચડેલો મેળો ઉતરે નીચે જવાની ઉતાવળમાં મેળે આવેલાં છોકરાંને બગલમાંથી પકડી ઝટપટ માતાઓ અને મોટેરાં જતાં હતાં. (પૃ. ૨૩)

મેળામાં મનેખનો પાર નહોતો. આવતાંની સાથે ભાથીએ શેરેક ચવાણું ને થોડાંક બજિયાં - લઈ લીધું હતું તે લઈને ડુંગરે કડાના પછવાડે બેસી ગયાં હતાં. વાતો કરતાં હતાં. (પૃ. ૨૧)

આદિવાસી સમાજમાં ખાસ કરીને હોળી-ધુળેટીનો તહેવાર ખૂબ જ ધામ-ધૂમથી ઉજવાતો હોય છે. ઢોલ વગાડી કૂદવું તથા એ જ સમયમાં જુદાં-જુદાં ગામોમાં મેળા પણ ભરાતા હોય છે. લોકો મેળામાં જાય છે. વિવિધ વસ્તુઓની ખરીદી કરે છે. આ ઉપરાંત ભજિયાં, ચવાણું તથા મનગમતી વસ્તુ પણ ખરીદાતી હોય છે. તથા યુવા-યુવતી, બાલ-અબાલ, વૃધ્ધ સૌ મેળામાં ઉમટી પડે છે. જાણે મોર કળા કરી રહ્યો હોય તેમ માનવમન થનગની ઉઠે છે. આમ, આવી રીતે આદિવાસી સમાજ માટે મેળાનું મહાત્મ્ય ખૂબ જ વધી જાય છે.

**૪.૪.૩ આવકાર:**

દરેક સમાજમાં આવકારવાની પોતાની રીત હોય છે. આદિવાસી સમાજમાં પણ આવકારવાની રીત છે તે જોઈએ. ખાતુએ ઊભા થઈને મોટો ખાટલો આડો કર્યો. બે બાજુ ગોદડીઓ ગોળ વાળીને મૂકી આપી. આખી કોણીઓ ગોદડીઓ પર ટેકવાઈ. ઢીંચણ પર ફાળિયું ગોઠવાયું. હોકો ભરાઈને આવ્યો. (પૃ. ૪૩)

આદિવાસી સમાજમાં જ્યારે ફળિયામાં અથવા બીજા ગામે કોઈ પ્રસંગ માટે અથવા કોઈ કામ માટે ભેગા થતા હોય છે. ત્યારે ત્યાં તેની આગતા-સ્વાગતા કરવા માટે બેસાડવા માટે ખાટલો ઢાળી એના ઉપર ગોદડી પાથરવામાં આવે છે અને જો તે ભાંગ-બીડી પીતો હોય તો ભાંગ-બીડી અથવા હોકો પીતો હોય તો હોકો પીવા આપી એનું સન્માન કરવામાં આવે છે, એને આવકારવામાં આવે છે.

### ૪.૪.૪ પોશાક:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે પ્રસ્તુત લઘુનવલમાં આદિવાસી સમાજનો પોશાક કેવો છે તે તપાસીએ.

ઉપર ખમીસ ચડાવી ગળા ફરતે ટીલડીવાળો રૂમાલ વીંટીને પીહો લીધો અને ફૂલીને ઉતો જઉ સું કહીને ઊપડ્યો. (પૃ. ૧૬)

પીહાએ બાંધવાનાં ફૂમતાંનું ફૂલીએ મૂલ કર્યું ને લીધાં એને પીહા પર બાંધવા આવ્યાં. નાનું દર્પણ અને કાંસકો પણ ભાથીના ગજવામાં મૂક્યાં. (પૃ. ૨૨)

ખાતુ તો ખબર મળતાંની સાથે કેડિયું, પહેરીને ઊપડી ગયો. (પૃ. ૨૧)

ખભે નાખેલો રૂમાલ નીચે ઉતારી પાછો ખભે નાંખતાં બોલ્યા. (પૃ. ૪૨)

ઢીંચણ પર ફાળિયું ગોઠવાયું. (પૃ. ૪૩)

બાંય વગરનો પટાવાળો સેંડો અને ખભે રૂમાલ. (પૃ. ૫૧)

વાડાની પરસાળમાં ઢીંચણ અને પીઠ સોત પછેડી વીંટીને બેચાર, અરધી બાયનાં પહેરણ પહેરી બેત્રણ, એમ ચાર-છ જણ બેઠા હતા. (પૃ. ૩)

ચાંદીની સાંકળી પહેરી લીધી હતી. ધમ્મક સાથે સાંકળી ગળામાં કૂદતી હતી. (પૃ. ૧૬)

ભાથીએ એને ચાંલ્લાની દાબડી અને બે બોયો લઈ આવી. (પૃ. ૨૨)

કૂલીએ પગની જોડીઓ પહેરી. (પૃ. ૫૫)

તેના કાનમાના લોળિયાને કાન સાથે મોમાં મૂકી દીધું. (પૃ. ૩૧)

પુરુષનો પોશાક ખમીસ, ઢીંચણ સુધી ફાળિયું ગળા ફરતે ટીલડીવાળો રૂમાલ, ખભા ઉપર રૂમાલ, પીઠ સોત પછેડી વીંટાળતા, નાનું દર્પણ અને કાંસકો પણ ગજવામાં રાખતા. પગમાં જોડા પહેરતા અને જોડે પીહો રાખતા અને પીહાના શણગાર માટે કૂમતાં પણ બાંધતા હતા. સ્ત્રીના પોશાકમાં ચાંદીની સાંકળી

કાનમાં લોળિયું માથે ચાંલ્લો, બોયો અને પગમાં જોડી પહેરતી જોવા મળે છે. ઓઢણી અને ઘાઘરા વિશે સ્પષ્ટતા જોવા મળતી નથી.

### ૪.૪.૫ રહેઠાણ:

પેસવાના બારણા અને કોઢ વચ્ચેની ગોરમટીથી લીંપેલી ભીંતમાં ખૂંપી ગયો હતો. ત્યાં ચૂનાથી કરેલું ચિતરામણ હતું. એક ઘર, જેમાં પેસવાનું એક બારણું દોરેલું હતું, જાળી પણ નહિ. (પૃ. ૫૦)

નેવાં પાસે બનાવેલી ઓટલીઓ પર નાનાં છોકરાં, બૈરાં, આદમી બધાં જ ઊભાં રહી જોવા માંડ્યાં. (પૃ. ૩૬)

રહેવા માટે ઘરની વિશેષતા એ છે, કે ગોરમટીથી લીંપેલી ભીંતો તથા ભીંતો પર ચિતરામણ, ડીઝાઈન બનાવવામાં આવે છે. સાથે ઘરમાં કોઢ રાખવામાં આવે છે. જેમાં ઢોર-ઢાકર રાખવામાં આવે છે. ઘરનાં નેવાં પાસે બેસવા માટે ઓટલી બનાવવામાં આવે છે. જેથી કરીને ત્યાં બેસી શકાય. આમ આદિવાસી સમાજની રહેઠાણની વિશેષતા જોવા મળે છે.

### ૪.૪.૬ ખાણીપીણી:

રોટલા તૈયાર થઈ ગયા એટલે ફૂલીએ ભાથીને બોલાવવા રાંકાને કહ્યું. ભાથીને સારું એવું ઘી આપ્યું. થોડો, ગોળ, મરચું પણ આપ્યાં. (પૃ. ૬)

કલેડામાં રોટલો ચઢતો હતો. એક ચઢી ગયેલો તે થાળીમાં મૂકીને ઘીનો લપકો મોટો મૂકી આવી. ગરમ રોટલા પર પડેલું ઘી ઓગળી ગયું, જરા વારમાં. રેલા બધા ખૂણે ખાંચરે પહોંચી ગયા.

થોડું મરસું આલાં નીં ભાથીએ કહ્યું. 'એ લાઈ,' કહી ફૂલીએ મરચાનો ચપટો ઘીમાં નાખી આપ્યો. રોટલો પૂરો થયે ચોખો ને કઢી આપી ગઈ. (પૃ. ૧૬)

રોટલા ટીપી નાખ્યા. છમ કઢી વઘારીને બહેરી થઈ એટલે ઉતારી લઈને શાક બનાવી દીધું કોળાનું ગણતરીથી ભાથીના બે રોટલા વધારે કરી રાખ્યા હતા. (પૃ. ૨૬)

ભાઈબંધ ચાર ઢોલ સાથે આવી પહોંચ્યા. સુખડી શેકાતી હતી. એની સુગંધથી છોકરાં, મોટેરાં આપેલાં બધાં કલકલી ઊઠ્યાં હતાં. (પૃ. ૩૬)

થોડે પાછળથી નીકળેલી ફૂલીએ શીરો કરી લીધો અને ટોપલામાં ઢાંકી દઈને લઈ લીધો. (પૃ. ૩૦)

ખોરાકમાં તેઓ રોટલો, શાક, ગૉળ, મરચું, છાશ, ઘી, માખણ, ચોખા-કઢી, ક્યારેક ક્યારેક સુખડી-શીરો પણ બનાવતાં હતાં. આમ, ખોરાકમાં વિવિધતા જોવા મળે છે.

### ૪.૪.૭ વ્યસન અને ટેવો:

આ ઉકો પીતાપીતામાં પસીં આઈનીં નાવાનું રાખે. (પૃ. ૧૪)

બીડી સળગાવીને ભાથી પાછો ફૂલીના ઘરમાં ટહેલ મારી આવ્યો. (પૃ. ૧૬)

હોકો ભરાઈને આવ્યો ત્યાં સુધી કોઈ કશું બોલ્યા નહિ. એક હાથથી બીજે હાથ ફરે હોકો. (પૃ. ૪૩)

આદિવાસી સમાજમાં કોઈ વ્યક્તિ કોઈના ઘરે મહેમાન ગતિએ જાય ત્યારે બીડી, હોકો આપી મહેમાનની આગતા-સ્વાગતા કરવામાં આવે છે. હવે એ જ વસ્તુને બીજી બાજુ જોવા જઈએ તો ટેવગત લક્ષણ અને વ્યસન પણ ગણવામાં આવે છે. માટે જ વ્યસનને છોડી આગતા સ્વાગતા માટે અન્ય કોઈ વિકલ્પ અપનાવવો જોઈએ.

### ૪.૪.૮ અંધશ્રધ્ધા:

‘બાધા કરવા જઉં સું. તમે બધા જઈ આયાં પરુણાવાડી ? ચ્યમ સે અમી વેવાંણની. બધાંએ ઠીક સે અમીં એમ કહ્યું ને ચાલ્યાં. (પૃ. ૨૦)

ઝોટડીની દાંમણી ઝાલાબાવજીની સડાબ્બા જવાનું સે. ચાર ગઉ હેંડીની જવાનું નીં પાસુ હાંજરી તો આઈનીં ખાંણ પાંણીની હેઠ્ય કરવાનાં. (પૃ. ૧૪)

નારિયેળ લઈને ભાથીએ ખુલ્લી જગ્યામાં બેસી ફોલી કાઢ્યું અને ચોટલી પકડી ફૂલીના હાથમાં મૂક્યું. દાંમણી ઝાલા બાવજીને ચઢાવવા હૈ... સો... હૈ સ હો કરી ધૂણતા માણસને આપી ઘીનો પ્યાલો પણ આપ્યો. ફફડતા હાથે નારિયેળ વધેરી ધૂણતા માણસે અરધું નારિયેળ પાછું આપ્યું. ઘીનો ખાલી પ્યાલો ફૂલીએ થેલીમાં મૂક્યો અને નારિયેળના કોપરામાંથી એક ટુકડો ભાથીના મોમાં મૂક્યો. (પૃ. ૨૨)

અંધશ્રધ્ધાનો છાંટ આ લઘુનવલમાં પણ જોવા મળે છે. જેમાં આદિવાસી સમાજ બાધા, દામણી ચઢાવવી તથા ધૂણતા માણસને નારિયેળ ચઢાવવું અને અરધું નારિયેળ પાછું આપવું વગેરે અંધશ્રધ્ધાનાં છાંટા જોવા મળે છે.

## 5. ભાષા સંદર્ભે આદિવાસી સંસ્કૃતિ:

પ્રસ્તુત લઘુનવલમાં આદિવાસી સમાજ અને સંસ્કૃતિને ભાષા સંદર્ભે નિહાળતાં એમાં રૂઢિપ્રયોગો, કહેવતો, બોલી વગેરે મુદ્દાઓ તારવવામાં આવ્યા છે. જે વિગતે નીચે મુજબ છે:

### ૫.૧ રૂઢિપ્રયોગો:

આદિવાસી સમાજમાં પણ પોતાની બોલી-લહેકામાં રૂઢિપ્રયોગો પ્રયોજાતા હોય છે, જે આ પ્રમાણે છે:

૧) વાત ચેકઈ જઈ સે. (પૃ. ૪૪)

૨) પારકાના ઘરમાં હળગાઈની ઊપડ્યા. (પૃ. ૪૨)

૩) મલાજો તોડવો પડહે. (પૃ. ૪૨)

૪) ભીંતોએ ડોળા સંકોરવા. (પૃ. ૪૪)

૫) લાલર્યો મારવો. (પૃ. ૪૫)

૬) આંશ્યેથી આઘાં. (પૃ. ૪૮)

૭) ફાટેલી ગોદડીમાં દા’ડો જ ના ઊગવો. (પૃ. ૫૩)

૮) નજર હાધી રઈ. (પૃ. ૪૩)

## ૫.૨ કહેવતો:

૧) ખાખરાની શીલોડી હાકરનો હું હવાદ જાંણે. (પૃ. ૪૪)

૨) આ દન અંઈ ઊગે તે આંણે પાહે ઊગે પણ આ માયા ના ટૂટે. (પૃ. ૩૪)

૩) આ મનખા દેહ તો એક ફરા આવે. નાંકની ડાંડી ના હેંડીએ કોઈ માંણ નીં રે કોઈ હેમની રે, કોઈ ગાંમનીં રે. (પૃ. ૪૩)

૪) અજવાળું પાંદડેથી નીચે પડે અને પાછું બીજું ઘી પાંદડે ચોપડાય. (પૃ. ૫૬)

૫) અડાવાં જો સમસ્કાંર નથી કરતું નમસ્કાર ! (પૃ. ૫૧)

આમ, આદિવાસી સમાજમાં કેટલીક પ્રચલિત કહેવતો જોવા મળે છે.

**૫.૩ બોલી:**

લેખકે પ્રયોજેલી તળપદી ભાષા અને સંવાદો બળકટ છે. તળપદી ભાષાનાં નાનાં-નાનાં વાક્યોથી અપાર અર્થછાયાઓ પ્રગટ થાય છે. તળપદી ભાષાથી આદિવાસી સમાજનું લોકજીવન, રહેણીકરણી, ત્યાંના વહેવારો, વટ, ખુમારી વગેરે પ્રગટ થાય છે, જે નીચે મુજબ છે:

'મારા હિરવી ને શીયો આબ્બાનો હે, એના હારુ ગૂંદયો હે રમ્બા.'

એક બીજો બોલ્યો, 'એલે કાલે ઝાલે જવાનું હેં નીં મેળે? લગભગ એક સાથે બોલતા હોય એમ બેચાર જણ બોલ્યા, 'જવાનું જવાનું એમાં કાંય સાલે? આ આંળનાં ઠૂંઠાં તો જંગી રેવાનાં સીં. (પૃ. ૪)

## ૬. આદિવાસી સંસ્કૃતિ સંદર્ભે કૃતિની સીમિતતા:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિને ધ્યાનમાં રાખી કૃતિની સમાલોચના કરતાં કૃતિમાં ફૂલી ખાતુની પત્ની છે અને એને 12 વરસનો છોકરો છે. ફૂલીને લગ્ન કરીને લાવવામાં આવે છે. એટલે પંચ મળીને સમાજ સાથે મળીને પિયર પક્ષ અને સાસરી પક્ષ બંને પક્ષ સાથે મળીને તાણા-વાણા મેળવીને ફૂલી અને ખાતુનું લગ્ન કરવામાં આવ્યું છે. હવે જ્યારે ફૂલી સમાજનું બંધન, નીતિ-નિયમો તોડીને

ભાથી સાથે અનૈતિક સંબંધ બાંધે છે ત્યારે ખાતુ ગામના લોકોને ભેગા કરે છે. એ સારી બાબત છે. પરંતુ ફૂલીના અનૈતિક સંબંધો વિશે પિયર પક્ષમાં પણ આ સમાચાર આપવા જોઈએ અથવા એને થોડો સમય પિયરમાં મોકલી આપવી જોઈએ તો કદાચ એને સુધરવાની તક મળી શકે, પણ અહિંયા એવું કરવામાં આવતું નથી. આવાં વિચાર પણ શક્ય બની શકે.

કૃતિમાં છેલ્લે અમુક શબ્દોની ચોખવટ - શબ્દોના અર્થ આપવા જોઈએ, તો કૃતિને વધારે સરળતાથી સમજી શકાય.

ગોખરવું અને ગોરખવું શબ્દને એક જ શબ્દને બે અર્થમાં પ્રયોજવામાં આવ્યો છે. (પૃ. ૨૪)

અમુક શબ્દો પ્રિન્ટમાં ભૂલ જોવા મળે છે. ખોટો શબ્દ - ઓડામા; સાચો શબ્દ - ઓરડામાં.

## ૭. ઉપસંહાર:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિને કેન્દ્રમાં રાખીને ‘કોતરની ધાર પર’ કાનજી પટેલ દ્વારા રચાયેલ લઘુનવલનું બારીકાઈથી અવલોકન કરતાં સમાજમાં ઘણા એવા પ્રશ્નો સમાજના હોય છે, પરંતુ એવા કોઈનાથી સહન પણ થતા નથી અને કોઈની આગળ કહેવાતા પણ નથી. એવા પ્રશ્નને, એવી સમસ્યાને કથાકાર ખૂબ જ

સૂઝબૂઝ, પૂરેપૂરી સમજ કેળવી યોગ્ય ઉદાહરણો વડે રજૂઆત કરવામાં આવી છે. યોગ્ય પાત્રોની ગોઠવણ કરી ખાસ કરીને ફૂલી-ભાથી; ખાતુ, ગામલોકોના પાત્રો દ્વારા સરળ અને સહજ રીતે જ પ્રગટ કરવામાં આવી છે. આમ સમગ્ર કથાવસ્તુ યોગ્ય પાત્રો વડે સુયોગ્ય વાતાવરણની રચના કરી, પર્યાવરણ સાથે સુસંગતતાભર્યા ઉદાહરણો દ્વારા અનૈતિક સંબંધનો (આડા સંબંધો) જે પ્રશ્ન છે, તેનું પ્રત્યાયન કરવામાં આવ્યું છે. જે આદિવાસી સમાજનું આંતરિક પાસું છે. ત્યારે એમાં બાહ્ય પાસાંમાં પણ લેખકે યોગ્ય રીતે એની ગૂંથણી કરી છે. આદિવાસી સમાજનાં ભિન્ન અંગોમાં એની સભ્યતા, સંસ્કૃતિ, આર્થિક ગતિવિધિ ખેતીને પણ યોગ્ય સ્વરૂપ આપ્યું છે. સાથે લોકગીતો, મેળાવડા, પોશાક, વ્યસન અને ટેવો, રહેઠાણ, ખાણીપીણી, અંધશ્રધ્ધાને પણ સાંકળી લીધી છે. તળપદી બોલીમાં લખાયેલી લઘુનવલમાં રચનાકારે આદિવાસી બોલીમાં રૂઢિપ્રયોગો અને કહેવતોનો પણ પ્રવાહ વહાવ્યો છે, જે પ્રસંશાને પાત્ર છે.

## સંદર્ભ સૂચિ :


૧) પટેલ કાનજી : 'કોતરની ધાર પર', નક્ષત્ર ટ્રસ્ટ, અમદાવાદ.
નોંધ :- કૃતિના અવતરણો સંદર્ભિત આવૃત્તિમાંથી લીધેલ છે.

૨) નાયક રતિલાલ : મોટો કોશ, અક્ષરા પ્રકાશન અમદાવાદ, પાંચમી સુધારેલી આવૃત્તિ, નવેમ્બર ૨૦૦૧

•

# પ્રકરણ : ૨.૩

## ‘અંધારું’

## (૧૯૯૦)

**- મણિલાલ હ. પટેલ**

### પ્રસ્તાવના:

ગુજરાતી સાહિત્યમાં આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે મણિલાલ હ. પટેલકૃત 'અંધારું' નવલકથામાં ઉત્તમ અંશોનું આવિષ્કરણ જોવા મળે છે. મણિલાલ હ. પટેલ સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર ખાતે ગુજરાતી વિભાગમાં અધ્યાપક હતા. એમની આ કૃતિ ઈ.સ. ૧૯૯૦માં એપ્રિલ મહિનામાં પાર્શ્વ પ્રકાશન દ્વારા પ્રકાશિત થઈ હતી.

### ૧. કથાસાર:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે ('અંધારું') નવલકથાનાં બારીકાઈથી અભ્યાસ કરતાં પંચમહાલના નાનાં નાનાં જૂથોમાં વસતી નાયકા આદિવાસી પ્રજાની વાત કરવામાં આવી છે. વતનથી દૂર મજૂરી અર્થે મોટા પાલ્લા ગામ નજીક મહીસાગરથી થોડે જ દૂર ટેકરી ઉપર છાપરાં બાંધીને રહે છે. કથાકાર કહે છે, કે બબ્બે ત્રણ-ત્રણ દાયકા સુધી આ નાયકાઓને આપદાઓ વચમાંય નાચતાં-ગાતાં અને જીવતરને કશાય ભાર વગર જીવતા જોયા છે. એમનાં છોરાં-છૈયાં ઉપર અને છાપરાંમાં મંડરાતા અંધારા જોયા છે.

આજેય એમનામાં કશો બદલાવ નથી આવ્યો. હાટેકરી માથે એક ટ્યુબલાઈટ બળે છે. તળેટીમાં હેન્ડપંપ થયો છે. પરિવર્તન લાવવામાં ભોઠાં પડેલાં એ બેઉવાનાં એ વસતીની વચ્ચે છે. ગામનાં પાટીદારો બધા બઉ ગણતરી બાજ નથી. છતાં બદલાતાં સમયે એમને 'પાક્કા' તો બનાવ્યા જ છે, એટલે છેલ્લાં વર્ષોમાં મજૂરી બાબતે તનાવ થાય ખરો પણ ઓછો અમથો.

રૂમાલ રેશમને દેદાવાડાથી લઈને અંધારી રાતે નીકળી પડ્યો હતો, ત્યારે પગમાં કેવું જોમ હતું. છાતીમાં ઢોલ ઢબૂકતો હતો. ડિલમાં હલક હતી ને સાથે કેમ જીવશું? ની ચિંતાય ખરી.

રાતદંન ચાલતાં મહીસાગર વળોટીને બેઉ ઈશાનીયા ડુંગરોમાં રેશમના મોસાળમાં પહોંચી ગયા હતાં. મામાએ બેઉને રાખેલાં પણ રૂમાલને કહેલું કે નાતમાં નેમ પ્રમાણે તમારે શનાને પાંચસો રૂપિયા પૂરા ગણી આલવા પડશે, શનો રેશમડીને પઈણવા આવ્યો ત્યારે એનાં ૫૦૦ રૂપિયા મૂલ ચૂકવી આલેલા, તળસીને નાયકા આદિવાસી સમાજનો એ રિવાજ કોઈની વહુ જો કોઈને જાય તો, નવા ધણીએ પેલાને એનાં રૂપિયા ગણી આલવા પડે. પછી પાછા સસરાને આગળના જમાઈએ આપ્યા હોય, એથી પાંચ પચીસ વધારે રૂપિયા ચૂકવી દેવા

પડે. પછી જ એ બંને વિધિસર વરવહુ ગણાય. રૂપિયા ચુકવાઈ જાય પછી કોઈને વેરઝેર ના મળે.

રૂમાલે રૂપિયા સારું ઘણી મહેનત કરવી પડેલી, પણ રેશમ જોડેના એ દિવસો રૂડારૂપાળા હતા. ડુંગરોમાં ઢોલ વગાડ્યા છે. ખૂબ રમ્યાં છે. આજેય એ ગપુલી ભૂલાતી નથી.

નાયકા આદિવાસી સમાજની આપવીતી કેવી છે તે વિશે વાત કરીએ. પાટીદારો અને કણબીઓને ત્યાં મજૂરી કરવાની, જેઠ મહિને ખાતરનાં ગાલ્લાં, તળાવથી ઢેફાં લાવવાના, પછી વાડો કરવાની, ખાતર ફેદવાનાં, વરસાદ થતાં ખેતર ખેડવાનાં, નીંદવાનું, રાયડી કાઢવાની, દવાઓ છાંટવાની, બળદ ચારવાનાં, ઘાસના ભારા લાવવાના, તાપમાં વાઢવાનું, રાતે ઢૂલાં હાંકવાના, ઉપણવાનું, ઘાસનાં આગલા કરવાનાં, શિયાળુ ખેતી કરવાની, રાતવાસો કરવાનો, ઘઉં, ચણા કાપવાનાં, ફૂટવાનાં, હાળી આવી છૂટવાનું, પડેલા દિવસો ભરી આલવાનું, ઊભા નહીં રહેવાનું, પૂછીને પાણી પીવાનું, છણકા ખાવાના, હિસાબ કરવાનો, ઘાંચી એનાં બળદને પોરો ખાવા છોડે, પણ કણબી જણને ના છોડે.

મજૂરીમાં મળે ખાવાનું, ને શેરબશેર દાણા વરસે દોડે ઉતરેલાં લુંગડાં આલે તો ય જાળાવાળાં જેવાં, ઉપરથી ડુંગરા એવડો દાબ તો જુદો. બધાંને કોઠે પડી

ગયું હતું આવું જીવતર. કોઈ કદીક સળવળે તો ગાળો પડે. ઉચાળા ભરી જવાનાં કહેણ આવે, બાકી રૂપિયા વ્યાજ સાથે વસૂલ કરવાની ધમકી મળે. આમ, નાયકા આદિવાસી સમાજને મજૂરી માટે વેઠવું પડતું.

આમ, નાયકા આદિવાસી સમાજ આટલી આપદાઓ વચ્ચે પણ માંહ્ય વાતો કરતા ત્યારે એમની ભાષા અસ્સલ આદિવાસી લ્હેકામાં ચાલી જતી. લ્હેકા, મરોડ ને ભાર એમાં વધારે ભળતાં. સ્ત્રીઓની ભાષા વધારે ધારવાળી લાગતી. આમ, નાયકા આદિવાસી સમાજની પોતાની આગવી પ્રતિભા, સંસ્કૃતિ પ્રતિબિંબિત કરે છે.

## ૨. પ્રાદેશિક પરિચય:

આદિવાસી સમાજ અને  સંસ્કૃતિ સંદર્ભે નાયકા આદિવાસી સમાજનો પ્રદેશ પરિચય મેળવીએ. નાયકા (નાયેક) આદિવાસી સમાજ તે પૂર્વોત્તર સાબરકાંઠા કે પંચમહાલના આદિવાસી કૂળમૂળના નથી. એ લોકો પંચમહાલના બારિયા, ભીલ, કોળીથીય અળગા છે. પૂર્વોત્તર પંચમહાલના દેદાવાડા ગામના તથા નાના-નાના જૂથોમાં વસતી પ્રજા છે. આમ, આપણે આદિમ સમાજનો પ્રદેશ પરિચય પ્રાપ્ત થાય છે.

## 3. આદિવાસી સમાજ:

‘અંધારું’ નવલકથામાં ‘નાયકા’ આદિવાસી સમાજની વ્યથાકથા નિરુપવામાં

આવી છે. વતનથી દૂર મજૂરી અર્થે મોટા પાલ્લા ગામ નજીક મહીસાગરથી થોડે જ દૂર ટેકરી ઉપર છાંપરાં બાંધીને વસવાટ કર્યો છે. પોતાની વ્યથા આ પ્રમાણે વ્યક્ત કરતા. ફૂળ ખરું પણ મૂળ વગરનું અધ્ધર અટકેલી તળસી ડોસો તો કહેતો, “વગડામાં રેનારન વપત હેની ? ભોંય પર હુવાનું અનઅ આભલું ઓડવાનું. આપડે રયાં કાલ હાટું કમાવું સે ?” રૂમાલ ચણભણીને રહી જતો. (પૃ. ૨૦)

લસણ મરચાની ગંધને ભેદીને વધારાતા કાંદાએ જીભને ભીની કરી દીધી છે. ખાટી-વાસી છાશ પણ અમરત સરખી ભાવે છે. (પૃ. ૪૭) ખોરાકમાં લસણ મરચાની ચટણી અને ખાટી છાશ પણ અમૃત સમાન બની જતી હતી.

જણના એ માલિક ને જણની બૈરી પણ એમની લૂંડી રેશમે જોયેલું કે એની મા મશૂરીએ કેટલાંય વરસો સુધી મુખીનાં ઘરનાં વાસીદાં વાળ્યાં, વાસણ ઊટક્યાં ને ડોબાં ચાર્યા. મજૂરીમાં મળે ખાવાનું, ને શેરબશેર દાંણા વરસે દા’ડે ઉતરેલાં લુગડાં આલે તોય જાળાવાળા જેવાં ઉપરથી ડુંગરા એવડા દાબ તો જુદો બધાંને કોઠે પડી ગયું હતું આવું જીવતર. કોઈ કદીક સળવળે તો ગાળો પડે, ઉચાળા ભરી જવાનાં કહેણ આવે, બાકી રૂપિયા વ્યાજ સાથે વસૂલ કરવાની ધમકી મળે. (પૃ. ૨૦)

નાયકા આદિવાસી સમાજ કુળ ખરું પણ મૂળ વગરનું. એમના જીવનમાં તનતોડ મહેનત મજૂરી કરે છે. જે પાટીદાર, દરબાર અને કણબીઓ માટે જ જ્યારે પોતાને એમાં કશો લાભ થતો નથી. આદિવાસી સમાજ પોતે છે. ત્યાં જ હાંસિયામાં અન્ય સમાજના હાથ નીચે રહે છે. જેને લીધે જેની પ્રગતિ, પરિવર્તન કાચબાની ગતિ કરતાં ય ધીમી રહે છે.

**૩.૧ આદિવાસી સમાજનું આંતરિક સ્વરૂપ:**

આદિવાસી સમાજનાં આંતરિક જીવનમાં ઊંડે ઉતરતાં ઘણાં સબળાં અને નબળાં પાસાં કૃતિ સંદર્ભે આ પ્રમાણે ડોકાય છે. “હેમનાં રાજિયા કુરુ હેમને રાજગડને આરે સડાવે...” રેશમ અકળાઈને ગાળો બોલી ઊઠી. પણ તરત શાંત પડી. (પૃ. ૨૮)

“ન્યાં નં અન્યા. આ તું જેમની હાટું મુઢામાં જીભની ઘાલતેલો એહિયા તો ભાળ્ય ! ચાણનાય અહવે સડ્યા સે. સાંટો પીન ખિખિયાટા કરી રયા સે... રાજિયા ! માટ અ વાલો થા ! હાર્યે કાંય નીં આબ્બાનું. હારી નં એણી વાત્યો આંય સ રઈ જવાની અવ, અળવો થા, રમતાંઅહતાં જીવી લેવાનું, રૂમાલ્યા ! આપડઅ રયાં આબરુની ધજાઓ બંધાબી સે?” (પૃ. ૬૫)

"હાહરી રાંડ! ચ્યાંક હેવાઈ તો નીં થઈ ઓય? અવ નજર રાખવીં પડવાની..." (પૃ. ૯૫)

નબળા માંટીને પડતો મેલી રેશમ ઊભેભાલે રૂમાલ હાર્યે ચાલી ગયેલી. ઘણાં કહેતાં કે રૂમાલ એને ભગાડી ગયેલો. થોડા માસો ડુંગરોમાં ગાળીને પછી બેઉ અહીં આવીને છાપરું કરી રહેવા લાગેલાં. પણ આપદાઓ ઓછી થવાને બદલે વધતી હતી. સાંજ પડે ધરતીને અંધારું વીંટળાઈ વળે એમ રૂમાલ - રેશમ એકબીજાને વીંટળાઈ વળતાં ને વ્હાલ કરી વેઠવામાં ભાગ પડાવતાં તો ય જાણે આરો - ઓવારો જ ના મળે! (પૃ. ૪)

"ચેવો અવતાર સેં આ? ની આપણ કશ્યાના ધણી, નીં આપણું કોય રણીધણી ! હૌને શવારચ વળજ્યો સે. મૂંગા વહુની પેઠમ જીબ્બાનું? હળગતું છાણું જાંણક સાતીમાં ધીકસ સે..." ડોસાની આંખે ભૂતકાળ તરવરી આવ્યો. (પૃ. ૨૧)

નાયકાની ન્યાતમાં સ્ત્રી-પુરુષના આડા સમ્બન્ધો એટલા બધા અળખામણા ન્હોતા ગણાતા ! નાયકડીનો દેહ અભડાય કે વટલાય એવું નાયકીઓને ય ન્હોતું લાગતું બધા કામો જેવું એ ય એક કામ ગણાવું જાણે! ભૂખ લાગે ત્યારે કોળિયો ખાવા જેવું. મજૂરિયા લોકોને વળી આબરૂ શી?" સવર્ણોએ વર્ષોથી થાપેલો દાબ પણ એમાં કારણભૂત હશે.

નાયકા આદિવાસી સમાજમાં જ્યારે એકબીજા ઉપર ગુસ્સે ભરાંતાં હોય ત્યારે ગાળો (અપશબ્દ) બોલાતી હોય છે અને લગ્ન કરેલ પુરુષ સ્ત્રીને ગમતો ન હોય તો એને મનગમતો પુરુષ લઈને ભાગી જવાનું અંશત: જોવા મળે છે. ક્યારેક લોકો એવું પણ વિચારે છે કે આપણે કોઈ સંપત્તિના રણીધણી નથી. મુંગા પશુની જેમ જીવન ગુજારવું પડે છે. અન્ય લોકોની ગુલામી કરવી પડે છે.

નાયકા આદિવાસી સમાજમાં સ્ત્રી-પુરુષના આડા સમ્બન્ધો પણ બધા કામો જેવું જ આ કામ ગણાતું, દેહ વટલાય કે અભડાય એવું અળખામણું નહોતું લાગતું. આના પરથી એમ વિચારી શકાય કે નાયકા આદિવાસી સમાજમાં જે સભાનતા, જાગૃતિ આવી નથી તથા આર્થિક પરિસ્થિતિને લીધે અન્ય લોકોનો કોળિયો - ભોગ બનવું પડે છે.

### ૩.૨ આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેનો વ્યવહાર:

નાયકા આદિવાસી સમાજનો અન્ય સમાજમાં ખાસ કરીને પાટીદાર તથા કણબી દરબારોનાં ઘર ખેતરોમાં કામ કરવું એ અન્ય સમાજ સાથેનો વ્યવહાર તે આ પ્રમાણે છે. “બે દિવસ પહેલાં ઉકો કહેવા આવેલો કે નદી પાર એક પાટીદારને ત્યાં અને બીજે દરબારને ત્યાં લગન લેવાનાં સે તે ઢોલ-વાજું વગાડવા જવાનું આપણે માથે રાખ્યું સે રૂમાલ ઢોલ વગાડવામાં એક્કો ગણાતો.” (પૃ. ૪૨)

રૂમાલ આઠ-દસ દિવસ તો વાજાં વગાડવામાં હતો. વાજા અને લગનોના ધમાકામાં એ ઘણું વિસરી ગયો હતો. કામબદલો થતાં જીવ લ્હેરમાં આવી ગયેલો. બાધર બાપુના લગનમાં તો રાતે રૂમાલે ગાવામાં કમાલ કરેલી. એ ગામની કણબણોને થનગનાટ થયેલો "રૂમાલ ઢોલ વગાડે તો ધારો રમીએ." ઠકરાણીઓએ પણ બારીએ, મેડીએથી રૂમાલની ગીત હલકને, એમાંના ટીખળી ઉમંગને માણ્યાં હતાં. (પૃ. ૬૮)

રૂમાલે જોયું કે વાતનું વતેસર થઈ રહ્યું છે. ધાક જમાવવાનો ડરાવવાનો આ વર્ષોથી ચાલ્યો આવતો હતો. એણે વગર કારણે માર ખાતા ને મરતા લોકો જોયા હતા. બાપા સમેત. એનું લોહી ઉકળી જતું. આજે ય મનમાં તો ધૂંધવાટ હતો. પણ રૂમાલે જોયું કે ગામ આગળ ગમ ખાધા વિના છૂટકો નથી. એની ચકોર નજરે ચારેકોર જોઈ લીધું હતું. (પૃ. ૧૦)

"પઈશા તો, ગામના નેમ પરમાંણે એનો નવો હીરવઈ થશે એ આલશે. પણ રૂમાલ્યા! મારી આટલી વાત રાશ્ય ભઈ..." મૂળજીના અવાજમાં લાગણી છલકાતી હતી.

"જોવ, મૂળજીભાઈ. મીં તો સેલ્લાં બે વરહોથી, તમે જાંણાં સો કે જણ રેવાનું માંડી વાળ્યું સે. કાંમ તો દન્યોમાં ઘણું સે. વખત આયે મલક પાર્ય ઉતરી જે,

પણ ગત્તર વનાની આંધળી મજૂરી મફતના ભાવમાં ફૂટવાનું મારી બતી અવનીં થાય તે નીં સ થાય. ભૂખ મેલનારો ભાજી આલવામાંથી જતો નઈ. દાંનત હારી ઓય એને હું ચન્ત્યા? અનં હાંભરો, તમનઅ જણ મળવાનો. વજો નીં તો એનો ભઈ. જણે કાંય દેડકે ગળ્યા નઈ. તેમ સતાં વરહાદ પડઅ નં તમારું હળ સૂટું અશે તો ઉં તમારી શેતી કરી આલવા બંધઉં સું. પન્નર દંન મઈનો રે' રડો રૂપિયો વધાર માગે પણ કાંમમા કેતનીં આવઅ... વાઢણાં વખતે દહ દંન વાઢી-અવેરી આલેશ પણ બન્ધઈને રેવાનું તો આ અવતારમાં ની બણે', ઊંડો શ્વાસ લેતાં રૂમાલે પુરૂ કર્યું. (પૃ. ૫૧)

આમ વ્યવહારમાં અન્ય સમાજ કણબીઓ, પાટીદારો એમને ધાક ધમકીથી નાયકા સમાજને કામ કરાવતા હોય છે અને ક્યારેક ઘર ખેતરમાં કામ કરાવવા વિનવણીઓ પણ કરાતી હતી જે મૂળજીભાઈ રૂમાલને આજીજી કરે છે. તથા ક્યારેક કણબીઓના લગ્ન પ્રસંગે ઢોલ વાજુ વગાડીને કણબણોને ખુશ-ખુશાલ કરી દેતો. ઉમંગનું મોજુ લહેરાતું પણ જોવા મળે છે. સંબંધોમાં મીઠાશ અને કડવાશ પણ જોવા મળે છે.

### ૪. આદિવાસી સંસ્કૃતિ:

આદિવાસી સંસ્કૃતિ સંદર્ભે નીચે મુજબના વિભાગો રચવામાં આવ્યા છે. ખેતી અને જમીન વિષયક ગતિવિધિ, સામાજિક ગતિવિધિ, આર્થિક ગતિવિધિ અને સાંસ્કૃતિક ગતિવિધિ અને સાંસ્કૃતિક ગતિવિધિમાં પણ એના પેટા વિભાગો જેવા લોકગીતો, મેળાવડા, પોશાક, આવકાર, રહેઠાણ વગેરે મુદ્દાઓની હારમાળા રચેલ છે. જે વિગતે આ મુજબ છે:

**૪.૧ ખેતી અને જમીન વિષયક ગતિવિધિ:**

ભાદરવો અધવરી ગયેલો. હરાંદાં બેસી ગયેલાં. બાજરીઓ નેંગલીને પવનમાં ઝોલાં ખાતી હતી.

"બાજરિયે રેડ લાજી રે જોવનપરનું બાજરિયું..." સીમ ગાતી હતી. ગોવાળનો પાવો વાગતો હતો. ઓતરા ચિતરાના તડકા વીંછીના ડંખ જેવા આકરા હતા. મકાઈનાં છણમાં સૂકાવા માંડેલાં. છોડની કેડ્યોમાં મૂછાળા ડોડા નીકળી આવ્યા હતા. જાણે વીસબાવીસની ફૂટડી છોકરીએ કેડ્યમાં ફૂણુંફૂમળું બાળક તેડવું ના હોય ! કેટલાક છોડે તો બબ્બે ડોડા એકસાથે લચી પડેલા.

"રૂમાલ્યા! આય આયના ડોડા સે. આ માળો ઘાલ્યા'લું સું તારઅ રોજ રાતરે અંઈ માળે હુવાનું. આ મકાઈ પાકઅ તાં લગણ હાસબ્બાની જબાપદારી તારી..." મૂળજી કહેતો હતો. (પૃ. ૯૬-૯૭)

મકાઈ - બાજરીઓ જોતજોતામાં સાથરે ઢળાઈ ગયેલી. ઘાસ પાકી ગયેલું રોઢાઓ સવારે ઝાકળથી ઝળહળી ઊઠતા ક્યારીમાં ડાંગરોની ગંધ તરબતર હતી. ઠેરઠેર સોનું લચી પડ્યું હતું. દાંતરડાં સપાટાબન્ધ ફરવા માંડ્યાં હતાં. (પૃ. ૧૦૫-૧૦૬)

પાટીદારોની બારમાસ ખેતી. ઝાઝાં જણ હોય તેની ખેતી બાકી તો આયખાની ફજેતી. દાયકા પહેલાં તો વરસાદ હોય તેટલી ખેતી થતી, બહુ બહુ તો મુખીના કૂવાવાળા ચોવાડિયામાં શિયાળું ઘઉં, ચણા થાય, નદીના ભાઠામાં કોઈ તમાકુ વાવતા કે મકાઈનાં રાડાં. બસ, બાકી આષાઢે આભલું તાકવાનું. પણ હવે તો ન્હેરો આવી ગઈ હતી. જળદેવી હાજરા-હજૂર ત્રણ ત્રણ સીઝન લેવાની.

નાયકા આદિવાસી સમાજ ખેતીમાં કામ કરતો હતો. બારેમાસ ખેતી કરતા હતા. ખેતીમાં ડાંગર, બાજરી, જુવાર, મકાઈ, ઘઉં, ચણા વગેરે પાકો થતા. ખૂબ મહેનત મજૂરી કરી અનાજ પકવી આપતા હતા. પરંતુ તે પોતાની ખેતી કે જમીન નહોતાં. જે પોતાની થોડી ઘણી જમીન હતી તે વેચી દેવી પડી હતી. અથવા ગિરવે મૂકવી પડી હતી. પાટીદારો અને દરબાર લોકોનાં ખેતરોમાં ફક્ત કામ કરવાનો, મહેનત કરવાનો અધિકાર ભોગવતા હતા. એ બાબતનું તેમને ખુદને પારાવર દુ:ખ હતું. પરંતુ એ સિવાય તેઓ કશું કરી શકતા નહોતા. પોતાની દુ:ખદ વેદના એકબીજાને કહીને શાંત થઈ જતા હતા.

## ૪.૨ સામાજિક ગતિવિધિ:

રૂમાલની મા મરી ગયાના સમાચાર આવેલા રૂમાલનો જીવ કેમનો ઝાલ્યો રહે ? દસકો વીતી ગયો હતો. દેદાવાડે ગયે.

માનું મોઢું જોવા મળ્યુ હોત તો સારું - રૂમાલને થયેલું પણ બધું પતી ગયું હતું. રૂમાલ વિચારતો તો વચ્ચેના વરસોમાં દેદાવાડે જવાનો વિચાર જ કેમ ના થયો ? કે પછી પોતે એ વિચારને ઉપર આવવા દેતો ન્હોતો? ઊંડે ઊંડે તો ડુંગરોમાં પહોંચી જવાનું મન થતું જ હતું. રેશમને લઈને રૂમાલ દેદાવાડે પહોંચ્યો ત્યારે નાનો ભાઈ ભૂરિયો એને વળગીને હીબકે ચડી ગયેલો. રેશમની આંખમાં પાણીનો પાર ન્હોતો રહ્યો. રૂમાલે ભૂરિયાની પીઠ થાબડી. માથે બચી કરી ટાઢો પાડેલો ભૂરિયો બાયડી પણ લાવ્યો હતો. માના કારજપાણીના દિવસોમાં બધૂ સૂનમૂન લાગતું હતું બાપું ઘરડા થઈ ગયા હતા. એમની મેડી ઝાંખી પડી ગઈ હતી.

ભૂરિયાએ કહેલું : “બાપુ હંભારતા’તા રૂમાલભઈ! જતાં પહેલાં બાપુને મળવાની હિંમત એકઠી કરવી હતી. પંદર દાડા વીતી ગયા’તા. બાપુ મેડીએ હોકો પીતા આડા પડ્યા હતા. રૂમાલ જઈને એમને પગે પડી ગયો ને ખબર નહી. કેમ

ડૂસકે ડૂસકે રોઈ પડ્યો... બાપુએ એને રડવા દીધો. પછી સીગારેટ ધરતાં કહ્યું : "રૂમાલ ! તારો જીવ પથરા જેવો, ગાંમને ભૂલી જ્યો, હાવ ભૂલી જ્યો?

રૂમાલ નીચું જોઈ રહ્યો. એની જીભ ઉપડતી ન્હોતી. બે ડુંગરોની નેળમાં અંધારા ઊતરી આવે એવું એને થયું હતું." (પૃ. ૭૭-૭૯)

સમાજની ગતિવિધિમાં સમાજના સુખ દુ:ખના પ્રસંગો આવતા હોય છે. પરંતુ કથામાં દુ:ખદ પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે. તેનું અહીં સચોટ રીતે રજૂ કરવામાં આવ્યો છે. રૂમાલની મા મરી ગઈ છે. રૂમાલ ઘરથી દૂર વતનથી દૂર રહે છે. માનું મોઢું, પણ જોવા મળ્યું હોત તો સારું પરંતુ તે શક્ય નહોતું. દેદાવાડે પહોંચે છે, ત્યારે એનો નાનો ભાઈ પણ રૂમાલને ભેટી પડી હીબકે ચડે છે. પછી રૂમાલ ભૂરિયાની પીઠ થાબડી, માથે બચી કરી ટાઢો પાડ્યો હતો. રૂમાલ પણ બાપુ આગળ પગે પડી ડૂસકે ડૂસકે રોઈ પડ્યો હતો. આમ સમાજના દુ:ખદ પ્રસંગની અહીં ઝાંખી કરવામાં આવી છે. જે આદિવાસી સમાજની સામાજિક ગતિવિધિ પ્રગટ કરે છે.

### ૪.3 આર્થિક ગતિવિધિ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'અંધારું' કૃતિ સંદર્ભે આર્થિક પરિસ્થિતિ તપાસીએ.

ગોવાળીના બદલામાં દાંણા, પૈસા મળતા પણ એમાંથી તો વરસે દા'ડે બબ્બે જોડી લૂગડાં માંડ આવતાં. દાણોદૂણી ખાવામાં જાય, તો મરચું, મીઠું લાવવાનાં ફાફાં પડતાં. તેલ, ઘાસતેલની વાત તો આઘી રહી. તમાકુ-બીડી માટે ઊછી ઉધારો કરવો પડતો ને પીવા માટે ય પૈસો જોઈએ ને?

ઘરનું પૂરું કરવા પછી તો એ પણ દનદાડી જવા લાગેલી સવાર-સાંજ મુખીના ઘરનાં વાસીદાં વાસણ પણ એમ જ કરવાનાં થયેલાં. કૂકડાં ઉછરતાં તે મફતના ભાવમાં બાપુઓ પડાવી જતા. પાટીદારોના કોલેજમાં ભણતા છોકરાઓ છાનાછપનાં ઈંડા ખાતા થયેલા, તે ઈંડાના પૈસામાંથી મશૂરી ચા-ગોળ લાવી રાખતી. થોડીક બકરીઓ પાળતી. ખાટકી આવીને એ ખરીદી જતો. મશૂરીનો જીવ બળતો. વ્હાલી બકરી જતાં નાનકડી રેશમડી આખો દન સમજ્યા વિના સૂનમૂન થઈ જતી. બકરીના પૈસા ઉછીઉધારો ચૂકવવામાં કે વારતેવારે પીવામાં ખર્ચાઈ જતા ! તળસીએ ચાર પૈસા કમાવા ભૂવો થવાનું નક્કી કરેલું. તે શીખ્યો કાળી ચૌદશે મસાણે જઈને મેલી વિદ્યા સાધી. પાકો ભૂવો થયો. ભૂત વંતરાં કાઢવા આખો મલક એને બોલાવતો એ રૂપિયાથી તળસી મશૂરી તથા રેશમને સારી રીતે રાખતો થયેલો.

એનું ચાલ્યું હોત તો એણે મશૂરી પાસે મજૂરી ના કરાવી હોત. કણબીઓની કૂડી નજરનો એને ખ્યાલ હતો. છૂટી કાછડીના મુખીને ત્યાં મશૂરી વાસીદાં વાળે. તળસીનો જીવ કપાઈ જતો. પણ જો ના પાડે તો ગામ ગોવાળી પણ જાય ! હા રેશમ મોટી થઈ ત્યારે એણે મશૂરીને કહી રાખેલું કે 'રેશમડી પાંહે કાંયની કરાવતી. ભલન એ છાપરામાં બેહી રે. ગાંમમાં કાંડાઓ હારા ની મળે.' ને તોય સવારે વારિયું લઈને છોરીઓ હાર્યે છાશ લેવા જતી રેશમે જેને ત્યાંથી છાશ મળે એને ત્યાં વાસણ ઉટકવાનું કે કચરો કાઢી આલવાનું કામ તો કરવું પડતું. પાણી નાખેલી છાશ પણ મફતમાં મળતી ન્હોતી. આજેય ક્યાં કશું બદલાયું છે? (પૃ. ૨૩-૨૪)

બાપો ગામના દરબારને ત્યાં કામે જતા. માને પણ જવું પડતું રૂમાલ મોટો થયો ત્યારે એય કામે જતો થયેલો. (પૃ. ૩૫)

ક્યાંય લાકડાં ફાડવા જવાનું, ઝાડ કાપવા જવાનું કે કોઈકની ઉઘડ નક્કી કરવા કે હિસાબ કરવા જવાનું આ દિવસોમાં ય આવી પડતું. રૂમાલ છેતરાય નહીં એવી એની છાપ એટલે બધાં એને બોલાવી લઈ જતા. (પૃ. ૪૦)

કેટલાક પાટીદારોને તો પાછો વિશેષાધિકાર. પચાસ ઘરના ગામમાં પાંચ છ એવા મોભીઓ કે એમના જણ ભાગિયા અને દાડિયાં નક્કી હોય. એ બીજાને ત્યાં

જઈ ના શકે. અખાત્રીજનો કંસાર અને ઉઘડ નક્કી સમજવાનાં કેટલાકે તો બબ્બે પેઢીથી જાત લખી આપી હોય એમ ઘર મજૂરી બદલવાનાં જ નહીં.

જણના એ માલિક, ને જણની બૈરી પણ એમની લૂંડી રેશમે જોયેલું કે એની મા મશૂરીએ કેટલાંય વરસો સુધી મુખીના ઘરનાં વાસીદાં વાળ્યાં, વાસણ ઊટક્યાં ને ડોબા ચાર્યા.

મજૂરીમાં મળે ખાવાનું, ને શેરબશેર દાંણા. વરસે દા'ડે ઉતરેલાં લુગડાં આલે તો ય જાળાવાળાં જેવાં ઉપરથી ડુંગરા એવડો દાબ તો જુદો. બધાંને કોઠે પડી ગયું હતું આવું જીવતર. કોઈ કદીક સળવળે તો ગાળો પડે, ઉચાળા ભરી જવાનાં કહેણ આવે, બાકી રૂપિયા વ્યાજ સાથે વસૂલ કરવાની ધમકી મળે.

વસવાયાનું જોર કેટલું? કુળ ખરું પણ જાણે મૂળ વગરનું અદ્ધર અટકેલું. તળસી ડોસો તો કહેતો : 'વગડામાં રેનારેન વપત હેન? ભોંય પર હુવાનું અનસ આભલું ઓડવાનું આપડે રયાં કાલ હાટું કમાવું સે ? રૂમાલ ચણભણીને રહી જતો. રેશમ એને વારતી.' (પૃ. ૨૦)

રૂમાલની આંખોમાં હિસાબ ફરતો રહ્યો. કાનોમાં ઉપાડની વીગતો સંભળાતી રહી.

'પેલાં પાંચસો ઉપાડ્યા. એના આગલા હીરવઈને ચૂકવવા બીજા સાતસો ઉપાડ્યા. મણ દાણા, અડધો મણ ડાંગર, અઢાર રૂપિયા માદરપાટ માટે, પાંચ રૂપિય મેળે જવાના, દશ રૂપિયા વઉને દવાખાને બતાવવા જવા લીધા. શેર ગોળ, અચ્છેર ઘી, પાંચશેર ચોખા, છેલ્લે મણ મકાઈ... પચ્ચીસ રૂપિયા...' બધે એ જ રીતરિવાજ, એ જ હિસાબ રફ્તાર દેવું કાઢવા પાછા ત્યાં જ મજૂરી કરવાની. પાછો નવો ઉપાડ. નવો હિસાબ, જાતને લખી આપવા જેવો ને કરવાનાં કામો.

'જેઠ મહિને ખાતરનાં ગાલ્લાં. તળાવથી ઢેફાં લાવવાના. પછી વાડો કરવાની. ખાતર ફેંદવાનાં, ખેતર ખેડવાનાં, પથરા વીણવાના, ધરુવાડિયાં કરવાનાં, વરસાદ થતાં ખેતર ખેતર ખેડવાનાં. નીંદવાનું, રાયડી કાઢવાની, દવાઓ છાંટવાની, બળદ ચારવાના. ઘાસના ભારા લાવવાના, તાપમાં વાઢવાનું, રાતે ઢૂલાં હાંકવાનાં, ઉપણવાનું, ઘાસનાં આંગલા કરવાના, શિયાળું ખેતી કરવાની, રાતવાસો કરવાનો, ઘઉં, ચણા કાપવાના, ફૂટવાના, હોળી આવે છૂટવાનું, પડેલા દિવસો ભરી આલવાના, ઊભા નહી રેવાનું. પૂછીને પાણી પીવાનું, છણકા ખાવાના, હિસાબ કરવાનો. ઘાંચી એના બળદને પોરો ખાવા છોડે, પણ કણબી જણને ના છોડે.' (પૃ. ૬૬)

નાયકા આદિવાસી સમાજની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ દયનીય છે. પાટીદારો અને દરબારનાં ઘર ખેતરોમાં મજૂરી કરવી. વરસે દા'ડે શેરબશેર દાણા મળે તેય કેટકેટલાં હવાતિયા મારવા પડતાં ને ફાટેલાં-તૂટેલાં જાળાંવાળાં વરસમાં એકાદ જોડી કપડાં. કામ ઢોરની માફક કરવું પડતું, એમનાં ઘરનાં વાસણ પાણી પણ કરી આપવાનાં તથા નાયકા સમાજની વહુ-દીકરીઓને શારીરિક હેવનાનો પણ શિકાર બનવું પડતું હતું. પાણી નાંખેલી છાશ પણ મળતી નહોતી. તેના બદલામાં વાસણ પોતાં કરી આપવું પડતું.

રૂપિયા માટે અથવા આર્થિક ઉપાર્જન માટે મરઘાં, બકરાં પણ પાળતાં પરંતુ તે પણ બાપુ લોકો આવીને મફતના ભાવે લઈ જતા. ખેતીમાં કોઈ પણ પ્રકારનું કામ બાકી નહીં. દરેક પ્રકારનું કામ કરવાનું. જેવું કે ખેતર ખેડવાનું, નીંદવાનું, બળદ ચારવાના, દવાઓ છાંટવાની અને એમાંય એકાદ દિવસ પડી જાય તો તે પાછો ભરી આપવાનો, ખેતર સાચવવાનું, આટલું ઓછું હોય તેમ પાછા ઉપરથી છણકા ખાવાના. ઘાંચી એના બળદને પોરો ખાવા છોડે પણ કણબી જણને ના છોડે. આમ નાયકા આદિવાસી સમાજને આર્થિક રીતે બહુ શોષાવું પડતું હતું.

### ૪.૪ સાંસ્કૃતિક ગતિવિધિ:

સાંસ્કૃતિક ગતિવિધિમાં આદિવાસી સમાજની સંસ્કૃતિનો કૃતિમાં ઉલ્લેખ જોવા મળે છે. જેમકે, નાયકા આદિવાસી સમાજનાં ગીતો, એમના મેળાવડા, ઉત્સવો, એમના રીતરિવાજો, આદિવાસી સમાજમાં આવકારવાની રીત, તેમનો પોશાક, ખાણીપીણી, એમનાં રહેઠાણ સાથે સાથે નાયકા આદિવાસી સમાજમાં વ્યસન, ટેવો, અંધશ્રદ્ધા પણ જોવા મળે છે અને જે દરેક મુદ્દાને યોગ્ય રીતે રજૂ કરવામાં આવ્યો છે, જે વિગતે નીચે મુજબ છે:

**૪.૪.૧ લોકગીતો:**

આદિવાસી સમાજમાં જ્યારે આનંદનો પ્રસંગ હોય ત્યારે લોકગીતો ગવાતાં હોય છે. માત્ર રૂમાલ ઢોલ વગાડી ગીતની હલકને રજૂ કરે છે.

છેલરમતુડી ઢોરાં સૂટ્યાં ને ઢોલ વાજ્યો રે છેલરમતુડી
છેલરમતુડી તારી ઘાંણી ને મારા દાળિયા રે છેલરમતુડી
છેલરમતુડી ઢોરાં સારતાં તો માયા લાજી રે છેલરમતુડી
છેલરમતુડી જતાં રેવાનો સાળો કર્યો રે છેલરમતુડી
છેલરમતુડી જતાં રેશું તો શું ખાશું રે છેલરમતુડી
છેલરમતુડી તારો ટકો ને મારો પઈશો રે છેલરમતુડી
છેલરમતુડી ટકાપઈશાનાં ભજીયાં લેશું રે છેલરમતુડી
છેલરમતુડી ભજિયા ખાશું ને ભાવ રેશે રે છેલરમતુડી

છેલરમતુડી ગોધરોનો દાંણી દાંણ માંગે રે છેલરમતુડી

છેલરમતુડી ટકો આલીને તાંથી સૂટ્યાં રે છેલરમતુડી

છેલરમતુડી ભૂખો લાજીને ભાંન આયાં રે છેલરમતુડી

છેલરમતુડી ખરચી ખૂટી ને માયા તૂટી રે છેલરમતુડી

છેલરમતુડી તારાં રેડાં ને મારાં પાડાં રે છેલરમતુડી

છેલરમતુડી વાટ્યો બદલાંણી જુદા સાલ્યાં રે છેલરમતુડી. (પૃ. ૬૮-૬૯)

‘તારો માળો તો ઘણો ઊંસો ઝેણી રમતુડી

તારો માળો તો ઝાઝો ઊંસો રે લોલ...

પગથ્યે પગથ્યે દર્પણ મેલ્યાં ઝેણી રમતુડી

સડતાં ઊતરતાં મુઢાં જોયાં રે લોલ...’

આમ, આદિવાસી સમાજમાં લોકગીતનો લલકાર જોવા મળે છે.

**૪.૪.૨ મેળાવડા:**

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે ‘અંધારું’ નવલકથામાં મેળાવડા કેવા છે તે તપાસીએ.

જોવનાઈના એ દા'ડા ઊઘડતે વાને દીપી ઊઠતી મશૂરી હાર્યે તળસી માનપોરમાં આઠમને મેળે જતો. મશૂરીને કળીના લાડવા બહુ ભાવતા. પોતાને મગફળીના દાળિયાવાળો ચેવડો. શણગારેલા રેશમી રૂમાલ પાવાની જોડીને બાંધીને પાવા વગાડવાના. કહો ન કહો વરસમાં આટલો જલસો થઈ જતો. એય ચોમાસાની રાત હોય પાછી, પછી છાંટોપાણી કરીને લંબાવી દેવાનું મશૂરીની હાર્યે. મશૂરી પણ છાંટોપાણી લેતી. (પૃ. ૨૨)

'પહેલીવાર રૂમાલે રેશમને ક્યાં જોઈ હતી? પૂનેમના મેળામાં એને ઓરોચારો કરતી ભાળીને મન ઘૂમરી ખાઈ જયેલું ટાંટિયા હેંડવાનું ભૂલી જ્યેલા.' (પૃ. ૨)

આદિવાસી સમાજમાં મેળામાં જવું મનગમતી વસ્તુઓ અને મીઠાઈ ખરીદવી. જેમ મોરલો કળા કરતો હોય તેમ મેળામાં યુવા ધન ઊભરાતું હોય. એકબીજાની નજરોમાં નજરો હૈયામાં હૈયાં મળતાં હોય. ખાસ આદિવાસી સમાજની મેળાની વિશેષતા એ પણ છે કે છોકરીને જોવી પસંદ કરવી હોય તો તે મેળામાં જોતા હોય છે. ગમે તે હોય પરંતુ વરસમાં આટલો જલસો તો કરવાનો જ. જે આદિવાસી સમાજની આગવી ઓળખ ઊભી કરે છે, આગવી પ્રતિભા ઉપસાવતી હોય છે.

### ૪.૪.૩ રીતરિવાજો:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે નાયકા આદિવાસી સમાજના રીતરિવાજો સંદર્ભે વાત કરીએ.

દેદાવાડાથી રેશમને લઈને આંધળી રાતે નીકળી પડ્યો હતો. ત્યારે પગમાં કેવું જોમ હતું ! છાતીમાં ઢોલ ઢબૂકતો હતો. ડિલમાં હલક હતી ને સાથે કેમ જીવશું?ની ચિંતા ય ખરી.

રાતદંન ચાલતાં મહેંસાગર વળોટીને બેઉ ઇશાનીયા ડુંગરોમાં રેશમના મોસાળમાં પહોંચી ગયાં હતાં. મામાએ બેઉને રાખેલાં. પણ રૂમાલને કહેલું કે નાતના નેમ પ્રમાણે તમારે શનાને પાંચસો રૂપિયા પુરા ગણી આલવા પડશે, શનો રેશમડીને પઈણવા આવ્યો, ત્યારે એનાં પંદરશો રૂપિયા મૂલ ચૂકવી આલેલાં તળસીને.

નાયકાઓનો એ રિવાજ.

કોઈની વહુ જો કોઈને જાય તો નવા ધણીએ પેલાને એના રૂપિયા ગણી આલવા પડે. પછી પાછા સસરાને આગળના જમાઈએ આપ્યા હોય, એથી પાંચ

પચ્ચીસ વધારે રૂપિયા ચૂકવી દેવા પડે. પછી જ એ બંને વિધિસર વરવહું ગણાય. રૂપિયા ચૂકવાઈ જાય પછી કોઈને વેરઝેર ના મળે.

આદિવાસી સમાજમાં ઘણા બધા રિવાજોમાં એક રિવાજ અહીંયા એવો જોવા મળે છે કે કોઈની વહુ જો કોઈને જાય તો નવા ધણીએ નાતના નિયમ પ્રમાણે પેલાને રૂપિયા ગણી આલવા પડે. પછી જ એ બંને વિધિસર વરવહુ ગણાય. આમ, આદિવાસી સમાજના રીતરિવાજો જોવા મળે છે.

### ૪.૪.૪ પોશાક:

પૂર્વોત્તર પંચમહાલ નાયકા આદિવાસી સમાજમાં ભાઈઓ અને બહેનો કેવો પોશાક પહેરતા હોય છે તે કૃતિ સંદર્ભિત આ પ્રમાણે છે. રાતો ને પોણિયો ઘાઘરો ઢેંચણ નીચે આવીને અવળો કાછડો બની ઝૂલી રહેતો. માથે લીલી પીળી ભાતની ઓઢણી, અડધી કેડ્ય ખોસાયલી. લાલચોળ કબજામાં કબજે નહીં રહેતી છાતી.

રંગબેરંગી પારાનાં ત્રણ ચાર સેરી ધૂંગલાંથી એની ડોક ભરેલી. ધૂંગલાં અડધી છાતી સુધી આવે, ઢોળાવોમાં ભાત રચી રહે. પગમાં રૂપાની કલ્લીઓ, ચંદ્રની ચીરી જેવી ચમકે, હાથે પીળી બંગડીઓના ખરકલા... (પૃ. ૨-૩)

ભાઈઓમાં ડિલે કેડિયું નહોતું. મેલથી કધોયણ પડી ગયેલું જર્જર ધોતિયું, કેડેય, માથે બાંધવાનો રૂમાલ વીંટાડેલો આછાં - ભૂરા - ધોળા વાળમાં તડકો વેરવિખેર લાગતો. (પૃ. ૨૧)

કોઈ કોઈએ કેડિયાં પહેર્યા. ન્હોતાં એમનાં ઉઘાડાં ડિલ તાંબુ ઊટક્યા વિના ઝાંખુ થઈ જાય એવાં ઝાંખા પણ માંસલતા ભર્યા હતાં. કોઈ ફાળિયાં વીંટી આવેલા દાદા નવી પેઢીના નવા ખેલ. કેટલાકે કેડિયાનાં બુટન બીડ્યાં ન્હોતાં. આબરૂદાર કુટુંબના મોવડીઓના કાનમાં ફૂલ, મણચીઓ કે છેલકડીઓ ઝૂલતાં હતાં સોનાનાં. (પૃ. ૯-૧૦)

**૪.૪.૫ વ્યસન:**

આંગણે પડેલા પથરા પર બેઠો. બીડી સળગાવી આસપાસ જોઈ રહ્યો. (પૃ. ૬); ગળામાં ડૂમો બાઝે એ પહેલાં બીજી બીડી સળગાવીને રૂમાલ સાબદો થયો. (પૃ. ૮); બીડીથી તલબ ના મટી. એણે હોકલીમાં તમાકુ ભરી; મૂક્યા ચલમ માથે અંગારા. ઊંડા દમ પર દમ મારતાં પાણી ગડગડતાં હતાં. છેક દેદાવાડા પાસેની મહીસાગરનાં પાણી આ હોકલીમાં ક્યાંથી? (પૃ. ૪૭); તળસી ડોસો પથરા પર ઊભડક બેસીને એની હોકલી હોઠે વળગાડીને તાણતો હતો. (પૃ. ૨૧); તળસી હોકલી ભરે, તમાકુ પીને પોઢી જાય તે આવજો સવાર વ્હેલું. (પૃ. ૨૨); રૂમાલે

ફરીથી ભરવા હોકલી માગી. રૂમાલ હોકલી ભરીને સળગાવવામાં પડ્યો. (પૃ. ૨૫); વાતો ચાલતી રહી. બીડીઓ બળતી રહી. રૂમાલ હોકલીમાંથી ગોટેગોટા કાઢતાં બોલે છે. (પૃ. ૩૦); રૂમાલે ઢોલની દોરીઓ ઢીલી મૂકી હોકલી પીવા એ દેવતા કરવા તરફ વળ્યો. (પૃ. ૪૫); હસતાં હસતાં રૂમાલે બીડી પાછી ઠેલતાં ઉમેર્યું, ઉં તો મારી હોકલી પીવાનો થ્યો શું? (પૃ. ૪૯); લ્હાય મારે હોકલી ભરી લ્હાય. સેવટ તો હોકલી સ હાસી સે. (પૃ. ૬૫)

આમ, આદિવાસી સમાજમાં કોઈક વ્યક્તિ મહેમાનગતિ કરવા આવે છે ત્યારે તેની આગતા-સ્વાગતા-આવકારવા માટે પ્રથમ બીડી, તમાકુ કે હોકલી પીવા માટે આપવામાં આવે છે અને બીજી બાજુ આ જ વસ્તુને વ્યસન પણ ગણવામાં આવે છે.

**૪.૪.૬ ટેવો:**

તળસીને રોજ સવારમાં ચાનું બંધાણ હતું. (પૃ. ૨૩); રોજ રાતે મહુડો પીવાનું દા'ડે ટાંટિયાતોડ, મજૂરી ! એમાં તો તળસી અકાળે ઘરડો લાગતો હતો ને મશૂરીની જુવાની હજીય પાકી ન્હોતી થઈ જાણે. (પૃ. ૩૫); બાપુ માટે પ્યાલી તૈયાર કરતાં કરતાં હું ય અડધું છાજલું બોટી લઉં. (પૃ. ૮); મહુડાનો ઘૂંટડો ભર્યો ત્યારે રૂમાલનું ગળું આગ આગ થઈ ગયેલું. બાપુએ એને કહેલું 'મડદ માણહનું

કામ આ તો. પઈણવું વોય તો પીવો પડઅ.'... 'પેલ્લી ધારનો પીધો તો ય હદી વેરવણ ઊંઘનીં આઈ તે નીં આઈ. ડિલની બળતરાં ઠારવા રૂમાલને તે દિવસે પહેલી ધારનો મહુડો પીવાની તલબ લાગેલી.' (પૃ. ૬)

આદિવાસી સમાજમાં કોઈક વ્યક્તિને ચા પીવાની ટેવ હોય છે તથા અમુક વ્યક્તિને મહુડાનો દારૂ પીવાની ટેવ પણ જોવા મળે છે.

**૪.૪.૭ રહેઠાણ:**

ઉનાળાના નવરાધૂપ દિવસોમાંય જાણે નવરાશ ન્હોતી. નાયકા બધા છાપરાં છાવવામાં પડેલા. એ માટે વ્હેલા ઊઠીને વગડે જવાનું, ડુંગરીઓમાંથી ખાખરાનાં પાંદડાં લાવવાનાં સાઠીકડાં લાવવાનાં. એ ય વાડેવગડેથી કાપવાના, કે પછી પોતાના હીરવઈ કણબી કનેથી માગી આણવાનાં. તુવેર કે કપાસના સૂકા છોડની સાંઠીઓ બળતણમાં વાપરતા કણબી એની ભારા દીઠ કિંમત લઈને આલતા.

રેશમ અને રૂમાલે તો બધું ય વગડેથી આણેલું, સાંઠીકડાંની ભીંતો બાંધવાની. પછી એના ઉપર ગોરમટીનો ગારો કરીને પડ ચઢાવવાનું. પછી પાતળી ગોરમટી કરીને ભીંતો લીંપવાની. રેશમ તો ભીંતો પર ગોરમટીથી ઓકળિયો પાડતી. એના છાપરાનું તળિયું પણ ચોખ્ખું ચણાક છાણ-માટીથી લીંપેલા પાટીદારના ઘર જેવું. છાપરીની બહાર નાનકડો માળો કરીને ઉપર

પાણીનાં માટલાં-ઘડા મૂકતી રેશમે છાપરા પાસે હરગવા હન્ધેરા ઉછેરીને છાંયલો કરેલો. પથરાઓ ગારમાં ગોઠવી બેસવા જેટલી ઓટલી પણ ખરી. રૂમાલને હતું કે આખું, છાપરું નળિયાંથી છાઈ દે. રૂમાલે છાપરાનું આગલું પડાળ તો નળિયાં છાઈને કરેલું. મનમાં તો એને થતું કે છાપરું નહીં; ઘર તો કણબી જેવું કરવું જોઈએ. (પૃ. ૩૮-૩૯); કડા આંકડાંનાં કરાંઠાંનું કમાડિયું, ઝાંપલી કહોને. એ ઝાંપલી ઠેલતોકને નીચે નમીને છાપરીમાંથી રૂમાલ બહાર આવ્યો. (પૃ. ૬)

નાયકા આદિવાસી સમાજ રહેવા માટે છાપરું બનાવતા હતા. તે કપાસ, તુવરનાં સાઠીકડાં લાવીને ભીંતો બંધાતી અને સુંદર રીતે માટી, છાંણ વડે એની ઉપર લીંપણ થતું, ઉપર છાયા માટે ખાખરાંના પાન અને જેની વ્યવસ્થા થતાં નળિયાથી પણ ઘરનો છાયો કરવામાં આવતો હતો. તથા ઘરની આગળ બેસવા માટે પથરાઓ ગારમાં ગોઠવી સુંદર મજાની ઓટલી પણ બનાવતાં લીંપણમાં સુંદર મજાની ડીઝાઈન બનાવીને કણબીના જેવું જ ઘર બનાવી દેતાં.

### ૪.૪.૮ ખાણીપીણી:

બાપુઓના ઘેર તો 'પીવાની' અને પછી મસાલેદાર ખાવાની મજા પડતી. વર્ષમાં બકરો તો દરબારના ત્યાં લગન હોય તો જ મળતો. બાકી ઘરમાં કોકવાર રેશમ કૂકડો રાંધતી ખરી. તળસી અને રેશમ બેઉને એવા ખાવાનો ચટકો.

પાટીદારોના લાડવા-શીરા ખાઈને તો એ થાક્યાં હતાં. હવે બુન્દી-જલેબી કે મોહનથાળ થતાં. તે ય ઠાલડા ઘીમાં. રૂમાલને તો ગળું પકડાતું. શરણાઈ વગાડવાની હોય ત્યારે એવું ખાવાનું ના ચાલે. એનાથી તો મકાઈના રોટલા, છાશ ને લસણ-ચટણી જ સારાં. (પૃ. ૪૨); પટેલોનાં ઘરોની ખાટી વાસી છાશ, ભઈકડું અને થૂલાનાં હાંડલાં ! આખો દા'ડો ઢોર ચારીને ટાંટિયાની કઢી થઈ જાય. સાંજે તળસી પાછો આવે, રૂમાલના છેડે વઘારેલો રોટલો હોય સૂકો. પથરા પર મરચું લસીને મશૂરી ચોપડે રોટલા પર. પછી રેશમને બે ય ખાટી છાશના ઘૂંટડા સાથે બટકાં બટકાં ખાય. (પૃ. ૨૨)

નાયકા આદિવાસી સમાજ ખોરાકમાં પાટીદારોને ત્યાંથી મળતી ખાટી છાશ, રોટલો, પથરા પર ફૂટેલું મરચું તથા પાટીદારોને ત્યાં લગન પ્રસંગે મીઠાઈઓ પણ મળતી. ક્યારેક ક્યારેક ફૂકડો અને બકરાનું મટન તથા મચ્છી પણ બનાવતા અને ખાવાનો ચટકો પૂરો કરતાં હતા. આમ, આદિવાસી સમાજ ખાવા-પીવાના પણ શોખીન હોય છે.

### ૪.૪.૯ અંધશ્રદ્ધા:

મુઠ મારીન ઝાડ હૂકવી હકાય એવું તો મીં નીં જાણતો. મંતર તંતરમાં ચેટલુંક જોસ સે એ તો ભૂવા જાંણઅ. વેમનું ઓહડ સે એ તો. બાચી મંતરથી

માંણહ કે ઢોર મારી હકાતાં ઓત તો હઉ કોય મંતર હીખી લે. હીખવાના ચ્યાં પઈસા થાંય સે? એ તો હૌને ખબર્ય સે કે મંછા ભૂત ને શંકા ડાકણ. પણ ખાય એને ખાતરી થાય કે વંતરી વળગે તાણઅ હમજાય કે ચેટલી વીહેં હો થાય. (પૃ. ૧૬); જોવ મુખીકાકા! ખોટું કઉં તો માતા અરૂડ થાંય ઉં ભૂવો ખરો, દોરાધાગા કરી આલું, ઉજણી નાંશી દેઉં, સમો આયે માંલ્લું કડાફ્ટ કરું, પણ એથી આગર્ય કાંઈ ની; આખા ગામમાં ટેમટેમ જોયા વના ધોરાધાગા હારુ દોડતોક આયો સું. ભૂખ વેઠીન કડાફ્ટો કરી આલી સે... (પૃ. ૧૪); તળસીએ ચાર પૈસા કમાવા ભૂવો થવાનું નક્કી કરેલું. તે શીખ્યો. કાળી ચૌદશે મસાણે જઈને મેલી વિદ્યા સાધી. પાકા ભૂવો થયો. (પૃ. ૨૩); રૂમાલ અને તળસીએ મતાદારને ત્યાં પાટ માંડ્યો હતો. મતાદારની જુવાનજોધ છોકરીને વળગાડ હતો. તેને માટે આજે માંલ્લું કરવા મતાદારે ભૂવા બોલાવ્યા હતા. રૂમાલ્યા ! તારા અન તળસી વના નીં બણે. કડાફ્ટ કર્યા વના સોરીને હારું થાય એમ નથી લાગતું, જરૂર ઓય તો બીજા ભૂવાને હતું હાદે ઈ ડે' જ્યો' પરણાવેલી છોકરીને ચાર વર્ષ થવા છતાં 'વસ્તાર' થતો ન્હોતો. એવી જમાઈને ફાવતું જડ્યું હતું. રૂમાલ જાણતો હતો કે બીજા ભૂવાઓની જેમ એ મશાણમાં છોકરીને એકલી લઈ જઈને એટલી હદે કશું કરી શકવાનો નથી. ને એ બરોબર પણ નહીં. 'આ તો મનની શંખા કાડવાનો ઉપાય.' એમ માનીને એ તૈયાર

થયો હતો. કંસાર ખાઈને ભૂવા કામે ચડ્યા હતા. ઘર રાક્ષસની ગુફા જેવું, એમાં ઝાંખુ ફાનસ. સગડીમાં દેવતા. પાટ પર ઘીનો દીવો. એકાવન રૂપિયા, મા કાળકાની છબિ પાસે. ઊગમણી દિશામાં પણ લાંબા કરીને છોકરી બેસાડી છે. ભૂવા વાઢ ગાય છે. વાંસના દાંતાવાળા કામઠા પર સોટી ઘસવાનો અવાજ ડરામણો લાગે છે. કાંઠામાં અંગારા ધગધગે છે. એમાં એક ભૂવો લોબાન નાખે છે ને ઘરમાં ધૂપ ફરી વળે છે. ગાતા ભૂવાઓના અવાજોમાં હાકોટા-છાકોટા થાય છે. કાકડા સળગાવી રૂમાલ તળસી 'દરદી'ને માથેથી પણ સુધી ફેરવે છે. અજવાળા-અંધારાની હલચલ ડાકણ જેવી ડરામણી લાગે છે. વળગાડને કાંડે લેવા, બોલતો કરવાની મથામણ ચાલે છે. એક ભૂવો દાણા જોઈ જોઈને શું કેટલે આવ્યું એની વાત કહ્યા કરે છે, 'વંતરી સે. રગતિયો પીર અન બાબરિયા ભૂત હાર્યે શીકોતરનાં બેનપણાં લેઈન આઈ સે...' અચાનક 'હોત હોત' 'હોત હોત' કરતો રૂમાલ્યો ધૂણી ઊઠે છે. કાંઠાના અંગારાઓમાં મુઠ્ઠી પછાડે છે. બધા તણખા ઊડવાથી ચોંકી જાય છે. ભૂવો તણખા વાળીને ફરીથી લોબાનનો ધૂપ આપે છે. ધૂણતા રૂમાલમાં દરદીનો વળગાડ પહોંચી ગયો છે એટલે હવે તળસી એને સવાલ કરે છે: 'ચેઈ રાંડ સે ? ચ્યમ આઈ સે ?' 'વગડાની વાટ્યેથી આઈ સું લ્યા, તારઅ હું કાંમ સે ?' સૌ એક કાન થઈ સાંભળી રહ્યા. 'ચ્યમ આઈ સું ? કુણે મોકલી સે ?'

'બળીઝળી આઈ સુ લ્યા. ભૂખો ન'તી ભાજી એન હારું રખડતી'તી લ્યા.' 'તે આંય કન શું ભાળી જઈ સે?' 'જી -દૂધ ખાવાનાં જોવનાઈમાં રેવાનું અન લ્યા, હારું હારું પેરવા ઓડવાનું કુને નીં ગમે લ્યા...?' 'હાચું ક્યે ચેઈ રાંડે મોકલી સે?' 'નામ દેવાની તો મનઅ આંણ આલી સે લ્યા.' 'તે રોજ્યા (દરદી)ની કૂખે જઈને ચ્યમ બેઠી સે?' 'દખની મારી આઈ સુ લ્યા! તારઅ પડપૂસ સે?' તળસીએ ધૂણતા રૂમાલને ગડદા માર્યા ને કહ્યું: 'રાંડ અવળસંડી! હાંકળ્ય ગરમ કર્યા વના નીં માંનઅ ? માર માગતેલી ભાળું તેરે...?' 'નીં વેઠાતો તારો તાપ મારા બાપ! કઉં સુ લ્યા કફાર ના થા ! ઉંય મનેખ અતી. મારી કૂખે દીવો ના થ્યો એ હારૂ થઈને મને મારીને કૂવે નાંશેતી એ ગામમાં કુણ નથી જાણતું લ્યા!'

ચારપાંચ વરસ પહેલાં સરપંચના કુટુંબમાં બનેલો બનાવ સૌની આંખો સામે તરવરી રહ્યો. સૌની ખામોશી ઘૂંટાતી હતી. કાકડા બળતા હતા. અંગારા તગતગતા હતા. અંધારું કામ માંડીને સાંભળતું હતું; 'તે અવ જવું સે કનીં?' તળસીનો સીધો સવાલ થયો. 'ચ્યાં જઉં લ્યાં? ભૂખી ન તરસી ચ્યાં રઝળવાની અતી લ્યા ? આવું ઘર બતાય, ક પસે તારી પાંહેણ રાખ્ય લ્યા... બાચી, અવે શેમશેમાડે ની જવું.' 'તો બોલ્ય, બીજું હું જોયે સે?' 'કૂમતી, કાંસકી, ધૂપેલ, બંગડી, કંકુ આલ્ય ચોળી અન ચૂંદડી આલ્ય લ્યા...' 'આ તો બઉ કે'વાય... રાંડ શંખણી! ડાચુ ફાડતાં જીવ

ચ્યમનો ચાલે સે?' 'તો પસે તું જાંણઅ, ઉં તો એ વના ઘરની બદલું.' તળસીએ મતાદાર સાથે મસલત કરી ત્યાં સુધી રૂમાલ ધૂણતો રહ્યો. છેવટે રૂમાલને કાંડે વળગાડને મંત્રોથી ઠારી દેવાયો. બીજાં ભૂતડાંને કાંઠાના અંગારોમાં ભૂવાઓએ ઉતાર્યા ને ઉતાયણું મેલવા ગામ બહાર ચાલ્યા ગયા. (પૃ. ૯૦-૯૪)

નાયકા આદિવાસી સમાજમાં અંધશ્રદ્ધાના ઊંડા બીજ રોપાયેલાં જોવા મળે છે. જેમ કે, દોરાધાગા, મંતરતંતર, ભૂત, ડાંચણ, મુઠ મારવી, વળગાડ, મેલી વિદ્યા આ બધું દૂર કરવા ભૂવા પાટ માંડતાં અને ઉતાયણું કરી ગામ બહાર મૂકી આવતા. આમ ૨૧મી સદીમાં પણ આદિવાસી સમાજમાં અંધશ્રદ્ધા જોવા મળે છે તે દૂર કરવા કટીબદ્ધ થવું જોઈએ.

## ૫. ભાષા સંદર્ભે આદિવાસી સંસ્કૃતિ:

ભાષા સંદર્ભે આદિવાસી સંસ્કૃતિની તપાસ કરતાં બોલી, રૂઢિપ્રયોગો, કહેવતો વગેરે મુદ્દાઓ તારવવામાં આવ્યા છે, જે વિગતે નીચે મુજબ છે:

### ૫.૧ બોલી:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'નાયકા' આદિવાસી સમાજની બોલી કેવી છે તે 'અંધારું' કૃતિ સંદર્ભે તપાસીએ.

નાયકાઓ માહ્યોમાંહ્ય વાતો કરતા ત્યારે એમની ભાષા અસ્સલ આદિવાસી લ્હેકામાં ચાલી જતી. લ્હેકા, મરોડને ભાર એમાં વધારે ભળતાં. સ્ત્રીઓની ભાષા વધારે ધાર વાળી લાગતી. (પૃ. ૨૬) જે નીચે પ્રમાણે છે.

'રેશમડી, હાચવજે. પટેલિયો પાંહે બોલાઈન ધક્કો નીં મેલે એ ભાળજે, નીં તો તેરે રોવાના દંન આય હે. જોવનઈન અમણાં બાંધી રાશ્ય, કુંવારી ભોંય પઈણ્યો ભાગઅ પસે કશ્યો ભો નીં રે...' (પૃ. ૫૬)

'દખનં માંથઅ તો કાંય શેંગડાં ઓય સે ? મનેખનો અવતાર જ મેલો. દખ અને ડાઘ બેવ છાંયલાનં પેઠમ આર્યે અન આર્યે ઓવાનાં...' (પૃ. ૨૪-૨૫)

'ચેવો અવતાર સેં આ? નીં આપણ કશ્યાના ધણી, નીં આપણું હોય રણીધણી ! હૌને શવારથ વળજ્યો સે. મૂંગા પહુની પેઠમ જીબ્બાનું?' (પૃ. ૨૧)

'વગડામાં રેનારન વપત હેની ? ભોંય પર હુવાનું અનઅ આભલું ઓડવાનું. આપડે ચ્યાં કાલ હાટું કમાવું સે?' (પૃ. ૨૦)

આમ, નાયકા આદિવાસી સમાજ એમની જ બોલીમાં વાતચીત કરે છે, એ બોલીમાં ભાર, લ્હેકાઓ જોવા મળે છે.

**૫.૨ કહેવતો:**

'અંધારું' નવલકથામાં આદિવાસી સમાજની કેટલીક કહેવતો જોવા મળે છે, જે નીચે મુજબ છે:

૧) પૉણીમાં રઈને મગર આર્યે વેર બાંધ્યા વના છૂટકો નથી. (પૃ. ૫)

૨) શો કળજગ આયો સે ! બાવળિયાઓમાં બાંમણી ઊગી. ધૂળમાં મોતી પાચ્યું. ઉકેડે રતન. વગડે વેમાંન ઊતર્યું. (પૃ. ૩)

૩) વહુકેલા ડોબાને કુણ પાળે ? (પૃ. ૧૧)

૪) તાળી એકલે આથે તો ચ્યમની પડવાની? (પૃ. ૧૧)

૫) વાડ વના વેલો ચ્યાં ચડે? (પૃ. ૧૨)

૬) મોટા તિસ્મારખાં હઈએ તોય હપાડા વના હગઈ ના થાય. (પૃ. ૧૨)

૭) કાગડા તો ભઈ હરગમાંય કાળાં (પૃ. ૧૩)

૮) રોતીને પિયરના મળ્યા જેવું (પૃ. ૧૩)

૯) તેલ જોવું તેલની ધાર જોવી (પૃ. ૧૩)

૧૦) વેમનું ઓહડ સે. (પૃ. ૧૬)

૧૧) સેંડે સડ્યો એ સોર (પૃ. ૧૬)

૧૨) અવે જઈ તિથિ જોશી ના વાંચે (પૃ. ૧૭)

૧૩) ગરજે ગધેડાને બાપા કહેતા (પૃ. ૧૯)

૧૪) દારુમાં દેવતા મેલીએ તો ભડકો થાય (પૃ. ૧૯)

૧૫) ડુંગરા એવડો દાબ (પૃ. ૨૦)

૧૬) હળગતું છાણું જાંણક સાતીમાં ધીક્સ સે... (પૃ. ૨૧)

૧૭) દંખનં માંથઅ તો કાંય શેંગડાં ઓય સે ? (પૃ. ૨૪)

૧૮) નરવાને વૈદ હું કરવાનો અતો ? (પૃ. ૨૭)

૧૯) વાઘનં કુણ કયે ક તારું મુંઢું ગંધાય સે (પૃ. ૨૯)

૨૦) ભરેલું હેતર ઓય, વાડનીં કરીયે, જાગતા નીં રઈએ તો અરાયા આખલા ચરી જાય એમાં વારનીં લાગઅ. પસે રોયાનો અરથ હું.

૨૧) દૂબળા ઢોરને બગઈઓ ઘણી (પૃ. ૪૯)

૨૨) ના ઉલાળ કે ધરાળ ખાધું ને કામ કર્યું એટલે પત્યું

૨૩) ગોળ મુઢાને ગળ્યો લાગઅ, એમાં ઢેંચણને હું (પૃ. ૫૦)

૨૪) બોલ્યું એટલું તોલ્યું જાણવાનું (પૃ. ૫૨)

૨૫) પાંણી ઓય તાં હળગે હેની?

૨૬) બાયડી રાંડ્યા પછી રળે અને ચૂલો રાંધ્યા પછી બળે (પૃ. ૫૪)

૨૭) હુન્યો તો ખાય એનું ગાય (પૃ. ૬૦)

૨૮) કુંભીને ભમરો કોરી ખાય એમ માણસ માત્રમાં પણ કોઈને કોઈ ભમરો પડેલો

૨૯) દોયડી બળઅ પણ વળની મેલઅ (પૃ. ૭૨)

૩૦) માંણહ બધ્ધે હરખાં આ તો હાહ તાં લગણ હોહ (પૃ. ૭૨)

૩૧) પારકી આશાએ બેસવું

૩૨) ધૂણતો ભૂવો નાળિયોર એના ઘોર ગમીસ નાખવાનો

૩૩) તારી વાત્ય હત્તર આંની અન બે પઈ

૩૪) કોઠી ધોઈને કાદવ કાઢવા

૩૫) અજવાળું તો દૈત્ય જેવું

૩૬) શઉકાશે ન સરકાર હરખાં હાવાં. ઉદેડાની પેઠમ ફૂંકતા જાંય ન ખાતાં જાંય (પૃ. ૧૦૭)

૩૭) રાત્ય પડસ ઉદેડાંના બાંલડા હોધવા થોડુ જવાય સે. (પૃ. ૬૪)

**૫.3 રૂઢિપ્રયોગો:**

આદિવાસી સમાજમાં પણ ઘણી વખતે રૂઢિપ્રયોગોનો ઉપયોગ થતો હોય છે. ‘અંધારું’ નવલકથામાં જોવા મળતાં રૂઢિપ્રયોગો નીચે મુજબ છે:

૧) કાગળ ઉપર વજન મૂકવું (પૃ. ૫૯)

૨) ઉલમાંથી ચૂલમાં પડવું (પૃ. ७४)

૩) કાયોવિયો થઈ જવો (પૃ. ૬૨)

૪) બાવડામાં જોર હોવું (પૃ. ૮૪)

૫) આબરુની ધજાઓ બંધાબી સે ? (પૃ. ૬૫)

૬) ઓળીનું નાળિયોર થાવું (પૃ. ૭૦)

૭) ફૂણીએ ગોળ સોપડવાનો (પૃ. ૮૬)

૮) કોદરોની કોઠી ઊણી થઈ જવું (પૃ. ૭૧)

૯) પેટ સોળીન પીડ કરસ સે ? (પૃ. ૭૧)

૧૦) તેડકામાં કાળાંપીળાં થવું (પૃ. ૭૩)

૧૧) મનમાં ગાંઠ વાળવી (પૃ. ૭૫)

૧૨) આંખ વઢાવું (પૃ. ૮૬)

૧૩) પેટે પાટા બાંધીઅન (પૃ. ૮૪)

૧૪) રંગનું ફૂંડું મોઢે માંડવું (પૃ. ૯૬)

૧૫) દાઝ્યા પર ડામ દેવું (પૃ. ૧૧૨)

૧૬) વેવારમાં તેવાર હોવું (પૃ. ૯)

૧૭) તપતા તડકામાં ટાઢાશથી બોલવું (પૃ. ૧૦)

૧૮) ઢેંચણે અહવા પડવાં (પૃ. ૧૨)

૧૯) ઘહઈએ તો ઉજળા થઈએ (પૃ. ૧૨)

૨૦) ગરજને અક્કલ રયાં ઓય સે (પૃ. ૧૩)

૨૧) મો'ણ નાશ્યા વના મૂળ વાત પર આવવું (પૃ. ૧૨)

૨૨) સિક્કો મારેલો (પૃ. ૩૦)

૨૩) કામના હજાર ડખા (પૃ. ૪૯)

## ૬. આદિવાસી સંસ્કૃતિ સંદર્ભે કૃતિની સીમિતતા:

આદિવાસી સંસ્કૃતિ સંદર્ભે કૃતિની સીમિતતા નરી આંખે અવલોકન કરતાં આવા વિચારો પણ રજૂ કરી શકાય. રેશમ એક વખત મૃતપાય બાળકને જન્મ આપે છે. ત્યાર પછી રેશમ-રૂમાલ એના માટે સંતાનપ્રાપ્તિ માટે કોઈ જ ઝંખના, ઇચ્છા અથવા એના માટે બાધા-આખડી, દવા શુદ્ધાં કરતા નથી. અન્યથા આદિવાસી સમાજમાં સંતાન પ્રાપ્તિ એ ખૂબ જ મોટું સુખ ગણાતું હોય છે, ખૂબ જ મોટી ખેવના હોય છે. સંતાન નહિ હોય તો સમાજમાં એનું માન-પાન ઓછું થઈ જાય છે. એની લોકોમાં ઉપેક્ષા થતી જોવા મળે છે. જે કૃતિમાં એનો કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી. જે કૃતિની મર્યાદા બની જાય છે.

## **૭. ઉપસંહાર :**

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે ગુજરાતી સાહિત્યની તથા પ્રાદેશિક બોલીમાં લખાયેલી જેને નવલકથાનું સ્વરૂપ આપનાર છે, મણિલાલ હ. પટેલ અને નવલકથાનું નામ છે, 'અંધારું'. આ નવલકથામાં પૂર્વોત્તર પંચમહાલની નાનાં-નાનાં જૂથોમાં વસતિ નાયકા આદિવાસી સમાજની વાત કરવામાં આવી છે. જે મજૂરી અર્થે મહિસાગરને કિનારે મોટા પાલ્લા ગામ નજીક છાપરાં બાંધીને વસવાટ કર્યો છે. પટેલ અને દરબારનાં ઘર અને ખેતરોમાં કામ કરવું એ એની આજીવિકા છે. આદિવાસી સમાજનું આંતરિક અને બાહ્ય પાસાંમાં અન્ય સમાજ સાથેનો વ્યવહાર, પહેરવેશ, મેળાવડા વગેરે જ્યારે આંતરિક સ્વરૂપમાં ટેવો, વ્યસન વગેરે અન્ય સમાજ સાથેના વ્યવહારમાં ખાસ કરીને પાટીદાર અને દરબાર, કણબી વગેરે સમાજ સાથેના વ્યવહારમાં એમનાં ઘર-ખેતરોમાં કામ કરવું. પોતાના ખેતરો તો બહુ થોડાં બચેલ છે. બાકી તો ગિરવે મૂકેલ અથવા વેચી દિધેલ છે અને પટેલ લોકોની ખેતીમાં કામ કરે છે.

નાયકા આદિવાસી સમાજની આર્થિક પરિસ્થિતિ અત્યંત દયાજનક છે. કારણ કે પટેલ લોકોનાં ઘરો-ખેતરોમાં કામ કરવું, બળદને પાણી પીવડાવવું, ઘાસચારો આપવો, ખેતરોમાં જ્યારથી બીજ વાવવાનું શરૂ થાય છે, ત્યારથી પાક ઘરમાં લાવે ત્યાં સુધીનું બધું જ કામ કરવું, પાકનું રક્ષણ પણ કરવું. આ રીતે બારેમાસ

ખેતીમાં કામ ચાલે છે. સાથે સાથે ઘરમાં વાસણ, કચરા, પોતું વગેરે પણ કરવું. આટલી બધી મહેનત-મજૂરી, ગદ્ધાવૈતરું કરવા છતાં વરસે દાડે શેરબશેર દાણા અને વરસમાં ફાટેલાં તૂટેલાં જાળાંવાળાં એકાદ જોડી કપડાં આપવામાં આવતાં અને કેટકેટલાં હવાતિયા પછી મળતાં. સાંસ્કૃતિક ગતિવિધિમા6 લોકગીતો, મેળાવડા, રીતરિવાજો, પોશાક, રહેઠાણ, ખાણીપીણી જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભાષા સંદર્ભે આદિવાસી સંસ્કૃતિમાં રૂઢિપ્રયોગોનો, કહેવતોનો પણ બહોળા પ્રમાણમાં ઉપયોગ થયો છે. કૃતિમા6 બોલી પણ નાયકા આદિવાસી સમાજ જે પ્રમાણે બોલે છે તે પ્રમાણે ઉચ્ચાર, લહેકા સાથેનો પ્રયોગ જોવા મળે છે. આમ, આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે કૃતિનાં વિવિધ તથ્યો તારવવામાં આવ્યાં છે.

•

સંદર્ભ :

૧) પટેલ મણિલાલ, 'અંધારું', પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ. એપ્રિલ ૧૯૯૦

# પ્રકરણ : ૨.૪

## **‘વગડો’**

**(૧૯૯૭)**

- **ઉશનસ્**

પ્રસ્તાવના:

બહુધા કવિ તરીકે વિશેષ જાણીતા ઉશનસ્ દ્વારા કથાસાહિત્ય મળ્યું નથી. પરંતુ જીવનના ઉત્તરાર્ધમાં એમણે એક લઘુનવલ ‘વગડો’ (૧૯૯૭) આપી. જેમાં આદિવાસી સમાજ અને સંસ્કૃતિ ઝિલ્યા છે. જેનો વિગતે અભ્યાસ પ્રસ્તુત કરું છું.

૧. કથાસાર:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે સમગ્ર લઘુનવલનું કથાતત્વ આ પ્રમાણે છે : ડાંગ - આહવાના જંગલ વિસ્તારમાં રહેતા આદિવાસી સમાજની વાત કરવામાં આવી છે. કથાની નાયિકા અને આદિવાસી સમાજની નાયિકા લલિતા ગામીત અને સમગ્ર કથાવસ્તુ લલિતાની ભૂમિકામાં સંકળાયેલું જોવા મળે છે.

લલિતા ડાંગ - આહવાનો જંગલ અધિકારી ચંદ્રસિંહ જાડેજા સાહેબના ઘરે 'કામવાળી' છોકરી તરીકે કામ કરે છે. લલિતા 'ડુંગરવેલ' ગામની વતની છે. તેનો બાપ ખ્રિસ્તી થઈ ગયો છે અને એનો ભાઈ મમ્મી સાથે લડીને અલગ થઈ ગયો છે. ઘરે મમ્મી એકલી જ રહે છે. લલિતાના પગારમાં જ માતાનું ઘર ચાલે છે. લલિતા હવે ધીરે ધીરે ઉંમરમાં મોટી થતાં એને પરણાવી દેવા બા કહેતી કે "પોયરી હવે મોટી થઈ ગઈ છે. ક્યાંક કુંડાળામાં એનો પગ પડે તે પહેલાં જ એને ક્યાંક વળગાડી દેવી હારી." (પૃ. ૪૭) આમ, લલિતાના ઘરમાં લગ્નની વાત ચાલે છે. એક દિવસે એનો બાપ વિલિયમ વસાવાને લઈને આવે છે. વિલિયમ વસાવા બરાબર દારૂ પીને લલિતાને પોતાની બૈરી બનાવવા જબરજસ્તીથી ખેંચીને લઈ જવા ઇચ્છે છે. પરંતુ ત્યાં મગન ચૌધરી અને તેનો ભાઈ વિલિયમ વસાવાને બરાબર માર આપી તેને બચાવી લે છે. લલિતા મગન ચૌધરી સાથે લગ્ન કરવા ઇચ્છે છે અને કહે છે "મગના તું મને અહીંથી ઉપાડી જા ક્યાંક આ ડુંગરાઓની પેલી પાર હું તારું ઘર માંડીશ." પરંતુ મગન ચૌધરીને એના શરીર સુખમાં રસ છે. પરંતુ ડરપોક હોવાથી લગ્ન કરવા આવતો નથી.

આમ, લલિતાને યોગ્ય ઉંમરે એને પ્રેમ મળતો નથી અને એ કથાનાયક પ્રકાશ મહેતાને પોતાનો પિતા માને છે. પ્રકાશ મહેતા પણ લલિતાને પોતાની

દિકરી માને છે. પરંતુ પોતાનો પ્રેમ ભાવાવેશમાં આવીને લલિતા પોતાનું શરીર - સુખ પ્રકાશ મહેતાને ધરી દે છે અને ક્યારેક લલિતાનો પાલનહાર ચંદ્રસિંહ જાડેજા પણ એને હેવાનિયતનો શિકાર બનાવવા ઇચ્છે છે. આમ લલિતાને યોગ્ય ઉંમરે ક્યાંય એને પોતાનું મળતું નથી. અંતે વિલિયમ વસાવાની ગુંડાટોળકી એના ઉપર બળાત્કાર કરી એની હત્યા કરીને ફેંકી દે છે. આમ, એના મોતના ભાગીદારીમાં પ્રકાશ મહેતા અને ચંદ્રસિંહ જાડેજા પોતાના અંતરથી પોતાને પણ દોષિત માની રહે છે.

આદિવાસી સમાજ હોળીના તહેવારમાં ખૂબ જ ધામધૂમથી ઉજવે છે. એમાં ઘરનાં બધા જ સભ્યો દારૂ - તાડી પીવે છે. એકબીજાને કલર છાંટે છે અને આખી રાત ઓરત અને મરદ બધાં જ હંગાથે હાથમાં હાથ ભેરવીને નાચે છે. આમ, આદિવાસી સમાજની સંસ્કૃતિની ઝલક જોવા મળે છે.

## ૨. પ્રાદેશિક પરિચય:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે પ્રદેશ પરિચયની ઝાંખી કરતાં ડાંગ જિલ્લાનું મુખ્ય મથક આહવાના જંગલ પ્રદેશમાં આદિમતા કથાતત્વ ગૂંથાયેલું છે. કથાની નાયિકા તે લલિતા જે ડુંગરવેલ ગામની આદિવાસી કન્યા છે. જે જંગલ અધિકારી ચંદ્રસિંહ જાડેજાને ત્યાં ઘરકામ કરે છે. કથાનો નાયક પ્રકાશ મહેતા

અમદાવાદનો વતની ગુજરાતી વિષયનો પ્રોફેસર છે. તે આદિવાસી સમાજનો ઉદ્ધાર કરવા તથા જંગલ સાથે એકમેક થવા આહવા આવે છે. આમ, કથાતત્વ ડુંગરવેલ ગામથી આહવા, અમદાવાદ સુધી પથરાયેલું છે અને વઘાઈ, ઉનાઈ, વસાઈ આઈ એટલે તો મા વઘાઈ એટલે વ્યાઘ્રેશ્વરીમાતા એવો અર્થ થાય છે. આમ, પ્રાદેશિક પરિચય જોવા મળે છે.

## ૩. આદિવાસી સમાજ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'વગડો' કૃતિમાં આદિવાસી સમાજની વાત કરીએ તો લલિતા ગામીત ચંદ્રસિંહ જાડેજા સાહેબને ત્યાં ઘરકામ માટે રાખેલી આદિવાસી છોકરી છે, જે કથાની નાયિકાની ભૂમિકામાં રહે છે. વિલિયમ વસાવા જે લલિતાને પોતાની પત્ની બનાવવા માગે છે અને મગન ચૌધરી જે લલિતા સાથે સ્કૂલમાં ભણેલો છે અને લલિતા જેને પોતાનો પતિ બનાવવા તૈયાર છે. પરંતુ મગન ચૌધરી લલિતાને પરણવા આવતો નથી.

આમ, અહીંયા કૃતિ સંદર્ભે ગામીત, વસાવા અને ચૌધરી આદિવાસી સમાજની કથની કહેવામાં આવી છે અને સમગ્ર કથાનું તત્વ નાયિકા લલિતાની કેન્દ્રબિંદુમાં ગૂંથાયેલું જોવા મળે છે. જેમાં આદિવાસી સમાજ પ્રગટ થાય છે.

### ૩.૧ આદિવાસી સમાજનું આંતરિક સ્વરૂપ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે, આદિવાસી સમાજનું આંતરિક સ્વરૂપ કેવું છે તે કૃતિ સંદર્ભે ચકાસીએ. ધૂળેટીના પર્વે તો એ લોકમાં દારૂ-તાડી પીવાનું ભારે પુણ્ય હોય છે. લોકો દારૂ પીએ ને પછી ગાળાગાળી કરે, મારામારી પણ કરે, જૂના વેરનો હિસાબ પણ સરખો થાય, છોકરા-છોકરીઓ એકબીજાને રંગી નાખે છે ને ક્યારેક તો લોહીથી પણ રંગી નાખે. આમ, આદિવાસી સમાજનું આંતરિક પાસું જોવા મળે છે.

### ૩.૨ આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેનો વ્યવહાર:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેનો નાતો તપાસીએ. પ્રકાશ મહેતા જે કથાનાયક અન્ય સમાજના છે તે આદિવાસી સમાજની નાયિકા લલિતા પર પુત્રીવત્ પ્રેમ રાખે છે અને લલિતાને કહે છે, "હું જ તારું સર્વસ્વ થઈશ. તારો બાપ, ભાઈ, સખા, માર્ગદર્શક, રખેવાળ બધું જ હું તારા માટે થઈશ. હું જ તારો ઉદ્ધાર કરીશ. હું તને અમદાવાદ જ લઈ જઈશ અને મારે ત્યાં રાખીને ભણાવીશ ને એસ.એસ.સી. કરાવીશ. કમળાને ઘરના કામમાં મદદ રહેશે ને લલિતા શહેરમાં રહેશે તો તે એસ.એસ.સી. હશે તો ક્યાંક સરકારમાં નોકરી પણ મળી જશે. પછી તેને પરણવું હશે તો તેનીય કોઈ

જોગવાઈ કરી શકાશે." આમ, કથાનાયક કહે છે. એકવાર આ બાબતમાં હું સફળ થઈશ તો આદિવાસી ઉદ્ધારનો આ એક દાખલારૂપ નમૂનો ગણાશે.

આહવા - ડાંગના જંગલ અધિકારી જાડેજા સાહેબ વિશે લલિતા જ કહે છે, "સાહેબ પ્રેમાળ છે. એ જ મને અહીં લઈ આવ્યા છે ને રાખે છે ય સારી રીતે. પગાર ઉપરાંત ખાવું-પીવું બધું જ આપે છે. આમ, આદિવાસી સમાજની નાયિકા લલિતા પ્રત્યે અન્ય સમાજનો વ્યવહાર જોવા મળે છે.

## ૪. આદિવાસી સંસ્કૃતિ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે આદિવાસી સંસ્કૃતિને ઓળખવા પામવા નીચે પ્રમાણેના વિભાગોમાં વહેંચવામાં આવી છે:

### ૪.૧ ખેતી અને જમીનવિષયક ગતિવિધિ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'વગડો' કૃતિમાં ખેતી અને જમીન વિષયક ગતિવિધિની વાત કરીએ તો આદિવાસીઓમાં રહેઠાણ પણ ડાંગ-આહવાનાં જંગલો અને ખીણોમાં તથા તેમનાં ખેતરો પણ જંગલો અને ખીણોમાં સરસવનાં ઢાળિયા ખેતરો આવેલાં છે. એટલે કે ખેતરો છે તે જંગલોના ઢાળવાળા ટેકરા ઉપર આવેલાં છે અને સરસવની ખેતી કરતા જોવા મળે છે. આમ, આદિવાસીઓની ખેતી પણ જંગલમાં મંગલ સ્વરૂપે જોવા મળે છે.

## ૪.૨ સામાજિક ગતિવિધિ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે આદિવાસી સમાજની સામાજિક ગતિવિધિ કેવી છે, તેની કૃતિ સંદર્ભે ઝીણવટભરી ચકાસણી કરતાં આદિવાસી સમાજની લગ્નપ્રથા વિચિત્ર અને વિશિષ્ટ હોય છે. ફાવ્યું ત્યાં સુધી લગ્ન ને ન ફાવ્યું કે છૂટાં આ લોક કોઈ એક જ ઘર કે વરને વળગી રહેતાં નથી. એવી એમનાં સમાજમાં લગ્નના ઝાઝા પ્રશ્નો નથી ને કોરટ કાયદા પણ નથી. (પૃ. ૩૬) અને એટલે જ લલિતાને વિલિયમ વસાવા નામનો છોકરો પસંદ નથી અને મગન ચૌધરી સાથે પરણવાની ઇચ્છા ધરાવે છે. આમ, આદિવાસી સમાજમાં લગ્નસંબંધોની વાત કરવામાં આવી છે જે સામાજિક ગતિવિધિ બની રહે છે.

## ૪.૩ આર્થિક ગતિવિધિ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે આદિવાસી સમાજની આર્થિક પરિસ્થિતિ કેવી છે. તેની કૃતિ સંદર્ભે સમાલોચના કરતાં એ લોકો પોતાના વાડામાં મરઘાં-કૂકડાં ઉછેરે છે અને ઘરમાં આવતા પ્રસંગોનો ખર્ચ નિભાવે છે. આમ,

આદિવાસી સમાજમાં 'વગડો' કૃતિ સંદર્ભે આર્થિક ઉપાર્જનનાં માધ્યમો નહિવત્ બની રહે છે.

### ૪.૪ સાંસ્કૃતિક ગતિવિધિ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે સાંસ્કૃતિક ગતિવિધિને પામવા માટે નીચે જેવા મુદ્દાઓની ઝાંખી કરવામાં આવી છે :

#### ૪.૪.૧ લોકગીતો:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે કૃતિ અંતર્ગત લોકગીતોની તપાસ કરી શકાતી નથી.

#### ૪.૪.૨ ઉત્સવો અને મેળાવડા:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે આદિવાસી સમાજ હોળી-ધૂળેટીનો તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવે છે. ઉત્સવ પ્રિય હોય છે અને એટલે જ લલિતા કમુબાને કહે છે કે તે સાંભળીએ, "હોળીમાં અમારુ લોક તો દેશીદારૂ પીએ ને નાચે આખી રાતે  ઓરત ને મરદ બધાં જ હંગાથે હાથમાં હાથ ભેરવીને. અમારુ લોક હોળી મનાવે છે."

મેળા વિશે વાત કરીએ તો એક ડુંગરને માથે ચૈત્રીમાતાનું થાનક છે. ચૈત્રી અમાસે ડુંગર ઉપર દર વર્ષે મેળો મળે છે. કહે છે કે આ ચૈત્રી માતામાં ઘણું સત

છે ને મા હજરાહજૂર છે. આજુબાજુના કેટલાય ગામડાનું આદિવાસી લોક ત્યાં આવે છે. સો દોઢસો પગથિયાં ચઢીને માતાને થાનક જવાય છે. કેટલુંય લોક સ્ત્રી ને પુરુષ બાળક, યુવાન ને વૃદ્ધ માતાની બાધા ઉતારવા અહીં આવશે. ખીણમાં ને પગથિયે પગથિયે હાટ ભરાશે ને મનખો ઊભરાશે ને મેળામાં મોટા મણકાની માળાઓ, નાની રંગીન ચુંદડીઓ, વાઘનખનો હારડો વગેરે ચીજવસ્તુઓ મળે છે. આમ, આદિવાસી સમાજ મેળાઓના શોખીન હોય છે.

### ૪.૪.૩ રીતરિવાજો:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે વાત કરીએ તો આદિવાસી સમાજની એક પ્રણાલી એવી છે, હોળીના તહેવારમાં ભાઈબહેન બધાં જ ભેગાં થાય છે. મરઘી પણ રંધાય. દારૂ અને તાડી પણ પીએ ને આખી રાત નાચે છે. ઓરત ને મરદ બધાં જ હંગાથે હાથમાં હાથ ભેરવીને નાચે કૂદે મજા કરે છે. આમ, હોળીનો તહેવાર ઉજવવો એ પણ એક પ્રણાલી બની રહે છે.

### ૪.૪.૪ પોશાક:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે પહેરવેશની વાત કરીએ તો લંગોટિયા નર અને નારી તરીકે ઓળખવામાં આવે છે. બહેનોમાં કછોટા વાળીને

તથા ચણિયા-બ્લાઉઝ પહેરતાં જોવા મળે છે. આમ, આદિવાસી સમાજમાં વસ્ત્રપરિધાન જોવા મળે છે.

**૪.૪.૫ વ્યસન અને ટેવો:**

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'વગડો' લઘુનવલ કથા સંદર્ભે આદિવાસી સમાજમાં દેશી દારૂ અને તાડી પીવાની ટેવો જણાય આવે છે.

**૪.૪.૬ રહેઠાણ:**

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે ચૌધરી, વસાવા અને ગામીત આદિવાસી સમાજ જંગલોમાં એક બાજુ ઊંડી ભૂખરી ખીણ અને બીજી બાજુ આદિવાસી સમાજનાં ઝૂંપડાઓ અને એ જ એમનું રહેઠાણ.

**૪.૪.૭ ખાણીપીણી:**

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે આદિવાસી સમાજની ખાણીપીણી વિશે વાત કરીએ તો ખોરાકમાં કડાનો ભાત અને દાળ જુવારના રોટલા, બટાકા-રીંગણનું શાક અને ક્યારેક લાપસી પણ બનતી અને હોળી-ધૂળેટીના તહેવારમાં મરઘીનું શાક રંધાય અને મહૂડાનો દેશી દારૂ અને તાડી બધાં જ પીતાં હોય છે અને દારૂ વગર હોળી કેવી ? આમ, આદિવાસી સમાજની ખાણીપીણીની વાત કરવામાં આવી છે.

### ૪.૪.૮ અંધશ્રદ્ધા:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે આદિવાસી સમાજમાં અંધશ્રદ્ધાનું પ્રમાણ કેટલુંક વ્યાપેલું છે તે જોઈએ. આદિવાસી સમાજ ભૂતભૂવા, દોરાધાગા, મૂઠ, મંતરમાં માને છે. જે આ પ્રમાણે છે : લલિતાને ભૂવાને ત્યાં બતાડવી પડી હતી. મૂઈ, જરાક રૂપાળી છે ને એટલે ભગતે કહ્યું કે એને કોઈએ કાંઈ કરી મૂક્યું છે. બાકી નખમાં ય એને રોગ નથી. આમ, આદિવાસી સમાજમાં વહેમ અને અંધશ્રદ્ધા જોવા મળે છે.

## ૫. ભાષા સંદર્ભે આદિવાસી સંસ્કૃતિ :

આદિવાસી સમાજ અને સંસ્કૃતિનો ભાષા સંદર્ભે મૂલવતાં નીચે પ્રમાણે તારવી છે:

### ૫.૧ રૂઢિપ્રયોગો:

આદિવાસી સમાજમાં પ્રયોજાતા રૂઢિપ્રયોગો કૃતિ સંદર્ભે નીચે પ્રમાણે છે :

૧) પેટ પણ પારકું હોવું (પૃ. ૩૧)

૨) પેંગડે પગ હોવું (પૃ. ૭૯)

૩) મનનો ભાર વધી જવો (પૃ. ૮૩)

૪) માયા લગાડવી (પૃ. ૮૩)

૫) ઊપરાણું લેવું (પૃ. ૯૨)

૬) ગદ્ધાવૈતરું કરવું (પૃ. ૯૩)

૭) ફટવી મૂકવું (પૃ. ૯૭)

૮) આંખો ભરી ભરીને જોઈ લેવું (પૃ. ૯૮)

૯) એકનાં બે ન થવું (પૃ. ૧૦૩)

૧૦) ગોઠી જવું (પૃ. ૧૦૪)

૧૧) ભગવાનને વહાલા થઈ જવું (પૃ. ૧૦૫)

૧૨) ગળું ટૂંપી દેવું (પૃ. ૧૦૫)

૧૩) વાતનું વતેસર થઈ જવું (પૃ. ૫૬)

૧૪) તોબરો ચઢાવીને બેસી રહેવું (પૃ. ૪૫)

૧૫) આંખમાં ઝળઝળિયાં હોવાં (પૃ. ૩૯)

**૫.૨ કહેવતો:**

આદિવાસી સમાજમાં કહેવાતી કહેવતો નીચે પ્રમાણે છે:

૧) આ તો ભાવતું તું ને વૈદે કહ્યું (પૃ. ૩૩)

૨) પાધરો ઊતરે તો તો ગંગા નાહ્યા (પૃ. ૪૯)

૩) વગડાની વંઠેલને વળી આટલાં લાડ શું ? (પૃ. ૬૬)

૪) છીંડે ચઢ્યો તે ચોર (પૃ. ૧૦૮)

**૫.૩ બોલી:**

આદિવાસી સમાજમાં બોલાતી બોલી જે ઝીલવામાં આવી છે એ નીચે મુજબ છે:

૧) બા કહેતી કે પોયરી હવે મોટી થઈ ગઈ છે.

૨) તેની પેલી મેર અમારું ડુંગરવેલ ગામ આવ્યું છે. (પૃ. ૩૮)

૩) અલી તું મૂળ કાં ની? (પૃ. ૩૮)

૪) અમારું લોક તો દેશીદારૂ પીએ ને નાચે આખી રાતે. ઓરત ને મરદ બધાં જ હંગાથે હાથમાં હાથ ભેરવીને.

## ૬. આદિવાસી સંસ્કૃતિ સંદર્ભે કૃતિની સીમિતતા:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'વગડો' કૃતિને તપાસતાં પ્રકાશનાં પાત્રમાં એક વાક્ય આવે છે. "તારાં બાળકો હવે શું કરે છે ?" (પૃ. ૨૩) પરંતુ સમગ્ર લઘુનવલમાં ક્યાંય જાડેજાનાં બાળકો નથી; પાત્ર તરીકે આવતાં કે નથી

તેનો કોઈ ઉલ્લેખ આવતો. એનો અર્થ એ છે કે જાડેજાને સંતાન નહો હોય ? જો હોય તો લેખકે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લઘુનવલમાં તેનું સૂચન કેમ આપ્યું નથી ?

પ્રથમ પ્રકરણમાં બીજો પત્ર આવે છે. એ પત્ર આહવાથી તા. ૧૧/૨/૧૯૮૯ના રોજ જાડેજા, અમદાવાદ ખાતે પ્રકાશને લખે છે. આ લાંબા પત્રમાં જાડેજાએ પોતાનો બંગલો કેવા વાતાવરણની વચ્ચે આવેલો છે, તેનું વર્ણન આપીને, મહેતા દંપતીને બે-ત્રણ માસ રહેવાય એમ આવવાનું નિમંત્રણ આપેલ છે. એમાં ઉમાશંકર જોશીની કાવ્યપંક્તિ "ફરી ફરી ફાગણ ના'વે"નો ઉલ્લેખ કરીને પ્રકાશને ફાગણ મહિનામાં વસંત ઋતુમાં પહાડોનું સૌંદર્ય માણવાનો આગ્રહ છે. આ લઘુનવલમાં પ્રૂફ કદાચ લેખકે ઝીણવટપૂર્વક જોયાં જ નથી. નહિ તો ઉશનસ્ જેવા ચકોર કવિની નજરમાં કાવ્ય પંક્તિની ભૂલ ન પકડાય એ બને નહિ જેમ કે, "ફરી ફરી ફાનસ ના'વે." એવું છપાયું છે. ખરેખર પંક્તિ આમ હોવી જોઈએ, "ફરી ફરી ફાગણ ના'વે."

આમ, કૃતિ સંદર્ભે આ બાબત તારવી શકાય.

## ૭. ઉપસંહાર:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'વગડો' કૃતિનું અવલોકન કરતાં લલિતા નામની આદિવાસી છોકરી છે જે જંગલ અધિકારી જાડેજા સાહેબના ઘરે કામ કરે

છે. લલિતાનું કુટુંબ વેર-વિખેર થઈ ગયું છે. એનો બાપ ખ્રિસ્તી થઈ ગયો છે. એનો ભાઈ મમ્મી સાથે લડીને અલગ થઈ ગયો છે. મમ્મી બિચારી એકલી છે અને લલિતાના પગારથી મમ્મીનું ગુજરાન ચાલે છે. લલિતાના લગ્નની વાત થતાં તેનો બાપ વિલિયમ વસાવાને લઈને આવે છે. વિલિયમ વસાવા જબરજસ્તીથી પોતાની બૈરી બનાવવા લલિતાને ખેંચીને લઈ જવા માંગે છે. પરંતુ તેનો ભાઈ અને મગન ચૌધરી તેને બચાવી લે છે. લલિતા મગન ચૌધરી સાથે લગન કરવાની ઇચ્છા ધરાવે છે, પરંતુ તે ડરપોક છે અને લગન કરવા આવતો નથી. આમ, જાડેજા સાહેબના ઘરે રહેતાં કથાનાયક પ્રકાશ મહેતાને પોતાના પિતા માને છે અને પ્રકાશ મહેતા પણ લલિતાને પોતાની દિકરી માને છે. પરંતુ તે પ્રેમના ભાવાવેશમાં આવીને પ્રકાશ મહેતાને વળગી પડે છે અને પોતાનું શરીર સુખ ધરી દે છે. આમ, લલિતાને યોગ્ય ઉંમરે પ્રેમ અને સુખ મળતું નથી. અંતે વિલિયમ વસાવાની ગુંડાટોળકી લલિતા ઉપર બળાત્કાર કર્યા બાદ એની હત્યા કરીને ફેંકી દે છે. પ્રકાશ મહેતા પણ પોતાને એમાં અંતરના ઊંડાણથી પોતાને દોષિત માને છે. આદિવાસી સમાજ હોળીના તહેવારમાં મટન અને દારૂ-તાડી પીએ છે, પછી ઓરત અને મરદ બધાં સાથે કૂદે છે.

આમ, આદિવાસી સમાજનું આંતરિક અને બાહ્ય પાસું પ્રકટ થાય છે. સાથે સામાજિક અને આર્થિક પ્રશ્નોની પણ વાત કરવામાં આવી છે. ખેતી, રહેઠાણ અને પોશાક વિશે પણ ઝાંખી કરવામાં આવી છે. આદિવાસી સમાજ પોતાની અસલ બોલી ભાષામાં પોતાનો વ્યવહાર પ્રકટ થતો જોવા મળે છે. આમ, કથાકારે સુંદર રીતે કથાનું આબેહૂબ ચિત્રાંકન કર્યું છે.

સંદર્ભ :


૧) ઉશનસ્, વગડો, પાર્શ્વ પ્રકાશન, નિશાપોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ, અમદાવાદ, પ્ર. આ. ૧૯૯૭


•

# પ્રકરણ : ૨.૫

## **‘મંડોળ’**

**(૨૦૦૭)**

- **સુરમલ વહોનિયા**

પ્રસ્તાવના:

મૌખિક પરંપરામાંથી બહાર નીકળી લિખિત સ્વરૂપમાં કોઈ સમાજના અનુભવને પ્રકટાવવું એ નદીના ઘાટના પત્થરોથી બંધાયેલા છેલ્લા પગથિયાં પરથી વહેતા પ્રવાહમાં છલાંગ મારવા જેવું છે. પંચમહાલની ભીલ સંસ્કૃતિમાં 'મંડોળ' એ આ સાહસ કર્યું છે. જેને લિખિત સ્વરૂપ આપનાર શ્રી સુરમલ વહોનિયા છે. જેમણે ભીલ આદિવાસી સમાજનું પ્રતિનિધિત્વ કર્યું છે. જેનું મુદ્રણાંકન, મુદ્રણ સજ્જા તથા મુખ્ય વિતરક ભાષા પબ્લિકેશન્સ, ભાષા સંશોધન પ્રકાશન કેન્દ્ર, વડોદરા દ્વારા કરવામાં આવ્યું છે. 'મંડોળ' વિશે ડૉ. ગણેશ દેવી કહે છે કે,

'મંડોળ'નું ઐતિહાસિક મહત્વ અનન્ય સાધારણ છે. આદિવાસી સમાજનું એક સળંગ ચિત્રણ એના દરેક પાસા સાથે એમાં આવેલું છે. એ માત્ર તહેવાર અને સંસ્કારના વર્ણન માટે લખાયેલી નથી; એ માત્ર anthropological fiction નથી. 'મંડોળ'માં સમાજનું ખૂબ સભાનતાથી વિશ્લેષણ કરવામાં આવ્યું છે. એનું આપણે ઝીણવટપૂર્વક અભ્યાસ કરીએ. એમાં પ્રથમ કથાનો સાર વિશે વિચાર વિમર્શ કરીએ.

૧. કથાસાર:

'મંડોળ' નવલકથાનો સાર સમગ્ર વિષયવસ્તુનો ચિતાર ખુદ કથાકાર આ પ્રમાણે આપે છે તે જોઈએ. ધરતી પર ગરમૂડની જેમ ઉપસી પથરાયેલાં ગામડાં સાંજ પડતાં દુનિયાથી સ્વતંત્ર બની જાય. ટમટમિયા હોવાથી ફાનસ સુધીની પ્રગતિ પામેલાં ગામો પર રાત્રે અંધારિયો સમુદ્ર ફરી વળે એટલે આકાશમાં ઝીણું ઝીણું હાસ્ય કરતા તારલા સિવાયનો શૂન્યાવકાશ રહેતો. ઘનઘોર અંધારામાં રસ્તે જતાં ચૂડેલ, ડાકણ કે ભૂતપ્રેત મળી જવાનો ડર લાગે, વડીલો પાસેથી સાંભળેલું કે રાત્રે ઘરની બહાર જતાં વાયરા(પવન)નો ગોળો આવી જાય તે તંદુરસ્ત માણસને પણ પાડી દે ને ખલાસ કરી નાખે. ગામમાં માણસ બીમાર પડે તો પૂજારા પાસે કળશ કરાવી દોરો બાંધવો ને કોઈ પાસેથી ઝાડી દવા લાવી બીમારને આપવી. ગામના પાદરના ભાગે આવેલાં દોરાંની જગ્યામાં ગામલોકો ભેળા થઈ. ગૂંદરું કરે ત્યાં રાત-દિવસ રેરી ગવાય અને છેલ્લે પૂજારો ધૂણે તે આવનારું વર્ષ કેવું છે. તેની ગામલોકોને માહિતી આપે. નાનપણથી કોપરું ખાવાની ટેવ એટલે ભોગ આપતી વખતે પહોંચી જતા. રાત્રે ગામમાં ચોર આવે એટલે ગામલોકો રોન ફરતા, વડીલો સાથે લાકડી લઈ રાત્રે ફરવાની મઝા આવે. માણસ બીમાર પડે ને પૂજારો બેસતો ત્યારે ધૂણતા પૂજારાને જોવા જઈ પહોંચતા ને મંડોળમાં ગાવાવાળાંની પાછળની જગ્યામાં બેસતા. પ્રસાદમાંથી રહી જવાય એટલે

તો ઉજાગરો કરીને શ્રીફળ વધેરાય ત્યાં સુધી એકબીજાને જાગતા રાખતા. નાના હતા ત્યારે ડાકણનો ડર લાગતો, વધારે ઉંમરવાળી સ્ત્રી જોઈ ડાકણ હશે કે નહીં તે અનુમાન કરતા ને કોઈક વખત અજાણ સ્ત્રીને જોઈ ભાગી જતા. દૂરના સ્થળે જવાનું હોય ને રસ્તો સૂમસામ હોય તો દિવસે ચુડેલ પાછળ પડે. ચુડેલનો પીઠનો ભાગ પોલો હોય, રસ્તે જતાં પાછુંવળીને જુએ તે વખતે ચુડેલ એની પીઠ ફેરવી દે તો માણસ તરફડીને મરી જવાય. રાત્રે સ્મશાન તરફ ભૂત ફરતાં હોય.

નવી ફસલ આવે ત્યારે મકાઈના ડોડા ખાતાં પહેલાં ગામનાં સર્વે દેરાંને ચઢાવવામાં આવે ત્યારે ત્યાં જાતર થાય ને પૂજારો ધૂણે.

પાળેલ પશુ બીમાર પડે ત્યારે જાણકાર માણસ લીમડો કે આંકડાની પાંદડાંવાળી ડાળખી લઈ ઝૂંડે. દિવાળીની અમાસે ડાકણો નદી કે તળાવના કાંઠે આવી દીવો સળગાવી સંપૂર્ણ નગ્ન થઈ પાણીમાં પડી ધૂણે. નાનપણમાં લોકોના મોઢે સાંભળેલી વાતો હજી તાજી છે, એમાંના સત્યની ઝાંખી હવે થઈ રહી છે.

ગુજરાત રાજ્યના પૂર્વ સિમાડેના દાહોદ જિલ્લાનો વિસ્તાર જે રાજસ્થાન અને મધ્યપ્રદેશ રાજ્યની સરહદને સ્પર્શે છે. આ સંગમપ્રદેશમાં પથરાયેલી ને ઊંડાણના વિસ્તારમાં વિસ્તરેલી આદિવાસી ભીલ પ્રજાની સાંસ્કૃતિક પરંપરાને વિષય બનાવી પ્રજાજીવનની આંતર-બાહ્ય છબીઓને આ લઘુનવલકથામાં

ઉપસાવવામાં આવી છે. અલ્પ શિક્ષણના કારણે પ્રગતિનો સ્પર્શ ન પામેલી પ્રજા અંધશ્રધ્ધાનો સહારો લે ત્યારે પ્રજાને કેટલીક યાતનાઓ સહન કરવી પડે જેના કારણે જીવનમાં અંધાધુંધી સર્જાય છે. જમાનાઓથી કુદરતને સર્વોપરી માનવું ને સમગ્ર માનવજાતને સમાન દ્રષ્ટિથી જોવી તે આ પ્રજાની ખાનદાની છે. આ લઘુનવલકથાની શૈલી મધ્યગુજરાતની પૂર્વ સરહદનાં ગામોમાં બોલાય છે. તે ભિલી બોલી છે. તેઓ જે ઉચ્ચારમાં આરોહ-અવરોહ કરે તેમજ લહેકે બોલે છે, તે જાળવવાનો પ્રયત્ન થયો છે. કૃતિમાંની લોકકવિતા - રેરી લોકલયમાં ગાવામાં આવી છે. આમ, સમગ્ર નવલકથાનું વિષયવસ્તુ સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે નવાઈ પમાડે તેવી અનુભૂતી કરાવે છે. હવે આપણે કૃતિને પ્રાદેશિક પરિચયના રૂપમાં નિહાળીએ.

## ૨. પ્રાદેશિક પરિચય:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે કથાનું વિહંગાવલોકન કરતાં નવલકથામાં જે છબી ઉપસાવવામાં આવી છે તે ગુજરાત રાજ્યના પૂર્વ સિમાડેના દાહોદ જિલ્લાનો વિસ્તાર જે રાજસ્થાન અને મધ્યપ્રદેશ રાજ્યની સરહદને સ્પર્શે છે. આ સંગમપ્રદેશમાં પથરાયેલી ને ઊંડાણના વિસ્તારમાં વિસ્તરેલી આદિવાસી ભીલ પ્રજાની સાંસ્કૃતિક પરંપરાને વિષય બનાવી પ્રજાજીવનની આંતરબાહ્ય

છબીઓને આ લઘુનવલકથામાં ઉપસાવવામાં આવી છે. વિસ્તૃત અભ્યાસ કરતાં આદિવાસી સમાજનો પણ પરિચય મેળવીએ.

### ૩. આદિવાસી સમાજ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે કૃતિનો સાંસ્કૃતિક અભ્યાસ કરતાં દાહોદ જિલ્લાનો આદિવાસી ભીલ સમાજ આદિવાસી ભીલ સમાજને કેન્દ્રમાં રાખીને કૃતિનું સર્જન કરવામાં આવ્યું છે. આદિવાસી ભીલ સમાજની સંસ્કૃતિ, રહેણી-કરણી, રીતભાત, લોકહૈયું, કુદરત સાથેનો એમનો નાતો, કુદરતનાં તત્વો વગેરે તથા જીવંત શૈલીનું આલેખન કરવામાં આવ્યું છે એના માટે કૃતિનો સંદર્ભ લઈએ.

દૂરથી આવતી હાર પાદરને દબાવતી ટેકરીઓ ચડ-ઉતર કરતી ગામ તરફ ગતિ કરતી દેખાઈ. રસ્તાને દાબતા, આચકાં ખાતા નાની નાની ફલાંગો ભરતા ગામ તરફનો રસ્તો કાપતાં નજીક આવ્યા ત્યારે એમની પાસેનું લાંબું અને જાડું લાકડું દેખાયું. લાકડા સાથે કપડું બાંધી ઝોળી બનાવી તેમાં માંદા માણસને મૂકી ઊંચકી લાવ્યા. બાબા આદમના વખતથી આ વ્યવસ્થા ગામડામાં છે. માનવ ઓછાં પણ લાકડાની લંબાઈના કારણે હાર લાંબી લાગતી. ઘરમાંથી કાથીછાપ

ખાટલો આવ્યો. તેના પર ગાભા સરખા કરી ગોદડી પાથરી બે માણસોએ ઊભા થઈ કોઈક માણસને ઊંચકી ખાટલામાં સુવાડ્યું. (પૃ. ૧-૨)

આદિવાસી સમાજ જીવનનો ખ્યાલ આવી જાય છે. ગામ, પાદર, રસ્તાઓ, ટેકરીઓ, લાકડા સાથે બાંધેલી ઝોળી અને એમાં બિમાર માણસને લઈ જવામાં આવતો કાથીછાપ ખાટલો. ગાભા સરખી ગોદડી આ બધું જોતાં જ આદિવાસી સમાજ જીવનની વાસ્તવિકતા પણ તરી આવે છે. સાથે આદિવાસી સમાજની જીવન જીવવાની રીત કે બિમાર માણસને ઝોળીમાં લઈ જવામાં આવે છે. સાથે નાની - મોટી ટેકરીઓ ચઢઉતર કરતાં રહેઠાણ - રસ્તાનો પણ ખ્યાલ આવી જાય છે. આમ આદિવાસી સમાજ જીવનને ચિત્રનાં આલેખવામાં આવ્યું છે. હવે આદિવાસી સમાજ જીવનનું આંતરિક સ્વરૂપ કેવું છે તે સમજીએ.

### ૩.૧ આદિવાસી સમાજનું આંતરિક સ્વરૂપ:

આદિવાસી સમાજ જીવનના આંતરિક પાસામાં ડોકીયું કરીએ એને વિગતે તપાસવા કૃતિનો સંદર્ભ જોઈએ. કલસીંગ ધૂંધવાયો, વાલકા જોડે મથુરીનાં લગ્ન થાય તે પહેલાં મથુરીને પોતાનાં ઘરમાં બેસાડવાની તૈયારી કરી લીધી. કોઈને કહ્યા વગર એ મથુરીની ભાળ કાઢતો ફરતો. નક્કી કરી લીધું ને યુવાનોની ટોળી બનાવી જંગલમાં લાકડા વીણવા જતાં મથુરીને રોકી, પકડી, ખેંચી માર મારતા,

ઢસડતા બીજા રસ્તે વળી ચાલ્યા. મથુરીને પકડી એટલે મથુરી સાથે જંગલમાં આવનારાઓએ જંગલને જાગતું કર્યું. ગામમાં ખબર આપવા દોડ્યા તેમણે નાના મોટા કોતરોની પરવા કર્યા વગર લાંબી ફલાંગો ભરતા ને કિકિયારીઓ પાડતા જંગલમાં વાર પાડી. જંગલ ધ્રૂજી ઊઠ્યું. મથુરીએ ચિચિયારીઓથી જંગલને ગજવી મૂક્યું. કલસીંગ એને પકડવા દોડ્યો, પકડવા જતા કલસીંગના હાથે બચકું ભર્યું, એટલે ઝાટકો મારી કલસીંગે પોતાનો હાથ પાછો ખેંચી લીધો. રણચંડી બનીને કલસીંગને હંફાવ્યો. ધક્કો મારી કોતરોમાં ગબડાવી દીધો. કલસીંગના સાથીદારોને પણ મચક ન આપી. પકડાપકડી અને દોડાદોડી કરતાં મથુરીનો પગ લપસ્યો. ને ઠેકડો મારી કલસીંગ એના પર ચઢી બેઠો. સાથીઓ દોડી આવ્યા તેમણે મથુરીને પકડીને દબાવી. માછીમારો, મોટી માછલીને જાળમાં ફસાવી સમુદ્રમાંથી કિનારા તરફ લાવે તે વખતે માછલી છૂટવા ઊછાળા મારે તેમ મથુરી, ઊછાળા મારતી. જંગલમાં વાર પડી. જે કંઈ હથિયાર હાથ આવ્યું તે લઈ યુવાનો વારે ચડ્યા. ફરતાં ગામના લોકો જંગલ તરફ દોડ્યા. મથુરીને પકડી કલસીંગ એના ગામમાં પ્રવેશે તે પહેલાં વાલકાને ખબર પડી ગઈ. હાથમાં ધારિયું લઈ દોડ્યો. પશો ખાટલામાં પડ્યો હતો તે બુમો પાડતો વાલકા પાછળ દોડ્યો. વાલકા સાથે ગામના યુવાનો વારે ચડ્યા. કલસીંગના ઘરે પહોંચવામાં થોરની વાડ નડતી હતી.

તેને દોડી આવી વાલકાએ કચકચાવી ધારિયું માર્યું ને ગાડું દાખલ થઈ જાય તેટલી વાડ ઢળી પડી તેમાંથી કુદકો મારી વાલકો ને એના સાથીઓ દાખલ થઈ ગયા. વાલકાએ દોડી કલસીંગના ઘરના દરવાજાને લાત મારી પાડી દીધો ને દરવાજાની ઉપર થઈ ઘરમાં દાખલ થઈ ગયો. કંઈ હાથ ન આવ્યું. દરવાજો પડતાં ઘરમાં આરામ કરતા મરઘાં ફફડાટ કરતાં દરવાજામાંથી બહાર જવા દોડ્યાં તે વાલકા સાથે અફળાયાં. ઘરની અંદર આંટો મારી વાલકો બહાર આવ્યો, કંઈ હાથ ન આવતાં એ રઘવાયો બન્યો ને બૂમો પાડતો કલસીંગના ઘરને ઘેરો ઘાલ્યો. સાથીદારો આવ્યા તેમણે છાપરા પર લાકડીઓ ઠોકીને નળિયાનો ભૂક્કો બોલાવ્યો. જંગલમાં પડઘા પડતાં તેમણે સાંભળ્યાં પાછા વળીને જંગલ તરફ દોડ્યા. જંગલમાં કિકિયારીઓનો રવ થઈ ગયો. જંગલમાં પ્રાણીઓ ભય પામી ભાગ્યાં. તે વનરાજીમાં ભટકાઈને પડી જતાં ને પાછા ઊડીને ભાગતાં ચારેબાજુ કિકિયારીઓથી એ ઘેરાઈ ગયાં. એટલે પોતાના અંતની કલ્પનાથી ફફડતાં કેટલાક તો પોતાના બચ્ચાને લઈ આડાંઅવળા થઈ ગયા. તે પોતાના બચ્ચાને ખોળામાં પાલી ઊભા ઊભા દોડતા માણસોનું ઝનૂન જોતાં, ઓચિંતુ વાવાઝોડું આવ્યું તે થોડીવારમાં શમી ગયું, પણ જંગલમાં રહેનારાઓના જીવમાં ફફડાટ મૂકતું ગયું. મથુરીને પકડી ઘરે આવતા કલસીંગને વાર લાગી. કલસીંગ જે રસ્તે ગામમાં

દાખલ થવાનો હતો તે રસ્તા પર હુમજી એના સાથીદારો સાથે કલસીંગનો કાળ બની ઊભો હતો. વારે ચડેલા હુમજીને ખબર પડતાં જંગલમાં દોડવાને બદલે કલસીંગના ગામ સામે દોડ્યો ને રસ્તો રોક્યો. રસ્તો જતો ત્યાં હુમજી એક મોટા પત્થર પર ઊભો થઈ ગયો. એના સાથીદારો ગોઠવાઈ ગયા, ને કલસીંગની રાહ જોતાં ઊભા. હુમજીનાં હાથમાંનો કુહાડો ધજાની જેમ ફરકતો ને તેના પર સૂર્યનાં કિરણો પડતાં હતાં તેનાથી તે ઝળહળતો હતો. કલસીંગની ટોળી મથુરીને પકડી આવતી હતી. તેણે કુહાડો લઈ હુમજીને ઊભેલો દેખ્યો એટલે ધીમા પડ્યા. સાથીદાર મદદમાં હતા એટલે કલસીંગને શૂરાતન ચડ્યું. હુમજીને રસ્તો છોડી જવા એને પડકાર્યો, બૂમ પાડીને "એય હુમજી ડાંડ..., હુમજી નામ મારૂ..., ફરતા ગામડાંના મન ડાંડ કે, હુમજી વારે ચડ્યો સે..., પાસો ફરવા નથી આયો..., હગા ઈવાળી હાદી સે..., વગર હગાઈવાળી હાંજાળી પાસો વળી જાતો..., તમય... હુમજીન લલકાર્યો સે... હુમજી પડે કાં પાડે..., પાસો ના ફરે..."

ફરતાં ગામોથી લોકો વારે આવ્યા તે વચ્ચે પડ્યા. કલસીંગની ભૂલ લાગતાં એના ગામના લોકો ઠંડા પડ્યા. પરગામના લોકો સાથે વેર બંધાતા પહેલાં વડીલો વચ્ચે પડ્યા ને પંચ બેઠું. વાલકો આકાશ સામે ધારિયું વીંઝતો સાથીદારો સાથે દોડતો આવ્યો. તેને હુમજી એ અટકાવ્યો. એની આંખમાં ખૂન ધગધગતું હતું. વારે

ચડેલા વાલકાને જોઈ કલસીંગની ટોળીવાળા ફફડી ઊઠ્યા. નજીક આવતાં હુમજીએ એને રોક્યો. હુમજીના સાથીદારો વાલકાને પકડવા દોડ્યા. પાંચથી સાત જણ કલસીંગની ભાળ મેળવવા દોડતો. હુમજીએ વચ્ચે પડીને શાંત પાડ્યો તો પણ વચ્ચે ઊભો ઊભો ફફડતો. હુમજીએ એના હાથમાંથી ધારિયું લઈ લીધું ને પંચમાં ગયો. ત્યાં ઝઘડો નક્કી કરી વાલકાને એના ગામમાં મૂકી આવ્યો. સામસામા ગામનાં પંચ બેઠાં ને રસ્તો કાઢ્યો. કલસીંગ પાસે ઝઘડો લેવાનો ને વાલકા મથુરીનાં લગ્ન જલ્દી ગોઠવાય તેની વાત કરી મથુરીના ગામના લોકો મથુરીને લઈ પાછા વળ્યા. (પૃ. ૧૩થી ૧૫)

આદિવાસી સમાજમાં કોઈ યુવકની નક્કી કરેલી યુવતી બીજો કોઈ યુવક અથવા અન્ય કોઈ પણ ગામનો યુવક એ યુવતીને પકડીને અથવા જબરજસ્તીથી ઉપાડીને લઈ જાય તો ગુનો લાગું પડતો હોય છે. ક્યારેક ક્યારેક બંને પક્ષો યુવક-યુવતીના પક્ષો આમને સામને હથિયાર લઈને મારા-મારી પર પણ આવી જાય છે. પરંતુ એમાં વડીલ આગેવાનોના સમજાવટથી ગુનો (દાવો) આપી એના સમજોતા કરવામાં આવે છે. મહત્વની બાબત એ છે વડીલ આગેવાનોના સમજાવવાથી ઘણા ગંભીર પ્રશ્નનું નિરાકરણ આવી જતું હોય છે અને બળકુ પાસું

એ છે ક્યારેક મારા -મારીનો પ્રશ્ન પણ બની જવા પામતો હોય છે જે અશોભનીય બાબત છે.

રમલીને જોઈને મથુરીએ મોં મલકાવી કહ્યું, “તાજુ સે કે મુટાં ?” રમલીએ જવાબ આવ્યો, “કિમ તમાર હું કામ સે. તમુ તમારું હમાળોન. બિજાની ચંત્યા તમું હું કામ કરો. અન તાર હાહુને લીધે મારે કિતરું હાંમળવું પડ્યું. તમુય કાં બોલવેનું રાખ્યું સે. લાજ વગરનાં હામાં સાલીન બુલવા આવે. તમાર હાતી કુણ વિવાહ કરે. તમારા ઘરનું દુ:ખ પારકાન લાગી જાય ઈવું સે. તમારતાં કુણ આવે...”રમલી કહેતી ચાલવા માંડી. મથુરીએ સામો જવાબ વાળ્યો, “ઈ તે વારા ફિરા સે, આજ હમારતાં મંદવાડ સે કાલ ઉઠીન તમારતાં આવહે. ઈ કોઈના હાથની થુડી વાત સે.”

રમલી ઊભી થઈ ગઈ. એને તો એમજ કે, મારા સવાલનો જવાબ ન આપે પણ મથુરીએ જવાબ આપ્યો તે એને ખટક્યું. એટલે કહ્યું, “તું આજકાલની આવેલી તન હું ખબર પડે કુના સવાલનો તુ જવાબ આલે સે? પસાન તિ મેં ઘણી વખત કિદુ તુ કે તાજે ઘેરથી વઉ લાવ તેની ઝીવા તેવાની ઘેરમાં ની ઘાલી દેવેની! એકનો એક સે ઈજા કરીન ઘણાં મરે. અન તિવું થાયું. બુલવે સાલવેરી થોડી હરખ રાખ.”

મથુરી ઊભી રહી ગઈ અને કહ્યું, “મુદાંની હરમ રાખતાં આવડે સે. ઈતરે હમણાં કંઈ નથ કિવું.”

રમલીએ મોઢું મચકોડતા કહ્યું, “તું હું કિવેની, અન તે પાસી મન કિવાવાળી. કાલથી મોડું ની વતાડતી. મારી વાટમાં ની આવતી. વાંજણી રાંડ, હાહુન પુરી કર દીધી અન પુતેના ધણી ઈપેર બેઠી સે. ઈન પૂરી કરીન પસી હું કરવેરી, પસતે લુકાં ભાઠા મારતાં મારતાં મીલી આવહે. તાજુ ની જાણતી વે. સાંની સપની થાઈન પડી રેને. રીવાય ઈતડા દાડા રે નીત લુકાંન ખબર પડી જાહે ત હમણાં થા નકાડહે...” મથુરીને આખા શરીરમાં વીજળીનો પ્રવાહ વહી ગયો. વીજળીથી લોહી બળી ગયું. કાપો તો લોહી ક્યાંથી નીકળે. પોતાની સાસુ અને પોતાના પુરુષનો ભોગ લેવાનું આળ રમલીએ મથુરીને માથે મૂક્યું. રમલી છાની છપરી બધાંને કહેતી ફરે તેની પણ મથુરીને ગંધ આવી ગઈ હતી અને ઝઘડો કરે તો મથુરીની આબરું જાય તેમ હતું એટલે મોઢામાં આવેલા થૂંકને પેટમાં ઉતારી ગઈ. પોતાના ધણીનો બોગ પોતે લેવાની એવું સાંભળ્યું અને એનું હૈયું એક ઘડી રોકાઈ ગયું. પોતે જવાબ આપતાં ગુચવાઈ. પોતાને જ ડાકણ ગણી, હવે શું કરવું. જવાબ ન મળતાં મથુરી ગૂચવાડામાં પડી. (પૃ. ૨૭)

અંદરથી કોઈક એ પૂજારાના નાનાભાઈ છગન વિશે જાણવા પૂછ્યું, “નાલ ઈ છગનકાકાન કીતરાં સુરાં...” “ઈન તે બે જંડવાં સે. એક તે ભણવા જાય અન બીજો ડગરાં સારવા ઘેર રાખ્યો સે. પિલો ભણાવાવાળો તે હાળો ઘણો અવળો સે, ઘેરનું કામ હુદો કોણે કરવા લાગતો. આખો દન અમથો સોપડી લીન ફર્યા કરે. પાંસો હું કે, તીયાર ની કરું ત માસ્તર મારે. કુણ જાણે કુણ હું ભણાવે સે તી સુરા માસ્તરનું હાંમળે અને આપડું હાંમળતાં કોન. અન નિહાંળનાં સુરાં તે ઈવાં રળ્યાં, એક દન ઈસ ટી આવતાં ભાળીન હાળાં હંતાઈ રહ્યાં. હંતાઈન ભડખાટીન સુરાંત નાહીગ્યાં, ગાડીના પાર કાસ તુઠી પાડ્યા. ગાડીનો ડાઈવર પણ હીવો તી ઠેઠ નિહાળી ગાડી લઈન ગયો. પણ કિવું થાયું ખબર, માસ્તર તે હારો મગોર જુવો, ડાઈવરની અડવા હુદો ની દિધો. ડાઈવરનું ની સાલ્યું ભાઈન ગાડી લીન જાતો રહ્યો. ઈ નિહાળ અમથી સાલું કરી, માસ્તર અન સુરાં હરખાં થાઈ ગ્યાં...” પૂજારાની વાત કાપીને અંદરથી કોઈ બોલ્યું, “અરે ઈ ગાડીવાળો હુદો ઈવો ગામમાં આવે તીરાંનો અમથો ભૂપૂપૂ...ભૂપૂપૂ... કરતો આવે ઈન મચ્છેર સડીતી, ઈ મચ્છેર નિહાળવાળા સુરાંઈ કાડ નાખી.” પૂજારાએ અટકાવીને જવાબ આપ્યો, “ઈન હું સે નાલ દન ઊગ્યો નથીન રુપગ્યા સડ્યા નથી. પુણ ગાડી આવેત તાજુ સે નીતે હાળું ઘણું સાલવું પડે સે.” અંદરથી કોઈ બોલ્યું, “હુત ઈની ગાડીમ કોન

બીહતો, થોડુક સાલ નાખું, ઈ ગાડીવાળો તે અવલ રુપગ્યા લી લે સે. ઈતરામાં તે ઘેરનો હમદા આવી જાય કમાઈન ઈન આલવેનાં." (પૃ. ૪૩-૪૪)

આદિવાસી સમાજમાં ઘણી વખત જાગૃતતાનો અભાવ અને શિક્ષણથી પણ વંચિત એટલે શિક્ષણનું મહત્વ સમજતા નથી માટે જ પૂજારો પોતાનો ધંધો ચાલુ રાખવા શિક્ષણની અવગણના કરે છે. વિદ્યાર્થીઓ નિશાળે જાય તે તેઓને ગમતું નથી અને સાથે સાથે ગામમાં બસ આવે તો પણ તેની અવગણના જોવા મળે છે. કે એમાં કોણ બેસીન જાય રૂપિયા ગણીન આલવા પડે આમ આવી વિચારધારા પણ પ્રવર્તતી જોવા મળે છે. તેથી આદિવાસી સમાજમાં સભાનતા જાગૃતિ લાવવા માટે તથા ખોટી માન્યતા, ખોટા વિચારો દૂર કરવા શિક્ષણ પણ જરૂરી છે. સમાજનો વિકાસ કરવા એના પાયામાં શિક્ષણ અતિ આવશ્યક મહત્વની બાબત ગણાય છે. સમાજમાં સાક્ષરતાનું પ્રમાણ વધે અને નિરક્ષરતા દૂર થશે અને તંદુરસ્ત સમાજનું નિર્માણ થશે. હવે આપણે આદિવાસી સમાજનો વ્યવહાર કેવો છે તેના વિશે ચર્ચા કરીએ.

### ૩.૨ આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેનો વ્યવહાર:

આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેનો નાતો કેવો છે તે કૃતિ સંદર્ભિત તારવીએ. સુંદરલાલ શેઠ ખભે કોથળો મૂકી ગામમાં આવ્યા ત્યારે કોથળામાં

વજનકાંટા સાથે થોડાં ડબલાં અને ગજવામાં થોડાં ફદિયા લાવ્યા તેમાંથી એમણે સુવિધાવાળું પાકું મકાન બનાવ્યું. બજાર દૂર પડતું એટલે આજુબાજુના ગામથી લોકો વેપાર કરવા આવતા. પશાકાકા કોઈકવાર શેઠનો સામાન પોતાના ગાડામાં ભરી લાવતા. શેઠ સાથે એમને સારો સંબંધ હતો, પોતાના મકાનનું ધાબું ભરવાની જાહેરાત સુંદરલાલ શેઠ એક મહિના પહેલાં કરેલી એટલે ઉધાર સામાન લઈ જનાર વગર મજુરીએ ધાબું ભરવા તૈયાર હતા. ફરતા ગામમાંથી મજુરો આવ્યા. લાલસીંગની સાસરીમાંથી એનો સાળો અને સાળાની દીકરી મણી આવ્યાં, પશાની સાસરીમાંથી એનો સાળો આવ્યો. સામાન ભરીને ટ્રકો આવી તેના પર લદાઈને કેટલાંક આવ્યં. સહુથી ઉપરની પાલખ પર વાલકો બોક્ષરની જેમ ઉછળી ઉછળી તગારાં ઝીલતો. મથુરી અને મણી જોડાજોડ ભરેલાં તગારાં ઉપાડીને ઝીલાવતી તેમની ઉપર વાલકાની નજર મંડાયેલી રહેતી. (પૃ. ૯)

આમ સુંદરલાલ શેઠ ગામમાં ફક્ત વજનકાંટા જ લઈને આવ્યા હતા અને ગામમાં ધાબાવાળું પાકું મકાન બાંધી લે છે અને ગામના તથા પરગામના લોકો પણ સુંદરલાલ શેઠને ત્યાં સામાન ખરીદવા આવે છે અને ઉધારે પણ સામાન આપતા તેથી લોકો વગર મજૂરીએ પણ ધાબું ભરી આપવા તૈયાર છે. આમ ગામલોકો અને સુંદરલાલ શેઠ વચ્ચે સુમેળભર્યા સંબંધો જોવા મળે છે.

વાલકો મથુરી સાથે લીમડીના હાટમાં ગયો ત્યાં ઓરાની દુકાન પર મથુરી માટે ઘાઘરો લેવા બેઠો. કાપડનો ઢગલો થઈ ગયો પણ કાપડ પસંદ ન પડ્યું, દુકાનદારને ઉદ્દેશીને વાલકાએ કહ્યું, “શેઠ, તુ જરીક સટકવાળો લાવીન વતાડ. ઈમાં કંઈ હવાદ નથી.” મથુરી પણ વચ્ચે બોલી, “માર તે ઉગડતી ભાતવાળો જુગ્યે, ઈ તે બધા આંદળી ભાતના સે.” વેપારી અંદરથી બાથ ભરીને કાપડનો જથ્થો લાવ્યો ને બરોબર વાલકા મથુરીની વચ્ચે નાખ્યો. તે દેખીને વાલકાએ માથું હલાવ્યું ને કપડાને ખોળતાં બોલ્યો, “મન તે ઈમાંથી પરસન નથી પડતો.” વેપારીએ ઉથલાવીને કાપડ બતાવ્યું. વેપારી વાલકાના મનને પારખી ગયો. લેવાનો નથી એ નક્કી છે. એમ લાગતા વેપારી બોલ્યો, “ઈ તમારથી ની પેરાય... ઈ તે પાનકી પેરે... પાનકી.” લીમડી બજારમાં પાનકીનું નામ જગજાહેર હતું. પાનકી વટવાળી સ્ત્રી. પાનકીનું નામ પડતા વાલકો ભડક્યો, શેઠને સંભળાવ્યું “કાતળાના કાતળા ગણી આલું! ઈ પરમાણે માલ જુગ્યે માલ...” મથુરીને પણ પસંદ ન પડ્યો ને બંને જણ વેપારી સાથે બોલચાલ કરતાં જગ્યા છોડીને બીજી દુકાનમાં દાખલ થયાં. ત્યાં વેપારીએ કપડા ગોઠવેલો બાંકડો બતાવ્યો ને કીધું કે પસંદ હોય તેની પર આંગળી રાખ હું ખેંચી આપું. વાલકા તેમજ મથુરીએ અલગ-અલગ કપડા પર આંગળી રાખી. વેપારીએ બંને કપડાને ખેંચી ખોલીને બતાવતાં

વાલકો બોલ્યો, "હાશ કિવું પડે! નવે સાળેની ભાતસે." ફેરવે ફેરવીને કપડું જોઈ લીધું એટલે વેપારીએ નીચે મૂકીને બીજી ગડી ખોલીને પસંદની અલગ છે એ વેપારીએ જાણી લીધું ને વાલકો ઉધાર તો રાખતો જ નથી તેની પણ વેપારીને ખાતરી હતી. વાલકાને પોરસ ચડાવવા વેપારીએ કહ્યું, "રુપઞ્યા નથી ઈમ કે! બે દન ધિરા લાજે." વાલકો વચ્ચે બોલ્યો, "રુપઞ્યાનો સવાલ નથી, ગમવેનો સવાલ સે." વેપારીએ બંને કપડા વાલકાને બળજબરીથી આવ્યાં ને પૈસા ના હોય તો તારી મરજી પડે ત્યારે આપજે કહી કપડાની ગડી પાડીને વાલકાને પકડાવ્યાં. હા...ના... હા...ના... કરતા લેવાઈ ગયા તે વાલકો અગાઉની દુકાનવાળા વેપારીને બતાવતો આવ્યો. (પૃ. ૧૭-૧૮)

ક્યારેક વેપારી સાથે પણ કપડાંની પસંદગી બાબતે શાંતિથી કામ થઈ જતું હોય છે. ક્યારેક એમાં ઉગ્ર પ્રત્યાઘાતો પણ જોવા મળે છે. જે વાલકો અને મથુરીના પાત્રો દ્વારા જોવા મળે છે.

ગામની નિશાળે ભણાવનાર શિક્ષક રોજ ફળિયામાં આવી મોટી ઉંમરની વ્યક્તિઓને લખવા વાંચવા શિખવાડવાનું કામ કરતા તે એમના સમયે ચહલપહલ જાણી આ તરફ આવ્યા. માણસો ભેગા થયેલા તેમની વચ્ચે આવી ઊભા રહ્યા. "કેમ પશાકાકા આ શું માંડ્યું છે. દવાખાને લઈ ગયા તો દવા લાવ્યા.

દવા લાવ્યા તે આને પીવડાવી કે નહીં ?” કાકાએ જવાબ આપ્યો, “હું કરું માસ્તર ઘણી દવા કરાવી પુણ આ તે ઉઠતો જ નથી અને દવા પણ નથી લેતો. દવા ખવડાવી પુણ કાઈ ગણ કરતી નથી. દવાખાના ન દવાખાના માં તે...” કાકા નિસાસો નાખે છે. માસ્તર એમને સમજાવે છે, “પશાકાકા ડૉક્ટરે જેમ કહ્યું હોય તેમ દવા આપવાની. સમયસર દવા આપશો તો એને સારું થઈ જશે. ના સારું થાય તો મોટા દવાખાને લઈ જાઓ. આજે તો મોટા મોટા દવાખાનાંઓમાં મોટાં મોટાં મશીનો આવી ગયાં છે. ભલભલા રોગને ડૉક્ટરો મટાડી દે છે. કોઈક સારા દવાખાને તપાસ કરાવો.”

“સાહેબ દવાખાને વતાડ્યું પુણ દવાખાનેથી ફેરતી પડ્યો. અન દાક્તરો તે ખાવા હારું મોડાં ફાડે. કીતરાક આલી આલીન આલીયે, પાર નસવાઈ ગયાં તાં હુંદાં ઠેકાણાં નથ પડતાં.” પશાકાકા મંદવાડમાં હઉં કોઈ મદદ કરે. તમારાથી થાય એટલા કરવાના, થોડા ઘણાં હું પણ આપીશ. સગવડ કરીને તમે એને સારા દવાખાને લઈ જાઓ. ઘરમાં માણસ માંદુ હોય તો આપણાથી કેમ રહેવાય. સગવડ ન થાય તો મારી પાસે આવજો. હું જાઉં છું.” કહીને માસ્તર જાય છે. (પૃ. ૪૨-૪૩)

ગામનો શિક્ષક વાલકાની બિમારી પ્રત્યે હમદર્દી બતાવી અને પશાકાકાને વાલકાને દવાખાને લઈ જવાની સલાહ આપે છે તથા દવાખાને લઈ જવા માટે વ્યવસ્થા અને આર્થિક રીતે પણ મદદ કરવા તૈયાર છે તે સમાજનો અને ગામના શિક્ષક સાથેનો પણ ઘરોબો જોવા મળે છે. હવે આપણે આદિવાસી સંસ્કૃતિ વિશે ખ્યાલ મેળવીએ.

## ૪. આદિવાસી સંસ્કૃતિ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે આદિવાસી સંસ્કૃતિનો અભ્યાસ કરતાં નીચે મુજબના વિભાગો પાડવામાં આવ્યા છે. તે આ પ્રમાણે છે. જેમાં ખેતી અને જમીન વિષયક ગતિવિધિ, સામાજિક ગતિવિધિ, આર્થિક ગતિવિધિ તથા સાંસ્કૃતિક ગતિવિધિ તેમાં પણ બારીકાઈથી અવલોકન કરીએ જે વિગતે તપાસીએ.

### ૪.૧ ખેતી અને જમીન વિષયક ગતિવિધિ:

ખેતી અને જમીન વિષયક ગતિવિધિનો કૃતિ સંદર્ભે છણાવટ કરીએ. ઘરની તેમજ ખેતરની જવાબદારી વાલકાની. વાલકો નથી વહુ સાથે કામ ઉકેલતાં શીખી ગયો. નથી વહુ સમજદાર બાપની સમજુ બેટી, ઘરનું સઘળું કામ જાતે જ કરી લેતી. નોકર ચાકરની તેને જરૂર નથી. ખેતરમાં કામ કરતાં સૌની આગળ રહેતી. (પૃ. ૧૯)

પૂજારો આડો પડતાં કહે છે કે, “ઉણનું વરહ તાજુ સે, ગૂં સણા, તાજા પાક્યા. ઉગમણી ધરતી ઈપેર પાક ઉસો સે. આપડતે તાજુ સે પુણ બીજે પાહેત ભૂલ સે. ઈમ ગણવા જાગ્યેત વરહ તાજુ ગણાય.” (પૃ. ૪૯)

ખેતરમાં નિંદામણ માટે રમલી પોતાના દીકરાઓને લઈને આવતી ને કામ સોંપતી, ત્યારે નિંદામણ સાથે પાકનો પણ ઘાણ કાઢી નાખતા. (પૃ. ૨૬)

મથુરી ખેતરથી ઘરે આવી. માથા પર ઘાસનો ભારો હતો તે આંગણામાં નાંખી મોઢું, હાથ, પગ ધોઈ બોલ્યા ચાલ્યા વગર ઘરમાં દાખલ થઈ ગઈ. (પૃ. ૨૮)

ઘરમાંથી પાણી ભરેલો કળશ અને મકાઈના થોડા દાણા મંગાવ્યા. (પૃ. ૩૬)

આદિવાસી ભીલ સમાજમાં ખેતી અને જમીન વિષયક બાબતમાં ખેતરો પોતાના છે. ખેતીમાં ઘઉં, ચણા, મકાઈ વગેરે પાકો કરતા જોવા મળે છે. ખેતીમાં ખૂબ જ મહેનત કરીને નિંદામણ કરી તથા છોરો માટે લીલો ઘાસ-ચારો પણ ખેતરમાંથી જ લાવે છે. આમ આદિવાસી સમાજ ખેતી ઉપર નિર્ભર અને ખેતીમાંથી વિવિધ ઉપજ મેળવે છે. હવે આપણે સામાજિક ગતિવિધિનો ચિતાર મેળવીએ.

**૪.૨ સામાજિક ગતિવિધિ:**

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે સમાજ જુદી ભાત પાડે છે. જેમાં સમાજમાં સુખ દુ:ખના પ્રસંગો, સમાજની રહેણી-કરણી, રીતરિવાજ સમાજના તાણાવાણા તે વિગતે અભ્યાસ કરીએ. વાલકાની નજર દૂર મંડાઈ. એણે કંઈક જોયું, સામે પુર માછલાં આવે તેમ અથડાતો, પછડાતો દોડ્યો. સુંદરલાલ શેઠને ત્યાં ધાબુ ભરતી વખતે ભરેલાં તગારાં ઝીલાવતી છે. એની ખાતરી કરીને પકડી. ઓચિંતાનો હાથ પકડતાં એ બરાડી ઊઠી, સામે ફર્યા ને એકબીજાને ઓળખ્યાં, ઓળખાણ પડતાં એ વાલકાંના હાથે વેલની જેમ વિંટળાઈ ગઈ. એ ફફડતી હતી. પોલીસદાદાના ડંડા રસ્તા પર આવ્યા એટલે કોઈ વજનદાર વસ્તુ કે પદાર્થ બંધિયાર પાણી પર પડતાં પાણી ખસી જાય અને પડેલ વસ્તુ તળિયે બેસે ત્યારે પાણી ફરીને એની સપાટી શોધી લે તેમ માનવો પાછાં આવ્યાં, ને સાંજ સુધી મેળો ફર્યો. વાલકો અને મથુરી સાથે ફર્યા. અને પેટ ભરીને વાતો કરી. આવતીકાલે પશુઓને ખવડાવવા લીલું ઘાસ લેવા નજીકના જંગલમાં આવવું એવા આવવાના અને જાળવાના કોલ કર્યા. પોતાની શેરીમાં આમથી તેમ ફરતાં વાલકાનો મામો સામો મળ્યો. તેણે વાલકા જોડે મથુરીને ફરતાં જોઈ એટલે તરત ઓળખી ગયો, વાલકાને હાથ પકડીને ઊભો રાખ્યો. મામાએ પાવલી આપી તેનું વાલકાએ પાન લીધું તે મથુરી સાથે વહેંચીને ખાધું. વાલકાંના જોડીદાર વાલકાને

શોધતા હતા. વાલકાને મથુરી સાથે ફરતાં જોઈ આડાઅવળા થઈ ગયા, વાલકાને ફરતા જોયો. મથુરીના સંબંધીઓ મળ્યા, તેમને મથુરી સોંપી પોતાની ટોળીમાં ભળી વાલકો ઘર તરફ વળ્યો. સાથીદારોએ રસ્તામાં ખીજવ્યો એટલે હાથમાં વાંસળી ને દોડતો બધાથી પહેલો ઘરે પહોંચ્યો. જમવાનું તૈયાર હતું. જમીને થોડીવાર આમથી તેમ આંટા માર્યા. ભાઈબંધ ખીજવતા એટલે તેમને મળવાનું ટાળ્યું. આવતીકાલના વિચારોમાં આખીરાત જાગ્યો. મથુરી સાથે એકાંત મળતાં થોડો સમય ઊભાં રહ્યાં અને કાલે મળવાના કોલ આપેલા તે યાદ આવ્યું, દૂર સુધી જતાં હાથ ઊંચાં કરેલા તે મથુરી નજરમાં રમવા લાગી, એકબીજાને આપેલો કોલ પાળવા રાત્રીમાં ટળવળ્યાં રાત્રી લંબાઈ. વહેલી સવારે દાંતરડાં ઉંચકાયાં, રણમેદાનમાં યોધ્ધા સામે લડવાની તૈયારી કરી લીધી. ઘરેથી નીકળી થોડે ચાલ્યાં ત્યાં ઝડપ વધી, દોડતાં સ્થળ પર પહોંચ્યા, એકબીજાને નજીક આવ્યાં ને હાંફળાંફાંફળાં કોઈ દેખી જાય એવા ડરથી આજુબાજુ ફરીને જોઈ લીધું. એકબીજાની સામે જોઈ ઊભાં રહ્યાં. દાતરડું દૂર ફેંકી દાંતી દેતી દૂરથી દોડતી આવીને દોરડાની જેમ વાલકાના ગળામાં વાગોળ થઈ વળગી, વાલકાએ કમરમાંથી ઊંચકીને પકડી. એક ક્ષણ કોઈએ વાત ન ઉપાડી. મથુરીએ આનાકાની કરી, ખાખરાનાં ઝાખરાંની વચ્ચેની જગ્યામાં જતાં રહ્યાં.

ઝીણું ઝીણું ઘાસ હાલ્યું. આકાશ અને પાતાળ એકરૂપ થયું. થોડીવારમાં પાણીનું બાષ્પ બની ગયું. ધીરે ધીરે ક્ષિતિજો ખુલી ત્યારે હવાનો સ્પર્શ થયો. ઘાસ કાપીને ભેગું કર્યું. વાલકાએ પોતાનો ભારો બાંધ્યો ને તેની ઉપર બેઠો. મથુરીને પકડી પાસે બેસાડી વાતો કરી. (પૃ. ૧૦-૧૧)

વાલકો અને મથુરી વચ્ચે પ્રેમનું પગરણ મંડાય છે. મેળામાં જાય છે, સાથે ફરે છે. વાલકો મથુરીને પાન પણ ખવડાવે છે. તથા રાનમાં એકાંત જગ્યાએ પણ મળે છે. પ્રેમની નાવમાં ડૂબીને પ્રેમની ઘણી બધી વાતો કરે છે. આમ સમાજમાં પ્રેમનું પ્રકરણ પણ પ્રગટ થાય છે. જે સમાજની જ ગતિવિધિ ગણાય છે.

લગ્નની તૈયારીઓ થઈ ગઈ. ઢોલ ઢબુક્યા, શરણાઈના સૂર રેલાયા, સગાસંબંધીઓ મારતે ઘોડે આવી પહોંચ્યા ને ટૂંક સમયમાં તો મંગળફેરા થશે એની રાહ જોતાં. રેલ્વેની લાઈન જેમ પગે ચાલીને નાચતી કુદતી, ધુમ ધડાકા કરતી વાજતે ગાજતે વાલકાની જાન મથુરીને લેવા એને ગામ પહોંચીને મંગળ ઘડીઓ ગાવા લાગી. કાન નીચેનાં ગાલમાં ઝીણી ઝીણું મલકાતી ને ઘરના ખૂણામાં બેઠી મથુરી પાઘડાવાળા વરરાજાને વિચારોથી પોતાના હૈયામાં ઉતારી શરીરે લગાવેલી હળદરને જોઈ અકળાઈ જતી ને અંદર બહાર ફરનારાની ચાલ કે ચમક દમકને તાકીને તાજગી અનુભવતી. હવે પછી બનવાના વિચારોમાં ખોવાઈ

જતી ને આડુંઅવળું જોઈને મલકાતી. આવો ભાવ અનુભવતા નજીકથી કોઈક જોઈ જાય તેની બીક લાગતી એટલે નજરને ચકોર રાખતી. પોતાના મનના માણીગરને મનાવવામાં મનમાં મનસુબા ઘડીને મનમાંને મનમાં મમળાવતી, મળવાની એને અધિરાઈ હતી પણ વિધિએ સમયમાં બાંધી એટલે અકળાઈ ઉઠતી. વહેલી સવારે મંગળફેરા થયા. લંકામાં ચઢી ગયેલી શ્રી રામની વાનરસેના જેવી વાલકાની જાન માંડવામાં મથીને મથુરીને લાવી વાલકાના ખોળામાં નાખી.

વાલકો મથુરીના સંગે નળ દમયંતીની કથાને ભૂલાવી દીધી ગામના લોકો વાલકા મથુરીના જોડાનાં વખાણ કરતા. ગામમાં પશાની શાખ વધી. ગામમાં સારો પ્રસંગ કે નજીકમાં કોઈ તહેવાર ઉત્સવ હોય ત્યાં મથુરી વાલકાનું જોડું અવશ્ય જોવા મળે. (પૃ. ૧૫-૧૬)

મથુરી વાલકાના લગ્ન લેવામાં આવે છે. ધામધૂમથી લગ્ન થતાં પશાકાકાનું સમાજમાં માન-આબરૂ પણ વધી જાય છે. લગ્ન પણ સમાજની ગતિવિધિ છે.

લગ્નના બીજા વર્ષે પશાને ઘર પારણું બંધાયું ત્યારે પશાએ આખા ગામને ગળ્યું મોઢું કરાવ્યું. ખોળામાં બાળક રમતું થયું, હરખઘેલો પશો ઊછળી ઊછળી રમાડતો. ગામના જુવાનિયાઓ પશાની ગમ્મત કરતાં વાલકો આંગણામાં રમતો ત્યાંથી પસાર થનારા એની સામે ટચકારો કરી જતાં. દાદીના ખોળામાં ખૂંપેલા

વાલકાને જોવા ફળિયાનાં બાળકો હાથ લાંબા કરી વાલકાને ખેંચતાં નાનાં છોકરાં જોડે ખેલ કરવાનું વાલકાને ગમતું. વાલકાના જન્મથી પશાકાકાનું ઘર ભર્યું ભર્યું લાગતું. આડોશી-પાડોશી તેમજ સગા-સંબંધીઓ વાલકાને રમાડવા આવતા. બધાનો એ લાડકવાયો અને વ્હાલો. એટલે વાલકો નામ રાખ્યું. (પૃ. ૫-૬)

બાળકનો જન્મ થતાં પશો આખા ગામને ગળ્યું મોઢું કરાવ્યું ફળિયામાં, ગામમાં ખુશીનો માહોલ બની જાય છે. સમાજની આ નોંધનીય બાબત છે.

ગામમાં સંપ રહેતો, સુખદુ:ખમાં વેરઝેર ભૂલી ખભેખભા મિલાવી કામ કરતા એટલે ખબર પડતાં બીમાર માણસની ખબર લેવા ન જવાય તો અંદર ઝંખવાતા તે આ ઘરની મુલાકાત લેવા માટે સમય કાઢીને કોઈ નિશ્ચિત સમય વગર ચાલ્યાં આવતાં. આખો દિવસ કામ કરીને થાકેલાઓને સાંજનો સમય માફક આવતો તે બે ઘડી ઘરે આવી બેસતા. કેટલાંક પૂછપરછ કરતાં ને હવે પછી શું કરવાના છો તે જાણી લેતાં તો કેટલાંક સલાહ પણ આપી જતાં. (પૃ. ૪)

દિવસે લોકોની ચહલ પહલ રહેતી. ખબર અંતર જોવા સગા-સંબંધીઓ આવતા તે બે ઘડી બેસી આશ્વાસન આપી જતાં. (પૃ. ૩)

આદિવાસી ભીલ સમાજમાં એક સારી બાબત આ છે કે ગામમાં સંપ રહેતો સુખદુ:ખમાં સાથે રહીને ખભેખભા મિલાવીને કામ કરે છે. વેરઝેર ભૂલીને બિમાર

માણસની ખબર કાઢવા પહોંચી જતા, ખબર કાઢવા ન જવાય તો મનમાં મૂંઝાતા આમ સમાજમાં પ્રેમની ભાવના જીવંત છે. એકબીજાને સાથ-સહકાર, નિખાલસતાની ભાવના, એકતાની ભાવના, વહેંચીને ખાવું, સમજીને રહેવું જેવાં ઘણાં સારાં ગુણો, મૂલ્યો તત્વો સમાજમાં છે. તેને સાચવી લેવાં જોઈએ.

રમલી વાલકાની વાત જાણી ત્યારે વાલકાને પોતાના ઘરે બોલાવી સમજાવવા પ્રયત્ન કરી જોયો અને વાતને પડતી મૂકવા પણ કહ્યું, “મોટા માણસોની વાત તમારે સાંભળવી પડે, ને બે માણસ કહે તેમ કરવાનું. તમારી ઇચ્છાથી તમે કરો તે અમને પસંદ નથી, સમાજમાં બેઠા એટલે પાંચ માણસની સલાહ સાંભળવી પડે. સમાજનું તમે ના સાંભળો તો કાલે ઊઠીને વહેવારમાં તકલીફ પડે તો સમાજ મદદમાં ન આવે ને તમારી વાત ધ્યાનમાં ન લે ત્યારે જાતે નિર્ણયો લેવા પડે. આમ કરતા ફસાઈ જાઓ તો કોઠીમાં મોઢું ઘાલી રોવાના દહાડા આવે. વાત નાની લાગે પણ કંઈ ઊભું થાય ને મોટું બને ત્યારે ખબર પડે. તમે તકલીફમાં મૂકાઓ તો સમાજ વગર તમને કોણ બચાવે ? એટલે બે માણસને બતાવી વ્યવહાર નક્કી કરવો. તુ જુવાન છે ને તે પસંદ કરી બરોબર પણ કોઈને પૂછવું તો હતું. અને અમે ક્યાં તારા દુશ્મન છે? મને ના કહે તો તારા કાકાને તો વાત કરવી હતી. અરે કલસીંગ તે તારો ભાઈબંધ છે, એને વાત કરી

હોત તો, લગ્ન થાય તે પહેલાં વાતને પડતી મૂકવા કહી દે, જિંદગીમાં એક વખત સબંધ બંધાય અને તે પણ લાંબો વિચાર પછી ખોટા નિર્ણયો લેવાય ને સબંધ તૂટે તો બીજી વાર કોઈનું ના સંધાય. અમે તારા માટે ક્યારના તપાસ કરતા હતા. તને શોભે, ઘરમાં શોભે, આપણા સબંધીઓમાં ભળી જાય તેવું માણસ જોઈએ. કાલે ઊઠીને વાંધો પડે તો કોને કહેવા જવું?" (પૃ. ૭)

રમલી વાલકાને સમજાવે છે કે લગ્ન કરતાં પહેલાં વડીલોની સલાહ લેવી સમાજમાં બે પાંચ માણસોને મળી પછી છોકરી નક્કી કરવી. અનુભવી માણસોને પૂછીને પછી છોકરી નક્કી કરવું, તો ગમે ત્યારે મુશ્કેલી આવે તો સમાજના માણસો મુશ્કેલીમાં સાથ આપે નહિ તો પછતાવાના વારા આવે આદિવાસી ભીલ સમાજમાં આ એક સારી બાબત છે કે જ્યારે લગ્ન કરતાં પહેલાં છોકરી નક્કી કરતાં પહેલાં સમાજના વડીલોની સલાહ લેવી તે ક્યારેક મોટી આફતથી બચી શકાય છે જે સમાજની વંદનીય બાબત છે.

મણીનો ભાઈ કલસીંગ રમલીને ઘરે અવાર નવાર આવ્યા કરતો તે રમલીને ખેતીના કામમાં મદદ કરતો, એને વાલકા સાથે દોસ્તી થઈ ગઈ. ખેતરમાં કામ કરતાં ભેગા બેસી ચલમ પીતા ને ગપાટા મારતા. રાતે ખેતરની ચોકી કરવા જતા ત્યાં જોડે બેસી વાંસળી વગાડતા. આજુબાજુનાં ગામે લગ્નપ્રસંગ

થતો ત્યાં જોડે બેસી વાંસળી વગાડતા. આજુબાજુનાં ગામે લગ્નપ્રસંગ થતો ત્યાં બંને જોડે જતા ને આનંદ કરતા. (પૃ. ૧૩)

આદિવાસી સમાજમાં એક વખાણવા યોગ્ય બાબત એ છે કે પોતાના ખેતરમાં કામ પૂરું થઈ જાય ત્યારે અન્યના ખેતરમાં મદદ કરવા જવું સાથે મળીને ખેતરનું કામ કરતા હોય છે જે સમાજની ઉત્તમ બાબત ગણાય છે.

આદિવાસી ભીલ સમાજમાં લગ્ન પ્રસંગ હોય, દુ:ખનો પ્રસંગ હોય, બિમાર વ્યક્તિની ખબર કાઢવા જવું, બાળકનો જન્મ થયો હોય ત્યારે તથા ખેતરમાં કામ કરવા મદદ કરવા જવા, લગ્ન નક્કી કરતાં પહેલાં વડીલોની સલાહ લેવી, ગામમાં સંપ રહેતો સુખ દુ:ખનો પ્રસંગ આવે ત્યારે ખભેખભા મિલાવીને કામ કરવું સમાજમાં પ્રેમ અને એકતાની ભાવના જોવા મળે છે જે સમાજની ગતિવિધિમાં સારાં ગુણો, મૂલ્યો જોવા મળે છે. હવે સમાજની આર્થિક ગતિવિધિ તપાસીએ.

### ૪.3 આર્થિક ગતિવિધિ:

'મંડોળ'માં આદિવાસી ભીલ સમાજનું આર્થિક પાસું આર્થિક પરિસ્થિતિ કેવી છે તે વિગતે જોઈએ. પશાનો ભાઈ પારસીંગ એના પુત્ર હવસીંગ સાથે કાયમ બહારગામ મજૂરી કરતો તે વાર તહેવારે કે પ્રસંગે ઘરે આવી જતા ને દરેક કાર્યમાં ભાગ લેતા. (પૃ. ૫૪)

ધંધા રોજગાર માટે ગયેલા ને ત્યાં જ સ્થાયી બનેલા તે પણ ડરના માર્યા ગામમાં આવ્યાં. બપોર સુધી તો અલગ - અલગ ટોળીઓ આવી. (પૃ. ૨૯)

દુષ્કાળના વર્ષે સરકાર કેરસીટી કાઢે તેની વાત થતી હતી ત્યાં પશાએ વાતને ઝડપી લીધી.

"કેરસીટી કાં સેરમાં કાઢે...? ઈનાંન હું જરૂર... દકાળ પડે તી સેરમાં થુડો પડે... સેરવાળા વટથી બીઠા બીઠા ખાય."

મથુરી બાજુમાં બેઠી સાંભરતી હતી તે વાતમાં જોડાઈ. "લુકાં કે સે ગાંધીબાપુએ આજાદી અલાડીન ઘણાં વરહાં થયાં પુણ આપડાં લુકાં ઈપેર કોન આવતાં... કાંથાં આવે, મન તે ઈ સરકાર સહાય અન લુન આલે ઈમાં ભૂલ લાગે સે નીતે ઈતરાં વરહાં થાયાં ત્યાં હુંદા..." (પૃ. ૫૬)

કેરસીટીમાં તળાવમાં મજુરી કરવા આવતા મજુરોને લાકડી લઈ ઊભો ઊભો માટી નંખાવતો. ફરતા ગામોના લોકો હુમજીને ડાંડ તરીકે ઓળખતા. બપોરે તડકો થયો હોય એ વેળા નજીકના વાસમાંથી બાંધેલા મંડપમાં બેસતાં ને કપડામાં બાંધીને લાવેલા રોટલાની પોટલીઓ છોડીને ખાતા હુમજી હાથમાં રોટલા લઈ આખા મંડપમાં ફરતો ને ખાતાં સ્ત્રીવર્ગ ઘુમટો તાણી રોટલાને સંતાડીને ખાતો, એમનો મંડપ કેવો! જેવા મજૂર એવો મંડપ! સરકાર માણસોને જોઈને સગવડ કરે!

પાણી પીવા માટીનો ઘડો કે માણ રાખે તેના પર આડો હાથ રાખી પાણી પી લેતા. હુમજી ડાંડ બપોરે મંડપમાં બેસતો ને ગપાટા મારતો, પોતે લાવ્યો હોય તે શાક બીજાને આપતો અને એકબીજાનું શાક લઈને ખાતો, ગામ પરગામના લોકો સાથે બેસીને ખાતા ને રોટલા શાકની આપ લે કરતા. (પૃ. ૬૬)

આદિવાસી ભીલ પ્રજાની આર્થિક પરિસ્થિતિની સમાલોચના કરતાં લોકો ગામ છોડીને દૂરના શહેરમાં મજુરી માટે જાય છે. તથા અમુક લોકો ધંધા રોજગાર માટે શહેરમાં સ્થાયી થયેલા પણ જોવા મળે છે. ક્યારેક ક્યારેક દુષ્કાળની પરિસ્થિતિ સર્જાતા સરકાર રાહતકામો કાઢી લોકોને મજૂરી, રોજગારી પૂરી પાડે છે. આદિવાસી ભીલ પ્રજાની સારી ભાવના એ પણ છે કે દુષ્કાળગ્રસ્ત પરિસ્થિતિમાં પણ એક મંડપ નીચે બેસીને જમતા અને એકબીજાની સાથે રોટલા શાકની અદલા-બદલી કરી જમે છે. જે કુટુંબની ભાવના જગાવે છે. આમ આર્થિક પરિસ્થિતિ એટલી સારી નથી એ કૃતિના અભ્યાસ પરથી તારવી શકાય છે. હવે સાંસ્કૃતિક ગતિવિધિ વિશે તાગ મેળવીએ.

### ૪.૪ સાંસ્કૃતિક ગતિવિધિ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે કૃતિનો સાંસ્કૃતિક ગતિવિધિનો અભ્યાસ કરતાં નીચે મુજબના પેટા મુદ્દાઓને આવરવામાં આવ્યા છે. જેમાં

આદિવાસી ભીલ સમાજનાં લોકગીતો, ઉત્સવો, રીતરિવાજો, આવકારવાની રીત, પોશાક, વ્યસન - ટેવો, રહેઠાણ, ખાણીપીણી, અંધશ્રધ્ધા વગેરે જેનો વિગતે અભ્યાસ કરીએ.

**૪.૪.૧ લોકગીતો:**

આદિવાસી ભીલ સમાજના ગીતોનો લલકાર આ પ્રમાણે જોવા મળે છે. પાનકી સામેના કિનારે પાનવાળાની દુકાન પર જઈ ઊભી રહી ગઈ અને થોડી થોડીવારે પાછું વળીને વાલકા તરફ જોયા કરે. વાલકાએ પોતાના હાથમાં વાંસળી હતી તે હોઠે પર ધરીને ફૂંક મારી અને ત્યાં જ ઊભો ઊભો વાંસળીમાં ગીત ગાવા માંડ્યો.

ફુલ ફુલાળી ડાંડી ફૂલા રસિયા...
સપના હરકો સાળો ફુલા રસિયા...
પડીગ્યો ડંડુ કાળ કુતા રસિયા...
કુઠે ધાનડ ખુટ્યાં કુલા રસિયા...
નદિયે નિરાં હુક્યાં કુલા રસિયા...
કૌડે પાણી ખુટ્યાં કુલા રસિયા...
વગડે ખડલી હુકી કુલા રસિયા...

મનખાં મર્યા જાહે કુલા રસિયા...

કુવારી રંડાહે કુલા રસિયા...

મનખાં વાગી જાહે કુલા રસિયા...

સપના હરખો સાળો કુલા રસિયા...

વાંસળી વગાડતો વાલકો કેટલીક વખત એક પગ ઊંચો કરતો ને આજુ-બાજુ ફરી જતો. આમ લોકગીતો લોકોમાં નવો ઉમંગ અને વાંસળી વગાડી પોતાની લાગણી, આનંદ, ઉત્સાહ અભિવ્યક્ત કરે છે અને જીવન ઉમંગભર્યું, રસભર્યું ગીતમય, મધુર સુરીલું બને છે અને હવે મેળાવડા વિશે ઝાંખી કરીએ.

**૪.૪.૨ મેળાવડા:**

'મંડોળ'ના સંદર્ભે આદિવાસી ભીલ સમાજના મેળા વિશે પરિચય મેળવીએ. ગોકુળ આઠમનો મેળો ભરાવાને થોડા દિવસ બાકી હતા. એટલે ઊંડે ઊંડે મળી જવાની આશા. વાલકાએ ઘણા દિવસ સુધી વાંસળી શણગારી. આઠમના દિવસે વહેલો ઊઠી ચાલતી પકડી. જોડાજોડ વાંસળી વગાડવા એના સાથીદારોએ એને રોક્યો. એકસરખી ભાત ભરેલો એમનો પોશાક ને વાંસળીનો શણગાર શ્રીકૃષ્ણ જન્મનો સાક્ષાત્કાર કરાવતો. ઊભી વાટે વાંસળી વગાડતા મેળામાં પહોંચ્યા. વાંસળી વગાડતી વખતે વાલકાના સાથીદારો એની સાથે હતાં. તેમની નજર

ચૂકવીને વાલકો વાંસળી વગાડતો ગોળગોળ ફરતો ને દૂર સુધી નજર ફેરવી લેતો. સાથીદારોને રોજ કરતાં વાલકો અલગ લાગ્યો. ટોળીઓ જમા થઈ ને થોડીવારમાં આખું બજાર લહલહવા માંડ્યું. ઠાંસી ઠાંસીને કુગ્ગામાં હવા ભરી હોય એમ બજારમાં માનવ ભરાયાં. બજારના એક છેડાથી બીજા છેડે જતાં પરસેવો પડી જતો, છતાં ટોળિઓ ફર્યા કરતી. વાંસળીવાળા એકસરખા સૂરમાં વાંકા વળી વગાડે જ્યારે યુવતીઓ ટોળીબંધ ગીત ગાતી ફરે. ધક્કામુક્કી કરતાં જાય, મોટેથી કિકિયારીઓ પાડતાં જાય ને આખો મેળો હેતે ચડ્યો. ચકડોળ, ચકરડી ને જાદુગરના ખેલવાળા અને બાજુથી ભુંગળા વાગે તે વધારાનાં. વેપારીઓ બુમ પાડીને પોતાનો સામાન ખપાવતા. મેળો બરોબર જામ્યો ને હલકું પડ્યું. (પૃ. ૯-૧૦)

મેળો જામ્યો છે. યુવક-યુવતિ સરખી ભાત ભરેલો પોશાક પહેરીને સજ્જ યુવકો વાંસળીને કેટલા દિવસથી મેળામાં જવા માટે શણગારીને તૈયાર રાખી હોય છે. બધા જ યુવકો સાથે હારબંધ વાંસળી વગાડી યુવતીઓ પણ હારબંધ ગીત ગાતી નાચગાન કરે છે અને મેળામાં માનવ-મહેરામણ ઊભરાયું છે. ચકડોળ, ચકરડી ને જાદુગરના ખેલવાળા, વેપારીઓ પણ બૂમ પાડી સામાન ખપાવતા

હતા. આમ મેળો ભરાતા આદિવાસી સમાજ ઉત્સવપ્રિય બની જાય છે. હવે આદિવાસી સમાજના રીતરિવાજો કેવા છે. તે અભ્યાસ કરીએ.

### ૪.૪.3 રીતરિવાજો:

દરેક સમાજમાં પોતાના રીતરિવાજો હોય છે. આદિવાસી ભીલ સમાજના પણ રીતરિવાજો કેવા છે તે વિગતે ચર્ચા કરીએ. કાજળી ભરવી (પૂજારો જાહેરમાં લોકો સામે ધૂણતાં ધૂણતાં હકીકતને માટે કોઈ વ્યક્તિનું નામ પડે તેને કાજળી ભરવી કહે છે જે વ્યક્તિનું નામ પડે તે સર્વમાન્ય રાખવું પડે એવો પરાપૂર્વથી ચાલી આવેલો નિયમ છે.) (પૃ. ૫૭)

આદિવાસી ભીલ સમાજમાં કાજળી ભરવાનો નિયમ (રિવાજ) છે, પૂજારો જાહેરમાં ધૂણતાં કોઈ વ્યક્તિનું નામ પડે તો તેને સર્વમાન્ય ગણી લેવું માની લેવું એ અંધશ્રધ્ધાનું પ્રતીક બની જાય છે. આવા રિવાજોને જડમૂળથી ઉખેડવા સચોટ ઉપાય હાથ ધરવા જોઈએ. હવે આપણે આદિવાસી ભીલ સમાજમાં આવકાર આપવાની કેવી રીત છે તે વિગતે ચકાસણી કરીએ.

### ૪.૪.૪ આવકાર:

આવનારાઓને પાણી પાયું. હુક્કાના ધુળાડા નિકળ્યા. ચલમ ભેગી ભેગી ફરતીને વાતો થઈ ચા-પાણી કરીને લોકું વિખેરાયાં. (પૃ. ૨)

વાલકો બિમાર હોવાથી વાલકાના ઘરે બધા લોકો વાલકાના ખબર-અંતર પૂછવા માટે આવે છે. આદિવાસી સમાજમાં આવકાર આપવાની સારી રીત છે, કે જ્યારે કોઈ વ્યક્તિ બિમાર પડે ત્યારે સગાવ્હાલાં આજુબાજુ ગામના લોકો ખબર પૂછવા માટે આવે છે. ત્યારે સુખદુ:ખના પ્રસંગોએ શાબ્દિક કે અશાબ્દિક આવકાર આપવામાં આવે છે. એમાં ખાસ કરીને હુક્કો, ચલમ, ચા-પાણી આપીને એનો આવકાર કે આગતા-સ્વાગતા કરાય છે. આદિવાસી સમાજમાં આવકારવા માટેની ખૂબ જ સારી પ્રણાલી ગણાય છે. આદિવાસી સમાજનો પોશાક કેવો છે તે વિગતે જોઈએ.

**૪.૪.૫ પોશાક:**

સુસજ્જ પોશાકમાં આદિવાસી સમાજનું જીવન ધબકતું હોય છે. સુંદર વસ્ત્રોનું પરિધાન એ એમની આગવી ઓળખ પ્રતિભા ઉપરથી આવે છે જેની ભાળ મેળવીએ. વાલકો માથે મોટો ફેટો બાંધતો. બાંધવાની રીત પણ કેવી ! એક છેડો દાઢી નીચે દબાવી પટ્ટી પાડી માથા ફરતે આંટી દઈ બીજા છેડાનો એક ફૂટ જેટલો ભાગ ઉપરની બાજુ ઊભો ખોસી દેતો. ફેંટાના છેડાવાળી કિનાર પર ભાત ભરાવતો. જુદો દેખાઈ જવું એ એમની મનોકામના હતી એટલે તો વાલકો પોતાની બંડીમાં જાતજાતના ફૂલ ભરાવવા જુદા - જુદા રંગના દોરાની પસંદગી

કરી બંડીમાં ભરાવીને પહેરતો. મથુરી દસ હાથની લંબાઈનો ઘેરવાળો ઘાઘરો પહેરતી અને માથા પર રંગબેરંગી ઓઢણું ઓઢતી. સારા પ્રસંગે નવાં કપડા પહેરી ઊભી રહેતી ને અન્ય સ્ત્રીઓને લલચાવતી. વાલકો દસ હાથ લાંબું ભરેલી કિનારવાળું ધોતિયું પહેરતો. કપડાને ખખડાવતી ને અક્કડ રાખતી એટલે આવું કાંજી ભરેલું ધોતિયું વાલકો પસંદ કરતો ને પહેરતો. (પૃ. ૧૬)

સ્ત્રીવર્ગ ઘુમટો તાણી રોટલાને સંતાડીને ખાતો. (પૃ. ૬૬)

આદિવાસી ભીલ સમાજમાં ભાઈઓ અને બહેનોના પહેરવેશમાં ભાઈઓ માથે ફેંટો, બંડી અને ઘોતીયું એ ભાઈઓનો પહેરવેશ છે. બહેનોમાં ઘેરવાળો ઘાઘરો અને માથે ઓઢણી ઓછી ઘુમટો તાણી વડીલ વર્ગની માન-મર્યાદા જાળવતી હતી. આમ આદિવાસી ભીલ સમાજમાં વસ્ત્રો પરિધાનમાં વિવિધતા જુદી ભાત જોવા મળે છે. સાથે સમાજમાં વ્યસન ટેવો પણ કેવી રીતે વણાયેલી છે, તેની પણ ચકાસણી કરીએ.

### ૪.૪.૬ વ્યસન અને ટેવો:

આદિવાસી સમાજમાં વ્યસન એ કેવી રીતે ટેવગત લક્ષણ બની જાય છે તે તપાસીએ. પૂજારાને યાદ આવ્યું આખી રાત બેસવાનું છે. એટલે પોતાને તેમજ સાથીદારોને ભાંગ બીડી જોઈશે તેની વ્યવસ્થા છે કે નહીં તે પશાને પૂછીને છોકરા

જોડે મંગાવી. ટોળામાંથી પણ ભાંગ બીડી મંગાવવાની બૂમ પડી તે સાંભળી છોકરો ચાલવાની તૈયારી કરે ત્યાં પૂજારો બોલ્યો, "મારા હારું પીલી ઘોળી લીતો આવજે." છોકરાને ખબર ના પડી એટલે સામે પૂછ્યું, "કઈ બાબા પૂજારા..." ટોળામાંથી કોઈએ જવાબ આપ્યો. "ઓહો...હી...પી...લી...ઉફીસમાં પેલા સાઈબ તે દન પીતતાની...ઈ... પીસ્ટોલ...લ. (પૃ. ૩૯)

પશો ચલમ ભરી આવતો. હવસીંગ પણ હુક્કાપાણી આપવામાં મદદ કરતો. (પૃ. ૫૦)

ફક્ત વાતો કરવી છે તે ઘરના આંગણામાં બેઠા હુક્કા ને બીડીની જ્યાફત ઉડાડતા. (પૃ. ૪૨)

લાલસીંગ પાદરમાંથી પાછો આવી કપડાની થેલીમાં થોડી તમાકુ અને બજારથી લાવેલી બીડીઓ મૂકીને કમરમાં ખોસી દીધી. (પૃ. ૬૪)

કલસીંગ અને વાલકા વચ્ચે દોસ્તી થતાં. ખેતરમાં કામ કરતાં ભેગા બેસી ચલમ પીતા ને ગપાટા મારતા. (પૃ. ૧૩)

હુક્કો ઠંડો પડે તે પહેલાં પાછો સળગી જતો. (પૃ. ૩)

આદિવાસી સમાજમાં એક બળકું પાસું એક દૂષણ કે જે પરંપરાથી ચાલી આવેલું વ્યસનનું તત્વ જેમાં ભાંગ, બીડી, ચલમ, હુક્કો, બ્રિસ્ટોલ વગેરેનું સેવન

કરવામાં આવે છે અને જે દરેક પસંગોએ આ વસ્તુ લાવવામાં આવે છે. જેનું તંદુરસ્ત વ્યક્તિત્વ સમાજનું ઘડતર કરવામાં અવરોધરૂપ પરિબળ છે. જેનો બુલંદ અવાજે વિરોધ કરી દૂર કરવાના પ્રયાસો આદરવા જોઈએ અને મનમાં દૃઢ સંકલ્પ સાથે સુંદર સંસ્કારી નગરી, સમાજનું નવનિર્માણ કરવું જોઈએ. હવે આપણે આદિવાસી ભીલ સમાજનું રહેઠાણ કેવું છે તેની પણ ઝાંખી કરીએ.

**૪.૪.૭ રહેઠાણ:**

દાહોદ જિલ્લાનો મધ્યપ્રદેશ અને રાજસ્થાનની સરહદને સ્પર્શ કરતો. આદિવાસી ભીલ સમાજની રહેઠાણની વિશિષ્ટતા આ પ્રમાણે છે. એનું ઘર ગામના છેવાડા ફળિયામાં દૂર એટલે ગામના કેટલાક લોકો એનાથી અજાણ હતા. (પૃ. ૩૬)

આખો દિવસ કામ કરી થાકેલા લોકો દિવાલને ટેકે બેસી ગાવામાં સૂર પૂરાવતા તે ઝોકાં ખાતાને કેટલાક એકબીજાની ટિખળ કરતા.

પૂજારો જમીને ઘરની આગળ માટીની બનાવેલ નાની ઓટલી પર બેઠો. આખી મંડળી પૂજારાની ફરતે બેઠી ને વાતો કરતી. (પૃ. ૪૯)

રમલી પોતાનો ભાંડો ફૂટી જશે એવા ડરની મારી ફફડી ઉઠીને બારણા

વચ્ચે સંતાઈને બારણાની તડમાંથી જોવા પ્રયત્ન કર્યા. (પૃ. ૩૫)

વાલકાના સાથીદારો આવ્યા ને તેમણે છાપરા પર લાડકીઓ ઠોકીને નળિયાનો ભૂક્કો બોલાવ્યો. (પૃ. ૧૪)

આમ, આદિવાસી સમાજના રહેઠાણની ભિન્નતા જોવા મળે છે. રહેઠાણ માટે ઘર ઈંટોની દિવાલ છે. છાપરા ઉપર માટીનાં નળિયાં ઘરમાં જવા-આવવા માટે દરવાજો જેમાં તડ હોય એટલે અંદરથી બહાર અને બહારથી અંદર જોઈ શકાય છે અને દરવાજાની આગળ માટીની બનાવેલ સુંદર મજાની નાની ઓટલી જેની ઉપર માટીનું સુંદર મજાનું લીંપણ હોય જેની ઉપર બેસવા માટે આપણું મન પણ લલચાય. જેમ આપણા હાથની આંગળીઓમાં સરખાપણું છે. પરંતુ તેમાં આવેલી રેખાઓમાં ભિન્નતા જોવા મળે છે. તેવી જ રીતે આદિવાસી સમાજના રહેઠાણની સામ્યતામાં ભિન્નતા જોવા મળે છે. હવે આદિવાસી સમાજની ખાણીપીણીની રીતો વિશે વિગતે તારવીએ.

**૪.૪.૮ ખાણીપીણી:**

આદિવાસી ભીલ સમાજમાં ખોરાકની શી વિશિષ્ટતા છે તેનો વિગતે અભ્યાસ કરીએ. બપોરે તડકો થયો હોય એ વેળા નજીકના વાંસમાંથી બાંધેલા મંડપમાં બેસતાં ને કપડામાં બાંધીને લાવેલા રોટલાની પોટલીઓ છોડીને ખાતા હુમજી

હાથમાં રોટલો લઈ આખા મંડપમાં ફરતો ને ખાતો. સ્ત્રીવર્ગ ઘુમટો તાણી રોટલાને સંતાડીને ખાતો, પાણી પીવા માટે માટીનો ઘડો કે માણ રાખે તેના પર આડો હાથ રાખી પાણી પી લેતા. હુમજી ડાંડ બપોરે મંડપમાં બેસતો ને ગપાટા મારતો પોતે લાવ્યો હોય તે શાક બીજાને આપતો અને એકબીજાનું શાક લઈને ખાતો. ગામ પરગામના લોકો સાથે બેસીને ખાતા ને રોટલા શાકની આપ લે કરતા. (પૃ. ૬૬)

પૂજારાએ બૂમ પાડી, “કંઈગ્યા કાકા, ધાર નાખવા નહકાળો લાવો” કાકા બોટલ લઈને આવ્યા તેમની પાસેથી પૂજારાએ બોટલ લઈ ખોલી હાથમાં થોડો દારુ લઈ જમીન પર ગોળ ગોળ ફેરવીને ધાર નાખી, ધાર નાખીને થોડો દારુ હાથમાં લઈ આવ્યો ને કહ્યું, “કડક સે... પેલી ધારનો સે, આગવો મવડાંનો લાગે સે.” (પૃ. ૪૦)

‘મંડોળ’માં પૂજારાની સાથે આવેલાઓને ગાવાનું પૂરું થાય તે વખતે જમાડી દેવાના હોય. હવસિંગ શાક બનાવે છે. અંદરના ચુલે રોટલા ઉતરી ગયા. ધૂણી ધૂણીને થંભી ગયેલો પૂજારો હાથ મોં ધોઈ પોતાની મંડળી સાથે જમવા બેઠો. (પૃ. ૪૪)

આદિવાસી ભીલ સમાજ ખોરાકમાં રોટલો શાક એ વધારે પ્રમાણમાં આરોગતો ખોરાક છે. સમાજની એક સારી બાબત એ છે કે દુકાળગ્રસ્ત

પરિસ્થિતિમાં સરકારે રાહત દરે કામ કરાવતી હોય છે. ત્યારે બપોરના સમયે બધા તંબુ નીચે એકત્ર થઈને જમતા હોય છે અને પોતે લાવેલ શાક રોટલાની આપ-લે કરીને જમતા જોવા મળે છે જે પ્રસંશનીય બાબત છે. અમુક પ્રસંગે મરઘાનું મટન અને મહુડાનો દારૂ પણ પીવાતો જોવા મળે છે. આમ આદિવાસી સમાજ ખાવાપીવામાં ખૂબ જ શોખીન હોય છે. હવે આદિવાસી ભીલ સમાજમાં શ્રધ્ધા અને અંધશ્રધ્ધા કેવી કેટલે અંશે પ્રસરેલી છે તે જોઈએ.

### ૪.૪.૯ અંધશ્રધ્ધા:

આદિવાસી ભીલ સમાજમાં અંધશ્રધ્ધા ક્યાં સુધી ઘર કરી ગઈ છે તે જોઈએ. પારસીંગે મથુરીને જવાબ આપ્યો, “વહુ દવાખાને વતાડ્યું ઈમાં તે ગુવાઈગ્યું વે ઈન મન તે લાગે સે, કંઈક કરીલું વે તી દવાખાને ના મટે. પૂજારાને વતાડું સે તી કે સે કે આખું ઝોડ મિલીલું સે, તર દવાખાને કાંથી મટે. ઈન તે પૂજારા કન મંડોળ કરાવવું પડે. ઈમ થુડાં દુ:ખાં મટે.” મથુરીની ના રહેવાયું, “દુરા બાંદી બાંદીન ઈ તે લાંબુ કર્યું. ઈનાથી કાંઈ ફિરતે પડતો નથી પસકુની વાટ જુવેની.” પશાએ એનો જવાબ આપ્યો, “દવાખાને મટે ઈવું નથી. ઈ તે ભૂગ માંગે સે.” મથુરીએ જવાબ વાળ્યો, “મર્યા તમારા ભોગ, અંગરુગ વે તી હુંરાથી મટતો હે, કંઈક દવા પીટમાં પડે તર રુગ મટે કે, દુરાથો કે ભુગ આલીલો

ડીલની હું ફાયદો કરે. દવા દારું વેત હાળું દખ ધીમું પડે." પશાને લાગ્યું એટલે કહેવા માંડ્યો, "કાલનો કાલ પૂજારો બિહાડું મંડોળ કરાવું, તાજો ની થાય તર મન કિજો." (પૃ. ૨૯)

પશાએ મથુરી કે વાલકાને ખબર ના પડે તેમ પૂજારાની ભાળ મેળવતો ને તેની પાસે જઈ દોરો કરાવી લાવતો. પૂજારામાં એને શ્રધ્ધા હતી. (પૃ. ૩૦)

વાલસીંગ વાતની શરુઆત કિરે ને પશાને કહે છે, "તું અસલ તપાહ કરાવ મન વીમ સે કે ધાંહ આવે સે ઈતરે ભીળું ભીળું સૂકું તે નથીન !" ના સૂકું અન મેલું ભીળું ની થાય." વાલસીંગ અએ કહ્યું, "ધાંહ કીમ આયા કરે ? પશાએ જવાબ આપ્યો, "ઈતે ધાંહ મિલિલી વે ઈતરે ખો ખો થાયાં કરવેનું આજ પાશો ઈનો હુરો કરાવું." (પૃ. ૩૨)

ગામની દાયણો કોઈ રમીને સુવાવડ કરવામાં નિષ્ફળ જતી ત્યારે નાનજીને બોલાવવામાં આવતો. નાનજી આવીને બાધા રાખતો ને સુવાવડી સ્ત્રીને તપાસીને એડી દેતો. આમ કરતાં કેટલીક વખત બાળક તેમજ સુવાવડી સ્ત્રીને જોખમ ઊભું થતાં નાનજી સ્થળ છોડી જતો ને પોતે ગુનેગાર નથી કહીને છૂટી જતો. (પૃ. ૩૮)

બીજા ગામથી પૂજારો બોલાવી ગામના પાદરમાં કાજળી ભરવી, ત્યાં મથુરીને હાજર કરી તેના પર મંતરેલું પાણી છાંટવું એટલે એ ધુણે. લોકોને

ખાતરી થઈ જાય કે મથુરી પાસે મેલી વિદ્યા છે. મથુરીએ રમલી પર મેલી વિદ્યાનો પ્રયોગ કર્યો હશે એવો વિશ્વાસ લોકોને બેસે તો એ મથુરીને ધુત્કારે, ને આમ થાય તો મથુરી કોઈને કહ્યા વગર ગામ છોડીને જતી રહે. (પૃ. ૬૦)

વલકાને દરરોજ ભીના કપડાથી પુશી લેતી, હાથ પકડી ચાલવામાં મદદ કરતી. બંધન અતૂટ રહે તે માટે તો તેણે માતાજીની માનતા રાખી હતી. એટલે મથુરી માતાજી પર વિશ્વાસ રાખતી. (પૃ. ૨૬)

રમલી સાથે જુવાન દીકરાઓ આવતા હતાં. રમલી આગળ ચાલતી, પેલા પાછળ હતા તે આવી પહોંચ્યાં. તેમને નવાઈ લાગી કે આજ કેમ એકાએક વાતો કરવા માંડ્યા. ઊભા રહીને સાંભળ્યું ત્યારે ખબર પડી કે, આ તો ગંભીર મામલો છે. બધાથી પાછળ આવનાર સૌથી નાના દીકરાએ માટીનું ઢેકું હાથમાં લઈને માર્યું. તે મથુરીના બદલે રમલીના માથામાં વાગ્યું. રમલીને તમ્મર આવી ગયાં. બૂમ પાડી ઊઠી. આજુબાજુનાં ખેતરમાં કામ કરવાવાળા દોડી આવ્યા. રમલીને બેઠી કરી પાણી પાયું તે વખતે મથુરી ત્યાં જ ઊભી રહી એટલે મથુરીએ એની પર મેલી વિદ્યાનો પ્રયોગ કર્યો હશે આવું વિચારતા અને આવી સ્ત્રીને જો કાંઈક કહીએ તો આપણા પર એ પ્રયોગ કરે તો ! અંદર અંદર ગણીગણીને ચૂપ રહ્યા, મથુરી ચાલવા માંડી. એકઠા થયેલા મોટેથી વાત કરતાં તે ભાન આવતાં રમલી

સાંભળી ગઈ. પોતાના મતને બળ મળે છે તેમ માની મારને ભૂલી ગઈ ને લોકો આગળ જુઠાણું ચલાવ્યું. "મથુરીએ માર પર મેલી વિદ્યાનો પ્રયોગ કર્યો. વાતે વાત ગઈ, મથુરીને લોકો શંકાની નજરે જોતાં થયાં." (પૃ. ૨૮)

કૃતિમાં આદિવાસી ભીલ સમાજમાં અંધશ્રધ્ધાના તત્વ વિશે ઝીણવટપૂર્વક અભ્યાસ કરતાં અંધશ્રધ્ધાના તત્વ ઉપર ખૂબ જ ભાર આપવામાં આવ્યો છે. એના ઉપર ફોકસ રાખવામાં આવ્યું છે. એને ઉદ્દેશીને જ કૃતિનું સર્જન કરવામાં આવ્યું છે. કથાકાર ખૂબ જ બારીકાઈથી એની રજૂઆત એને અભિવ્યક્ત કરી છે. આદિવાસી સમાજમાં આ તત્વ ખૂબ જ ઊંડા પ્રમાણમાં વ્યાપેલું જોવા મળે છે. ઘણી વખતે શિક્ષણનો સ્પર્શ ન હોવાને કારણે, અજ્ઞાનતાને કારણે, આર્થિક પરિસ્થિતિને લીધે પણ અંધશ્રધ્ધાનો સહારો લેવામાં આવે છે અને આને કારણે વાલકાના જીવનથી હાથ ધોવાનો વારો પશાને આવે છે. મથુરીના વિચારો સારા છે. દવાખાને લઈ જવા માટે ઘણા પ્રયત્નો કરે છે. પરંતુ એના ક્રાંતિકારીના વિચારોને પશા અને પૂજારા દ્વારા દબાવી દેવામાં આવે છે. પશાભાઈ પણ વાલકાની બિમારી માટે દોરાધાગા કરાવે છે, પરંતુ એમને એવું નથી ખબર કે દોરાધાગા કરવાથી મંડોળ બેસાડવાથી વાલકાને સારો કરી શકતો નથી. ડૉક્ટર કે

દવાખાનામાં વિશ્વાસ નથી પરંતુ પૂજારામાં દોરાધાગામાં વિશ્વાસ અંધશ્રધ્ધામાં વિશ્વાસ છે. મંડોળમાં વિશ્વાસ મંડોળમાં શ્રધ્ધા ધરાવે છે.

ગામમાં દાયણો દ્વારા સુવાવડ ન થતાં પણ પૂજારાને બોલાવવામાં આવતાં પૂજારો સુવાવડી સ્ત્રીને કામ આપે છે. ક્યારેક ક્યારેક સુવાવડી સ્ત્રીને અને બાળકને પણ ઈજા થતી હોય પણ અંધશ્રધ્ધાનો ભાગ છે.

બીજા ગામમાંથી પૂજારો બોલાવી કાજળી ભરવી અને કોઈ નિર્દોષ વ્યક્તિનું નામ પાડી એમાં મેલી વિદ્યા છે. માની ગામની બહાર મોકલી દેવું એ કેટલે અંશે વ્યાજબી ગણી શકાય?

પૂજારો પણ પોતાનો રોટલો શેક્વા અને લોકો દવાખાના તરફ વળી જશે તો ભવિષ્યનું શું ? એ વિચારે લોકોને ગેરમાર્ગે દોરે છે અને લોકોને વધારે અંધકારમય દોરવા પ્રયાસ કરે છે. અજ્ઞાનતાને લીધે લોકો સાચું શું? અને ખોટું શું? એ નિર્ણય કરી શકતા નથી. આમ આદિવાસી સમાજમાં અંધશ્રધ્ધાને જડમૂળથી ઉખેડવા, સમાજમાં જાગૃતિનાં નવાં બીજ વાવવા તથા શિક્ષણની દિક્ષા આવવી જોઈએ અને આશાભર્યા નવાં કિરણોનો સૂરજ બતાવવો જોઈએ. હવે ભાષા સંદર્ભે આદિવાસી સંસ્કૃતિને નિહાળીએ.

## ૫. ભાષા સંદર્ભે આદિવાસી સંસ્કૃતિ:

ભાષા સંદર્ભે આદિવાસી ભીલ સંસ્કૃતિનો અભ્યાસ કરતાં નીચે મુજબ વિભાગની રચના કરવામાં આવી છે જેમાં રૂઢિપ્રયોગો, કહેવતો અને ફૂલની ફોરમ ફંફોસતાં ફૂદાં ફાંદ ફૂલાવી ફલાંગ ફેંકતા ફેલાઈ ગયાં, આમ ભાષાને વર્ણનો પ્રાસ પણ પહેરાવવામાં આવ્યો છે તે વિગતે તપાસીએ.

**૫.૧ રૂઢિપ્રયોગો:**

આદિવાસી ભીલ સંસ્કૃતિમાં નીચે મુજબના રૂઢિપ્રયોગોનો પ્રયોગ ભાષામાં, વાણી વર્તન વ્યવહારમાં જોવા મળે છે તે જોઈએ.

૧. કોઠીમાં મોઢું ઘાલી રોવાના દહાડા આવવા. (પૃ. ૭)

૨. મનમાં ગાંઠ બંધાઈ જેવી (પૃ. ૮)

૩. વસનમાં બંધાઈ જવું (પૃ. ૮)

૪. મનથી અડગ હોવું (પૃ. ૭)

૫. મોઢામાં આવેલા થૂંકને પેટમાં ઉતારી દેવું (પૃ. ૨૭)

૬ હૈયું એક ઘડી રોકાઈ જવું. (પૃ. ૨૭)

૭. કંઈક કાળું લાગવું (પૃ. ૫૪)

૮. સૂરજદાદાનું કોડિયું કરવું (પૃ. ૬૪)

૯. વાળ પુણ વાંકો ન થવો. (પૃ. ૬૮)

હવે આદિવાસી ભીલ સમાજમાં કેટલીક કહેવતો પણ પ્રચલિત છે તે જોઈએ.

**૫.૨ કહેવતો:**

આદિવાસી ભીલ સમાજમાં કેટલીક કહેવતો પણ કહેવાતી હોય છે, તે નીચે મુજબ છે:

૧. પાણી પહેલાં પાળ બાંધી લેવી. (પૃ. ૭)

૨. રાજાને ગમી તે રાણી (પૃ. ૮)

૩. બારે મેઘ અને તેરે વિજળાઈ (પૃ. ૧૧)

૪. બાપ એક પુણ બેટા નાળા નાળા સે (પૃ. ૨૫)

૫. સત વે તી સાંદીણે ભળાય (પૃ. ૬૪)

૬. હાસ્સો નિયા મળે ઈ આપડી આબરું (પૃ. ૬૪)

૭. હાહું વઉ હાતે ભણે (પૃ. ૪૩)

હવે આપણે આદિવાસી ભીલ સમાજની લોકહૈયાની લોકબોલીની વાતો કરીએ.

**૫.૩ બોલી:**

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે નવલકથાનો અભ્યાસ કરતાં સંસ્કૃતિ સંદર્ભે આદિવાસી ભીલ સમાજમાં લોકબોલી લોકમુખે કેવી રમે છે તે જોઈએ. લઘુનવલની શૈલી મધ્યગુજરાતની પૂર્વ સરહદનાં ગામોમાં બોલાય તે ભીલી બોલી છે. તેઓ જે ઉચ્ચારમાં આરોહ-અવરોહ તેમજ લહેકે બોલે છે તે જાળવવાનો કથાકારે સુંદર પ્રયાસ આદર્યો છે. તેમના શબ્દોમાં જ સાંભળીએ. મથુરી વાલકાના મોઢા સામે જોઈ બોલી "તાર ઘેરતાં મનખાંન હુ ની ગમી તર ? વાલકાએ એનો જવાબ આપ્યો." બદાંન કાં ગમાડવેની વાત સે... તું કાંણી કે બુસી સે ? મનખ હરખું મનખ નીં ગમે તર હું ગમે, અન મન તે તું ગમે સે પસી કાં વાંદો સે..." મથુરીએ કહ્યું, "તન હું ગમી ઈ કીકમ કરીન માનું. માંણહ જાત સે, તાજુ ફોળ ભાળીન બીજે લલસાયત માર તે હુવેના દન આવે..." વાલકાએ વચન આપ્યું "તન વસન આલું. ભગવાનનો વેરી થાંઉ બસસે. એક વખત જીવ આલ દીદો પસી હું ?... કૂતરાં બલાડાં વાળો નિયા આપકી પાહે નથી." વાલકાનો જવાબ સાંભળી મથુરી બોલી, "તર હું પણ તન વસન આલું સે કે જીવતી જાગતી રી તાં હુદી તારું ઘેર હાસવી." (પૃ. ૧૨)

"માણહ કોઈ દિ કુઈનું થાયું નથી અન થાએ ની. સાંદો કે સૂરજ કુઈ દન ઈમ નથ કીતા કે ઈતરા મારા સે ઈનાં ઈપેર ઈંજવાળું પાડું અન બીજાન

ઈંટારામાં રાખું. ઈતે બધે ઝગઝગે સે." મથુરીની વાત સાંભળી પશો બોલ્યો, "આપું મનખ જાતના સે. આપડો કુઈ ધરમ નથી. આપડા માંયા કીતરાક ખ્રિસ્તી કીતરાક મુસલમાન અન કિતરાક હિન્દુ થાયા સે." પશાની વાત પૂરી થઈ ત્યાં વાલસીંગે ટાપશી પૂરી, "બાપ એક પુણ બેટા નાળા નળાઅ સે, ઈનાંનો મેળ નથ બીહતો ઈતરે ઈ લડાય સે." વાલસીંગની વાત સાંભળી મથુરી બોલી, "તારું મારું કરી કરીન દનગ્યાંન વગાડી મીલી, વાટીન ખાવેની તે વાત કોન કરતા." વાલસીંગને રસ પડ્યો તે વચ્ચે બોલ્યો, "અન હાઉ તે સેરમાંથું ગામડામાં આયુ સે. મન તે ધરમને નામે ધતિંગ લાગે સે." વાલસીંગને જવાબ આપતી મથુરી બોલી, "ધરમ નામનું ઉમાડગ્યું કુઈક દન ગામડામાં સાપી દીહે ત આખી દનગ્યાં લડાઈ લડાઈન ખતમ થાઈ જાવેનીસે, પલીકો પડે ઈતરી વાર." (પૃ. ૨૫)

આમ વાલકા મથુરીનો સંવાદ અને પશો, મથુરી અને વાલસીંગ વચ્ચેનો સંવાદ પણ આદિવાસી ભિલી બોલીનો સંદર્ભે નમૂનો પૂરો પાડવામાં આવ્યો છે. હવે આપણે આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે કૃતિની કેટલીક મર્યાદાઓ જોઈએ.

## ૬. આદિવાસી સંસ્કૃતિ સંદર્ભે કૃતિની સીમિતતા:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે કૃતિને ઝીણવટપૂર્વક નિહાળતાં અલગ એંગલથી જુદા વિચારોથી જુદાં જુદાં તત્વોના માપદંડોથી જોતાં નિરીક્ષણ કરતાં હર કોઈ કથાકારનું સર્જન ઉત્તમ હોય છે. પરંતુ હરકોઈના વિચારો વિચારવાની રીત જુદી હોય છે. તેમાં કૃતિમાં આ પધ્ધતિથી પણ જોવામાં આવે તો કૃતિની સુંદરતામાં ચોક્કસ વધારો થશે.

વિધાન-૧) આ બે વિધાનોમાં વિરોધાભાસ જોવા મળે છે. પશાનું કુટુંબ સુખી. પિતાનાં પાંચ સંતાનોમાં પશો સર્વથી નાનો. ત્રણભાઈને એક બહેન સાથે નાનપણમાં ધિંગામસ્તી કરેલી (પૃ. ૪૫)

વિધાન-૨) પશાનો નાનો ભાઈ પારસીંગ એના પુત્ર હવસીંગ સાથે કાયમ બહારગામ મજૂરી કરતો તે વાર તહેવારે કે પ્રસંગે ઘરે આવી જતા ને દરેક કાર્યમાં ભાગ લેતા (પૃ. ૫૪)

પૃ.-૪ ઉપર પિતાનાં પાંચ સંતાનોમાં પશો સર્વથી નાનો

પૃ.-૫૪ ઉપર પશાનો નાનો ભાઈ પારસીંગ એના પુત્ર હવસીંગ સાથે કાયમ બહારગામ મજૂરી કરતો. આ વિધાનોમાં પશો સર્વથી નાનો અને પશાનો નાનો ભાઈ પારસીંગનો ઉલ્લેખ કરવામાં આવેલ છે, જેમાં પારસીંગ પશાનો સૌથી મોટો ભાઈ છે.

મોટા બે ભાઈ અલગ થતાં પશો વાલસીંગ સાથે રહેતો પણ લાલસીંગની પત્ની રમલી કંકાસિયા સ્વભાવની.

રમલી રોજ કકળાટ કરતી તે વાલસીંગ રોજ સાંભળતો. (પૃ. ૫૪) ઉપરોક્ત વિધાનમાં પૃ. ૫૪ ઉપર વાલસીંગની જગ્યાએ લાલસીંગ આવશે. કારણ કે રમલી લાલસીંગની પત્ની છે, વાલસીંગની નહિ.

મુદ્રણ (પ્રિન્ટ) કલામાં પણ સુધારો થઈ જાય તો કૃતિની ચાહના પણ ખૂબ જ વધી જાય. જેમાં નીચે મુજબના શબ્દો પ્રિન્ટ થયા છે. જે આ પ્રમાણે થાય તો દોષરહિત, ક્ષતિરહિત બને.

| ક્ષતિયુક્ત | | દોષરહિત | ક્ષતિયુક્ત | | દોષરહિત |
|---|---|---|---|---|---|
| પહચ્યા | - | પહોંચ્યા (પૃ. ૧) | ધાયું | - | ધાર્યું (પૃ. ૭) |
| ધડી | - | ઘડી (પૃ. ૩) | પહાચી | - | પહોંચી (પૃ.8) |
| માં | - | મા (પૃ. ૫) | ખચી | - | ખેંચી (પૃ. 8) |
| વિચાયું | - | વિચાર્યું (પૃ. ૭) | વહચીને | - | વહેંચીને (પૃ.10) |
| કયું | - | કર્યું (પૃ. ૧૧) | પહાચી | - | પહોંચી(પૃ. ૩૮) |
| પહાચવામાં | - | પહોંચવામાં (પૃ.૧૪) | પાથયું | - | પાથર્યું (પૃ.૩૮) |
| પહાચ્યાં | - | પહોંચ્યા (પૃ. ૧૫) | ધાર | - | ધાર (પૃ. ૪૦) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| માયું | - | માર્યું (પૃ. ૧૯) | ચાલ્યું | - | ચાલ્યું (પૃ. ૫૪) |
| પહાચ્યાં | - | પહોંચ્યાં (પૃ. ૧૯) | ભયું | - | ભર્યું (પૃ. ૬૧) |
| કયું | - | કર્યું (પૃ. ૧૯) | ધડો | - | ઘડો (પૃ. ૬૬) |
| વિચાયું | - | વિચાર્યું (પૃ. ૩૭) | | | |

પૃષ્ઠ - ૩૨ ઉપર ધાંહ છે, જ્યારે શબ્દાર્થ ધાંહ આપેલું છે.

કૃતિમાં ઉપરોક્ત બાબતો પર પણ પ્રકાશ પાડવામાં આવે તો કૃતિ ગુણવત્તાસભર બને હવે આપણે અંતમાં સારાંશ, ઉપસંહાર તરફ પગલું માંડીએ. એની તરફ ગતિ કરીએ.

## ૭. ઉપસંહાર:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે ગુજરાતી ભાષાની પસંદ કરાયેલી 'મંડોળ' એ લઘુનવલ છે. જેનો અભ્યાસ કરતાં હર્ષમય અને લાગણી સભર બની જવાય છે. ડૉ. ગણેશ દેવી સાહેબ કહે છે તેમ ગુજરાતમાં વસ્તી સત્તર લાખ આદિવાસી પ્રજામાં અને ખાસ કરીને તેમાંના યુવાનોના મનમાં જે નવા વિચાર વહેતા થઈ રહ્યા છે તેની આગાહી 'મંડોળ' આપે છે. ગુજરાતી વાચક આ દીર્ઘકથાને માત્ર ભાષિક નવીનતાની નજરે ના જુએ. તેના વિષયવસ્તુને ગંભીરતાથી સમજી એનું અર્થઘટન કરવું રહેશે.

ગુજરાતના આદિવાસીઓએ અત્યાર સુધી નોંધપાત્ર કહેવાય એવું ઘણું લખ્યું નથી. પણ સર્જકતાના આ વાવાઝોડાની હવે શરૂઆત તો થયેલી છે જ. ડૉ. ભગવાનદાસ પટેલના અથાગ પ્રયત્નોના પરિણામે ગુજરાતના સાહિત્યપ્રેમીઓ સુધી ભીલ આદિવાસીઓનું 'મહાભારત' તેમજ વીરકથાઓ પહોંચી ગયા છે. શ્રી ડાહ્યાભાઈ વાયુની લેખણીમાંથી ઉતરીને કુંકણા આદિવાસીઓનું 'રામાયણ' તેમજ અન્ય દીર્ઘકાવ્યો - કથાઓ ગુજરાતીમાં આવી પહોંચ્યા છે. 'ઢોલ' અને 'ગદ્યપર્વ' જેવાં સામયિકોના માધ્યમથી પણ આદિવાસી જીવન શબ્દરૂપે પ્રકટ કરાવતું ટૂંકું લખાણ ગુજરાતીમાં અવતરી રહ્યું છે. 'તેલાવના મેળે' શીર્ષક હેઠળ શ્રી શંકરભાઈ તડવીએ રાઠવા-ભીલ લોકજીવન પર આધારિત દીર્ઘવાર્તા લખી હતી. હવે 'મંડોળ' પણ નવીન સિધ્ધિ હાંસિલ કરી છે.

ભારતીય ભાષાસાહિત્યમાં છેલ્લાં બે-ત્રણ દાયકાઓથી એક નવી સ્થિતિ જોવા મળી રહી છે. તે પહેલાંના સમયમાં સમાજના જે વર્ગે સાહિત્યમાં આધુનિકતાનો ઉન્મેષ સર્જ્યો હતો તે વર્ગ ધીમે ધીમે અંગ્રેજી લખતો - બોલતો થઈ ગયો; અને જે વર્ગ તે પહેલાં અક્ષર તેમજ લિખિત સાહિત્યથી વંચિત રહ્યો હતો તે વર્ગ લખતો થઈ ગયો.શરૂઆતમાં જે સાહિત્યકૃતિઓ 'દલિત સાહિત્ય' નામથી ઓળખાતી હતી તે જ હવે ભારતીય ભાષાસાહિત્યમાં મોટાભાગની

નવીનતા પ્રદાન કરતી દેખાય છે. જે રીતે આધુનિકતા દર્શાવતું સાહિત્ય માત્ર એક જ પ્રકારનું હતું નહિ, તે જ પ્રમાણે દલિત સાહિત્ય પણ કોઈ એક ચહેરો અને એક વેદના ધરાવતું નથી. તેમાં વિચરતી જાતિઓના અનુભવો છે. તેમજ જ્ઞાતિવાદથી પીડાયેલાંઓના અનુભવો પણ છે. ભારતીય સાહિત્યના આ નવા સર્જનપર્વમાં હવે દરેક પ્રાંતમાંથી આદિવાસીઓએ મહત્વપૂર્ણ યોગદાન આપવાનું શરૂ કર્યું છે. સ્ત્રીવાદી સાહિત્ય, દલિત સાહિત્ય અને આદિવાસી સાહિત્યમાં સૌથી લક્ષણીય સમાન ગુણધર્મ ભાષિક સર્જકતાનો રહેલો છે. જેમનાં માથે સદીઓ સુધી શબ્દહીન રહેવાનો શ્રાપ રહેલો હતો, તે જ્યારે બોલતા થાય ત્યારે કેટલી દિવ્ય તાકાતથી અને ગંભીરતાથી તેમના શબ્દો પ્રકટે છે. તે 'મંડોળ' સાબિત કરી બતાવ્યું છે.

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'મંડોળ' ખૂબ જ ઊંચાઈના સોપાનો સર કર્યા છે. જેમાં આપણે વિગતે અભ્યાસ કર્યો છે. હવે ટૂંકમાં એની ઝલક, આછીપાતળી રૂપરેખા જોઈએ. મંડોળનો પ્રાદેશિક પરિચય મેળવ્યો. આદિવાસી ભીલ સમાજનું આંતરિક તથા બાહ્ય સ્વરૂપ વિશે ચર્ચા કરી આદિવાસી ભીલ સમાજની સંસ્કૃતિ કેવી અંત:સ્ફુરણા જગાડે છે અને વળી તેમાંય પાછું સામાજિક ગતિવિધિ, આર્થિક ગતિવિધિનો ચિતાર, ખેતી અને જમીન વિષયક ગતિવિધિ, સાંસ્કૃતિક ગતિવિધિના તાણાવાણામાં ઊંડે ઊતરતા આદિવાસી ભીલ સમાજના

લોકગીતો ઉત્સવો (મેળાવળા) રીતરિવાજો, આવકારવાની રીત, પોશાક, વ્યસન અને ટેવો, રહેઠાણ, ખાણીપીણી અને જેના ઉપર ખૂબ જ ભાર મૂકવામાં આવ્યો છે. તે આદિવાસી ભીલ સમાજમાં અંધશ્રધ્ધા અને ભાષા સંદર્ભે આદિવાસી સંસ્કૃતિ. એમાં આદિવાસી ભીલ સમાજમાં લોકબોલીમાં વપરાતા રૂઢિપ્રયોગો, સમાજમાં કહેવાતી કહેવતો, બોલીમાં કેવી રીતે ઢાળ આપીને લહેકાથી રિયારાય તે કથાકારે યથાતથ શબ્દસહ ઝીલી લીધી છે. સિક્કાની બીજી બાજુ એટલે કે એની સીમિતતા પણ સભ્યાસિક વણી લીધી છે. આમ, આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે ‘મંડોળ’ લઘુનવલનું સમગ્રતયા વિહંગાવલોકન કરવામાં આવ્યું છે.

## સંદર્ભ સૂચિ :


૧. વહોનિયા સુરમલ : મંડોળ, ભાષા સંશોધન - પ્રકાશન કેન્દ્ર, વડોદરા, બીજી આવૃત્તિ ૨૦૦૭

નોંધ :- કૃતિના અવતરણો સંદર્ભિત આવૃત્તિમાંથી લીધેલ છે.

૨. દેવી ગણેશ, પ્રસ્તાવના લેખ (મંડોળ)


•

# પ્રકરણ : ૨.૬

## ‘અરવલ્લી’

**(૨૦૦૭)**

**- કિશોરસિંહ સોલંકી**

**પ્રસ્તાવના :**

જ્યારે આ ધરતી ઉપર કશું જ નહિ હોય ત્યારે ભૂતકાળનો સાક્ષી આ અરવલ્લી. અને આ ‘અરવલ્લી’ નવલકથાનું સર્જન કરનાર કિશોરસિંહ સોલંકી. પાર્શ્વ પબ્લિકેશન, નિશાપોળ, ઝવેરીવાડ, રીલિફ રોડ, અમદાવાદ દ્વારા જેને દિશા અને ગતિ આપી શબ્દસહ આકાર આપવામાં આવ્યો છે. માટે જ આપણે આદિવાસી, સમાજ અને સંસ્કૃતિના સંદર્ભે અરવલ્લીના ખૂણે ખૂણે રહેલાં તથ્યો, મૂલ્યો, સંસ્કૃતિ, આદર્શોની ચોક્સાઈપૂર્વક ચકાસણી કરીએ.

## ૧. કથાસાર:

'અરવલ્લી'માં વસ્તુઓ તંતુ બહુ પાતળો રહ્યો છે. નાયક 'હું' બનાસકાંઠા જિલ્લાના જંગલની જાસોરની રેન્જના વન અધિકારી તરીકે નિમાય છે. તે જંગલના લોકો ઉપરાંત વનસ્પતિ અને વન્યસૃષ્ટિનો પરિચય કેળવે છે અને કાયમને માટે પાણીની સમસ્યા હલ થાય તથા જંગલના લાકડાં ગેરકાયદેસર કપાય નહિ. તેમજ જંગલવાસીઓનું શોષણ નહિ તેવો માનવીય વ્યવહાર કરે છે. તેને અંગે વનવાસીઓનાં સ્વભાવ, જીવનરીતિ, શ્રદ્ધા રીતરિવાજ વગેરેનો પરિચય કરે છે. સાધુઓ, મંદિરો, ઉત્સવો પ્રત્યે પણ તેમનું ધ્યાન ખેંચાય છે. પણ સૌથી વિશેષ આકર્ષણ અરવલ્લીનું છે. જંગલવાસીઓનો તે ઈષ્ટ દેવતા છે. છેવટે ભ્રષ્ટાચારી તંત્ર દ્વારા પ્રામાણિક અધિકારીને પ્રામાણિકતાના બદલારૂપે નોકરીમાંથી રૂખસદ મળે છે, ત્યાં વસ્તુનો દોર પૂરો થાય છે. એ રીતે આ નવલકથામાં વસ્તુનો દોર અત્યંત નાજુક છે. તેને ઉવેખીને પણ નવલકથાનો રસ માણી શકાય તેમ છે.

અને એ જ આ નવલકથાની, વિશિષ્ટતા છે. અરવલ્લી ગિરિમાળાનાં નાનાંમોટાં શૃંગો, જંગલમાં ફરવા માટેની કેડીઓ ઊબડ-ખાબડ રસ્તાઓ જંગલવાસીઓના ખોરડાં, ઝૂંપડીઓ, વૃક્ષો, વેલીઓ, વનસ્પતિ - ઔષધો, ફૂલ અને ફળ પક્ષીઓ, પશુઓ અને કીડેમંકોડી જેવાં જીવજંતુઓની સજીવ સૃષ્ટિ તથા

પ્રકૃતિના રમ્ય અને શુદ્ધ સ્વરૂપનો ચિત્રો આ કૃતિમાં નવલકથાનો કૌતુકરસ પૂરે છે. આ નવલકથાકારમાં કવિની દૃષ્ટિ અને સંવેદનો છે. જંગલના સતત બદલાતા જતા વાતાવરણનું વર્ણન સહૃદય વાચકને તેની પ્રતીતિ કરાવે છે. ચારે ઋતુઓ દિવસ-રાત્રિ, મધ્યાહ્ન, સૂર્યોદય, સૂર્યાસ્ત, વૃષ્ટિ પહેલાનું અને પછીનું આકાશે ગરમી ધોધમાર વરસાદ અને સૂકુભઠ વન, તરસ્યાં પ્રાણીઓ વગેરેનું વર્ણન લેખકની વિષયને આત્મસાત કરીને કહેવાની કુશળતા દર્શાવે છે.

ધીરુબહેન પટેલ એને નવી ભાત પાડતી કથા કહીને પ્રમાણે છે. આદિવાસીઓનું જીવન અને તેમની સંસ્કૃતિની સુધરેલી સભ્યતાના પ્રતિનિધિ જેવો માણસ કઈ રીતે જુએ છે અને દરેક પ્રસંગે તેનું આંતરિક જીવન કેવું બદલાતું જાય છે. તેનો અદ્દભૂત ચિતાર અહીં મળે છે. આ માત્ર જંગલ નથી, પણ જંગલમાં રહેતા સામાન્ય માણસનો જીવન પ્રત્યેનો સાહજિક અભિગમ, જીવન માણવાનો તેનો ઉલ્લાસ, તેનું મનોમંથન તો નહીં કરતા હોય પરંતુ તેમનું મનોજગત કેવું છે. આ બધાનો ખ્યાલ આ ‘અરવલ્લી’ નવલકથામાં મળે છે. સાથે આપણી પ્રાચીન સાંસ્કૃતિક, પરંપરાનો અહેસાસ ચાલુ વાંચને થયા જ કર્યો. પર્વતોનું મનુષ્યના જીવનમાં શું પ્રદાન છે. પર્વતો માણસને કઈ ઊંચાઈએ લઈ જાય છે

અને માત્ર સાધુ, સંતો નહીં પરંતુ અરવલ્લીનો સ્પર્શ પામેલા માણસોએ ત્યાં રહીને શું કર્યું છે એ બધાની એક આછી સુવાસ એકસરખી આવ્યા કરે છે.

## ૨. પ્રાદેશિક પરિચય:

નવલકથામાં કયા પ્રદેશનો આદિવાસી સમાજ અને સંસ્કૃતિ પાંગરેલી છે તેની ઝાંખી કરીએ. આ આકાશી વિશ્વમાં અનંત બ્રહ્માંડો સમાયેલાં છે. એમ આકાશગંગા પણ એક બ્રહ્માંડ સ્વરૂપે છે તેનો એક ભાગ તે સૂર્ય અને તેની આસપાસ ફરતી આપણી પૃથ્વી ! એમાં આપણું હિન્દુસ્તાન, હિન્દુસ્તાનનો એક ભાગ તે ગુજરાત. ગુજરાતનો એક જિલ્લો તે આ બનાસકાંઠા અને એનો એક ભાગ તે આ અરવલ્લીની ગિરિમાળાઓ ! એમાં આદિવાસી સમાજનો વસવાટ.

ગુજરાતના પર્વતો પ્રાકૃતિક સૌંદર્યની દૃષ્ટિએ ઘણા સમૃદ્ધ ગણાય છે. અહીંના જીવન સાથે ધાર્મિક અને ઐતિહાસિક રીતે જોડાયેલા છે. રાજ્યની પૂર્વ અને ઉત્તર સરહદે અરવલ્લી વિધ્યાંચળ સાતપુડા અને સહ્યાદ્રીનો ભાગ છે. સૌરાષ્ટ્રમાં બે સમાંતર પર્વતમાળાઓ છે. એક પૂર્વથી પશ્ચિમ તરફ અને બીજી ઈશાનથી નૈઋત્ય તરફ લંબાયેલી છે. કચ્છની રેતાળ ભૂમિમાં પણ ત્રણ પર્વતમાળાઓ છે.

ઉત્તરે દિલ્હીથી શરૂ કરીને મધ્યમાં રાજસ્થાનમાંથી આબુના રસ્તે ગુજરાતમાં પ્રવેશે છે અને વાંકીચૂંકી આ પર્વતમાળા પાવાગઢ અને આગળ જતાં વિંધ્યમાં

મળે છે. સાતપુડાની શાખા નર્મદા અને તાપી વચ્ચે થઈને રાજપીપળામાં મળી જાય છે. સહ્યાદ્રીની પર્વતમાળા તાપી નજીકના ગાઢ જંગલ સ્વરૂપે મળે છે.

ગબ્બરની ઉત્તર-ઈશાને જરીવાવની ટેકરીઓ, દક્ષિણ-અગ્નિ ખૂણામાં કુંભારિયાનાં દેરાં અને શામળાજી તરફથી આવતો રસ્તો દાંતા તરફનો રસ્તો, ગબ્બરથી દક્ષિણે રીસડી અને ધારનો ડુંગરો, સાગોવાળી નાળ, પાન્છાના ડુંગર અને ચાંદરો ધરો, બોરિયાણનું જંગલ - આ જંગલ પ્રદેશમાં આદિવાસી સમાજનાં ગામો જેવાં કે ધાંટા, સોનવાડી, અરણીવાડા, અવાળા, ખારા, વાવધરા ગામોમાં આદિવાસી સમાજ પથરાયેલો જોવા મળે છે. સાથે દાંતા, બાલુન્દ્રા, વેરા ઈસવાણી વગેરે ગામો અરવલ્લીમાં એકમેકમાં ગૂંથાયેલા છે અને એમાં ગૂંથાયેલ છે આદિવાસી સમાજ અને સંસ્કૃતિ.

## ૩. આદિવાસી સમાજ:

આદિવાસી સમાજ એટલે એમનું ભોળપણ, કુદરત સાથેનો નાતો, વિટંબણાઓ અને સંઘર્ષ કરવો એ આદિવાસી સમાજની ખાસિયત છે.

અરવલ્લી આદિવાસી સમાજની વાસ્તવિકતા પણ દૂર ન રહેતાં નજીક રહીને અવલોકન કરતાં શરીર ઉપર વસ્ત્ર નથી હોતાં, ડામર સમાન એમનો દેહ, રક્ષણ અને શિકાર અર્થે હાથમાં કામઠું રાખતાં હોય છે.

કોઈને વાગ્યું હોય, બેઠો માર હોય કે હાડકું તૂટ્યું હોય, શરીર દુ:ખતું હોય કે સુવાવડી સ્ત્રી હોય મહુડાનો ચોખ્ખો દારૂ ઘસવામાં આવે જેથી ગમે તેવી કળતર કે દુ:ખાવો બે-ત્રણ દિવસમાં મટી જાય.

અરવલ્લી આદિવાસી સમાજમાં ખાસ કરીને ડુંગરી ભીલો, ગરાસિયા ભીલો, ઢોલી અને ભીલાલા જ્ઞાતિનો આદિવાસી સમાજ પોતાનું પ્રતિબિંબ ઊભું કરે છે.

### ૩.૧ આદિવાસી સમાજનું આંતરિક સ્વરૂપ:

આદિવાસી સમાજની એક આંતરિક બાબત અને સમાજે સ્વીકારેલી બાબત એ છે કે લગ્ન પહેલાં યુવક-યુવતિ (ગોઠિયો-ગોઠણ) જાતીય સંબંધ બાંધી શકે છે, પ્રેમ કરી શકે છે. પરંતુ લગ્ન પછી જો ક્યાંય ભૂલથી પણ આ સંબંધ સ્થપાવો જોઈએ નહિ. નહીં તો ગોઠિયાનું જ ખૂન કરવામાં આવે છે. વિશાળ ભાવના અને ભયંકર ક્રૂરતા પણ જોવા મળે છે.

આદિવાસી સમાજમાં જેટલાં બાળકો વધારે એટલાં વધારે કામમાં આવે. એક ટેટિયાં વેણવા જાય, બીજું પાણી ભરી લાવે, તીજું ચૂલો હળગાવે, ચોથું... એણે કામ ગણાવ્યાં ! અમારે ચ્યાં પેઢીઓમાં બહેવાનું સે તે ચંતા ? (પૃ. ૨૩૮)

અરવલ્લી આદિવાસી સમાજ જેટલાં બાળકો વધારે તેટલું સાચુંનું ગાણું ગાય છે. પરંતુ સાથે તેમના જીવનમાં ડોકીયા કરવા જઈએ તો ગરીબાઈ પણ ઊંડે

સુધી મૂળિયાં ઉતારી દીધાં છે જે વિચારવા જેવી બાબત સાથે નવાઈ પમાડે તેવી સંસ્કૃતિ પણ છે.

આદિવાસી સમાજની એક ઘટના એવી પણ છે કે જાંબુઘાંટા વિસ્તારમાં વસ્તાઅ ઢોલી અને ભીલાલાની વચ્ચે લાંબા ગાળાથી ઝઘડો ચાલે છે. એમાં એક ઢોલીએ ભીલાલાના એક મોટિયાઈડા (યુવાન)ને તીરથી વીંધી નાખ્યો છે. ત્રણ દિવસથી એની લાશ જાંબુઘાટના એક આંબા નીચે મૂકી આખું ગામ ત્યાં બેસી રહ્યું છે અને સામાવાળા પક્ષને વેર લેવાના ઈરાદાથી બેસી રહ્યું છે. પોલીસનું પણ ત્યાં જવું અઘરું બની ગયું છે. માત્ર કથાનાયક અને હમીરસિંહ ત્યાં જઈને વિનંતી કરે છે, ત્યારે શબને અગ્નિદાહ દેવા તૈયાર થાય છે. થોડા દિવસ પછી સમાચાર આવ્યા કે જાંબુઘાટામાં વેરની વસૂલાત થઈ ગઈ છે. ઢોલીઓએ ભીલાલાના એક આગેવાનને મારીને બદલો લઈ લીધો છે.

વારી ઢોલના ધબાકા સાથે આનંદની કિકિયારીઓ કરતાં નાચતાં-કૂદતાં જાણે ખૂબ મોટો જશ્ન મનાવતાં ન હોય ! જાણે ખૂબ મોટું કામ પાર પાડ્યું ન હોય !

પોતાના ગોત્રમાંથી જે મરેલો હતો; જ્યાં પથ્થરોનો ઢગલો કર્યો હતો, એ થાનકે ભેગાં થઈને જે તાસકમાં મરનારનું લોહી લાવ્યાં હતાં એ લોહીથી

પથ્થરોના ઢગલાને રંગવામાં આવ્યો અને બધાં આનંદથી ઝૂમી ઊઠ્યાં ! પથ્થરના ઢગલાની ચારેબાજુ ખૂબ નાચ્યાં-કૂદ્યાં આનંદ-આનંદ થઈ ગયો બધાંને માટે !

આમ અરવલ્લી આદિવાસી સમાજનું આંતરિક સ્વરૂપ બહુ વિકરાળ છે. વેર લેવાની ભાવના, મારક હથિયારોનો ઉપયોગ કરીને માનવદેહનો સંહાર કરવો લગ્ન પહેલાં જ જાતીય સંબંધ બાંધવો, વધારે બાળકો હોવા જોઈએની ભાવના એ આદિવાસી સમાજનું સુધારા માટેનું ખૂબ જ લાંબુ અભિયાન હાથ ધરવા યોગ્ય લેખાશે.

### ૩.૨ આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેનો વ્યવહાર:

કથાનાયક જે આદિવાસી સમાજના નથી, જે અમદાવાદના વતની અને બનાસકાંઠા જિલ્લાની વનખાતાની ઓફિસમાં આર. એફ. ઓ. તરીકે જોડાય છે. પહેલાં તો તે વનપ્રકૃતિથી અને આદિવાસી સમાજના લોકોને જોઈને કમકમી જાય છે, પરંતુ ધીરે ધીરે એને લોકો સાથે અને કુદરતના જળ, જંગલ, જમીન સાથે નાતો બંધાય જાય છે અને પોતે જ એમાં વસી જાય છે. પછી છોડી જવા માટે ઘણું અઘરું પડે છે. કથાનાયકના અહીયા આ પ્રભુ સાથેનો વ્યવહાર જોઈએ : એણે રોટલો વહેંચ્યો પછી એના ચહેરા ઉપર જે આનંદ છલકાતો હતો, એ પણ મારા જીવનની એક ધન્ય ઘડી હતી ! આ વૃક્ષો ! આ પંખીઓ અને આ

પ્રાણીઓની નિર્દોષતા એના ચહેરા ઉપર ચમકતી હતી. એને મન હું ખૂબ મોટો મહાન માણસ હતો અને મેં એનો રોટલો ખાધો ! એ જે અહોભાવ, એ જે આનંદ હતો, એ લખવું શક્ય નથી. રોટલો આપતાં એનો જે ઉમળકો હતો, એ મારાથી ભૂલી શકાતો નથી.  આ એક ઢોર પ્રકૃતિના માણસમાં કેટલી મહાનતા છે ! એ મારે મન, મારા જીવનની સૌથી મોટી મૂડી છે. એનું ભોળપણ એ જ મારા જીવનનો સૌથી મોટો વૈભવ બની ચૂક્યું. એ ક્યારેય હું વીસરી શકીશ નહિ. સુદામાના તાંદુલમાં કૃષ્ણે જે મીઠાશ મૂકી હતી. એ આ પ્રભુના રોટલા આગળ મારે મન ગૌણ બની ગઈ હતી. એક સુદામા જાણે શ્રીકૃષ્ણને જમાડતો ન હોય ! એવો ભાવ મને થયો ! ત્યારથી પ્રભુ મારા માટે પ્રભુ બની ગયો. (પૃ. ૧૩૬)

ઢોર પ્રકૃતિનો માણસ પ્રભુ કથાનાયક માટે પ્રભુ બની જાય છે. કથાનાયક સ્વીકારે છે એ તેની સૌથી મોટી મૂડી છે. આમ, પ્રભુનો અન્ય સમાજ સાથેનો વ્યવહાર ખૂબ જ ગહનતા ભર્યો વ્યવહાર જોવા મળે છે.

## ૪. આદિવાસી સંસ્કૃતિ:

આદિવાસી સંસ્કૃતિને પામવા માટે નીચે મુજબના મુદ્દાઓમાં વિભાજિત કરવામાં આવી છે:

### ૪.૧ ખેતી અને જમીન વિષયક ગતિવિધિ:

અરવલ્લી આદિવાસી સમાજની ખેતીમાં ખળખળ વહેતી અર્જુના નદીના કિનારા પાસેના ખેતરમાં પવનમાં ડોલી રહ્યાં હતા, લીલાંછમ મકાઈનાં ડૂડાં! એનો ભજવાડ કોઈ ન કરે એટલે ખેતરની ચોપાસ ચકલું પણ ન ફરકી શકે એવી બનાવી હતી અકડએઠ્ઠ વાડ ! (પૃ. ૪૫) ખેતરોની ફરતે પાકના રક્ષણ અર્થે વાડ બનાવવામાં આવી છે.

આ વખતે વહેલી સવારે ખેતરોના શેઢા ઉપર ધુળાડો થતો હોય, કારતકના ઠંડા વાતાવરણમાં હળવે-હળવે ધુળાડાના શેઈડા પડતા જોવાનો પણ આનંદ આવે. જુવાર ટોવાતી હોય. કાબરો એના ડૂડાંમાંથી દાણા ચણી ના જાય એટલે નાનાં-મોટાં સૌ હાકોટા પડકારા કરતાં હોય, નાનાં ટેણિયાં ખેતરના ખૂણે તાપણી કરીને તાપતાં હોય તો કોઈ ખેતરની વચ્ચે બનાવેલા માળા (માંચડા) ઉપર ઊભો ઊભો ગોફણમાંથી વીંઝતો હોય!

અરવલ્લી આદિવાસી સમાજ ખેતીમાં પુષ્કળ મહેનત કરીને દિનરાત એક કરીને ટાઢ-તડકો વેઠીને ખેતરમાં બાજરી, જુવાર, મગ, મઠ, અડદ, તુવેર જેવા કઠોળ અને ધાન્ય પાકોનું ઉત્પાદન તથા કારતક એટલે કાપણી કરીને ધરતીનાં છોરું ધરતી પુત્રો બની રહે છે. સાથે આદિવાસી સમાજ ઘઉં, મકાઈ, બાજરી, રાયડો, એરંડા, વરિયાળી, રાજગરો, રજકો, શાકભાજી અને બટાકાનું વાવેતર કરે

છે. ધાન્ય પાકો, રોકડીયા પાકો, તેલીબિયાં, શાકભાજી વગેરેનું ઉત્પાદન પણ કરે છે. ખેતરને શેઢે થોડાં ઝાડ રોપવામાં આવે છે.

આદિવાસી સમાજની પોતાની જમીન-ખેતર હોય છે. તે જીવન જીવવામાં સહારો અને આધાર મળે છે અને પોતાનો રોટલો રળી લે છે. આમ, તેમની ખેતી અને જમીનની વિશેષતા છે.

**૪.૨ સામાજિક ગતિવિધિ:**

'અરવલ્લી' નવલકથા સંદર્ભિત આદિવાસી સમાજની સામાજિક ગતિવિધિમાં લગ્નપ્રસંગની વિશેષતા જાણીએ. હમીરસિંહે કહ્યું : "આ જે ઢોલનો અવાજ સંભળાય છે એ વરરાજાનું સામૈયું કરવા માટેનો 'જાનૈયો ઢોલ' વાગે છે. જાનમાં આવેલી સ્ત્રીઓ ગાણાં ગાતી હતી. વરરાજાએ નવું ખમીસ ધોતિયું અને માથે લાલ સાફો બાંધ્યો હતો. આંખોમાં મેશ આંજી હતી. ડાબા ગાલની નીચેના ભાગમાં કાળા ચાંલ્લા જેવું કરેલું હતું અને આખા ચહેરા ઉપર ઘીના લપેડા કરેલા હતા. વરરાજા જાણે મોઢામાં મગ ભર્યા હોય એમ સૂનમૂન બેઠા હતા. એમના ખોળામાં આડી તલવાર પડી હતી અને એની ઉપર તૈલી ચીકણાશ તગતગતી હતી.

રૂપાના ખોલરેથી જાનને ‘હાર ખિસરિયા’નું આમંત્રણ અપાઈ ચૂક્યું હતું. વરરાજા તરફના પાંચ વેવાઈઓ રૂપાના ખોલરાના દરવાજા સુધી વાજતે-ગાજતે આવ્યા. સ્ત્રીઓ સામસામે ગાણામાં ગાળોનો ત્રમઝટ વરસાદ વરસાવતી હતી.

આ આખી વિધિ કાકી દ્વારા થાય છે. તે એક હાથમાં સોટી અને બીજા હાથમાં સુપડું લઈને આવી અને વેવાઈઓને કંકુના ચાંલ્લા કર્યા અને તે નાચવા માંડી.

વરરાજા તોરણે આવ્યા ત્યારે શ્રીફળ વધેરીને એમનું સ્વાગત કર્યું. ચોરીમાં જતાં શ્રીફળના કોપરાના ટુકડા કન્યા પક્ષ તરફ ફેંકવામાં આવ્યા, ત્યારે તો જુવાનો - જુવાનડીઓ એ લેવા માટે તૂટી પડ્યાં. કોપરું લેવાં કરતાં એકબીજાને એ લોકો જે રીતે અડાઅડ - અડપલાં કરતાં હતાં, એમાં એમની કામુક લાગણીઓ ઝિલાતી હતી.

અરવલ્લી આદિવાસી સમાજમાં લગ્નવિધિ કેવી રીતે થાય છે તે નવાઈ પમાડે તેવું છે. વરરાજાનું સામૈયું કરવા માટેનો ‘જાનૈયો ઢોલ’ વગાડવામાં આવે છે. તથા જાનને ‘હારખિસરિયા’નું આમંત્રણ અને સ્ત્રીઓ સામસામે ગાણામાં ગાળોનો ત્રમઝાટ વરસાદ વરસાવત્ઈ હોય છે. તથા વરરાજાને ખુશ કરવા બાવા-બાવીનો વેશ તથા એમની ન કલ્પી શકીએ એવી કામુક ચેષ્ટાઓ અને વરરાજાને તોરણે

લાવીને શ્રીફળ વધેરીને એમનું સ્વાગત, વાજતે-ગાજતે વરરાજાને ચોરીએ લાવવામાં આવે છે અને સાથે દીકરીને લગ્ન વખતે દહેજમાં વૃક્ષો અપાતાં જેમનાં જીવનમાં પર્યાવરણ મહત્વનું અંગ બની રહે છે.

નટો ગુજરો ! વનવાસીઓનો સૌથી મોટો પ્રતિભાવાન શક્તિશાળી અને મેલી વિદ્યાના મણિધર જેવો ભોપો એ ગુજરી ગયો.

મરણ પ્રસંગ હરકોઈ સમાજમાં આવતાં હોય છે. પરંતુ અન્ય સમાજથી કઈ રીતે 'અરવલ્લી' આદિવાસી સમાજ ભિન્ન છે. તેનું અહીં બારીકાઈથી અવલોકન કરવામાં આવ્યું છે તે આ પ્રમાણે છે. નટા - ગુજરાના શબને પુરુષોએ લીલા વાંસની ઠાઠડી તૈયાર કરી. નટાને સુવડાવ્યો. એની આજુબાજુ એને ગમતી વસ્તુઓ મૂકવામાં આવે છે અને એના હાથે જે રૂપાની બંગડી હતી તે કાપીને કાઢી લીધી. વારી ઢોલ અને શાદી ઢોલ પણ વગાડવામાં આવે છે. તથા શબની આગળ અને પાછળ જુવાનિયા પગે ઘૂઘરાં બાંધીને, હાથમાં લીલા વાંસની નાની લાકડીઓ લઈને ઢોલના તાલે નાચતા, તો કોઈ અબીલ-ગુલાલ ઉડાડતું હતું. તથા એક બાજુ સ્ત્રીઓનું હૈયાફાટ રુદન આમ બે ભાવ ઊભરાતા જોવા મળે છે. પછી નટા ગુજરાનું કાળજું અને ડોડો જોવામાં આવ્યો ! એનું કાળજું કોઈ ડાકણ ખાઈ ગઈ તો નથી ને ? જેમાં અંધશ્રદ્ધાનો દોર જોવા મળે છે. નટા ગુજરાના છોકરાએ

શબનું મોઢું પાણીથી ધોયું, મોઢામાં પૈસા મૂકવામાં આવ્યા, એના હાથ-પગની આંગળીએથી નખ કાપી લીધા, અનાજની હાંલ્લીને ફોડી નાંખી પછી શબની સિંદૂરથી પૂજા કરી અને એની છાતી પર શ્રીફળ મૂકવામાં આવ્યું અને એની ચારેબાજુ મીઠું ભભરાવવામાં આવ્યું. પછી તો રગતિયો, નારસંગો અને દૂતિયા વીરની જે બોલાવી... કોઈએ સ્મશાનિયો તો કોઈએ જોટંગાની જે... તો કોઈએ ખીલરીયા કે પીપળીયા રખાની જે બોલાવી નટા ગુજરાના શબને માટીમાં કાયમ માટે દાટી દીધું... તથા મરનારનાં પગલાં જોવાની વિધિ તે ફરી પાછો માનવયોનિમાં જન્મશે, પણ અહીં આ ઘરમાં નહીં... બીજા કોઈને ત્યાં. આમ, 'અરવલ્લી' આદિવાસી સમાજની જીવન-મરણની અંતિમ વિધિ તથા નવ-જન્મની આશા સાથે પૂર્ણ પામે છે. જેમાં સામાજિક ગતિવિધિની ઝાંખી થાય છે.

## ૪.૩ આર્થિક ગતિવિધિ:

અરવલ્લી આદિવાસી સમાજની આર્થિક પાસાંની છણાવટ કરીએ. શિયાળા-ઉનાળામાં ક્યાંક મજૂરી મળે તો કરતાં હોય છે, નહિતર આ ચોટીલો તો છે જ! લાકડાં કાપી લાવીને વેચવાનાં, મધ મળે તો પાડવાનું, જંગલી ફળ હોય તે અને

ખેર વગેરેનો ગુંદર વીણી લાવવાનાં અને ક્યારેક તો બૈરાં, છોકરાં પુરુષો બધાં જ તગારાં પાવડા ત્રિકમ, કોદાળીઓ લઈને સરકારી કામોમાં જેવાં કે આડબંધ બાંધવા, ખાડા કરવા, તળાવડીઓ ખોદવી વગેરે સરકારી કામોમાં જોડાય જાય છે. કેવી ખડતલ છે આ પ્રજા ? પોતાના માટે જ આ બધું કરે છે એવું નહિ બીજાં માટે પણ કામ કરવાનો એમને કેટલો આનંદ છે. ન કોઈ રાવ કે ન કોઈ ફરિયાદ ! સાયે'બે કીધું સે એટલે કામ કરવાનું!

આમ, આ અરવલ્લી આદિવાસી સમાજ ભલે રૂપ રંગમાં નોખા પરંતુ મહેનત - મજૂરી કરવામાં ક્યાંય કચાશ નહિ. ક્યારેક સરકાર દ્વારા રાહત કામો, ક્યારેક એ પોતાના માટે જ કમાવું, પોતાના માટે જ કામ એ ભાવ ભૂલીને બીજાના માટે પણ કામ કરવામાં કોઈ આળસ કંકાસ ન્હિ. 'સાયે'બે કીધું સે' એ ભાવના વિચાર લઈને શરીરને ઢાંકવા માટે પૂરતાં વસ્ત્રો નથી. પરંતુ કામ કરવામાં મહેનત મજૂરી કરવામાં ખુશીથી આર્થિકતાના પ્રશ્નને હલ કરવા મથતા રહે છે.

## ૪.૪ સાંસ્કૃતિક ગતિવિધિ:

સાંસ્કૃતિક ગતિવિધિમાં નીચે મુજબના વિભાગો પાડવામાં આવ્યા છે:

### ૪.૪.૧ લોકગીતો:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિને કેન્દ્રમાં રાખી ‘અરવલ્લી’માં ભમતાં લોકગીતોનો આંછો અમી છાંટણો જોવા મળે છે. તે અહીંયા આ પ્રમાણે પ્રકટે છે. ભોલાએ રાવણહથ્થો લઈને ગાતાં વગાડે છે. તે ગીતની પ્રસ્તુતિ આ પ્રમાણે છે:

“પે’લા પે’લા જુગમાં રાણી...
તમે હતાં પોપટી ને...
અમે રે પોપટ રાજા રામના... હોજી...”

આ ગીતમાં કહેવા માંગે છે કે પહેલાં યુગમાં તમે રાણી અને પોપટી હતાં અને અમે રામ રાજાના પોપટ હતા.

“દાતેડું ને બેડીયું લૈને હોલો ટોવા ગૈતી... હું તો”

ભોલાનો રાવણહથ્થામાં રણકાર સંભળાય છે. તે સાંભળવું સૌને ગમે છે. બધાને ખૂબ મજા આવે છે.

વસંત આવતાં વસંતરૂપી ગીતો પણ લહેરાતાં જોવા મળે છે:

“ફાગણ આયો રે આયો... વસંત લાવ્યો રે લાવ્યો...
આંબે આવ્યા મોર મહુડે આવ્યાં ફૂલ, કોયલ બેની ફૂહું...
ફૂહું બોલે... બોલે...”

આમ, આ લોકગીતોમાં ભાવાર્થમાં પ્રકૃતિની પણ રમઝટ જોવા મળે છે.

### ૪.૪.૨ ઉત્સવો અને મેળાવડા:

અરવલ્લી આદિવાસી સમાજના ઉત્સવો અને મેળાવડાની રમઝટ જોઈએ. સો પર્વનો વાસો કહીને જેનો ભારોભાર મહિમા કરવામાં આવ્યો છે એ 'દિવાસો' બે દિવસ આ ગામના મુખીએ લીલવણ પૂજવાનો આદેશ આપેલો હતો. તેથી આષાઢની અમાવસ્યાએ દરેકના ઘરમાં દૂધમાં ચોખા રાંધવામાં આવ્યા હતા.

આ વનવાસીઓએ 'પાનલાડિયા' બનાવેલા છાણ - માટીના ઢીંગલા ઢીંગલી કરીને કન્યાઓ લઈને ચાલે છે. બધાં ગાતાં ગાતાં એમની પાછળ ચાલે ક્યારેક ઢીંગલા ઢીંગલી મોટાં પણ બનાવે છે. ઢીંગલીને લાલ કપડાં પહેરાવે છે અને ચણોઠીની આંખો કરે છે. એને લઈને નાચતા-કૂદતા-ગાતા અને ઢોલ તથા કૂંડી જેવા વાદ્યો વગાડતા વગાડતા ખેરા દેવના થાનકે ભેગા થાય છે અને દૂધમાં રાંધેલું ચોખાનું નૈવેદ્ય ધરાવવામાં આવે છે. આજુબાજુની વનસ્પતિ અને ઘાસને દૂધના છાંટા નાખીને પૂજે છે. આરતી જેવું કરે છે, પછી બધાં એને આરોગે છે. લીલવણ પૂજ્યા પછી જ જંગલમાં થતી ફાંગ, સટોડી, ફળો, સરગવો જેવી લીલી શાકભાજી ખાઈ શકાય છે, એ પહેલાં નહિ.

કન્યાઓ ઢીંગલા-ઢીંગલી લાવીને સાચવીને ઘરના છાપરે મૂકે છે અને હોળી પર એની પૂજા કરી, પરણાવીને પછી હોળીમાં હોમી દે છે. કારણ કે એનાથી સારો

વરસાદ, સારી ખેતી અને પરિવારની સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત થાય એવી માન્યતા અને લોકશ્રદ્ધાની ભાવના રહેલી છે.

લોકો ઝવેરા વાવીને એની પૂજા કરે છે. ઝવેરા એ માતાનું પ્રતીક મનાય છે. ભાદરવી અમાસે માતાનું પૂજન કરી, સવારે ઘરની પાસે એક ઓટલી કરી તેના ઉપર જવ-ઘઉં પાથરી, માટી ખાતરમાં ભેગા કરીને એનું સ્થાપન કરવામાં આવે છે. એ દિવસે એકટાણું કરવામાં આવે છે અને પહેલી નવરાત્રિથી ઉપવાસ કરે છે. બધી જ ક્રિયા-પ્રક્રિયાઓ ખાણીપીણી, વ્યસન કે વાણી વ્યવહારમાં સંયમ જળવાય છે. માતાજીનું ખપ્પર નવ દિવસ ફરતું રહે છે. એવી માન્યતા દૃઢ થયેલી છે.

આ વિસ્તારના વનવાસીઓ પણ નોરતાં કરે છે. ભાદરવાની અમાસે બધાં દેવીના થાનકે ભેગાં મળીને દેવી પાસે નોરતું લેવાની રજા માગવામાં આવે છે. રજા મળ્યા પછી જંગલમાંથી એક લીલો ઊંચો વાંસ વાઢી લાવીને દેવીઓનો નેજો બનાવવામાં આવે છે. માતાની આગળ બકરાનો ભોગ ધરાવીને થાનકના માટીના ઘોડાઓને બકરાના લોહીના ચાંલ્લા કરીને ફરીથી રજા લે છે. સ્ત્રીઓ નોરતામાં ભાગ લઈ શકતી નથી. (પૃ. ૨૦૫)

અરવલ્લી આદિવાસી સમાજ ભાદરવી અમાસે ઝવેરા વાવીને માતાનું પૂજન કરવામાં આવે છે તથા માતાની આગળ બકરાનો ભોગ ધરાવીને થાનકના માટીના ઘોડાઓને બકરાના લોહીના ચાંલ્લા કરીને માતાનું પૂજન કરીને નોરતાની ઊજવણી કરવામાં આવે છે.

લેંબાએ કહ્યું કે પૂનમની રાત્રે હોળી પ્રગટાવવામાં આવે છે. આ પંદર દિવસ તો સ્ત્રી-પુરુષો-બાળકો બધા જ રાતે દરરોજ નાચે છે અને આનંદ કરે છે. આ દિવસો દરમ્યાન છોકરાં ઢોરનાં છાણનાં હોળાયાં થાપે છે અને હોળી પ્રગટાવે ત્યારે એમાં નાખે છે. હોળીની વચ્ચે શીમળાનું ડાળું લાવીને રોપવામાં આવે છે અને એની ઉપર ઘી, ગોળ અને રોટલાનું ચૂરમું કોરા કપડામાં બાંધવામાં આવે છે. જ્યારે હોળી બરાબર પ્રગટે ત્યારે એકાદો કુંવારો યુવાન તલવારના ઝાટકે શીમળાના ઝાડની ડાળીને કાપીને અગ્નિની જ્વાળાઓ વચ્ચેથી ખાવાનું લઈને દોડી જાય છે અને બીજા પણ તેની પાછળ લઈને દોડી જાય છે અને બીજા પણ તેની પાછળ જાય છે. તે ક્યાંક આછો કે અજાણી જગ્યાએ જઈ ચૂરમું ખાઈને પાછો આવે છે. આમ, હોળીનો તહેવાર ધામધૂમથી ઉજવવામાં આવે છે.

ભાદરવા સુદ અગિયારસથી પૂનમ સુધી અરવલ્લીની રમણીય ગિરિમાળાઓ વચ્ચે બિરાજેલ મા અંબા ભવાનીનો મેળો ભરાય છે. એમાં ખૂબ જ મોટા

પ્રમાણમાં માનવમેદની એકઠી થાય છે જાણે કીડીનગરું ઊભર્યું ના હોય ! આ ભક્તિરૂપી શ્રદ્ધાના મેળામાં કથાનાયક પણ જોડાઈ જાય છે. આમ, અરવલ્લી આદિવાસી સમાજના મેળાવડા અને ઉત્સવો ઉજવાતા જોવા મળે છે.

### ૪.૪.૩ રીતરિવાજો:

અરવલ્લી આદિવાસી સમાજના રીતરિવાજો વિશે અભ્યાસ કરતાં જોઈએ. વેરામાં હવન હતો. બાબુ આમંત્રણ આપવા આવ્યો હતો. કથાનાયક એમને પૂછે છે કે કેમ, હવન કરાવો છો ? એણે કહ્યું, “સાયે’બ અમારો રિવાજ છે કે નવો પાક થાય એટલે એને ખાતાં પહેલાં ભગવાનને ધરાવવો પડે. નહિતર ભગવાન રૂઠી જાય.” ત્યારે કથાનાયકને આ ગરીબ પ્રજાની ભાવના માટે માન થયું. થોડામાંથી થોડું પણ આપીને ખાવું આ બધું આપણું નહિ પણ ભગવાનનું છે એને પહેલો જમાડવો અને પછી જમવું. (પૃ. ૨૨૯)

અરવલ્લી આદિવાસી સમાજનો એક રિવાજ છે જેમાં સુંદર ભાવના છૂપાયેલી છે કે નવો પાક થાય તો પહેલાં ભગવાનને ચરણે અર્પણ કરીને પછી જ પોતે આરોગવું તે એક ઉચ્ચ આદર્શ, વિચાર, મૂલ્ય ધરબાયેલું જોવા મળે છે.

અરવલ્લી આદિવાસી સમાજમાં હિન્દુ વિધિ જેવું જ આ લગ્ન હતું. આમેય આ અરવલ્લીમાં પ્રાગૈતિહાસિક કાળથી વસતાં વનવાસીઓ દુનિયાના કોઈ પણ

આદિજાતિ કરતાં વધારે સભ્ય હતાં દીકરીના લગ્ન વખતે દહેજમાં પણ વૃક્ષો અપાતાં. આ પરંપરા તો આપણો દેશ આઝાદ થયો ત્યાં સુધી ચાલતી હતી. વીસ હજાર વર્ષ પહેલાંથી ચાલતી આવતી આ પ્રથા સૂચવે છે કે અરવલ્લીના આ બાળને પર્યાવરણનું કેટલું મહત્વ હતું. (પૃ. ૧૭૧) દહેજમાં વૃક્ષો આપવાં તે પર્યાવરણનું રક્ષણ, જતન, મહત્વતાનું મૂલ્ય સ્થાપિત જોવા મળે છે.

**૪.૪.૪ પોશાક:**

અરવલ્લી આદિવાસી સમાજની પોશાક-પહેરવેશની વાસ્તવિક જીવનમાં વાત કરીએ તો પુરુષોના પોશાકમાં શરીર પર ફાટેલું મેલું ખમીસ હતું. ફાટેલી ખાખી રંગની ચડ્ડી હતી. એને પાછળના ભાગમાં એક કાળા રંગના ટુકડાનું થીંગડું મારેલું હતું. એનાં કપડાં એટલાં મેલાં હતાં કે એનો અસલ રંગ કયો હશે તે કહેવું મુશ્કેલ હતું. (પૃ. ૧૦૩-૧૦૪)

સ્ત્રીઓના પોશાકની વાસ્તવિક પરિસ્થિતિ પર નજર કરતાં ઘણાં બૈરાં એ તો માત્ર કછોટા જેવું જ મારેલું. નાની છોકરીઓનાં અને છોકરાંઓનાં શરીર તો ઉઘાડાં હતાં. પુરુષોનું પણ લગભગ એવું જ હતું. કેટલાકે માથે ફાળિયાં બાંધ્યા હતાં. એની ઉપર ગોફણ વીંટાળેલી હતી. (પૃ. ૯૬)

છતાં એમાં પણ વિવિધતા જોવા મળે છે. પુરુષો માથે લાલ કે ધોળા રંગનું ફાળિયા જેવું, ઢીંચણ સુધી ધોતિયું, કેટલાક ટૂંકી બાંયની ઝૂલરીમાં શોભતા. સ્ત્રીઓ સારણો (ચણિયો) સીવડાવેલો હોય. એમણે ગળાથી તે કેડ સુધીની વાદળી, પીળી, કાળી કે લાલ રંગની ઝૂલડી પહેરી હોય, માથાના વાળમાં ચીકણો પદાર્થ નાખીને જુદી જ રીતે ઓળેલા. પીનો ખોસેલી અને માથામાં કાનની ઉપરના ભાગે કે સૂડો હજારી ગલગોટા કે એવાં રંગબેરંગી વગડાઉ ફૂલો ખોસેલાં હોય છે. પગમાં કોકર બલાનાં કડલાં કે છડા એવી જ હાથની આંગળીઓ વીંટીઓ, હાથે બલોયાં કે બંગડીઓ ગળામાં એલ્યુમિનિયમની વાંસડી જે ચાંદી જેવી દેખાતી હોય. ક્યારેક બૈરાં લાલ રંગનાં લૂગડાં પહેરે છે. દૂરથી લાલ લાલ ટપકાં આઘાંપાછાં થતાં હોય તેવું દેખાય. ઢીંચણથી સહેજ નીચે સુધીના ઘાઘરા અને લાલ જાડી બાંધણી જેવું ઓઢેલું હોય. (પૃ. ૧૩૪) આમ, પુરુષો અને સ્ત્રીઓના પોશાકમાં વિવિધ ભાત પડતી જોવા મળે છે.

### ૪.૪.૫ વ્યસન અને ટેવો:

અરવલ્લી આદિવાસી સમાજમાં વ્યસનની ટેવોમાં ડોકીયું કરીએ તો સાંજે બધા ભેગા મળીને રાવટીઓ જમાવીને, ગપાટાં મારવાનાં ચલમોના ધુળાડા, કાઢવાના અને મોડી સાંજે ઊંઘી જવાનું. આ એમનું જીવન. (પૃ. ૧૬૩)

માધુસિંહ રાત્રે ખેતરનું રખવાળું કરતાં એકાદ હાકોટો કરે. એના પડઘા ઊંઘતા પથ્થરોને થથરાવતાં નીકળી જાય આગળ ને આગળ દેવતામાં થડિયું અડવીને ચલમનો દમ મારી ફરી પાછો લાંબો થઈ જાય. ખાટલામાં પછી ઢૂકડું હોજો પરભાત. (પૃ. ૪૫)

આજુબાજુથી આવેલા લોકો ઝેઝરીના પાંદડામાં તમાકું ભરીને ધુળાડા કાઢી રહ્યા છે. (પૃ. ૧૮૧)

એ લીલા પાંદડામાં તમાકું ભરીને વાળીને, બીડી જેવું બનાવીને ધૂમાડો કાઢતો હતો. (પૃ. ૯૪)

આમ, અરવલ્લી આદિવાસી સમાજમાં ક્યારેક ખેતરની રખેવાળી કરવા અર્ધજારત અવસ્થામાં ઊંઘવા, સમય પસાર કરવા માટે તમાકું, બીડી, ચલમનું વ્યસન કરવું એ એક કૂટેવ જોવા મળે છે. જે સારી બાબત નથી. અરવલ્લી આદિવાસી સમાજ વ્યસનથી પર નથી. જે વિચારવા સુધારવા જેવી ગંભીર બાબત છે.

**૪.૪.૬ રહેઠાણ:**

અરવલ્લી આદિવાસી સમાજની રહેઠાણની વિશેષતા એવી છે કે એમનું રહેવાનું એટલે એક ખોલકું. આ વનવાસીઓનું ગામ ચાર-પાંચ કિ.મી.ના અંતરમાં

વસેલું હતું. એક ઘર અહીં તો બીજું બીજી ટેકરીએ ! આટલી મોકળાશ અને અડચણ તો કોઈને પણ નહિ હોય. કોઈ સારા-માઠા પ્રસંગે મળવાનું ભેગા થવા માટે ઢોલ વગાડે, ઢોલના અવાજના આધારે ભેગા થવાનું કારણ જાણે. (પૃ. ૨૭) અમુક પ્રકારનો ઢોલ વાગે તો આ કે તે કામનો હોય. નાના-મોટા પ્રસંગે ભેગા કરવાનો એમનો મોટામાં મોટો અને લાંબામાં લાંબો ટેલિફોન એ ઢોલ છે.

ગામની પાસે નેસડો ! તે પણ કેવો ? બોરડી વગેરે કાંટાળાં જાળાના વાડા બનાવેલા. વાડામાં ચકલું પણ ન જઈ શકે, કારણ કે કોઈ રાતે દીપડો કે વનેચર કે રીંછ જેવા વન્ય પ્રાણીઓ આવીને ભજવાડ કરી ના જાય એવો એક દરવાજો. એને પણ મજબૂત કાટલું બનાવ્યું હોય. રાતે વાડો બંધ કરી ઘેટાં-બકરાં કે ગાયો અંદર પૂરી રાખવાનું શિયાળે. ઉનાળે તો ઘરનો માલિક પણ એ જ વાડામાં ખાટલો ઢાળીને એ બધાંની ભેગો સૂઈ રહે.

એમનાં ઘર નહિ પણ છાણ માટીથી થેપેલી ભીંતો, એના ઉપર લાકડાંના નાના-નાના પાટડા અને ઉપર ઘાસ - ખાસ કરીને મુંજાળી જેવું ઘાસ ઢાંકેલું હોય છે, જેથી વરસાદ સીધો અંદર ના આવે. કોઈકને ત્યાં જ નળિયાં જોવા મળે. એથીય આગળ નજર કરી તો દરેક ઘર, એને ઘર કહેવા કરતાં ‘ઝૂબો’ કહેવો

યોગ્ય લાગશે, કારણ કે કેટલાંક ઘર તો ગોળાકાર બનાવેલાં અને ઉપરની બાજુએ શંકુ આકારનો ભાગ બનાવીને ઘાસથી બનાવેલાં ! (પૃ. ૧૩૩-૧૩૪)

લેંબાએ પોતાના ખોલરાની બાજુમાં એક નવું બીજું તાજું ખોલરું બનાવ્યું હતું. ખોલરામાં બે ઓરડા બનાવેલા હતા. અડધા સુધી એની ભીંતો ચીકણી માટીની પથ્થરો વડે ચણીને બનાવી હતી. એના ઉપર માટીથી થેપીને નાની દીવાલ જેવું બનાવ્યું હતું. ઉપરથી બે બાજુ ઢોળાવ આપેલો હતો અને એક મોભ બનાવેલો હતો. પછી નાનાં સીધાં લાકડાંથી તથા લીલા વાંસને વચ્ચેથી ફાડીને એની ખાપો બનાવી એ લાકડા સાથે ચીપીને બાંધેલા હતા. ઉપરના ભાગે સાદડ, શિરીષ અને ખજૂરીનાં પાન તથા ઘાસથી ઢાંક્યું હતું.

નીચેના ભાગમાં દીવાલને અઢેલીને બેસવા માટે વ્યવસ્થિત પથ્થરની પડધી બનાવી હતી અને એના ઉપર સાદડી પાથરી હતી. ખોલરાના આગળનો ભાગ ઢોરના છાણ-માટીથી લીંપીને સુંદર ઓકડીઓ પાડીને શોભાવ્યો હતો. એના ઉપર ચૂનો લગાવ્યો હતો અને એમાં માણસોની હાર, ઘોડા, ઘોડેસવારી, લડતા લોકો, વાઘ, ચિત્તા, મોર, મરઘાં વગેરેના ગેરૂવા રંગથી ચિત્રો દોરેલાં હતાં.

અરવલ્લી આદિવાસી સમાજ ઝૂંપડી, ધૂવો, ખોલરું, મકાન વગેરે એમની રહેઠાણની વિશેષતા છે. રહેઠાણ ભલે નાનું મોટું ઝૂંપડું હોય પરંતુ મુખ્ય બાબત

એ છે કે એમનું હૃદય બહું વિશાળ છે. આવકારની ભાવના આવેલ વ્યક્તિનું માન-સન્માન, પોતે ભૂખ્યાં રહીને પણ પોતાના આંગણામાં આવેલ વ્યક્તિ ભૂખ્યાં ન રહેવાં જોઈએ. એ એમની પ્રેમ ભાવના છે. જે પ્રેમ ભાવના સાચવવા જેવી અમૂલ્ય ચીજ છે.

**૪.૪.૭ ખાણીપીણી:**

અરવલ્લી આદિવાસી સમાજની ખાણીપીણીની રીતમાં જોઈએ તો ખોરાકમાં બાજરી, જુવાર કે મકાઈનો રોટલો, છાશ કે ઘેટાં-બકરાંનું દૂધ એ એમનું કાયમી ખાણું ! ક્યારેક જ ઘઉંનો રોટલો ખાતાં હશે.

પ્રભુએ આંગડીના ઉપરના ખીસ્સામાંથી ખેંચીને એક કોથળી કાઢી ! એમાંથી ઘઉંનો તવી જેવડો રોટલો વાળીને ઘાલેલો તે કાઢ્યો ! ઘઉંના ફૂલેલા રોટલાનું ઉપરનું પડ ઉખેડીને એમાં ઘી અને લાલ મરચાંની ચટણી ભરીને પાછો વાળી દીધેલો તેથી ગરમ રોટલો ઘી પી જાય. એણે રોટલાના ચાર ભાગ કર્યા અને પ્રેમથી અમારી અમારી સામે ધર્યા.

એણે રોટલો વહેરયાં પછી એના ચહેરા ઉપર જે આનંદ છલકાતો હતો એ પણ મારા જીવનની એક ધન્ય ઘડી હતી! આ વૃક્ષો આ પંખીઓ અને આ પ્રાણીઓની નિર્દોષતા એના ચહેરા ઉપર ચમકતી હતી. કથાનાયક કહે છે અને મેં

એનો રોટલો ખાધો ! એ જે અહોભાવ એ જે આનંદ હતો. એ લખવું શક્ય નથી. રોટલા આપતાં એનો જે ઉમકળો હતો. એ મારાથી ભૂલી શકાતો નથી. આ એક ઢોર પ્રકૃતિના માણસમાં કેટલી મહાનતા છે.

રાતે અમે વજાને ત્યાં જમ્યા. મકાઈનો રોટલો, પૂવારની ભાજી અને અડદની દાળ. (પૃ. ૨૧૨)

અરવલ્લી આદિવાસી સમાજ ખોરાકમાં બાજરી, જુવાર, મકાઈ અને ઘઉંનો રોટલો સાથે પૂવારની ભાજી અને અડદની દાળ તથા છાશ કે ઘેટાં-બકરાંનું દૂધ તથા લાલ મરચાની ચટણી અને ઘી લગાવીને ખાતા અને વહેંચીને ખાવાની પ્રેમની ભાવના થોડામાંથી થોડું વહેંચીને ખાવું એ લાગણી, એ પ્રેમભાવ માનવીયતાના મૂલ્યોની ઝાંખી કરાવે છે.

માટીના થાળી જેવા વાસણમાં ચૂરમું આવ્યું અને બીજા વાસણમાં એકદમ કૂણી કૂણી કાકડી અને કરમદાં પણ હતાં. હમીરસિંહે કહ્યું, “સાયેબ... મહુડાના બીજમાંથી તેલ કાઢે છે. તેનું ચૂરમું છે. જો કે આ લોકોમાં મહેમાનનું સારામાં સારું સ્વાગત તો દારૂ અને કૂકડો અને બકરાંનું માંસ ખવડાવે તો જ કહેવાય.” (પૃ. ૧૮૨)

આ લોકો માટે મહુડાનો દારૂ એ અક્સીર ઈલાજ ગણાય છે. આ વનવાસીઓનું ઉત્તમ પીણું દારૂ જ છે. (પૃ. ૨૧૨)

જેમ મીરાંબાઈ કહેતાં હતાં તેમ જમવાને કોઈ શીરો-પૂરી પકવાન સ્વાદીષ્ટ ભોજનિયાં તો ક્યારેક ભૂખ્યાં પણ સૂવું પડતું. એથી જ સ્થિતિ આ અરવલ્લી આદિવાસી સમાજની છે. કોઈ દિવસ સારા પ્રસંગે લાડુ મળે છે, તો ક્યારેક કંદમૂળ, ફળફળાદીથી પણ સંતોષ માનવો પડે છે. જે  સાચી વાસ્તવિકતા પ્રગટ કરે છે.

**૪.૪.૮ અંધશ્રદ્ધા:**

અરવલ્લી આદિવાસી સમાજમાં અંધશ્રદ્ધાનું બીજ ખૂબ જ ઊંડે સુધી ઉતરેલું જોવા મળે છે. હમીરસિંહે કહ્યું, “સાયેબ... આ લોકોમાં કેટલીક બાઈઓ ડાકણો હોય છે. જે ઘરમાં જે બાઈને ભોપાએ ડાકણ જાહેર કરી હોય એના ખોલરા (ઘર) ઉપર લાલ વાવટો ફરકતો હોય અને કાળું દોણું ઊંધું પાડેલું હોય !”

જ્યારે ભોપો કોઈ બાઈને ડાકણનું લેબણ લગાડે કે તરત જ ગામ લોકો ભેગા થઈને એન પકડી લે. એમાં એમની માન્યતા એવી છે કે ડાકણ હોય એ એને ગમે એ પુરુષને મારીને ખાઈ જતી હોય છે.

ડાકણ કેવી રીતે પુરુષને મારે, ખબર છે ? જે બાઈ ડાકણ વિદ્યા શીખે એ રાત્રે જંગલમાં હાંડલી લઈને એની શીખવનાર પાસે જાય અને ત્યાં નગ્ન બનીને પોતાના ઘેર જાય. એ જે શીખી હોય એનો દોરો કોઈ પુરુષના પગે બાંધીને ત્યાંથી જતી રહે અને જઈને જ્યાં હાંડલી ચૂલા પર મૂકી હોય ત્યાં જંતર-મંતર બોલે એટલે જેના પગે દોરો બાંધ્યો હોય એનું કાળજું એ હાંડલીમાં આવી જાય પછી એ ટેસથી ખાઈ જાય અને પેલો પુરુષ એની જે અવધિ નક્કી કરેલી હોય, એટલા સમયમાં મરી જાય.

આ ડાકણ કોઈની પત્ની, પુત્રી, માતા, બહેન હોય છે. તેથી એણે ખાનગીમાં રહેવું પડતું હોય છે.

ડાકણ જાહેર કરેલી બાઈને બધાં પકડીને એના ચણિયાનો કછોટો મરાવે છે અને એની આંખોમાં ઝીણું લસોટીને મરચું ભરે છે અને એની ઉપર પાટો બાંધી દે છે. પછી ભોપાએ હાંકોટા પડકારા કરતા સૌની સાથે જ્યાં જૂનામાં જૂનો વડ હોય ત્યાં લઈ જઈને એને દોરડાથી વડની ડાળીએ ઊંધી લટકાવે છે.

અરે સાયેબ !... એ બાઈ તો ચીસાચીસ કરતી હોય આપણી છાતી ફાટી જાય એવું રડતી હોય, પણ કોણ સાંભળે ? બધા હાંકોટા ચિચિયારીઓ જ કરતા હોય છે ! જ્યારે એ જાતે જ કહે છે કે હા હું ડાકણ છું, પછી જ એને છોડવામાં

આવે છે ! એના કપાળમાં ડામ દેવાય છે અને એ 'ડાકણનો વડલો' જાહેર કરવામાં આવે છે. ક્યારેક તો આ રીતે એ બાઈનું મોત પણ થઈ જતું હોય છે. કદાચ આપણને સાંભળીને નવાઈ પણ લાગશે કે આ કેવું જંગલીપણું !

અને આ લોકોના તો બાબરીયો જોટંગો, રગતિયો, દૂતિયો નારસંગો જેવા વીર અને ઝાંપા-ઝાંપડી જેવી મેલી વિદ્યાવાળી માતાઓ હોય છે. તો એમના ગૌતમ, ખીલરિયો જેવા રખેવાળ હોય છે. ચૂડેલ, ડાકણ જેવાં ભાત-ભાત ને જાત-જાતની હોય છે ! આજે એ કાળી ચૌદશને ધ્યાનમાં રાખીને મેલી વિદ્યાના દેવો અને ગૂઢ શક્તિઓ તરફ વળી ગયો હતો." (પૃ. ૨૧૨)

આ વિસ્તારના ભોપાઓનું સામ્રાજ્ય આખા અરવલ્લીમાં પથરાયેલું જોવા મળે છે. કેટલાક લોકો એને 'કામરુ' દેશના નામે ઓળખે છે. તંત્ર-મંત્ર, મેલીવિદ્યા, મેલાં દેવ-દેવીઓના એ આરાધકો મોટા ગજાના ગણાય છે. ભૂત-પ્રેત, ડાકણ, ચૂડેલને મૂઠ મારવી હોય અથવા મૂઠ વાળવી હોય તો એમના સિવાય બીજો છૂટકો જ હોતો નથી.

મેલી વિદ્યાઓના મહારથીઓમાં જેમની નામના ચોમેર ફેલાયેલી હતી એવો નટો ગુજરો ! વનવાસીઓનો સૌથી મોટો પ્રતિભાવાન શક્તિશાળી અને મેલી વિદ્યાના મણિધર જેવો ભોપો. (પૃ. ૨૪૦)

અરવલ્લી આદિવાસી સમાજમાં ભૂત-ભૂવા, ડાકણ, ચૂડેલ, ભોપો વગેરે દ્વારા અંધશ્રદ્ધાનું સામ્રાજ્ય ફેલાયેલું જોવા મળે છે. જે નિર્વિઘ્નપણે અંધશ્રદ્ધામાંથી શ્રદ્ધા તરફ આગળ વધે એવા વિચારો, એવી આશા એવાં બીજ એવી શ્રદ્ધા, એવું શિક્ષણ વાવવું જોઈએ કે જેથી સમાજ અંધશ્રદ્ધામાંથી બહાર આવે.

## ૫. ભાષા સંદર્ભે આદિવાસી સંસ્કૃતિ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિને ભાષા સંદર્ભે મૂલવતાં નીચે પ્રમાણેના વિભાગોમાં વહેંચવામાં આવેલ છે:

### **૫.૧ રૂઢિપ્રયોગો:**

અરવલ્લી આદિવાસી સમાજમાં રૂઢિપ્રયોગોનો મહાવરો આ પ્રમાણે જોવા મળે છે:

૧) કીડીનગરું ઊભરવું

૨) કૂવો પૂરવો

૩) આનંદની કોઈ મણા ન રહેવી (પૃ. ૧૨૯)

૪) કાચા કાળજાના હોવું (પૃ. ૧૨૯)

૫) કાળજુ કંપી ઊઠવું (પૃ. ૧૨૯)

૬) પોરો ખાવું (પૃ. ૧૨૯)

૭)   બકરી બનીને ચાલવું (પૃ. ૧૨૯)

૮)   આંખે નેજવાં કરવાં. (પૃ. ૧૩૩)

૯)   આભની અને ગાભની જલદી ખબર ના પડવી. (પૃ. ૧૪૧)

૧૦)  મોઢામાં મગ ભરવા (પૃ. ૧૬૮)

૧૧)  ટસના મસ ના થવું (પૃ. ૧૭૦)

આમ, અરવલ્લી આદિવાસી સમાજમાં વાતચિત દ્વારા આવા રૂઢિપ્રયોગો ઉપયોગ થતા જોવા મળે છે.

**૫.૨ કહેવતો:**

અરવલ્લી આદિવાસી સમાજમાં હૈયે અને હોઠે રમતી કહેવતો નીચે મુજબ છે:

૧)   દૂધનો દાઝ્યો છાશ ફુકેની પીવું (પૃ. ૫૮)

૨)   સાપ જ્યા અને લિસોટા રહ્યા (પૃ. ૭૨)

૩)   કાળા અક્સર ભેંત બરાબર (પૃ. ૭૨)

૪)   જ્યાં રવિ ના પહોંચે ત્યાં અનુભવી પહોંચે છે (પૃ. ૮૮)

૫)   કોઠી ધોવાથી કાદવ જ નીકળે છે (પૃ. ૧૧૦)

૬) બધે કાગડા કાળા (પૃ. ૧૨૫)

૭) પુત્તરનાં પારણામાં અને વહુનાં બારણામાં (પૃ. ૧૪૨)

૮) બેઉ બળિયા બાથે વળિયા (પૃ. ૧૭૮)

અરવલ્લી આદિવાસી સમાજમાં કહેવાતી કહેવતો જોવા મળે છે.

**૫.3 બોલી:**

અરવલ્લી આદિવાસી સમાજમાં બોલાતી બોલી કૃતિ સંદર્ભિત તેનું બારીકાઈથી અવલોકન કરીએ:

મેં દિતાને પૂછ્યું : “તમાર નાતીનાય માયમાયનો વગરા કુણ પટાવે ?” એણે કહ્યું: “અમારા નાતીના વગરા અમારા પસ્સી પટાવે સે.” (પૃ. ૧૦૦)

લેંબો તો બધું પડતું મૂકીને દોડતો દોડતો આવી ગયો અમને આવકારવા. હાથ જોડીને બોલ્યો: “મઝા માય ત સો નિ ?”

મોંતના કેંરહી પાછા આવા હૈયે (મોતના ઘેરથી પાછો આવ્યો છે) એણે તો જાણે વહી વાંચવા માંડી: ધરણ નતા, અંગાસ નતા, પાઓર નતા, પરબત નતા, સાંદ નતા, સૂરજ નતા...” (ધરતી નહોતી, આકાશ નહોતું, પથ્થર નહોતા, પર્વત ન હતા, ચાંદ કે સૂરજ નહોતા) (પૃ. ૮૫-૮૬)

કથાનાયક પણ અરવલ્લી આદિવાસી સમાજની ભાષાથી પરિચિત થાય છે. રોમ રોમ તાર નૉમ સૂં સે ?, દિ તો સાબ, કણી જાત ?, કણા ગૉમના સો ?

આમ, કથાનાયક એમની બોલીમાં સંવાદ રચે છે, જે આદિવાસી સમાજમાં બોલાતી બોલીના શબ્દો કૃતિ સંદર્ભે જોવા મળે છે.

## ૬. આદિવાસી સંસ્કૃતિ સંદર્ભે કૃતિની સીમિતતા:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે કૃતિની સીમિતતા વિશે અભ્યાસ કરતાં આ બાબતો ઉપર પણ ધ્યાન દોરવામાં આવે તો કૃતિ વધારે પ્રજ્વલિત થઈ શકે છે. લેંબો હમીરસિંહ અને કથાનાયકને આવકારવા હાથ જોડીને બોલ્યો: “મઝા માય ત સો નિ ? (મજામાં છો ને ?) હમીરસિંહ એ જ ભાષામાં જવાબ આપી શક્યા હોત પરંતુ અહીંયા એમ કરવામાં આવેલ નથી. અધૂરી શબ્દોની સાંકળ હોય તેમ લાગે છે. તેમ કરવામાં આવે તો ઉત્તમ કહી શકાય.

કૃતિમાં અમુક વખતે અશુદ્ધ શબ્દો આવવાથી અર્થનો અનર્થ બની શકે છે.

| શુદ્ધ શબ્દો | અશુદ્ધ શબ્દો |
|---|---|
| ખોલરું | ખોરલું (પૃ. ૧૮૦) |
| બાવા-બાવી | બાબા-બાબી(પૃ. ૧૭૦) |
| ડાબી બાજુ | ડાળી બાજુ (પૃ. ૧૧૫) |

આમ, અશુદ્ધ શબ્દોને દોષ રહિત બનાવવામાં આવે તો કૃતિની શોભા મહોરી ઊઠશે. કૃતિની નાની નાની બાબતો ઉપર ધ્યાન આપીએ તો કૃતિ ગુણવત્તાસભર અને મૂલ્યવર્ધિત બની જાય છે.

## ૭. ઉપસંહાર:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે અરવલ્લી નવલકથાનો અભ્યાસ કરતાં કિશોરસિંહ નવલકથામાં નિરાંતે વાત માંડે છે. તેનો તાગ મેળવીએ. ‘અરવલ્લી’ની ગિરિમાળાઓ દુનિયાની સૌથી જૂની સભ્યતાની સાક્ષી છે. તેથી આદિ પૌરાણિક અને ઐતિહાસિક કાળથી આ ગિરિમાળાઓમાં આપણી સંસ્કૃતિ પાંગરી છે. આપણી આધ્યાત્મિક સંસ્કૃતિના મૂળિયાં પણ અહીં જ ઊંડાણ તાગી શક્યાં છે. તેથી આ પર્વતો માત્ર પર્વતો નહિ પણ આપણાં સંસ્કારનાં શિખરો છે. તેથી એના અણુએ અણુમાં અને વનરાજિના પર્ણેપર્ણમાં આપણો ધબકાર સંભળાય છે. એમાં કોઈ મહાન સિદ્ધયોગીઓની વાયકાઓ વહેતી હોય છે.

નવલકથાનું શીર્ષક ‘અરવલ્લી’ છે. અર્થાત્ લેખકને અરવલ્લીના સૌંદર્યને જ પ્રધાનતયા પ્રગટાવવું છે. વિધવિધ ઋતુઓમાં વિધવિધ રૂપે દીસતો સૌંદર્યલસિત અરવલ્લી કેટકેટલી સમૃદ્ધિ ને સામર્થ્યથી સભર છે તેનું દર્શન કરવું/કરાવવું છે.

અરવલ્લીનો ખોળો ખૂંદતા ને અરવલ્લીને ભરોસે જ અનેકાવિધ સગવડો વચ્ચે પણ ખુશ રહેતા ને આનંદિત જીવન જીવતા આદિવાસી સમાજના પ્રતિનિધિરૂપ આતો, દિતો, માધુસિંહ, લેંબો, ઝેમોજી ઠાકોર, રેવાપુરી, વાઘોજી, રતન ફાંગણા, ભોલો બાબુ, પ્રભુ, ખેંગાર, રૂપો, વજો, ભીખો કે નરો ગુંજરો જેવાં પાત્રો પોતાની વ્યક્તિગત વિશેષતાઓ પ્રગટ કરતાં વિશેષ તો અરવલ્લીના જ એક અંગરૂપ તેની શોભાસમાં દીપી ઊઠે છે. તેમનાં પરાક્રમો, સૌંદર્ય, હિંમત, ખાનદાની, ભાવના, શ્રદ્ધા, ભોળપણ, નિર્દોષતા, અડગતા, મહેમાની, નમકહલાલી કે દુ:ખ, દર્દ, વેદના, સંઘર્ષ અને ગરીબી વચ્ચે પણ તેમના મનની માલદારી ને નફિકરાઈ, મોટાઈ ને ભલમનસાઈની ઊજળી બાજુઓ આકારાઈ છે. પ્રકૃતિના પરિતાપને ઝીલવાની સાહજિકતા સાથે - સાથે વેર-ભાવનાને સેવતી તેમની ક્રૂરતા પણ ધ્યાનાકર્ષક નીવડી છે. મોટાભાગનાં પાત્રો ઉપયુક્ત બે-એક લાક્ષણિકતાને સાર્થક કરતાં, નાનકડાં કથાનકરૂપે ભાવકના ચિત્ત પર તેની અસર છોડી જાય છે. અરવલ્લીને જ પોતાનો આધાર માનતા આ વનવાસીઓની સામાન્ય લાગતી અસામાન્ય બે-એક બાબતો તેમને ‘મળવા જેવા માણસ’ની ઓળખ અપાવે છે. આ બધામાં જુદું પડતું બિટગાર્ડ હમીરસિંહનું પાત્ર પણ પ્રકૃતિનાં રહસ્યોને ખોલતું કથકને અરવલ્લીની ભૌગોલિક, સામાજિક, સાંસ્કૃતિક, આધ્યાત્મિક ને પ્રાકૃતિક

સ્થિતિ - પરિસ્થિતિથી વાકેફ કરવા ઉપરાંત અરવલ્લી સાથે અનુસંધાન સાધી આપતું/રાખતું મહત્વનું કડીરૂપ અ-નિવાર્ય પાત્ર બની રહે છે.

આદિવાસી સમાજના લોક પરિચયની સાથે - સાથે લેખકે લોક-માન્યતાઓના પરિચયને પણ વણી લીધો છે. કાગડા શ્વાસથી સંયોગાય કે ચીબરી આપણી ડાબી બાજુએ બોલે તો સારા શુકન થાય જેવા ખ્યાલો, ચકલી ધૂળમાં નહાય તો થોડા દાડામાં વરસાદ આવે કે ઘુવડ મોભારે બેસીને બોલે તો કોઈ મરી જાય અથવા તો કાકડિયો કુંભાર (પંખી) આડો ઊતરે તો શુભ ગણાય જેવી માન્યતાઓ અહીં શ્રદ્ધાના તાણા-વાણા વચ્ચે આશ્ચર્યની ભાતો ઉપજાવે છે. દિવાસો, નોરતા, કાળી ચૌદશ કે હોળી જેવા વનવાસીઓના વાર-તહેવારની ઉજવણીની વિશેષતા, વિચિત્રતાઓ, લગ્નગીતોમાં ગવાતી બિભત્સ ગાળો, બન્ને પક્ષની કન્યાઓની કામુક ચેષ્ઠાઓ, ભીંતો પર દોરેલાં સ્ત્રી-પુરુષનાં મૈથુન-ચિત્રો, દહેજમાં અપાતાં વૃક્ષો જેવા લગ્નના રીત-રિવાજો, મરણવિધિ કે પછી ભૂત, ભૂવા, ડાકણ, ચૂડેલ, ઝાંપા, ઝાંપડી જેવી પ્રેત સૃષ્ટિની અજબગજબ દુનિયા અહીં નવલકથાના પ્રધાન વિષયની પૂર્તિરૂપ છે. વનવાસીઓની સભ્યતા, સંસ્કૃતિ, સામાજિકતા કે સંસ્કારિતાનો આલેખ અરવલ્લીની અથેતિ ઓળખના આધારસમો છે તો અરવલ્લીના પનોતા પુત્ર સમા સાધુ-સંતો અઘોરીઓની સૃષ્ટિ, યોગવિદ્યા ને

તાંત્રિક સિદ્ધિઓનો સાક્ષાત્કાર કરાવતી અને આશ્ચર્યો ને અહોભાવ જન્માવતી ભાવકના ચિત્તને શ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત કરી જાય છે.

વગડાની ઊજળી બાજુઓને આલેખતા સર્જક વનના વિનિપાતસમી દાવાનળ, વાવાઝોડું કે ભૂકંપ જેવી કુદરતી આફતો ને વનખેડૂતોની પાયમાલીસમું તીડનું આક્રમણ કે માવઠું જેવી વિનાશકારી ઘટનાઓની વિભિષિકાઓરૂપ શક્યતાઓનો પણ સાક્ષાત્કાર કરાવ્યો છે. કથાનાયકની વનપ્રીતિને વનજનપ્રીતિની પ્રીતિને ઉજાગર કરતી ઘટનાઓમાં ગાજણો અને લુખ્ખો એવી બે ગિરિમાળાઓ વચ્ચે વનવાસીઓની મદદથી જ સરકારની આર્થિક સહાય વિના વનતલાવડી બનાવવી ને વધુમાં વધુ વૃક્ષો વાવવાં, ઉપરાંત વનવાસીઓના સમૂહલગ્નનું આયોજન કરવું જેવાં વિધાયક કામોનો સમાવેશ થાય/કરી શકાય.

આમ, આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે અરવલ્લીની સમાલોચના કરતા આદિવાસી સમાજનો પ્રાદેશિક પરિચય આદિવાસી સમાજનું આંતરિક અને બાહ્ય સ્વરૂપ આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેનો વ્યવહાર, આદિવાસી સમાજની સંસ્કૃતિ કેવી છે? ખેતી અને જમીનવિષયક પ્રશ્નો, આર્થિકતાના પ્રશ્નો, આદિવાસી સમાજના લોકગીતો, ઉત્સવો મેળાવડા, રીતરિવાજો, એમનો પોશાક, વ્યસન અને ટેવો, રહેઠાણ, ખાણીપીણી, ભાષા સંદર્ભે પણ આદિવાસી સંસ્કૃતિને

તારવવામાં આવી છે. જેમાં રૂઢિપ્રયોગો, કહેવતો સમાજમાં બોલાતી બોલી તથા કૃતિની કેટલીક મર્યાદા છે તેની પણ બારીકાઈથી સમીક્ષા કરવામાં આવી છે.

સંદર્ભ :-


૧) સોલંકી કિશોરસિંહ, અરવલ્લી, પાર્શ્વ પબ્લિકેશન, નિશાપોળ, ઝવેરીવાડ, રીલિફ રોડ, અમદાવાદ - ૧, ત્રીજી આવૃત્તિ - ૨૦૧૦

૨) પંડ્યા દીપક, અરવલ્લી એક પરિક્રમા, પાર્શ્વ પબ્લિકેશન, નિશાપોળ, ઝવેરીવાડ, રીલિફ રોડ, અમદાવાદ - ૧, ત્રીજી આવૃત્તિ - ૨૦૦૯


●

# પ્રકરણ : ૨.૭

## **‘દાપું’**

**(૨૦૧૦)**

- **સુરમલ વહોનિયા**

પ્રસ્તાવના:

ગુજરાતી સાહિત્યમાં નવો જ ફણગો ફૂટવો હોય તેવી ‘દાપું’ લઘુનવલકથા ફેબ્રુઆરી ઈ.સ. ૨૦૧૦માં પૂર્વ પ્રકાશન વડોદરા દ્વારા પ્રગટ થઈ છે. જેના રચયિતા છે સુરમલ વહોનિયા, જે પોતે પણ આદિવાસી સમાજમાંથી આવે છે.

હવે આપણે ‘દાપું’ વિશે આદિવાસી સંસ્કૃતિના વિશેષ સંદર્ભે વિગતે અભ્યાસ કરીએ.

૧. કથાસાર:

'દાપું' એટલે દહેજ. એનાં સ્વરૂપ જુદાં છે, લાંચરૂશ્વત કે ભ્રષ્ટાચાર દહેજનો જ એક પ્રકાર છે. 'દાપું' સામાજિક કથા છે. જગતના માનવ સમાજોને કેટલેક અંશે સ્પર્શે છે. સરકારી કાયદા પ્રમાણે દહેજ લેવું ને આપવું ગુનો છે. છતાં લોકો લે અને આપે છે. મનુષ્યને સામાજિક બંધને બાંધી રાખી માનવીએ ઊભી કરેલી સામાજિક વ્યવસ્થા અથવા અર્થવ્યવસ્થા છે. સમાજમાં રહેતા માનવોને એની જરૂરિયાત લાગી હશે. દહેજ કુદરતી પ્રણાલિકા અનુસાર નથી માટે એ ન્યાયને અનુરૂપ નથી.

'દાપું' લઘુનવલકથામાં દાહોદ જિલ્લાના ભીલ આદિવાસી સમાજની સામાજિક પરંપરાને કથા વિષય બનાવી પ્રજાજીવનની આંતર બાહ્ય છબિ ઉપસાવવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. આ વિસ્તારના ભીલ આદિવાસીઓમાં કન્યાના વારસદારોને દહેજ લેવાનો સામાજિક અધિકાર છે. કથા નાયિકા ધુળીએ બીજી વખત લગ્ન કર્યા. પ્રથમ પતિ દહેજ ચૂકવવાની વ્યવસ્થા ન થતાં ધાડ પાડવા ગયો ને મરાયો. બીજો પતિ દહેજ ચૂકવે તેમ નથી છતાં ધુળીએ એની સાથે લગ્ન કર્યા ને સામાજિક પરપોટામાં સપડાયાં. નવલકથાનાં પાત્રો વચ્ચે કહેવાતો શુધ્ધ પ્રેમ નહિ પણ મત્ર દેહના હેતુનું આકર્ષણ છે. પ્રેમ નામની કોઈ વસ્તુ કે પદાર્થ

નથી એટલે કોઈ કથાને 'અમર પ્રેમની કથા' કહેવા કરતાં જીવાતા જીવનની કથા કહેવી વધુ યોગ્ય ગણાશે, કથા નાયિકાને ધુમો ગમ્યો, એનું કારણ પ્રેમ નહિ, પહેલી નજરનો પ્રેમ કરી હોઈ જ ના શકે, એની જગ્યાએ ધુળામાં કોઈક આકર્ષણ છે. જે ધુમીના દીલને હલબલાવે છે. કસાયેલું શરીર, શરીરનો ઘાટ, એનું સૌન્દર્ય, રીતભાતથી ધુળી પ્રભાવિત થઈ છે. ધુળાને ભોગવવા એની વૃત્તિ સમેત બની છે. પાત્રો વૃત્તિના બળે એકબીજાથી આકર્ષાઈને નજીક આવવા મથે છે.

આદિવાસી સમાજમાં દહેજના કારણે મારામારી કે કાપાકાપી જેવી ઘટનાઓ ઘટે છે. 'દાપું' નવલકથાની નાયિકાએ સમાજનો નહી પણ દાપુંનો વિરોધ કર્યો છે. પોતાનો આદર અને સ્વાભિમાનની રક્ષા કરવાનું તે જાણે છે. સામા પૂરે માછલી કે સ્ત્રી ધગધગતા લાવા સ્વરૂપે છે.

ભીલ સમાજના જીવનને કલમથી આકાર આપવામાં આવ્યો છે. આ સમાજ સાહિત્યના હાંસિયામાં છે. સાહિત્યમાં હજી સ્થાન મળ્યું નથી. નવલકથાની કથન શૈલીમાં ભાષા પ્રદેશ આદિવાસીની ભાષા પોતાના વિસ્તારમાં બોલાય તે ભીલી બોલીનો છે. બોલીના ઉચ્ચારમાં કવિતા-રેરી લયમાં ગણાય છે. એવો લય અહીં પ્રયોજ્યો છે.

થાણેથી નવો જમાદાર ગામમાં આવી વસ્તાને થાણા પર થયેલા હુમલા વિશે પૂછે છે. એના ઉત્તરમાં કથા મંડાય છે. વાર્તાનો એક-એક શબ્દ વસ્તાના મોઢે કહેવાયો છે. જે કંઈ બોલે છે, વિચારે છે, એની ભૂમિ છે. વસ્તાનું મન અને મ્હો.

માનવ પોતાની પરંપરા પ્રત્યે પ્રેમ ધરાવે છે. તેથી તેને તે અકબંધ ટકાવી રાખવા મથે છે, પાંદડે નીતર્યું પાણી પીવાની મીઠાશ ને ધોધમાં ન્હાવાનો લ્હાવો કંઈક જુદો જ છે.

## ૨. પ્રાદેશિક પરિચય:

'દાપું' લઘુનવલકથામાં દાહોદ જિલ્લાના ભીલ આદિવાસી સમાજની સામાજિક પરંપરાને કથા વિષય બનાવી પ્રજાજીવનની આંતર બાહ્ય છબિ વિકસાવવાનો કથાકારે નમ્ર પ્રયાસ કર્યો છે.

## ૩. આદિવાસી સમાજ:

'દાપું' લઘુનવલકથામાં દાહોદ જિલ્લાના ભીલ આદિવાસી સમાજની વાત કરવામાં આવી છે. દાપાનો કાળો કાયદો ઘડનારા મનખ જાતના દશ્મનનું નખાજોજ જજો, ઈ કાયદાથી કેટલી કુંવારીઓ રંડાહે ને પગલીઓ ગળવાહ ખાહે ઈ કેમ ના હુંજ્યું મનગમતો ધણી ના મળે પસી જીવતરમાં રહ્યું હું? ભરજુવાનીમાં

ધણી હારું ટંડ્યા કરવેનું ? જુવાનીને તપાવી ચીમળાવી મારવેની? અસ્ત્રીના ગળામાં ગાળગ્યો નાખી ટાપરીમાં પુરી પોગની એડી તળે લાજ કડાવી વસ્તાર વધારવો ને બજાર ભાવે વેચી મારી આંતરડી કકળાવવી પેલી કિવેતમાં કિદુ સે, હુંગોર બળે તી ગામ ભાળે પેટમાં બળે તી કુણ ભાળે, કુવાવેડની ખબર સકીનેના પડે ઈ તે જનનારી જ જાણે, ખાખરેની ખિલુડી હાકેરનો હવાદ હું જાણે? વાહ રે મનખ જાતના કર્મીઓ. આલનારે આલ્યું તી હક્કે ખવાતું નથી. હક્કે ખાવું નઈને ખાવા દેવુનઈ ઈ તમારો મિજાજ. અરમીનું મન સાબુત ના હોય ને બી આલે ઈ નંદવાતા મનખ જાતનું, ધનોત પરોત નિકળીજ્યા ઈ કેમ નથી વસ્યારતા, આદમીનો હાથ ઈપેર ને અસ્ત્રીનો નીસાંઈ કાયદામાં બરાબરનો ન્યા કાંસે? ધુળી દાપા સામે દાપું લેનાર સામે વિરોધ કરે છે, પરંતુ દાપું લેનાર એટલા જડ થઈ ગ્યા સે કે જેને લીધે મારામારી કાપાકાપી પણ થાય છે. છતાં એમને દાપું વહાલું છે. કોઈની બહેન દીકરીની કિમત કઆમાં આવતી નથી. જેને લીધે સમગ્ર સમાજની છબિ ઝાંખી પડે છે અને આદિવાસી સમાજ હાંસિયામાં રહે છે. જે બહાર લાવવા પ્રયાસ કરવો જોઈએ.

### ૩.૧ આદિવાસી સમાજનું આંતરિક સ્વરૂપ:

આદિવાસી સમાજના આંતરિક જીવનમાં બારીકાઈથી અવલોકન કરતાં ઘણા પ્રશ્નો ઉપર તરી આવે છે. જે કૃતિમાં નજર કરતાં દેખાય છે. જે વસ્તાભાઈના મુખેથી સાંભળીએ. જમાદાર સાઈબ, તમું થાણામાંથી બારતા આયા તી લુંકા ય ભાળ્યા, તમુ કઈ પાહે જાઓ ઈની નોદ રાખી, જમાદાર આવે ઈની વાર વાગી ને લુક, દબ્યે પોગ કાં પાતાળમાં ઉતરી ગ્યાં તીનો કુઈ અત્તોપત્તો હાથ ની લાગે (પૃ.૪) જમાદાર (પોલીસ) ખાખી વરદી પહેરીને ગામમાં કોઈ માણસ આવે ત્યારે લોકો નાસી, સંતાઈ જતા હોય છે.

એ રઈગ્યુ વે તો સાલહે, હમુ તે સલાડવા ટેવાયલાં કુઈ વગર ના સાલે ઈવું નથી, મસાલો ના હોય ને લુણ મરસ, મલેત બસ. અરે લુણ રે મરસાની સટણી પુણ સાલે, હાઈ લાઈ થોડી કરવાની. ધુળી બોલી (પૃ. ૧૫) આદિવાસી સમાજની ખાસિયત એ છે કે ક્યારેક મરવું અથવા મસાલો ના હોય તો જીવનમાં સંતુલન સાંધી ચલાવી લેતા હોય છે.

ધુળો રાંડેલો, ઈની બાયડીને હુવાવડમાં ઝેર સડી ગ્યું. સુવું ઉદું આયું ને હુવાવડ કરાવવાવાળી હોંગ્યાણીએ હાથ મેલ્યો પણ મેળ ના ખાધો ને ગામના પૂંજારાને બોલાયો તેણે ખત્રીની બાદા રાખીને હાથ મેલ્યો. બે દન દુ:ખ્યું, ઊંટવૈદું કરવામાં સુરું પેટમાં મરી ઝેર થાઈ ગ્યું ને ઈના ઝેરથી ધુળાની બાયડી મરી ગઈ.

(પૃ. ૧૭) આદિવાસી સમાજમાં ઘણી વખતે સુવાવડ કરાવવાવાળી હોંગ્યાણીને બોલાવી ઊંટવૈદું કરાવવામાં આવતાં નવજાત શિશું અને સુવાવડી રમી પણ મૃત્યુ પામતી હોય.

ગલે લગન કર્યાને પાંસ વરહ થાયાં પુણ ઘરમાં વસ્તાર ના થયો. જાતરી ભરવા આવતી કમળીની દવા કરતાં ગલો કમળીમાં કાળો થયો ને થોડા વખતમાં કમળીના ધણીને દમદાટી આલવા મંડ્યો, કમળીનો ધણી ગભરાયો, ગલો મંતર મારીને મારી નાખેહ એમ વસ્યારી ગભરાઈ એણે ઢીલું મેલ્યું ને ગલે કમળીને પડાવી લીટી ઘરધણિયાંણીએ વાંદો લીધો તો ધોલધપાટ કરીને દબાવી દીધી, ગલો બે બૈરાંનો ધણી. (પૃ. ૨૫)

જંગલમાં લાકડાં વિણવા જતી ધુળીને ઘેરામાં ઘાલી ને ધીહી બે પાંસરે ધુળીએ આમથી તેમ ફગેટ દીધા પુણ કલસિંગ અડબેટમાં આયો ઈતરે ગડથુંલગ્યું, ખાઈન પડીને પાંસ જણા ઈની ઈપેર સબદાયા, ખીસી બાંદો રાંડને. પકડા પકડીને દોડાદોડી. (પૃ. ૧૯) અમુક વખતે આદિવાસી સમાજમાં બે પત્ની પણ કરવામાં આવે છે. તથા ઘણી વખતે છોકરીને મેળામાંથી અથવા લાકડા લેવા ગઈ હોય ત્યાંથી બળજબરીથી છોકરીને ઉપાડી લઈ જવામાં આવે છે જે સમાજ વિરુધ્ધ બાબત ગણાય છે.

માણસો બધા સરખા નથી અને એક વાત તમને કહું છું કે તમારા લોકો દારૂથી જ બરબાદ થતા હોય એમ તમેય નથી લાગતું. જમાદાર બોલ્યા :

પણ સાહેબ, હમારાં લુકામાં ઈ દરદની દવા સે. અને હા સાહેબ વાપરતાં આવડે તો, નહી તો બરબાદી સે. વસ્તો બોલ્યો. (પૃ. ૫૦) આમ દારૂ પ્રમાણસર પીવામાં આવે તો તે દવા, નહી તો તે બરબાદી લાવે છે. જે દરેક સમાજ તથા હરકોઈ વ્યક્તિને લાવું પડે છે અને દારૂડીયો દારૂને પીતો નથી પરંતુ દારૂ દારૂડીયાને પીવે છે. આ બાબત પણ એટલી જ સાચી છે માટે આમાં ખૂબ જ સાવચેતીનાં પગલાં ભરવાં જોઈએ.

ધનજી કુકડી (મરઘી)ના ઝઘડામાં મારફૂટ થાઈ ને જેલમાં પુરાયો. ગામના અમરાની કુકડી કોઈ શિયાળવું કે બીજું કોઈ લઈ ગ્યું ને ધનજીના માથે પડી, લુક કેવા લાગ્યું કે અમરાની કુકડી ધનજીએ ખાધી, લુકમાં વાત સાલીને તકરારે જોર પકડ્યું હામ હામે પંસ બેઠી પણ ધનજી ચોર સાબિત ના થયો. એક દાડો બે જુણ લડાઈ પડ્યા. હાથો હાથમાંથી બાથો બાથ, લાતોલાત આવ્યા પણ ના ઓહર્યાને કાડ્યાં હથિયાર, કોણ કોને રોકે, ધનજીએ અમરાના હાથ પર ધારગ્યું, માર્યુંને હાથનું કાંડુ ઉડાડ દીધું. ઈ ગનામાં ધનજી જેલ ભોગવે. (પૃ. ૪૧) આમ મરઘીના ઝઘડામાં કે કોઈ નાની સરખી બાબતમાં પણ મારા મારી કાપાકાપી થાય છે અને

જેલમાં જવાનો વારો આવે છે. જે માણસની પ્રગતિ અટકાવે છે તથા ઘણી ઊંડી સમજ માંગી લે છે.

### ૩.૨ આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેનો વ્યવહાર:

આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેનો વ્યવહારની કૃતિમાં છણાવટ કરતાં જે દેખાય આવે છે. અબ્દુલ ઓરાએ ધુળીના ભાઈને ધુળીનું આણું મોકલવા કીધું તો તેણે ગાળાગાળી કરી. જગોડોહો ને ગલા પૂજારાને વાત કરી તેમણે ઓરાને કીધું ગામમાં વેપાર કરવાની છૂટ, નિયા કરવાની છૂટ નથી, ગામમાં રેવું હોય તો નિયા કરવો બંધ, ઓરો હમજી ગ્યો, ભાઈબાપા કું, પગે લાગું કરી માંડ છૂટ્યો. (પૃ. ૬)

ગામના અબ્દુલ ઓરા સાથે હાજો કરેલો, દોરો કરાવવા આવનાર ઓરાને તાંથી નારોળ લાવે ને પૂજારાને ધરાવે એ જ નારોળ પૂજારો હાંજે ઓરાને હોપે આમ ભાગીદારીમાં કામ ચાલ્યા કરે. (પૃ. ૨૧) આમ, ગામમાં આદિવાસી સમાજનો અબ્દુલ ઓરા સાથે દ્વિપક્ષીય સંબંધો જોવા મળે છે. જેમાં અબ્દુલ ઓરાને ગામમાં વેપાર કરવાની છૂટ પરંતુ નિયા કરવાની છૂટ નથી. બીજું કે ભાગીદારીમાં નાળીયેરનો ધંધો પણ સારા પ્રમાણમાં થતો જોવા મળે છે.

શશિકાંત કોર્ટમાં બેઠો હોય એમ વકીલની અદામાં લોકોનો નિયા કરે લોકોના ઝઘડા, દાવા દાપાં, ચોરી લૂંટ જેવા કેસ શશિકાંત ચપટીમાં ઉકેલી આલે એટલે આજુબાજુનાં ગામેથી આવતાં જતાં લોકો શાકભાજીને ફળની થેલીઓ ભરી લાવે. સેવાનો આશ્રમ એમ કરી કેટલાંક દાન રૂપે થેલીમાં ધાન ભરીને લાવે ને આશ્રમમાં ખાલી કરી જાય. કેટલાંક ન્યાયમાં લોકોને દુ:ખ થતું તોય શશિકાંત મોટો માણહ પોતાની પોચ નથી માની લોકો પાછા વળી જતા. (પૃ. ૨૯-૩૦) ગામલોકોના મીઠા અને પ્રેમભર્યા સંબંધો પણ જોવા મળે છે. લોકો આશ્રમમાં શશિકાંતને અનાજ, શાકભાજી, ફળો વગેરે લાવી આપી જતા. તથા ક્યારેક ન્યાયમાં લોકોને દુ:ખ થતું તોય શશિકાંત મોટો માણહ અને પોતાની પોંચ નથી માની લોકો શરમ સંબંધને લીધે પાછા વળી જાય છે. આમ અન્ય સમાજ સાથેના તરહ તરહના સંબંધો જોવા મળે છે.

## ૪. આદિવાસી સંસ્કૃતિ:

આદિવાસી સંસ્કૃતિનો વિગતે અભ્યાસ કરતાં નીચે મુજબના વિભાગો પાડવામાં આવ્યા છે, જે આ પ્રમાણે છે:

### ૪.૧ ખેતી અને જમીન વિષયક ગતિવિધિ:

દાહોદના ભીલ આદિવાસી સમાજના લોકો ખેતીમાં ખાસ કરીને અડદ, ડાંગર, મકાઈ જેવાં ધાન્ય પાકો પકવતાં જોવા મળે છે અને રોકડિયા પાકો ખૂબ જ ઓછાં પ્રમાણમાં જોવા મળે છે.

**૪.૨ સામાજિક ગતિવિધિ:**

દાહોદના ભીલ આદિવાસી સમાજમાં ‘દાપું’ લેવાનો સામાજિક અધિકાર ગણાય છે. ભલે એ કાયદાની દૃષ્ટિએ ગુનો ગણાતો હોય, પરંતુ કન્યાના વારસદારો વરપક્ષ પાસેથી દાપું લેતાં હોય છે. જે સભ્ય સમાજમાં કુરિવાજ ગણાય છે. ભીલ આદિવાસી સમાજમાં જે પંચ અથવા તો વડીલ-આગેવાનો છે એ દાપું લઈને જ કન્યાને સાસરે મોકલવા માંગે છે. ઘણીવખતે કોઈની પરિસ્થિતિ સારી ન હોય તો દાપું ચૂકવી શકાતું નથી. તેથી ઘણા બધા પ્રશ્નો ઊભા થતાં હોય છે. જેવાં કે મારામારી, કાપાકાપીના બનાવો બનતા હોય છે. જે સમાજ માટે નુકસાન કારક છે. આમ, સામાજિક પાસું નબળું છે, જે સુધારવા યોગ્ય લેખાશે.

**૪.3 આર્થિક ગતિવિધિ:**

ભીલ આદિવાસી સમાજની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ દયનીય છે અને આર્થિક ઉપાર્જન માટેના સાધનો બહુ જ ઓછા જણાય છે. તેથી જ એમને ક્યારેક ચોરીનો આશરો પણ લેવો પડતો હોય છે. જે સમાજ માટે શરમજનક બાબત છે.

### ૪.૪ સાંસ્કૃતિક ગતિવિધિ:

સાંસ્કૃતિક ગતિવિધિમાં નીચે મુજબના વિભાગો પાડવામાં આવ્યા છે:

#### ૪.૪.૧ ખાણીપીણી:

દમલો કાકો ભાઠી સડાવી તી પેલી ધારનો નહકાળો પીન પડ્યો લાગે, ઈની ધાંહ કઈ દે કે ઈ આજ પીદીલો સે. સવલીએ જવાબ આલ્યો. મજૂરી કરે તી થાક ઉતારવા પીવો પડે કે ધુળીએ જવાબ આલ્યો. (પૃ. ૧)

વસ્તાકાકા તમારામાં ખાવા પિવાનું બધું ચાલે. જમાદાર બોલ્યો : સાહેબ, અમારે તો સુરાં બૈરાં બધામાં સાલે, કોઈક જ ટળે. વસ્તો સાહેબ, રુકાઈ જાઓ તો કુકડી કે બુકડો કાપગ્યે. વસ્તો બોલ્યા, નહકાળી સાક લેહો કે સાહેબ ? વસ્તો બોલ્યો. (પૃ. ૪૯) આદિવાસી સમાજમાં કોઈ પ્રસંગે, તહેવાર હોય અથવા કોઈ મહેમાન આવે ત્યારે મરઘું, બકરું, મહુડાનો દારૂ પીવા માટે આપવામાં આવે છે અને તેમની આગતા સ્વાગતા કરવામાં આવે છે. તથા પુરુષ, સ્ત્રી, બાળકો બધાં જ ખાવા-પિવાનાં પણ બહુ શોખિન હોય છે. ભાગ્યે જ કોઈ બાકાત રહે જે ખાતો-પીતો ન હોય. તે અલગ ઓળખ ઊભી કરે છે.

#### ૪.૪.૨ આવકાર:

કોઈ છે કે ઘરમાં ? જમાદારે બૂમ પાડી આવો... આવો, જમાદાર સાહેબ આવો..., લો બેહો..., ખાટલે બેહો વસ્તો હામે દોડ્યો. (પૃ. ૩)

સાહેબ, સા પાણી, વસ્તો બોલ્યો. પાણી લાવો, જમાદારે કહ્યું. ધાર નાખવી પડહે, સાકવાળો તો મઉડાનો નહકાળો મંગાડું. વસ્તો બોલ્યો ના, ના, વાત આગળ ચાલવાદો. જમાદાર બોલ્યો. મકવાહ કરવા કુકડું હેકવા કઈ હું સાહેબ. વસ્તો બોલ્યો. (પૃ. ૧૮)

ધૂળીનો બહા દમલો ચલમ ભરીને ફેરવ્યા કરે. મૂંગામંતર હાંભળ્યા કરે. ચલમ પીને દમાઈ ગ્યો તી લુક એને દમલો કે, ભાંગ પીવાની કોઈ જરૂર ની છતાં પીધીને દબાઈગ્યો તી ખૂં ખૂં કરીને ફૂહતો ફરે. (પૃ. ૬)

આદિવાસી સમાજમાં જ્યારે કોઈ ઘરે મહેમાન આવે ત્યારે આવો...આવો... બેહો કરીને શાબ્દિક આવકાર અને બેસવા માટે ખાટલો પાથરવામાં આવે છે અને બેસાડવામાં આવે છે. ચા, પાણી તથા પીવા માટે મહુડાનો દારૂ, મરઘું મારવામાં આવે છે. તથા ગામ લોકો કોઈના ઘરે કોઈ પણ પ્રસંગે ભેગા થયા હોય ત્યારે પણ ભાંગ, હુકો, બીડી આપવામાં આવે છે અને આગતા સ્વાગતા કરવામાં આવે છે.

### ૪.૪.૩ લોકગીતો:

રમવું છે મારે રમવું છે, મેળે રમવું છે.

મેળે રમવું છે રે મારે, મેળે રમવું છે.

ગામ પરગામનાં લોકને મારે, મેળે મળવું છે.

મેળામાં મેળ મળી જાય રે મારે, મેળે રમવું છે.

ધક ધક ધડકે દલડાં મારે મેળે રમવું છે.

ધમ ધમ ધમકે ધરતી મારે મેળે રમવું છે.

ડગમગ ડોલે ડુંગરા મારે મેળે રમવું છે.

ધમ ધમ વાગે ઘુઘરા મારે મેળે રમવું છે.

થનગને મારો જીવડો મારે મેળે રમવું છે.

લચ લચ લચકે કેડ રે મારે મેળે રમવું છે.

ફર ફર ફરું હું ફુદડી મારે મેળે રમવું છે.

પાતળી કેડુની મારી જોડ રે મારે મેળે રમવું છે.

જીવડાની જોડે જીવડો મારે મેળે રમવું છે.

રંગમાં રંગ ભળી જાય રે મારે મેળે રમવું છે.

સાંદા સૂરજની સાક્ષી મારે મેળે રમવું છે.

રમવું છે, મારે રમવું છે, મેળે રમવું છે.

ટોળીમાં બધાં સાથે રમતાં રમતાં ગીતો ગવાતાં હોય છે જે આદિવાસી સમાજની આગવી ઓળખ ઊભી થતી હોય છે. મેળામાં યુવક-યુવતી એકબીજાને જોવાનું પસંદ કરવાનું તથા પાન, બીડી, બંગડી જાત-જાતનું, ખાવાનું ખરીદે છે. હીંચકામાં બેસે છે. ઢોલ વગાડી ગીતો ગાઈને આનંદ માણે છે.

ધુળાએ ભેગાં થયેલાંને હુકમ કર્યોને ઘેરની બાર સૂલા ગોઠવાઈગ્યા, હાંડલાં સડીગ્યાં, મેમાનું હારુ સુકા ને દાળ તૈયાર ખાખરાના પાન મેમાનોને પકડાવ્યા હારતી ફરે ને હબડાટા ભરાતા જાય, ગામની બાયડિઓને ગાઉ ગાઉ થાઈગ્યું ને ગીત ગાવા સડાવો કર્યો, જુવાંનડિયો તો વેવાઈને નામ પાડી મસ્કા મારે.

હું ભાળુ ને મગનો મસકાવે હાં... હા...

હું ભાળુ ને છગનો મસકાવે હા... હા...

મારી હરમે ના રાખે રે... હા... હા......

હું ભાળું ન... વજીયો મસકાવે હાં... હાં...

મારી હરમે ના રાખે રે... હા... હા...

બીજી પાહેથી બીજો લેહકો નિકળ્યો.

સુરા ડાળ પી ડાળ પી ડાળ પી રે સુરા ડાળ પી... રે

તને આવી કાંથી મળે સુરા ડાળ પી રે સુરા ડાળ પી રે...

તને વગારીલી કાંથી મને સુરા ડાળ પી રે સુરા ડાળ પી રે...

તું ડીલી આવહી ડીલી સુરા ડાળ પી રે સુરા ડાળ પી રે...

તું તાજો માતો થાહી સુરા ડાળ પી રે સુરા ડાળ પી રે...

તારી વેવાણીએ વગારી સુરા ડાળ પી રે સુરા ડાળ પી રે...

તને, તાજી, તાજી, લાગે સુરા ડાળ પી રે સુરા ડાળ પી રે...

આમ, આદિવાસી સમાજમાં ક્યારેક કોઈ પ્રસંગ હોય ત્યારે પણ એકબીજાનું નામ લઈને ગીતો ગવાતાં હોય છે.

### ૪.૪.૪ રીતિ-રિવાજો:

વેલું મોડું દેજ આલવું પડહે આખી દનિયા આલે, તમારે ઉપતાળ દેજ જોઈતું હોય તો લઈ જાઓ પાછી ને બીજે દી ખાજો, મનખ તમારું છે, લુક કેવા મંડ્યું. (પૃ. ૮)

ગામના લુકનો કાયદો સરકારી કાયદા કરતાં મુટો. ગામની રીતમાં રેવું કહી પંસે ધુળીને હાહરે જાતાં બીજી વખત રોકી. ધુળી થમી ગઈ. એનો ધણી લાકડાં વેણવાના બાંને જંગલમાં મળવા આવે. (પૃ. ૭)

દાપું સૂકવવા ઘેરબાર કે જમી જાગીર વેસી દેવી ઈમ તમાર કેવું સે ? ધુળીએ પંસ હામે સવાલ કર્યા. દાપું તે આલવું પડે પંસમાંથી કોઈ બોલ્યું કોઈ કાયદો નથી, ધુળી બોલી.

પંસ બેઠી ઈ કાયદો કે બીજું. સરકારી કાયદો નથી, આ તે પંસનો ઘડીલો કાયદો સે. ટોળામાંથી કોઈ બોલ્યું.

આવા કામમાં કાયદો કાયદાનું કામ કરે, કાયદાથી કોઈ મોટું નથી. ઈતરે કાયદાને બાપ કેવો પડે. એક કુકરો પંસમાં ઊભો થાઈને બુલ્યો. (પૃ. ૯)

'દાપું' (દહેજ) આપવું કે લેવું એ ફોજદારી ગુનો બને છે. છતાં ગામમાં હજી દેજ લેવાય છે, અને અપાય છે. અને જે પંસ મળે છે પોતાનો સ્વાર્થ સાંધવા પંસે ઘડેલા કાયદાને બાપ ગણે છે. કાયદાથી મોટું કોઈ નથી. એવું માનવામાં આવે છે. માણસ કરતાં કાયદાને વધારે મહત્વ આપવામાં આવે છે. જેની આર્થિક પરિસ્થિતિ સારી નથી તે કુટુંબમાં લગ્ન કરવું ઘણું અઘરું બની જાય છે. પછી સમાજમાં ચોરી, લૂંટફાંટ, ધાડ પાડવું, મારામારી, કાપાકાપી જેવા ગુંડા તત્વોનો ફેલાવો થાય છે. માત્ર દેજના રિવાજને કારણે દહેજ ન ચૂકવાતાં આણું વળતું નથી. ધુળીને પિયરમાં બેસી રહેવું પડે છે અને ધુળાને મજૂરીએ જવું પડે છે. જે દાપું

ચૂકવવાના રિવાજને માટે સૌ સભાનપણે આ રિવાજને જડમૂળથી નાબુદ કરવો જોઈએ.

ફળિયાના નાનાં છોરાં ઘમટો ઉસો કરીને મોઢું ભાળે. (પૃ. ૮) આદિવાસી સમાજમાં ધુમટો તાણવાનો રિવાજ પણ જોવા મળે છે.

**૪.૪.૫ ટેવો અને વ્યસન:**

એય તારું ઘાટડું સસડાવું તારું, લાજ હરમ વગર બુલે, તારી બુનને તે ડોહી ગરમ થાઈને બોલી. (પૃ. ૧૩)

ઉમાળે આવેલી રાંડ સાલી આવી, એવું કોઈક બૈરું બોલ્યું. (પૃ. ૧૧)

ભાંગ બીડી કરીલો. જમાદાર બોલ્યો. નહકાળો સાકવો સે કે સાઈબ વસ્તો બોલ્યો વાત પુરી થાવા દો. જમાદાર બોલ્યો. (પૃ. ૨૪)

આદિવાસી સમાજમાં સ્ત્રી કે પુરુષ જ્યારે ગુસ્સે ભરાય છે. ત્યારે આવા અપશબ્દો પણ બોલતા હોય છે. જે ટેવગત લક્ષણ હોય છે. ભાંગ-બીડીનું સેવન વારે-વારે ભાંગ ખાવી, બીડી પીવી, દારૂ પીવો એ પણ અતિશય થતાં વ્યસન બની જાય છે. જે દવાખાનાનું અને બિમારીનું ઘર કરે છે. માટે જ અમુક કુટેવો અને વ્યસનોનો ત્યાગ કરવો જોઈએ.

**૪.૪.૬ અંધશ્રધ્ધા:**

ગલો પૂજારો આગળ પડતો માણહ, એની ગામમાં ધાક, ગામનાં વડીલોમાં બેહે ને પૂજારાપણું કરે, લોકો દોરા કરાવી જાય.

ગામના અબ્દુલ ઓરા સાથે હાજો કરેલો, દોરો કરાવવા આવનાર ઓરાને તાંથી નારોળ લાવેને પૂજારાને ધરાવે એ જ નારોળ પૂંજારો હાંજે ઓરાને હોંપે. આમ ભાગીદારીમાં કામ ચાલ્યા કરે. કુઈ એકલું, બૈરું દવાદારૂ કરાવ્વા આવે તેની હાતે કાળું કામ કરવા દમદાટી આલે. (પૃ. ૨૧)

ધુળીને વસ કરવા ધુળોની હરવે-ફરવેની જગા ઈપેર મંતરીલા અડદ નાખતો ફરે. વસ્યારી હાંજે ગલાને તાં જાતરી ભરવા ગઈ. લુક ગલાને તાં જાતરી ભરવા આયાં તી લેણસર બેઠાં, ગલો બધાંની ઉપર ધુપ ફેરવે, હાકોટા પાડે મંતર મારે તી કેટલાંક દુ:ખીયા ધુણે ને કંઈ કકળાટ કરે. (પૃ. ૨૪)

એક દન ગલોપૂજારી મોટો બામણ હોય એમ ધુળીના ધણીનો હાથ ખેચી હથેળીમાં જોશ જુવા મંડી પડ્યો. લાંબી આવરદા સે, ખાવાપીવાનું સુખ તાજું સે. વસ્તારમાં પાંસ સુરાં ઈમાં છેલ્લાં બે જંડવાં, કહી ધુળીની હામે ભાળે. (પૃ. ૬)

સમાજમાં અંધશ્રધ્ધા પણ ઘર કરી ગઈ હોય છે. અડદના દાણા મંતરવા, જાતરી ભરવી, જંતર-મંતર દોરાધાગા કરાવવું જેમાં સમાજ ઘેરાયેલો હોય છે. જે ધીરે ધીરે ઓછું થવું જોઈએ.

## ૫. ભાષા સંદર્ભે આદિવાસી સંસ્કૃતિ:

ભાષા સંદર્ભે આદિવાસી સંસ્કૃતિની તાગ મેળવતાં નવલકથાની કથન શૈલીમાં ભાષા પ્રદેશ આદિવાસીની ભાષા પોતાના વિસ્તારમાં બોલાય તે ભીલી બોલીનો છે. બોલીના ઉચ્ચારમાં આરોહ-અવરોહ તેમજ લહેકાઓ જાળવ્યા છે. કહેવતો અને રૂઢિપ્રયોગો પણ બોલાતી બોલીમાં જ અભિવ્યક્ત કરવામાં આવી છે જે આ પ્રમાણે છે :

### ૫.૧ કહેવતો અને રૂઢિપ્રયોગો:

૧) ડુંગરા દૂરથી રળિયામણા - (પૃ. ૩૪)

૨) કામના કુડા ને નામના રૂડા - (પૃ. ૩૪)

૩) અંદર કાળો કોયલો બારતાં ધોળો બગલો - (પૃ. ૩૪)

૪) સાવવેના જુદા ને વતાડવેના જુદા - (પૃ. ૩૪)

૫) ઉજોડ ગામમાં એરંડો પરધાન - (પૃ. ૩૪)

૬) પાપડીના ભેળી ઈયોળ બફાઈ જાય (પૃ. ૪૯)

૭) મનમાં પૈણેને મનમાં રંડાય (પૃ. ૫૦)

૮) જમાઈ હંદાયની ને બે બૈરાંવાળો રંડાયની - (પૃ. ૫૦)

૯) ઘેરનાં કુંઠામાં મીનકાડાં કુદે - (પૃ. ૫૦)

૧૦) જમને ઘેર જવાય, જમાદારના ઘેર ના જવાય - (પૃ. ૪૧)

૧૧) જમનું તેડું આવે તી તાજું, રાજનું તેડું આવી તી બુડું - (પૃ. ૪૧)

૧૨) શંકાની મા ને ડાકણ ખાય - (પૃ. ૪૧)

૧૩) હાસને કદી આંચ ના આવે - (પૃ. ૪૧)

૧૪) નરતાને બે ગુન વદાર - (પૃ. ૫)

૧૫) મનમાં ગાંઠ વાળવું - (પૃ. ૫)

૧૬) દયાની મા ને ડાકણ ખાય - (પૃ. ૬)

૧૭) આઈ વાલી નહી ખાઈ વાલી - (પૃ. ૬)

૧૮) હત્તર ઘંટીનો લોટ ખાદીલો - (પૃ. ૨૫)

૧૯) ઉલમાંથી ચૂલમાં પડવું - (પૃ. ૨૧)

૨૦) ગમે ઈતરો ગોળ ઘાલો મન કદી ગળ્યું કોન થાવેનું (પૃ. ૨૧)

21) હુરાતન સડ્યું - (પૃ. ૨૧)

22) ગાડરામાં ગધેડો - (પૃ. ૨૬)

૨૩) હાંડ, છમ, ઢોલ માંઈ પોલ - (પૃ. ૨૬)

૨૪) ખાલી સણો વાગે ઘણો - (પૃ. ૨૬)

૨૫) સેવાનો ભેખ પુણ દિલમાં કાળી મેખ - (પૃ. ૩૦)

૨૬) તારું મોથું ગંધાય એમ વાઘને કોઈ કહેવા જાય ખરું - (પૃ. ૩૦

૨૭) બાવડામાં જોર ન હોવું - (પૃ. ૩૨)

૨૮) કાળ ચડ્યો - (પૃ. ૩૨)

૨૯) કાગડા બધે કાળા - (પૃ. ૫૨)

૩૦) આગ ટાડી પડવી - (પૃ. ૫૨)

૩૧) ભુંરાટી થાયેલી વાઘણ ખરીઓ ખૂંદે - (પૃ. ૫૨)

૩૨) એક ખરાબ કામ એક હજાર જૂઠ બરાબર છે - (પૃ. ૪૪)

૩૩) મનખ સે, છળયું તો લાખનું ને ફર્યું તો કોઈના બાપનું નથી -(પૃ.૧૧)

૩૪) ખેતર રાખવું ખાડો, ને બૈરું રાખવું પાડો, ખેતરમાં કામ કરવા બૈરું કહાયલું સાલે. માંદુ પાતળું ના સાલે - (પૃ. ૧૯)

૩૫) રોકડા હોય તો ડોકરા પૈણે (પૃ. ૧૦)

૩૬) ડુંગોર બળે તી ગામ ભાળે પેટમાં બળેતી કુણ ભાળે -(પૃ. ૯)

૩૭) હુવાવેડની ખબર સડીનેના પડે ઈ તે જણનારી જ જાણે - (પૃ. ૯)

૩૮) ખાખરેની ખિલુડી હાકેરનો હવાદ હુંજાણે (પૃ. ૯)

## ૬. આદિવાસી સંસ્કૃતિ સંદર્ભે કૃતિની સીમિતતા:

આદિવાસી સંસ્કૃતિ સંદર્ભે કૃતિની સીમિતતાનો અભ્યાસ કરતાં આવો ચીલો પણ વિચારી શકાય કથાકાર કથાનાયિકા અને કથાનાયક ધુળી-ધુળા વચ્ચેના પ્રેમને પ્રેમ નહિ પણ માત્ર દેહના હેતુનું આકર્ષણ છે. પ્રેમ નામની કોઈ વસ્તુ કે પદાર્થ નથી પરંતુ એ જ સિક્કાને બીજી બાજુ પલટાવતાં માત્ર દેહના હેતુ માટે વિચાર્યું હોત તો એના દિયર કલસિંગ સાથે અને ગલા પૂજારા સાથે પણ જઈ શકી હોત પરંતુ કથાનાયિકા ધૂળી માત્ર ધુળાને જ પસંદ કરે છે. એટલે જ વાણગ્યા સાથે વાત કરતાં ધૂળાની યાદ કરતાં આંખમાંથી પાણી દદડી પડ્યું. અને રાત્રે સ્વપ્નામાં પણ એ ધૂળાને પ્રેમ કરે છે. જે માત્ર દેહના હેતુનું આકર્ષણમાં ન આવી શકે.

કૃતિની મર્યાદામાં વાર્તાનો એક એક શબ્દ વસ્તાના મોઢે કહેવાયો છે. વસ્તાભાઈ ધૂળીને હું ઈને મારી બીજી દીકરી ગણું વસ્તાભાઈ અને ધૂળી વચ્ચે બાપ-દીકરીના સંબંધો થયા વસ્તાભાઈ પોતાની દીકરી ગણી હોય તો બાપથી દીકરીની પ્રેમની વાતો મેળામાં ફર્યા. સાથે બેઠાં, ગહીડાય આવી બધી વાતો વસ્તાના મુખેથી શોભે ?

કૃતિની અન્ય નાની નાની બાબતો પ્રિન્ટ (મુદ્રાંકન)માં થોડી ઘણી કચાસ આંખે આવે છે. જે આ પ્રમાણે છે:

કલસિંગ - કલાસિંગ (પૃ. ૨૧)

ધણી - ઘણી (પૃ. ૧૬)

સવાલ - સવાય (પૃ. ૧૩)

દાપું - દાયું (પૃ. ૯)

## ૭. ઉપસંહાર:

ગુજરાતી સાહિત્યની ગુજરાતના જ કોઈ એક ખુણામાં ગુજરાતી જન દ્વારા રચાયેલ ગુજરાતના જ આદિવાસી સમાજનું વિષયવસ્તુ લઈને ક્યાંક એમાં નવો ચિલો ચિતરવા, નવા તાણાવાણા મેળવવા, આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'દાપું' લઘુનવલકથાનો અભ્યાસ કરતાં 'દાપું' નવલકથામાં દાહોદ જિલ્લાના ભીલ આદિવાસી સમાજની સામાજિક પરંપરાને કથા વિષય બનાવવામાં આવે છે. ભીલ આદિવાસીઓમાં કન્યાના વારસદારોને દહેજ લેવાનો સામાજિક અધિકાર છે, જ્યારે દહેજ લેવું કે આપવું ગુનો બને છે. અને તેથી જ ધુળી 'દાપું' અને દાપું લેનાર વારસદારો સાથે વિરોધ અને સંઘર્ષ કરે છે. 'દાપું'ના પ્રશ્નને લીધે સમાજમાં મારામારી કાપાકાપી જેવી ઘટના પણ ઘટે છે. દાપુંમાં માણસ માટે અને સમાજની વ્યવસ્થા જાળવવા નિયમો હોય છે. પરંતુ અહીંયા નિયમ માટે માણસ અને સમાજના કાયદાને બાપ માની લેવામાં આવે છે જે અશોભનિય બને છે. સમગ્ર

કથાવસ્તુની રજૂઆત આદિવાસીની ભાષા પોતાના વિસ્તારમાં બોલાય તે ભીલી બોલીમાં જ થઈ છે. બોલીના ઉચ્ચારમાં આરોહ-અવરોહ તેમજ લહેકાઓ જાળવ્યા છે. રૂઢિપ્રયોગો અને કહેવતોનો  પણ ઉપયોગ થયો છે.

આદિવાસી સમાજનું આંતરિક અને બાહ્ય છબિમાં લોકગીતો આવકાર, ખાણીપીણી, વ્યસન અને ટેવો તથા અંધશ્રધ્ધાનો પણ છાંટ જોવા મળે છે. અને આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેનો વ્યવહાર સરળ અને સહજ રીતે ઓછાયો પાડે છે. આમ તળાવના શાંત પાણીમાં પથ્થર નાંખતાં નવો આકાર બને છે.

## સંદર્ભ સૂચિ :


૧. વહોનિયા સુરમલ : દાપું, પૂર્વ પ્રકાશ વડોદરા, પ્રથમ આવૃત્તિ - ફેબ્રુઆરી ૨૦૧૦

૨. નાયક રતિલાલ : મોટો કોશ, અક્ષરા પ્રકાશન અમદાવાદ, પાંચમી સુધારેલી આવૃત્તિ, નવેમ્બર ૨૦૦૧

૩. વહોનિયા સુરમલ : મારું સર્જન પરંપરાને અંકે કરવાની મથામણ આદિલોક જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૧૧


•